
# શ્રી ભગવતી સૂત્રના અદ્‌ભૂત ભાવો

## ભાગ ૧ અને ૨



સંકલનઃ શોભનાબેન કામદાર

# શ્રી ભગવતી સૂત્રના અદ્ભૂત ભાવો

## ભાગ ૧ અને ૨

## સંકલન: શોભનાબેન કામદાર

પરમ પૂજ્ય ગુરુમાતા શ્રી અમિતાબાઇ સ્વામી ના પાવન ચરણોમાં
કોટીશઃ વંદણા

મૂલ્યઃ સદુપયોગ
પ્રથમ આવૃતિ: જુલાઇ ૨૦૧૭
પ્રકાશકઃ સીમા કામદાર.
ઇમેલઃ seemakamdar@gmail.com
ક્વર ડિઝાઇનઃ પ્રોફ. ગો. વિ. શ્રીકુમાર,
IDC, IIT Bombay.

આ પુસ્તકની અશાતના ન થાય તેની કાળજી રાખવી.

# પ્રસ્તાવના

# વિરાટ મહાસાગરના મોતી

અહર્નિશ જાગૃતિ ધરાવતી વ્યક્તિ જીવનના પ્રત્યેક તબક્કાનું કર્તવ્ય સુપેરે બજાવતી હોય છે. વિચાર, વિકાસ અને વય સાથે એમનાં કાર્યક્ષેત્રો અને ભાવવિશ્વમાં પરિવર્તન આવતું રહે છે. આદરણીય શોભનાબહેને પહેલાં માનવસેવાનું કર્તવ્ય બજાવ્યું અને હવે એકનિષ્ઠ ભાવે શ્રુત સેવા કરી રહ્યાં છે. એક સમયે અખબારો અને સામયિકોમાં પ્રકાશિત થતાં એમના લેખો સમાજને રાહ ચીંધતાં હતાં, તો હવે એમણે સમાજને જૈન આગમોમાંથી નવનીત આપવાનું બીડું ઝડપ્યું છે.

અહીં દ્વાદશાંગીમાં પાંચમું સ્થાન ધરાવતા '**વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ**' આગમગ્રંથનાં મોતી આપવાનો એમણે પ્રયાસ કર્યો છે. આ આગમ પ્રત્યે જનમાનસમાં એટલી પ્રગાઢ શ્રદ્ધા છે કે 'વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ' ગ્રંથની આગળ 'ભગવતી' એવું વિશેષણ લગાડવામાં આવ્યું અને આજે એ વિશેષણથી જ આ ગ્રંથ ઓળખાય છે. વર્તમાનમાં ઉપલબ્ધ શાસ્ત્રોમાં શ્રી ભગવતી સૂત્ર અત્યંત વિશાળ છે. એનું પ્રાકૃત નામ '**વિયાહ પણ્ણતિ**' છે અને એમાં ભગવાન મહાવીરને પૂછવામાં આવેલા ૩૬,૦૦૦ પ્રશ્નોત્તર છે. સંખ્યાદ્રષ્ટિએ આ ગણતરી વર્તમાનમાં સિદ્ધ ન પણ થાય. ગણધર ગૌતમ સ્વામી પ્રભુ સમક્ષ અનેક પ્રકારની જિજ્ઞાસા પ્રગટ કરે છે, પણ આમાં દેવ-દેવેન્દ્ર, નરેન્દ્ર, સાધુ, શ્રાવક, શ્રાવિકા, ગણધર અને અન્ય મતાવલંબી બ્રાહ્મણ આદિના પ્રશ્નો અને ઉત્તરો મળે છે. આ ગણધર રચિત શાસ્ત્રમાં જીવનચરિત્ર, ઉપદેશ, સંયમાસાર, આચાર, ષડ્ દ્રવ્ય, દેવનારક સંબંધી વર્ણન, જ્યોતિષિ દેવ, દેવલોક, સૂર્ય, ચંદ્ર આદિનું ભ્રમણ જેવા અનેક વિષયો આલેખાયા છે. આમાંનાં કેટલાક પ્રશ્નોમાં વિનોદની રેખા જોઇ શકાય છે, તો

કેટલાક પ્રશ્નો અધ્યાત્મ જ્ઞાનની નવી ક્ષિતિજો ઉઘાડી આપે છે. આમ આમાં એક અલૌકિક દર્શન નિરુપાયું છે અને એ અલૌકિક દર્શનનું પ્રાગટ્ય જે રીતે પ્રશ્નોત્તરથી થયું છે, તે પદ્ધતિ પણ રસપ્રદ અને અર્થપૂર્ણ છે. આવા ભગવતી સૂત્રના ઉદ્દેશકોમાંથી જુદાં જુદાં વિચારો તારવીને અહીં આપ્યા છે અને એ રીતે પ્રશ્નના ઉત્તરમાં રજૂ થયેલું નવનીત અહીં સાંપડે છે.

આ અગાઉ શ્રી શોભનાબહેન કામદારે '**સમયસારનો સાર**', '**સંક્ષિપ્ત નંદીસૂત્ર**' અને '**શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો અર્ક (ભાગ ૧-૨)**' જેવાં પુસ્તકો લખ્યા છે અને એમ એ ગ્રંથોમાં આલેખાયેલા ગહન વિચારોનું સ્પષ્ટ રીતે આકલન કર્યું છે. આવા ગ્રંથોના ઊંડાણમાં જવું, એની પરીભાષા જાણવી, એના સંદર્ભો પામવા અને પછી એમાં રજૂ થયેલાં ભાવોને પ્રગટ કરવા – એ સ્વયં મહાપ્રયત્ન છે. આવો પ્રયત્ન કરતી વખતે શ્રી શોભનાબહેન કામદારને હૃદયમાં કેટલો બધો હર્ષોલ્લાસ પ્રગટ્યો હશે એની હું કલ્પના કરી શકું છું. એનો સ્વાધ્યાય કરતી વખતે સામે આગમ ગ્રંથ હોય અને ભીતરમાં નવા નવા અર્થોનું પ્રાગટ્ય થતું હોય એ પ્રક્રિયા સમયના એમના હર્ષોલ્લાસની કલ્પના કરું છું.

એમના દ્વારા આવા ગ્રંથોમાંથી મોતી મળતાં રહે અને તેઓ ગ્રંથોના મહાસાગરમાં મરજીવાની માફક ડૂબકી મારીને સૂક્ષ્મ અને શાશ્વત મોતી આપતા રહે, એ જ અભ્યર્થના.

**- ડૉ. કુમારપાળ દેસાઇ**

# શ્રી ભગવતી સૂત્ર – ભાગ ૧

## શતક – ૧: ઉદ્દેશક – ૧

## ચલન

**અર્હંતોને નમસ્કાર હો, સિદ્ધોને નમસ્કાર હો, આચાર્યોને નમસ્કાર હો, ઉપાધ્યાયોને નમસ્કાર હો, લોકના સર્વ સાધુઓને નમસ્કાર હો.**

સર્વ પ્રથમ પંચ પરમેષ્ટીને નમસ્કાર કરી, સમગ્ર શાસ્ત્રનું ભાવમંગલ કર્યું છે. શાસ્ત્રના પ્રારંભમાં મંગલાચરણ કરવાના ત્રણ કારણો છે:

**(૧) વિઘ્નોના ઉપશમન માટેઃ** દરેક શુભ કાર્યોમાં અનેક પ્રકારના વિઘ્નોની શક્યતા છે. શુભ કાર્યના પ્રારંભમાં મંગલાચરણ કરવાથી તે વિઘ્નોની ઉપશાંતિ થઈ જાય છે.

**(૨) અશુભ કર્મોના ક્ષય માટેઃ** ગુણીજનોને નમસ્કાર કરવાથી અશુભ કર્મોનો ક્ષય થાય છે, માટે કોઈ પણ કાર્યના પ્રારંભમાં મંગલ રૂપે વંદન–નમસ્કાર કરવા તે ઉચિત જ છે.

**(૩) શિષ્ટજનોની પરંપરાના પાલન માટેઃ** દરેક કાર્યના પ્રારંભમાં દ્રવ્યમંગલ કે ભાવમંગલ કરવાની શિષ્ટજનોની પરંપરા હોય છે, તેને જાળવી રાખવા માટે પણ આદ્યમંગલ કરવામાં આવે છે.

અક્ષત, શ્રીફળ, કુમકુમ આદિ દ્રવ્ય મંગલ છે. તે લૌકિક અને વ્યવહારિક મંગલ છે. પંચ પરમેષ્ટીને નમસ્કાર એ લોકોત્તર ભાવમંગલ છે. તે સર્વ પાપનાશક હોવાથી અને શાંતિનું કારણ હોવાથી સર્વ મંગલોમાં પ્રધાન છે.

**પંચ પરમેષ્ટી નમસ્કરણીયતા અને માંગલિકતાના કારણો:** અરિહંત ભગવાને

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ આત્માની શક્તિને આવરિત કરનાર ઘાતિ કર્મોને સર્વથા નિર્મૂલ કર્યા છે. સંસારના સર્વ જીવોને કર્મોનાં બંધનથી મુક્તિનો માર્ગ બતાવ્યો છે.

સિદ્ધ ભગવાનના જ્ઞાન, દર્શન, અવ્યાબાધ સુખ, આદિ ગુણો સદા શાશ્વત અને અનંત છે. તેને નમસ્કાર કરવાથી આત્માના નિજ ગુણોનું એવં શુદ્ધસ્વરૂપનું ભાન અને સ્મરણ થાય છે; ગુણોને પૂર્ણ રૂપે પ્રગટ કરવાની, આત્મશોધનની એવં આત્મબલ પ્રગટ કરવાની પ્રેરણા મળે છે. તેથી સંસારી આત્માઓને માટે અરિહંત અને સિદ્ધ ભગવાન નમસ્કરણીય અને સદૈવ મંગલકારક છે.

આચાર્ય ભગવાન સ્વયં આચાર પાલનમાં દક્ષ હોવાની સાથે અન્યના આચાર પાલનનું ધ્યાન રાખે છે અને સંઘને જ્ઞાન–દર્શન–ચારિત્રમાં સ્થિર કરે છે. ઉપાધ્યાય સંઘમાં જ્ઞાનબલને સુદઢ બનાવે છે. શાસ્ત્રીય અને સૈદ્ધાંતિક જ્ઞાન ઉપાધ્યાયની કૃપાથી પ્રાપ્ત થાય છે. આ રીતે આચાર્ય ભગવંત અને ઉપાધ્યાય ભગવંત મહાન ઉપકારી હોવાથી નમસ્કરણીય એવં મંગલકારક છે.

સાધુ ભગવંત માનવના સર્વશ્રેષ્ઠ પુરુષાર્થમાં અને પરમ સાધનાના ધ્યેય સ્વરૂપમોક્ષની સાધનામાં અસહાય, અનભિજ્ઞ એવં દુર્બલ સાધકને સહાયતા આપે છે. તેથી તે પરમ ઉપકારી, નમસ્કરણીય એવં મંગલ ફલદાયક છે. તેથી અહીં પાંચે પરમેષ્ટી ભગવંતોને નમસ્કારરૂપ મંગલાચરણ કર્યું છે.

**ગણધર ઈન્દ્રભૂતિનું વ્યક્તિત્વ** : અંતેવાસી - નિકટ રહેનાર શિષ્ય. ઈન્દ્રભૂતિ ગૌતમ સદા પ્રભુની નિકટ રહેતા હતા. અંતેવાસી અનેક પ્રકારે હોય શકે છે. જેમ કે – (૧) પ્રવ્રાજના અંતેવાસી– જે કેવળ પ્રવ્રજ્યા–મુનિ દીક્ષા અથવા સામાયિક ચારિત્ર ધારણ કરી આચાર્યની સમીપે રહેતા હોય. ઉપસ્થાપના અંતેવાસી – જે ઉપસ્થાપના–મહાવ્રત આરોપણ અથવા છેદોપસ્થાપનીય ચારિત્ર ધારણ કરી આચાર્યની સમીપે રહેતા હોય.

ધર્માન્તેવાસી – જે કેવળ ધર્મ–શ્રવણને માટે આચાર્યની પાસે રહેતા હોય.

ઈન્દ્રભૂતિ સર્વ અપેક્ષાએ પ્રભુના અંતેવાસી હતા.

**આંતરિક વૈભવ** : ચૌદ વિશેષણો દ્વારા ઈન્દ્રભૂતિની સાધનાજન્ય લબ્ધિઓનું વિશિષ્ટ વર્ણન છે:

**(૧) ઉગ્ર તપસ્વીઃ** અસાધારણ તપ કરનાર અથવા જે મુનિ આરંભ કરેલી તપ સાધનાનો જીવન પર્યંત નિર્વાહ કરે તેને ઉગ્ર તપસ્વી કહે છે.

**(૨) દીપ્ત તપસ્વીઃ** પ્રજ્વલિત ધર્મધ્યાન રૂપ તપ કરનાર અથવા દીર્ઘકાલીન તપસ્યા કરવા છતાં પણ જેનું કાયિક, વાચિક કે માનસિક બળ વધતું રહ્યું હોય, મુખ આદિમાંથી દુર્ગંધ ન આવતી હોય પરંતુ જેના શ્વાસોચ્છ્‌વાસમાં સુગંધ આવતી હોય, જેનું શરીર તેજસ્વી થતું હોય તેને દીપ્ત તપસ્વી કહે છે.

**(૩) તપ્ત તપસ્વીઃ** કર્મોને સંતપ્ત કરનાર અથવા અત્યંત તપ્ત કડાઈમાં પડેલું જલકણ તુરંત સુકાઈ જાય છે, તે જ રીતે જે મુનિ દ્વારા કરેલો શુષ્ક અને અલ્પ આહાર તત્કાલ પરિણત થઈ જાય તે મલાદિ રૂપે પરિણત ન થાય તેને તપ્ત તપસ્વી કહે છે.

**(૪) મહા તપસ્વીઃ** આશંસા રહિતપણે તપ કરનાર અથવા સિંહ નિષ્ક્રીડિત આદિ મહાન તપન અનુષ્ઠાન કરનાર.

**(૫) ઉદારઃ** અલ્પ સામર્થ્યવાન માટે અશક્ય તેવા ભયંકર અથવા ઉરાલે–પ્રધાન તપ કરનાર.

**(૬) ઘોરઃ** પરીષહ વિજેતા અને ઈન્દ્રિય વિજેતા.

**(૭) ઘોરગુણઃ** અસાધારણ, મૌલિક ગુણોનો વિકાસ કરનાર.

**(૮) ઘોર તપસ્વીઃ** ઘોર તપ કરનાર અથવા વાત, પિત, કફ અને સન્નિપાતજન્ય કોઈ પણ રોગનો ઉપદ્રવ થવા છતાં જે અનશન એવં કાયકલેશાદિ તપથી વિમુખ ન થાય તથા હિંસક પશુ, ચોર, લૂંટારા આદિથી

ઘેરાયેલા પ્રદેશમાં જે આવાસ કરે છે, તેને ઘોર તપસ્વી કહે છે.

**(૯) ઘોર બ્રહ્મચર્યવાસીઃ** જેનો બ્રહ્મચર્યવાસ અસ્ખલિત હોય, ચારિત્રમોહનીય કર્મના પ્રકૃષ્ટ ક્ષયોપશમથી જેના વિકારજન્ય સ્વપ્ન પણ નષ્ટ થઈ ગયા હોય તે ઘોર બ્રહ્મચર્યવાસી કહેવાય છે.

**(૧૦) ઉચ્છૂઢ શરીરઃ** આ પદના બે અર્થ થાય છે - (૧) ઉત્ક્ષિપ્ત શરીર– શરીર હળવું થઈ જવાથી ઉપર ઉડી શકનાર. 'લઘિમા' લબ્ધિસંપન્ન સાધક પોતાના શરીરને વાયુથી પણ હળવું બનાવી શકે છે. ઈન્દ્રભૂતિ અનેક લબ્ધિધારક હતા. મહાપુરાણ અનુસાર જ્યારે ૫૦૦ શિષ્યો સહિત પ્રભુ મહાવીર પાસે દીક્ષિત થયા ત્યારે તેની પાસે સાતસો લબ્ધિ હતી. તે સમયે ઈન્દ્રભૂતિ અણગાર લઘિમા લબ્ધિના ધારક હતા. (૨) ઉજ્ઝિતશરીર– શરીર નિરપેક્ષ અર્થાત્ શરીર સંસ્કાર અને દેહાસક્તિથી રહિત હોય તેને ઉજ્ઝિત શરીર કહેવાય છે.

**(૧૧) સંક્ષિપ્ત વિપુલ તેજોલેશીઃ** તેજોલેશ્યા–તેજોલબ્ધિની પણ બે અવસ્થા હોય છે. સંક્ષિપ્ત અને વિપુલ. તેજોલેશ્યાનો પ્રયોગ કરે તો હજારો કિલોમીટરમાં સ્થિત વસ્તુને ભસ્મીભૂત કરી શકાય છે. તે જ રીતે દૂર સુધીના ક્ષેત્રમાં અનુગ્રહ પણ કરી શકાય છે. લબ્ધિનો પ્રયોગ કરે તો તે વિપુલ કહેવાય છે. લબ્ધિનો પ્રયોગ ન કરે તો તે લબ્ધિ સંક્ષિપ્ત રહે છે. ઈન્દ્રભૂતિ ગૌતમને વિપુલ તેજોલબ્ધિ પ્રાપ્ત હતી પરંતુ તે લબ્ધિનો પ્રયોગ કરતા ન હતા.

**(૧૨) ચાર જ્ઞાનના ધારકઃ** મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાનના ધારક હતા.

**(૧૩) ચૌદપૂર્વીઃ** દ્વાદશાંગીમાં બારમું અંગ દ્રષ્ટિવાદ છે. તેના પાંચ વિભાગ છે. તેનો ત્રીજો વિભાગ પૂર્વગત છે. તેમાં ચૌદપૂર્વનો સમાવેશ થયો છે. નંદી સૂત્રમાં તેનું વિસ્તૃત વર્ણન છે. ચૌદ પૂર્વના જ્ઞાતાને ચૌદપૂર્વી અથવા શ્રુત કેવળી કહે છે. ચૌદ પૂર્વનો શ્રુતજ્ઞાનમાં સમાવેશ થાય છે પરંતુ શ્રુતજ્ઞાની

ચૌદપૂર્વી હોય જ તે અનિવાર્ય નથી. ચૌદપૂર્વી એટલે પ્રકૃષ્ટ શ્રુતજ્ઞાની, શ્રુતકેવળી. તેની તુલના કેવળી સાથે કરી છે. કેવળી સર્વ દ્રવ્ય–પર્યાયોને સાક્ષાત્ જાણે છે. શ્રુત કેવળી શ્રુતના આધારે જાણે છે.

**(૧૪) સર્વાક્ષર સન્નિપાતિ લબ્ધિયુક્ત:** તેના બે અર્થ કર્યા છે: (૧) સર્વ અક્ષરોના સંયોગના જ્ઞાતા અથવા (૨) શ્રવ્ય અક્ષરોના વક્તા.

**ચલમાન ચલિત આદિ નવ પદો** :

**चलमाणे चलिएः** ચલાયમાન ચલિત. અબાધાકાલ પૂર્ણ થતાં પોતાનું ફળ દેવા કર્મો ઉદયાવલિકામાં પ્રવેશ કરે છે. ઉદયાવલિકામાં પ્રવેશ કરવા માટે કર્મો ચલાયમાન થાય છે. ઉદયાવલિકા તે જ કર્મોનો ચલનકાલ છે. તેમાં અસંખ્યાત સમય વ્યતીત થાય છે. તે અસંખ્યાત સમયનો આદિ, મધ્ય અને અંત હોય છે. કર્મદલિકો પણ અનંત છે અને તેને ઉદયમાં આવવાનો પણ એક નિશ્ચિત ક્રમ છે. પ્રથમ સમયે કર્મપુદ્ગલના જેટલા દલિકો ચલાયમાન થયા, તે દલિકો પોતાની ચલન ક્રિયા પ્રથમ સમયે જ પૂર્ણ કરે છે. તેથી પ્રથમ સમયે ચલાયમાન થયેલા કર્મદલિકોને પ્રથમ સમયે જ ચલિત કહેવાય છે. આ રીતે વર્તમાનકાલ ભાવી ચલાયમાન કર્મને ભૂતકાલભાવી ચલિત કર્મરૂપે કથન કરાય તેમાં કોઈ વિરોધ નથી.

કર્મોનો ઉદયાવલિકામાં પ્રવેશ થવાથી નિર્જરા સુધીની પ્રત્યેક ક્રિયા પરસ્પર સાપેક્ષ હોવા છતાં સંપૂર્ણ સ્વતંત્ર છે. સમયે સમયે તે પ્રત્યેક ક્રિયા થતી રહે છે.

કર્મોની ઉદયાવલિકા પણ અસંખ્યાત સમયની છે. તેમાં પ્રથમ સમયમાં જે દલિકો ઉદયાવલિકામાં આવવા માટે ચલાયમાન થાય છે, તે અપેક્ષાએ ચલિત જ કહેવાય. કારણ કે સૂત્રોક્ત કર્મ સંબંધી નવી ક્રિયાઓ સમયે સમયે થાય છે. જો તે રીતે ન માનીએ તો પ્રથમ સમયની ચલન ક્રિયા નિષ્ફળ જશે અને તેજ રીતે બીજા, ત્રીજા આદિ સમયોમાં પણ ચલિતપણું માની શકાશે નહીં. કારણ કે સમયની અપેક્ષાએ સર્વમાં સમાનતા છે. આ રીતે કોઈ પણ કર્મ ચલિત ન થાય

તો ઉદયમાં આવી શકે નહી.

પરંતુ કર્મોની સ્થિતિ પરિમિત છે. કર્મ પોતાની સ્થિતિ પૂર્ણ થતા ઉદયમાં ન આવે તે સર્વથા અશક્ય છે. સ્થિતિ પૂર્ણ થતાં કર્મો ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થાય જ છે. કર્મોનો સમગ્ર જથ્થો એક સાથે ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થતો જ નથી. તે ક્રમશઃ જ પ્રવિષ્ટ થાય છે. જેટલો જથ્થો જે સમયે ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થાય તે જથ્થો ચલમાન ચલિત કહેવાય છે. આ રીતે માનવાથી જ ઉદયાદિ પ્રત્યેક પ્રક્રિયાનો ક્રમ યથા સંગત રહે છે.

વ્યવહારમાં લક્ષિત કાર્ય પૂર્ણતાની અપેક્ષાએ અંતિમ ક્ષણે થાય છે અને આંશિકતાની અપેક્ષાએ પ્રતિક્ષણે થાય છે. પૂર્ણતાની અપેક્ષાનો આંશિકતાની અપેક્ષામાં આરોપ કરવાથી ભ્રમ થાય છે. અહીં કથિત કર્મોની આંશિક ચલન આદિ ક્રિયાના સિદ્ધાંતને પૂર્ણરૂપે સંથારો થવાની ક્રિયામાં આરોપિત કરવાથી જમાલીની બુદ્ધિ ભ્રમિત થઈ હતી. સાર એ છે કે સ્થૂલ દ્રષ્ટિથી કાર્ય પૂર્ણ થાય ત્યારે જ તે કાર્યની પૂર્ણતા સ્વીકારવામાં આવે છે. છતાં પ્રતિક્ષણે અંશે અંશે કાર્ય થાય છે.

ચલન આદિ નવ પદના અર્થ આ પ્રમાણે છેઃ

**ચલનઃ** કર્મદલનું ઉદયાવલિકામાં પ્રવેશ કરવા માટે ચલિત થવું.

**ઉદીરણાઃ** અધ્યવસાય વિશેષથી અથવા પ્રયત્નપૂર્વક જેની સ્થિતિ પરિપક્વ થઇ ગઇ છે તેવા ઉદયમાં નહીં આવેલા કર્મોને ઉદયાવલિકામાં ખેંચીને લાવવા.

**વેદનાઃ** ઉદયાવલિકામાં આવેલા કર્મફળનો અનુભવ કરવો.

**પ્રહીણઃ** આત્મપ્રદેશો સાથે એકમેક થયેલા કર્મોનું દૂર થવું – નાશ થવું.

**છેદનઃ** કર્મોની દીર્ઘકાલિક સ્થિતિને અપવર્તના આદિ દ્વારા અલ્પકાલિક કરવી.

**ભેદનઃ** બદ્ધ કર્મના તીવ્ર રસને અપવર્તનાકરણ દ્વારા મંદ કરવો અથવા

ઉદ્વર્તનાકરણ દ્વારા મંદ રસને તીવ્ર કરવો.

**દગ્ધ**ઃ કર્મરૂપી કાષ્ઠને ધ્યાનાગ્નિમાં ભસ્મીભૂત કરી, અકર્મ રૂપ કરવા.

**મૃત**ઃ પૂર્વબદ્ધ આયુષ્યકર્મના દલિકોનો નાશ થવો.

**નિર્જીર્ણ**ઃ ફળ આપ્યા પછી કર્મોનું આત્માથી પૃથક્ થવું, ક્ષીણ થવું.

પ્રથમના ચારે પદ ઘાતિ કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાનને પ્રગટ કરે છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિ પક્ષની અપેક્ષાએ તે ચારે પદ એકાર્થક છે. ચારે પદની પ્રવૃત્તિ ક્રમયુક્ત હોવા છતાં પણ એક જ અંતઃમુહૂર્તમાં પ્રવૃત્ત થાય છે. તેમાં 'ચલમાણે ચલિએ' તે પદ કર્મને ઉદયમાં આવવા માટે ચલિત કરે છે. કર્મનો ઉદય બે પ્રકારે થાય, સ્થિતિ પૂર્ણ થતાં અને સ્થિતિ પૂર્ણ થયા પહેલાં પ્રયત્ન વિશેષથી ખેંચીને ઉદીરણા દ્વારા ઉદયમાં લાવવા તે. આ બંને પ્રકારે ઉદયમાં આવેલા કર્મોનો અનુભવ કરવો તેને વેદન કહેવાય અને જે કર્મનું વેદન થઈ જાય તે કર્મ નષ્ટ થઈ જાય છે અર્થાત્ આત્મપ્રદેશોથી પૃથક્ થઈ જાય છે. તેને જ કર્મનું પ્રહીણ થવું કહેવાય છે. આ ચારે પદ ઘાતિકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રગટ કરે છે. તેથી ઉત્પત્તિ પક્ષની અપેક્ષાએ ચારે પદ એકાર્થક છે.

અંતિમ પાંચ પદ વિગતપદની અપેક્ષાએ ભિન્નાર્થક છે.

**છિજ્જમાણે છિણ્ણે**ઃ આ પદ સ્થિતિઘાતની અપેક્ષાએ છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી કેવળી ભગવાન યોગનિરોધની સન્મુખ થાય ત્યારે વેદનીય, નામ, ગોત્ર કર્મની દીર્ઘકાળની સ્થિતિને અપવર્તનાકરણ દ્વારા હ્રસ્વકાળની બનાવે છે. કર્મોના આ સ્થિતિઘાતને છેદન કહે છે.

**ભિજ્જમાણે ભિણ્ણે**ઃ અપવર્તના કરણ દ્વારા કર્મોના રસને હીન કરવો તેને ભેદન કહે છે. કર્મોની સ્થિતિના ઘાત સાથે રસનો પણ ઘાત થાય છે. કર્મોની સ્થિતિ અને રસનો ઘાત એક સાથે જ થાય છે. તેમ છતાં સ્થિતિ અને રસના

ખંડ ભિન્ન ભિન્ન હોય છે. સ્થિતિના ખંડથી રસના ખંડ અનંતગુણા છે, તેથી છેદન અને ભેદન બે ક્રિયા ભિન્ન છે.

**डज्जमाणे दड्ढे**ઃ આ પદ પ્રદેશબંધના ઘાતની અપેક્ષાએ છે. અનંતાનંત કર્મપ્રદેશોને અકર્મરૂપમાં પરિણત કરવા, તેને કર્મનો દાહ અર્થાત્ બાળવું કહેવાય. ૧૪ મા ગુણસ્થાને અસંખ્ય સમયની ગુણશ્રેણીની રચના દ્વારા કર્મપ્રદેશોનો ક્ષય કરાય છે. તે ગુણ શ્રેણીમાં પ્રથમ સમયથી અંતિમ સમય પર્યંત ક્રમથી અસંખ્યાત ગુણની વૃદ્ધિએ કર્મ પુદ્ગલનો દાહ થાય છે. આ પ્રકારનો દાહ શૈલેશી અવસ્થામાં શુકલધ્યાનનો ચોથો ભેદ સમુચ્છિન્ન ક્રિયા પ્રતિપાતી નામક ધ્યાનાગ્નિ દ્વારા થાય છે.

**मिज्जमाणे मडे**ઃ આ પદથી આયુષ્ય કર્મના ક્ષયનું નિરૂપણ કર્યું છે. પ્રત્યેક સંસારી જીવને જન્મ–મરણ થાય છે. તેમાં અહીં અંતિમ મરણનું ગ્રહણ કર્યું છે. જે મોક્ષ પ્રાપ્તિ પહેલા થાય છે.

**णिज्जरिज्जमाणे णिज्जिण्णे**ઃ સમસ્ત કર્મોને અકર્મ રૂપમાં પરિણત કરવા, તેને નિર્જરા કહે છે. આ સ્થિતિ સંસારી જીવે કદાપિ પ્રાપ્ત કરી નથી, સમસ્ત કર્મોની નિર્જરા તે આત્માની અપૂર્વ સ્થિતિ છે. તેથી તે અન્ય પદથી ભિન્ન છે.

આ રીતે અંતિમ પાંચે પદ વિગત–નાશ પક્ષની અપેક્ષાએ ભિન્નાર્થક છે. પ્રથમ ચાર પદથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને અંતિમ પાંચ પદથી સમસ્ત કર્મના ક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પરિણત, ચિત, ઉપચિત આદિ**ઃ આહારરૂપે ગ્રહણ કરેલા પુદ્ગલો શરીર સાથે એકમેક થઇ શરીર રૂપે પરિવર્તિત થઇ જાય તે પરિણત કહેવાય છે. શરીર રૂપે પરિણત થયેલા પુદ્ગલો શરીર સાથે એકમેક થઇ શરીર સાથે પુષ્ટ થાય તે ચય [ચિત] કહેવાય છે. જેનો ચય થયો છે તેમાં અન્ય અન્ય પુદ્ગલોનું એકત્રિત થવું તે ઉપચય [ઉપચિત] કહેવાય છે.

**પુદ્ગલોનું ભેદનઃ** અપર્વતનાકરણ અને ઉદ્વર્તનાકરણ (અધ્યવસાય વિશેષ) થી તીવ્ર, મંદ, મધ્યમ રસવાળા પુદ્ગલોને અન્ય રૂપમાં પરિણત કરવા. જેમ કે તીવ્રને મંદ રસવાળા અને મંદને તીવ્ર બનાવવા તેને ભેદન કહે છે.

**પુદ્ગલોનો ચય ઉપચયઃ** અહીં આહારથી શરીરનું પુષ્ટ થવું તે ચય અને વિશેષ પુષ્ટ થવું તે ઊપચય છે. આ કથન આહાર દ્રવ્ય વર્ગણાની અપેક્ષાએ જાણવું.

**અપવર્તનઃ** અધ્યવસાય વિશેષથી કર્મની સ્થિતિ અને રસને ઘટાડવા.

**ઉદ્વર્તનઃ** અધ્યવસાય વિશેષથી કર્મની સ્થિતિ અને રસને વધારવા.

**સંક્રમણઃ** અધ્યવસાય વિશેષથી કર્મની ઉત્તર પ્રકૃતિઓનું એકબીજામાં પરિવર્તન કરવું. સંક્રમણ મૂલપ્રકૃતિમાં થતું નથી. ઉત્તર પ્રકૃતિઓમાં થાય છે પણ આયુષ્યકર્મની ઉત્તર પ્રકૃતિઓમાં થતું નથી. તેમ જ દર્શનમોહ અને ચારિત્રમોહનું પણ પરસ્પર સંક્રમણ થતું નથી.

**નિધત્તઃ** ભિન્ન ભિન્ન કર્મ પુદ્ગલોને એકત્રિત કરી, ધારણ કરવા. કર્મોની નિધત્ત અવસ્થામાં ઉદ્વર્તના અને અપવર્તના આ બે કરણોથી જ પરિવર્તન થઇ શકે છે. આ બે કરણો સિવાય સંક્રમણાદિ અન્ય કોઇ પણ કરણથી જેમાં પરિવર્તન ન થઇ શકે, તે પ્રકારની કર્મની અવસ્થાને નિધત્ત કહે છે.

**નિકાચનઃ** નિધત્ત કરેલા કર્મોનું એવું સુદ્રઢ થઇ જવું કે જેમાં તે કર્મદલિકો એકબીજાથી પૃથક્ ન થઇ શકે. જેમાં કોઇ પણ કરણ કિંચિત્ પણ પરિવર્તન ન કરી શકે. અર્થાત્ કર્મ જે રૂપમાં બાંધ્યા છે તે જ રૂપમાં ભોગવવા પડે તે નિકાચિત કર્મ કહેવાય છે.

**ચલિત અચલિતઃ** જે આકાશ પ્રદેશમાં જીવ પ્રદેશ સ્થિત છે, તે જ આકાશ પ્રદેશમાં કર્મદલિકો સ્થિત ન હોય તેવાં કર્મોને ચલિત અને તેથી વિપરીત કર્મને અચલિત કહે છે. બંધ, ઉદીરણા, વેદન આદિ અચલિત કર્મોનું થાય છે. નિર્જરા

ચલિત કર્મોની થાય છે.

**સ્થાવર જીવોની સ્થિતિ**: પ્રત્યેક જીવોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. પૃથ્વીકાયિક જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨ હજાર વર્ષની છે. અપકાયની–૭૦૦૦ વર્ષની, તેઉકાયની–૩ અહોરાત્રની, વાઉકાયની–૩૦૦૦ વર્ષની, વનસ્પતિકાયની –૧૦,૦૦૦ વર્ષની સ્થિતિ છે.

**વિમાત્રા આહાર, વિમાત્રા શ્વાસોચ્છ્વાસ** : પૃથ્વીકાયિક આદિ પાંચે સ્થાવર જીવોમાં આહારની સમયમર્યાદા(માત્રા) નિયત નથી. તે જ પ્રમાણે તેના શ્વાસની સમય મર્યાદા (માત્રા) પણ નિયત નથી અર્થાત્ તે એકેન્દ્રિય જીવોનો આહારેચ્છા હોતો કાલ નથી કારણ કે તેઓ નિરંતર રોમોથી આહાર કરે છે. તેને માટે **'अणुसमयं अविरहियं'** શબ્દપ્રયોગ છે. બેઈન્દ્રિય આદિ ત્રસ જીવોની આહારેચ્છાની કાલમર્યાદા તેમજ ઔદારિકના દશે દંડકમાં યુગલિકો સિવાય સર્વ જીવોની આહાર મર્યાદા નિશ્ચિત કહેવા યોગ્ય હોતી નથી. તે માટે આગમકારોએ **वेमायाए** શબ્દનો પ્રયોગ કર્યો છે. જેનો અર્થ છે વિભિન્ન સમય મર્યાદાથી તે જીવ આહાર કરે છે.

**વ્યાઘાત–નિર્વ્યાઘાત** : લોકાંતે જ્યાં લોક અને અલોકની સીમા ભેગી થાય છે ત્યાં વ્યાઘાતનો સંભવ છે, કારણ કે અલોકમાં આહાર યોગ્ય પુદ્ગલ નથી. જે જીવો લોકના અંત ભાગમાં સ્થિત છે તે જીવો ત્રણ,ચાર કે પાંચ દિશામાંથી આહારના પુદ્ગલ ગ્રહણ કરે છે તે વ્યાઘાત આહાર કહેવાય છે અને જે જીવો લોકના મધ્યમાં સ્થિત હોય તે નિયમા છ દિશામાંથી આહારના પુદ્ગલ ગ્રહણ કરે છે તે નિર્વ્યાઘાત આહાર કહેવાય છે.

**એકેન્દ્રિય જીવોનો આહાર તથા શ્વાસ**: પૃથ્વીકાયિકાદિ એકેન્દ્રિય સ્થાવર જીવોને એકમાત્ર સ્પર્શેન્દ્રિય જ હોય છે. તે જીવોને જીભ કે નાક હોતા નથી. તેથી તે જીવો શરીરના રોમો દ્વારા જ આહારના પુદ્ગલ ગ્રહણ કરે છે અને રોમો

દ્વારા જ શ્વાસ લે છે અને મૂકે છે. આ રીતે એકેન્દ્રિયનો શ્વાસ અને આહાર સ્પર્શેન્દ્રિય દ્વારા હોય છે.

**વિકલેન્દ્રિયની સ્થિતિ** : અહીં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવોની સ્થિતિ આદિનું વર્ણન છેઃ

**સ્થિતિ**: વિકલેન્દ્રિય જીવોની જઘન્ય સ્થિતિ અંતઃમુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ બેઈન્દ્રિયની બાર વર્ષની, તેઈન્દ્રિયની ૪૯ અહોરાત્રની, ચૌરેન્દ્રિયની છ માસની છે.

**શ્વાસોચ્છ્વાસ**: વિમાત્રા–અનિયતકાલે થાય છે.

**અસંખ્યાત સમયનું અંતર્મુહૂર્ત**: એક અંતર્મુહૂર્તમાં અસંખ્યાત સમય છે તેથી તેના અસંખ્યાત ભેદ છે. વિક્લેન્દ્રિય જીવોને આ ભોગનિર્વર્તિત આહારની અભિલાષા અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત પછી થાય છે.

**રોમાહાર**: સ્વતઃ રોમ દ્વારા જે પુદ્ગલ પ્રવિષ્ટ થઈ જાય તેને રોમાહાર કહે છે.

**પ્રક્ષેપાહાર**: કવલ આદિ દ્વારા મુખમાં પ્રક્ષેપ કરીને થતા આહારને પ્રક્ષેપાહાર કહે છે. શરીરના અન્ય વિભાગ દ્વારા પ્રક્ષિપ્ત કરાતા પુદ્ગલને પણ પ્રક્ષેપાહાર કહે છે. જેમ કે ઈંજેકશન વગેરે.

**વિવિધ દ્રષ્ટિકોણથી આરંભી-અનારંભી વિચાર**:

**આરંભઃ** આરંભ શબ્દનો સામાન્ય અર્થ પ્રવૃત્તિનો પ્રારંભ એમ થાય છે. ઉત્તરવર્તી સાહિત્યમાં આ શબ્દનો પ્રયોગ હિંસાના અર્થમાં થતો હતો. ભયદેવસૂરિએ આરંભનો અર્થ – જીવોના ઉપઘાત કરવો, તે પ્રમાણે કર્યો છે. પ્રત્યેક આશ્રવદ્વારની પ્રવૃત્તિ માટે આ શબ્દ પ્રયોગ થાય છે.

**આત્મારંભીઃ** જે જીવ સ્વયં આશ્રવદ્વારમાં પ્રવૃત્ત થાય અથવા આત્મા દ્વારા સ્વયં આરંભ કરે.

**પરારંભીઃ** અન્યને આશ્રવદ્વારમાં પ્રવૃત્ત કરનાર અથવા અન્ય દ્વારા આરંભ કરાવનાર.

**તદુભયારંભીઃ** આત્મારંભ અને પરારંભ બંનેમાં પ્રવૃત્તિ કરનાર.

**અનારંભીઃ** આત્મારંભ, પરારંભ અને ઉભયારંભથી રહિત હોય, ઉપયોગપૂર્વક પ્રતિલેખના આદિ પ્રવૃત્તિ કરનાર સંયત જીવ અનારંભી કહેવાય છે. સર્વ પ્રમત્ત સંયત અને સિદ્ધ અનારંભી હોય છે.

**શુભયોગઃ** ઉપયોગપૂર્વકની સંયમાનુકૂળ યોગોની પ્રવૃત્તિ.

**ચોવીસ દંડકમાં આરંભી અનારંભી વિચાર** : અહીં ૨૪ દંડકોના જીવો અને સલેશી જીવોની અપેક્ષાએ આત્મારંભ આદિનું નિરૂપણ છે. મનુષ્યને છોડીને શેષ ૨૩ દંડકના જીવો, સામાન્ય જીવોની સમાન આત્મારંભી, પરારંભી અને તદુભયારંભી સમાન છે. મનુષ્યમાં જે અપ્રમત્ત સંયત છે તે અનારંભી છે; પ્રમત્ત સંયત પણ શુભ યોગની અપેક્ષાએ અનારંભી છે, અશુભ યોગની અપેક્ષાએ આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી છે. જે અસંયત છે તે અવિરતિની અપેક્ષાએ આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી છે.

**લેશ્યા** : યોગોની ચંચલતાથી સમયે સમયે આત્મામાં ઉત્પન્ન થતાં પરિણામને લેશ્યા કહે છે, તે ભાવ લેશ્યા છે. તેના નિમિત્તે જે લેશ્યાવર્ગણાના પુદ્‌ગલ ગ્રહણ કરાય તે દ્રવ્ય લેશ્યા છે.

**પ્રમત્ત સંયતમાં લેશ્યા** : પ્રમત્ત સંયતમાં ત્રણ અશુભ લેશ્યા નથી પરંતુ આ કથન સંગત પ્રતીત થતું નથી કારણ કે ચારિત્રની પ્રાપ્તિ સમયે અવશ્ય શુભ લેશ્યા અને સાતમું ગુણસ્થાન હોય છે. પરંતુ ત્યાર પછી જીવ છઠ્ઠે ગુણસ્થાને આવે છે ત્યારે છ લેશ્યામાંથી કોઈ પણ લેશ્યા હોય શકે છે. સિદ્ધાંત અનુસાર ચારિત્રમાં છઠ્ઠા ગુણસ્થાનમાં છ લેશ્યા છે. કૃષ્ણાદિ લેશ્યામાં મનઃપર્યવજ્ઞાનનું કથન છે. મનઃપર્યવજ્ઞાન અપ્રમત્ત સંયતને જ થાય છે. તેથી તેની પ્રાપ્તિ સમયે

શુભ લેશ્યા હોય છે. પરંતુ જ્યારે અપ્રમત્તાવસ્થાને છોડીને પ્રમત્તાવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે અશુભ લેશ્યા આવી શકે છે. શ્રી ભદ્રબાહુ રચિત આવશ્યક નિર્યુક્તિમાં પણ કહ્યું છે કે **पुव्वपडिवण्णओ पुण अण्णयरीए उ लेस्साए** આ રીતે પ્રમત્ત સંયતમાં છ લેશ્યામાંથી કોઈ પણ લેશ્યા હોય છે.

**ભવની અપેક્ષાએ જ્ઞાનાદિની પ્રરૂપણાઃ** જૈન દર્શન આસ્તિક દર્શન છે. તે આત્માના પુનર્જન્મનો સ્વીકાર કરે છે. આત્મા જ્યારે પુનર્જન્મ ધારણ કરે છે ત્યારે શું આ ભવમાંથી કાંઈ સાથે લઈને જાય છે કે એકલો આત્મા જ જાય છે? વગેરે અનેક પ્રશ્નોની વિચારણા જૈનદર્શને કરી છે. **અહીં** જ્ઞાનાદિ ગુણોને, ચારિત્રાદિ અનુષ્ઠાનોને આત્મા પુનર્જન્મમાં સાથે લઈ જઈ શકે છે કે નહીં ?

જ્ઞાન અને દર્શન ઉપયોગ સ્વરૂપ છે, જીવના ગુણ સ્વરૂપ છે. તે બંને જીવની પ્રત્યેક અવસ્થામાં સાથે જ રહે છે. જ્યારે ચારિત્ર, સંયમ અને તપ આ જીવન પર્યંત જ રહે છે. કારણ કે ચારિત્રાદિ યૌગિક પ્રવૃત્તિ છે, તેનું આરાધન શરીરથી થાય છે અને આ શરીર જીવનપર્યંત જ આત્માની સાથે રહે છે, પરલોકમાં સાથે જતું નથી. તેથી ચારિત્ર આદિ ઈહભવિકજ છે. સંયમાદિની પ્રતિજ્ઞા જીવનપર્યંતની જ ગ્રહણ થાય છે. તે આ જીવન સમાપ્ત થતા પૂર્ણ થાય છે. મોક્ષમાં ચારિત્રનું કોઈ પ્રયોજન નથી. દેવ ગતિમાં સંયમાદિનો સંભવ નથી.

ઉભયભવિકનો સમાવેશ પરભવિકમાં જ થઈ જાય છે. તથાપિ તેને પૃથક્ ગ્રહણ કરવાનો આશય એ છે કે જ્ઞાન અને દર્શન પરભવિક છે અને ઉભયભવિક પણ છે અર્થાત્ પરભવથી પછીના ભવમાં – ભવાંતરમાં પણ સાથે જાય છે.

**અસંવૃત્ત–સંવૃત્ત અણગાર** :

**અસંવૃત્ત અણગાર** : જે સાધુએ અણગાર થઈને હિંસાદિ આશ્રવદ્વારોને પૂર્ણ રીતે રોક્યા નથી, બંધ કર્યા નથી તે.

**સંવૃત્ત અણગાર** : આશ્રવદ્વારોનો પૂર્ણ નિરોધ કરીને, સંવરની સાધના કરનાર

મુનિ સંવૃત્ત અણગાર છે. તે છઠ્ઠા– પ્રમત્ત સંયત ગુણસ્થાનથી ચૌદમાં–અયોગી કેવલી ગુણસ્થાન પર્યંત હોય છે. સંવૃત્ત અણગારના બે પ્રકાર છે: ચરમ શરીરી અને અચરમશરીરી. જેનો આ અંતિમ ભવ છે, હવે અન્ય ભવ કે શરીર ધારણ કરવાના નથી તે ચરમશરીરી અને જેને અન્ય ભવ કરવાનો છે અને બીજું શરીર ધારણ કરવાનું છે તે અચરમશરીરી છે. અહીં ચરમ શરીરીની અપેક્ષાએ કથન કર્યું છે. અચરમશરીરી પરંપરાએ સિદ્ધ થાય છે.

**બંનેમાં અંતરઃ** પરંપરાએ તો શુક્લપાક્ષિક પણ મોક્ષ પ્રાપ્ત કરે જ છે. તેમ છતાં સંવૃત્ત અને અસંવૃત્ત અણગાર એવો જે ભેદ કર્યો છે તેનું રહસ્ય એ છે કે ચરમશરીરી સંવૃત્ત અણગાર તે જ ભવમાં મોક્ષે ન જાય તો પણ સાત–આઠ ભવમાં અવશ્ય મોક્ષે જશે. આ રીતે તેની પરંપરાની સીમા સાત–આઠ ભવોની જ છે. અર્ધપુદ્ગલ પરાવર્તનની જે  પરંપરા અન્યત્ર કહી છે તે વિરાધકની અપેક્ષાએ છે. તેની ચારિત્ર આરાધના જઘન્ય હોય તેમ છતાં પણ અવિરાધક અચરમ શરીરી સંવૃત્ત અણગાર અવશ્ય સાત-આઠ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

'**सिज्झइ**' – તે કૃતકૃત્ય થાય છે. તેનાં સમસ્ત કાર્ય સિદ્ધ–પૂર્ણ થાય છે.

**बुज्झइ** - તે લોકાલોકના સર્વ પદાર્થોના જ્ઞાતા થાય છે, જ્ઞાન સ્વરૂપ થઈ જાય છે.

**मुच्चइ** – તે સમસ્ત કર્મોથી મુક્ત થાય છે.

**परिणिव्वाइ** – તે સમસ્ત કર્મજનિત વિકારોનો નાશ થવાથી શાંત થઈ જાય છે.

**सव्वदुक्खाण** – તેના સમસ્ત શારીરિક તથા માનસિક અથવા જન્મ–મરણના દુઃખ નષ્ટ થઈ જાય છે.

**અસંવૃત્ત અણગાર– ચારે પ્રકારના બંધનો પરિવર્ધક** : કર્મબંધના ચાર પ્રકાર છે - પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ. તેમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગજન્ય છે. સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયજન્ય છે. અસંવૃત્ત

અણગારના યોગ અશુભ હોય છે અને કષાય તીવ્ર હોય છે તેથી તે ચારે પ્રકારના બંધમાં વૃદ્ધિ કરે છે અને સંસારમાં પરિભ્રમણ કરે છે. જ્યારે સંવૃત્ત અણગાર ચારે પ્રકારના બંધનો નાશ કરીને સિદ્ધ થાય છે.

# શતક – ૧: ઉદ્દેશક – ૨

## દુ:ખ

અહીં મુખ્યતયા કર્મનો સિદ્ધાંત, ૨૪ દંડકના જીવોમાં સમાહારાદિ ૧૦ પ્રશ્નો, જીવનો સંસાર સંસ્થાનકાલ, અસંયત ભવ્ય દ્રવ્ય દેવાદિની ગતિ અને અસંજ્ઞીનું આયુષ્ય વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

જૈન દર્શનનો મુખ્ય સિદ્ધાંત સ્વકર્તૃક કર્મફળ ભોગનો છે અર્થાત્ જે વ્યક્તિ કર્મ બાંધે છે તેનું ફળ તેને જ ભોગવવું પડે છે. તેમાં કોઈ અદ્રશ્ય શક્તિ, દૈવી ચમત્કાર કે ઈશ્વારકૃપા કાંઈ જ કરી શકતા નથી. બાંધેલું કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે જ તેનું ફળ ભોગવાય છે. જ્યાં સુધી કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી તેનું ફળ અનુભવાતું નથી. તે જ રીતે આયુષ્ય કર્મમાં પણ સમજવું.

૨૪ દંડકના જીવોમાં અને સલેશી જીવોમાં આહાર, શરીર, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા, આયુષ્ય વગેરે પ્રત્યેક વિષયમાં, પ્રત્યેક જીવોમાં તરતમતા હોય છે.

જીવના સંસાર પરિભ્રમણકાળને અથવા સંસારમાં રહેવારૂપ કાળને સંસાર સંચિઠ્ઠણ કાલ–સંસાર સંસ્થાનકાલ કહે છે. ચાર ગતિની અપેક્ષાએ તેના ચાર પ્રકાર છે. જીવના અનંતકાલના પરિભ્રમણમાં (૧) સર્વથી અલ્પ મનુષ્યગતિનો કાલ (૨) તેથી નરકગતિનો કાલ અસંખ્યાત ગુણો (૩) તેથી દેવગતિનો કાલ અસંખ્યાત ગુણો (૪) તેથી તિર્યંચગતિનો કાલ અનંત ગુણો છે.

આ સંસારકાળની અન્ય ત્રણ પ્રકારે વિચારણા કરવામાં આવી છે– (૧) શૂન્યકાળ (૨) અશૂન્યકાળ (૩) મિશ્રકાળ.

**શૂન્યકાળ:** કોઈ નિયત સમયે અમુક નિયત જીવો જે ગતિમાં છે તે સર્વ જીવો ત્યાંથી નીકળી જાય અને જ્યાં સુધી તે ગતિમાં તેમાંનો એક પણ જીવ પાછો

ન આવે, તે કાળને શૂન્યકાળ કહે છે.

**અશૂન્યકાળ:** જેટલા સમય સુધી નિરંતર તે ગતિમાં એક પણ જીવનું અન્ય ગતિમાંથી ગમનાગમન થાય નહીં તે ગતિના જીવોની સંખ્યા નિયત જ રહે તે કાળને અશૂન્યકાળ કહેવાય છે.

**મિશ્રકાલઃ** કોઈ ચોક્કસ સમયે અમુક નિયત જીવો જે ગતિમાં છે, તેમાંથી કેટલાક જીવો તે ગતિમાંથી નીકળે, કેટલાય નવા આવે. નિયત જીવોમાંથી એક જીવ પણ શેષ રહે અને અન્ય જીવોનું ગમનાગમન ચાલુ હોય, તેને મિશ્રકાલ કહે છે અથવા જે કાલ શૂન્ય પણ નથી, અશૂન્ય પણ નથી પરંતુ જેનું સ્વતંત્ર મિશ્ર સ્વરૂપ છે તેને મિશ્રકાલ કહે છે. શૂન્યકાળ તિર્યંચ ગતિમાં હોતો નથી, શેષ ત્રણ ગતિમાં હોય છે. અશૂન્ય અને મિશ્રકાળ ચારે ગતિમાં હોય છે.

**ક્રિયા** : કર્મબંધનની હેતુભૂત પ્રવૃત્તિને ક્રિયા કહે છે. અહીં તેના પાંચ ભેદ ગ્રહણ કર્યા છે-

**(૧) આરંભિકી–** છકાય જીવના આરંભ–સમારંભજન્ય ક્રિયા.

**(૨) પારિગ્રહિકી–** મૂર્ચ્છા–આસક્તિભાવજન્ય ક્રિયા.

**(૩) માયા પ્રત્યયિકી–** માયા, કપટ અને ઉપલક્ષણથી ક્રોધ, માન, માયા અને લોભજન્ય ક્રિયા.

**(૪) અપ્રત્યાખ્યાનિકી–** અવિરતિભાવજન્ય ક્રિયા.

**(૫) મિથ્યાદર્શનપ્રત્યયિકી–** મિથ્યાત્વજન્ય ક્રિયા.

**પાંચ સ્થાવર અને ત્રણ વિક્લેન્દ્રિયમાં સમાહારાદિ:**

પૃથ્વીકાયાદિ ચાર સ્થાવરની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. અંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ અસંખ્ય ભેદ છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે પૃથ્વીકાયિક જીવ, પૃથ્વીકાયિક જીવની અવગાહનાની અપેક્ષાએ

ચતુઃસ્થાનપતિત છે. યથા–અસંખ્યાત ભાગહીન, સંખ્યાત ભાગહીન, સંખ્યાત ગુણહીન, અસંખ્યાત ગુણહીન. આ જ રીતે વૃદ્ધિના ચાર સ્થાન છે. તાત્પર્ય એ છે કે સર્વ પૃથ્વીકાયિક જીવોની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોવા છતાં તેમાં તરતમતા છે. તેથી જ કોઈ અલ્પશરીરી, કોઈ મહાશરીરી હોય છે. તેના આધારે જ તેના આહાર અને શ્વાસોચ્છ્વાસમાં તરતમતા છે.

**વેદના–** પાંચ સ્થાવર અને ત્રણ વિક્લેન્દ્રિય જીવો અસંજ્ઞી અને મિથ્યાત્વી છે. તેથી તે ઉન્મત્ત પુરુષની જેમ બેભાનપણે કષ્ટ ભોગવે છે. તે જીવો મનરહિત હોવાથી પોતાની વેદનાના કારણ વગેરે સમજી કે વિચારી શકતા નથી. તેની વેદનાને અનિદા–અનાભોગપણે, અવ્યક્ત રૂપે વેદાતી વેદના કહી છે.

**ક્રિયા–** તે સર્વ જીવો મિથ્યાત્વી હોવાથી સમાન ક્રિયાવાળા હોય છે.

**અંતક્રિયા:** જે ક્રિયા પછી અન્ય ક્રિયા કરવી ન પડે તે અથવા કર્મોનો સર્વથા અંત કરનારી ક્રિયા અંતક્રિયા છે. સમસ્ત કર્મનાશક, મોક્ષપ્રાપ્તિની ક્રિયા જ અંત ક્રિયા છે. નિષ્કર્ષ એ છે કે ભવ્ય જીવ જ મનુષ્યભવ પ્રાપ્ત કરીને અંતક્રિયા કરે છે.

**ક્રિયા:**

**વીતરાગ સંયત** : જેના કષાય સર્વથા ઉપશાંત અથવા ક્ષીણ થઈ ગયા હોય તેને વીતરાગ સંયત કહે છે. તે જીવોને ત્રણે યોગની પ્રવૃત્તિ હોવા છતાં, કષાયનો અભાવ હોવાથી, તેને પૂર્વોક્ત પાંચ ક્રિયા નથી.

**સરાગસંયતઃ** જેને સંજ્વલન કષાયનો ઉદય છે તેવા ચારિત્રવાન જીવોને સરાગસંયત કહે છે. તેમાં અપ્રમત્તસંયતને કષાયજન્ય એક માયાવત્તિયા ક્રિયા અને પ્રમત્ત સંયતને આરંભિયા અને માયાવત્તિયા બે ક્રિયા હોય છે. **सर्व प्रमत्तयोग आरम्भः** સર્વ પ્રમત્ત યોગ આરંભરૂપ છે. તેથી સર્વ પાપથી

વિરક્ત હોવા છતાં પ્રમત્ત સંયતને આરંભિયા ક્રિયા હોય છે.

**સંયતાસંયત**: શ્રાવકને ત્રણ ક્રિયા હોય છે. કારણ કે તે એક દેશથી પાપથી વિરામ પામ્યા છે. તે ઉપરાંત તેના આત્મપરિણામો વિરતિના જ છે. તેથી તેને અપ્રત્યાખ્યાની ક્રિયા હોતી નથી.

**અસંયત**: જે પાપક્રિયાથી નિવૃત્ત થયા નથી તેને અસંયત કહે છે. તે સમકિતી હોવાથી મિથ્યાદર્શન–પ્રત્યયિકી ક્રિયાને છોડીને શેષ ચાર ક્રિયા તેને હોય છે.

**મિથ્યાત્વી** : તે જીવોને પાંચે ક્રિયા હોય છે – (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયા પ્રત્યયા (૪) અપ્રત્યાખ્યાની (૫) મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા.

**લેશ્યાની અપેક્ષાએ ચોવીસ દંડકોમાં સમાહારાદિ વિચારણા** : ઓગણીસમા સૂત્રમાં છ લેશ્યાના છ દંડક [આલાપક] અને સલેશીનો એક દંડક, આ પ્રમાણે સાત દંડકોથી વિચારણા કરી છે. વીસમા સૂત્રમાં લેશ્યાઓના નામની પ્રરૂપણા કરીને તત્ સંબંધિત સંપૂર્ણ તાત્ત્વિક જ્ઞાન પ્રજ્ઞાપના સૂત્રના લેશ્યાપદના દ્વિતીય ઉદ્દેશક અનુસાર સમજવાનો નિર્દેશ કર્યો છે.

યદ્યપિ કૃષ્ણલેશ્યા સામાન્યરૂપે એક છે તથાપિ તેના અવાંતર ભેદ અનેક છે કારણ કે કોઈ કૃષ્ણલેશ્યા અપેક્ષાકૃત વિશુદ્ધ હોય તો કોઈ અવિશુદ્ધ. પાંચમાં ગુણસ્થાનવર્તી જીવોની કૃષ્ણલેશ્યા કરતાં પ્રથમ ગુણસ્થાનવર્તી જીવની કૃષ્ણલેશ્યા અવિશુદ્ધ છે. કોઈક જીવનની કૃષ્ણલેશ્યાથી નરકગતિ પ્રાપ્ત થાય છે. કોઈક જીવની કૃષ્ણ લેશ્યાથી ભવનપતિ આદિ દેવોમાં ઉત્પત્તિ થાય છે. અતઃ કૃષ્ણ લેશ્યામાં તરતમતાથી અનેક ભેદ છે, તેથી તેના આહાર આદિ સમાન નથી. આ જ રીતે સર્વ લેશ્યાવાળા જીવોના વિષયમાં સમજવું જોઈએ. ૨૪ દંડકના જીવોમાં જે જીવોને જે લેશ્યા હોય તે પ્રમાણે તેનું કથન કરવું જોઈએ.

મનુષ્યોમાં કૃષ્ણ અને નીલ લેશ્યામાં વીતરાગ સંયત નથી પરંતુ સરાગ

સંયત હોય છે. તેમજ તે જીવ અપ્રમત્ત સંયત હોતા નથી પરંતુ પ્રમત્ત સંયત જ હોય છે.

**અસંયત ભવ્ય દ્રવ્યદેવ** : જે ચારિત્રના પરિણામથી શૂન્ય છે તેને અસંયત કહે છે અને ભવિષ્યમાં જે દેવ થવાના છે તે ભવ્ય દ્રવ્ય દેવ કહેવાય છે અર્થાત્ ચારિત્રના પરિણામ રહિત દેવ થવા યોગ્ય જીવને અસંયત ભવ્ય દ્રવ્ય દેવ કહે છે. તેમાં એકથી ચાર ગુણસ્થાનવર્તી મનુષ્ય કે તિર્યંચનો સમાવેશ થાય છે.

ભવનપતિથી બાર દેવલોક પર્યંત ઉત્પન્ન થનારા જીવોમાં વિવિધ પ્રકારના દ્રવ્ય અને ભાવથી અસંયત–સંસારી જીવોનો સમાવેશ થાય છે અને નવ ગ્રૈવેયકમાં ઉત્પન્ન થનારા જીવોમાં દ્રવ્યથી સંયત અને ભાવથી અસંયત ભવ્ય કે અભવ્ય દ્રવ્યલિંગી સાધુનો સમાવેશ થાય છે. આ રીતે આ બોલ ઘણો વિશાળ છે. છઠ્ઠાથી ચૌદમા પ્રશ્ન પર્યંતના સર્વ જીવોનો આ બોલમાં સમાવેશ થઈ જાય છે. તેમ છતાં તે જીવો વિષયક વિશેષ સ્પષ્ટીકરણ માટે પ્રત્યેકના ભિન્ન ભિન્ન પ્રશ્નોત્તર છે. સંક્ષેપમાં, આત્મશુદ્ધિના લક્ષ્ય વિના, બાહ્ય ક્રિયાકાંડના પાલનથી, અકામ નિર્જરા કરી જે જીવોએ દેવભવમાં ગમન યોગ્ય યોગ્યતા પ્રાપ્ત કરી છે, તેને અસંયત ભવ્ય દેવ કહે છે.

**અવિરાધક સંયમી** : જિનાજ્ઞા અનુસાર સંયમની આરાધના કરનાર અને સમ્યક્ત્વભાવમાં પરભવનું આયુષ્ય બાંધનાર શ્રમણ અવિરાધક કે આરાધક સંયમી કહેવાય છે.

**વિરાધક સંયમી**: મહાવ્રતો ગ્રહણ કરી, તેનું સમ્યક્ પ્રકારે પાલન ન કરનાર અને મિથ્યાત્વભાવમાં જ આયુષ્યને બાંધનાર શ્રમણ વિરાધક સંયમી કહેવાય છે.

**અવિરાધક સંયમાસંયમી** : દેશવિરતિપણાને–શ્રાવકપણાને સ્વીકારી જીવન પર્યંત અખંડપણે તેનું પાલન કરનાર અને સમકિતમાં આયુષ્ય બાંધનાર આરાધક–અવિરાધક સંયમાસંયમી કહેવાય છે.

**વિરાધક સંયમાસંયમી** : દેશવિરતિપણાને સ્વીકારીને સમ્યક્ પ્રકારે તેનું પાલન ન કરનાર અને મિથ્યાત્વમાં આયુષ્યને બાંધનાર વિરાધક સંયમાસંયમી કહેવાય છે.

**અસંજ્ઞી** : જેને મનોલબ્ધિ ન હોય તેવા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવ અકામ નિર્જરા કરીને દેવગતિમાં વ્યંતર સુધી જઈ શકે છે.

**તાપસ** : વૃક્ષના પાન આદિનો આહાર કરીને ઉદર નિર્વાહ કરનાર બાલ તપસ્વી. તે દેવગતિમાં જ્યોતિષી સુધી જાય છે.

**કાંદર્પિક** : જે સાધુ હાસ્યશીલ હોય, ચારિત્ર વેશમાં રહીને વિદૂષકની જેમ અનેક ચેષ્ટાઓ કરે તે કાંદર્પિક સાધુ કહેવાય. તે પહેલા દેવલોક સુધી જાય છે.

**ચરક પરિવ્રાજક** : ગરુ રંગના અને ભગવા રંગના વસ્ત્ર પહેરીને ભિક્ષા દ્વારા આજીવિકા કરનારા ત્રિદંડી, કુચ્છોટક આદિ અથવા કપિલઋષિના શિષ્ય. અંબડ પરિવ્રાજક વગેરે. તે પાંચમા દેવલોક સુધી જાય છે.

**કિલ્વિષિક** : જે સાધુ વ્યવહારથી ચારિત્રવાન હોવા છતાં જ્ઞાની, કેવલી, ધર્માચાર્ય અને સર્વ સાધુઓના અવર્ણવાદ બોલે અને પાપમય ભાવનાયુક્ત હોય તે કિલ્વિષિક છે. તે છઠ્ઠા દેવલોક સુધી જાય છે.

**તિર્યંચ** : દેશવિરતિ– શ્રાવકવ્રતનું પાલન કરનારા ઘોડા, ગાય આદિ. જેમ નંદમણિયારનો જીવ દેડકાના ભવમાં હતો ત્યારે શ્રાવકવ્રતી હતો. તે સિવાય શુભ પરિણામોમાં આયુષ્યનો બંધ કરનારા અવ્રતી સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવ પણ ઉત્કૃષ્ટ આઠમા દેવલોક સુધી જાય છે.

**આજીવિક** : (૧) એક વિશેષ પ્રકારના પાષંડી (૨) નગ્ન રહેનાર ગોશાલકના શિષ્ય (૩) લબ્ધિ પ્રયોગથી અજ્ઞાની લોકો દ્વારા ખ્યાતિ, પૂજા–પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા તપ અને ચારિત્રનું આચરણ કરનાર (૪) અવિવેકી લોકોમાં ચમત્કાર બતાવી આજીવિકા ચલાવનાર. આ સર્વે તપ અને ચારિત્રના પ્રભાવે ઉત્કૃષ્ટ

બારમાં દેવલોક સુધી જાય છે.

**આભિયોગિક** : બીજાને વશ કરવા વિદ્યા–મંત્ર ચૂર્ણ આદિના પ્રયોગને આભિયોગ કહે છે. જે સાધુ વ્યવહારથી સંયમનું પાલન કરતા હોવા છતાં પણ મંત્ર, તંત્ર, યંત્ર, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્ત, ચૂર્ણ આદિના પ્રયોગથી અન્યને આકર્ષિત કરે, વશીભૂત કરે તેને આભિયોગિક કહે છે. તે તપના પ્રભાવે ઉત્કૃષ્ટ બારમા દેવલોક સુધી જાય છે.

**દર્શન રહિત સ્વલિંગી** : શુદ્ધ સમકિતનો જેનામાં અભાવ છે, સાધ્વાચાર અને સ્વલિંગનો જેનામાં સદ્‌ભાવ છે. તેવા ભવી કે અભવી જીવ સ્વલિંગી દર્શન વ્યાપન્નક(દર્શન–શ્રદ્ધા રહિત) કહેવાય છે. તે વ્યવહારથી ક્રિયાના વિરાધક હોય તો જઘન્ય ભવનપતિમાં જાય છે અને વ્યવહારથી ક્રિયાના આરાધક હોય તો ઉત્કૃષ્ટ નવગ્રૈવેયક સુધી જાય છે.

# શતક – ૧: ઉદ્દેશક – 3

# કાંક્ષામોહનીય

અહીં કાંક્ષામોહનીય કર્મ બંધના કારણો, ચય–ઉપચય આદિનું નિરુપણ છે. કાંક્ષા મોહનીય કર્મનો બંધ સર્વથી સર્વ થાય છે અર્થાત્ સમસ્ત આત્મપ્રદેશથી એક સમયમાં ગ્રહણ કરવા યોગ્ય સમસ્ત કર્મદલિકોને જીવ એક સાથે ગ્રહણ કરે છે અને તેનો બંધ પણ સમસ્ત આત્મપ્રદેશોમાં થાય છે. આત્મા એક અખંડ દ્રવ્ય છે. તેથી તેની કોઈ પણ ક્રિયા સર્વાત્મપ્રદેશથી, સર્વાત્મપ્રદેશમાં જ થાય છે.

બંધની પ્રક્રિયા જીવના ઉત્થાન, બલ, કર્મ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ રૂપ પ્રયત્નથી થાય છે. બંધની જેમ ચય, ઉપચય, ઉદીરણા, વેદના, નિર્જરા આદિ પણ જીવના ઉત્થાનાદિ દ્વારા સર્વાત્મપ્રદેશથી થાય છે. બંધ આદિ પ્રત્યેકના ત્રૈકાલિક આલાપક થાય છે.

જીવ અનુદીર્ણ–ઉદીરણાભવિક કર્મની ઉદીરણા કરે છે. અનુદીર્ણ કર્મોનો ઉપશમ કરે છે. ઉદીર્ણ કર્મનું વેદન કરે છે અને ઉદયાન્તર પશ્ચાત્કૃત કર્મની નિર્જરા કરે છે. તે જીવના ઉત્થાનાદિ દ્વારા કરે છે.

કાંક્ષામોહનીય કર્મનો બંધ પ્રમાદ અને યોગથી થાય છે. પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય, યોગ વીર્યથી, વીર્ય શરીરથી અને શરીર જીવથી અને જીવ ઉત્થાનાદિ દ્વારા આ સર્વ ક્રિયા કરે છે. તેથી જીવના ઉત્થાનાદિની સહજ સિદ્ધિ થઈ જાય છે.

**ચય** : સંકલેશમય પરિણામોથી પૂર્વોપાર્જિત કર્મોના પ્રદેશ અને અનુભાગમાં વૃદ્ધિ કરવી તે 'ચય' છે.

**ઉપચય** : તેમાં વારંવાર વૃદ્ધિ કરવી તે ઉપચય છે.

અહીં કાંક્ષામોહનીય કર્મના વેદનનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. વિવિધ કારણોથી

કે નિમિત્તોથી જ્યારે જીવ શંકિત, કાંક્ષિત આદિ થાય ત્યારે તે કાંક્ષામોહનીય-મિથ્યાત્વ મોહનીયનું વેદન કરે છે. તે શંકા આદિનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**(૧) શંકા**: વીતરાગ સર્વજ્ઞ પ્રભુએ પોતાના અનંત-જ્ઞાન દર્શનમાં જે તત્ત્વોને જે પ્રકારે જોયા છે તે જ પ્રકારે નિરુપિત કર્યા છે. તે તત્ત્વો પર અથવા તેમાંથી કોઈ એક પર શંકા કરવી તે શંકા છે.

**(૨) કાંક્ષા**: એક દેશ અથવા સર્વદેશથી અન્ય દર્શનને ગ્રહણ કરવાની ઈચ્છા કરવી તે કાંક્ષા છે.

(૩) વિચિકિત્સા: તપ, જપ, બ્રહ્મચર્ય આદિના ફળવિષયક સંશય કરવો તે વિચિકિત્સા છે.

**(૪) ભેદ સમાપન્નતા**: બુદ્ધિમાં દ્વૈધીભાવ ઉત્પન્ન થવો અથવા અનધ્યવસાય-અનિશ્ચિતતાને પણ ભેદ સમાપન્નતા કહે છે અથવા શંકા, કાંક્ષા આદિ ઉત્પન્ન થવાથી બુદ્ધિમાં જે વિભ્રમ થાય તે પણ ભેદ સમાપન્નતા છે.

**(૫) કલુષ સમાપન્નતા**: જિનેશ્વર ભગવાને જે વસ્તુ જે રીતે પ્રતિપાદિત કરી છે, તેનો તે રૂપમાં નિશ્ચય ન કરવો, વિપરીત બુદ્ધિ રાખવી અથવા વિપરીત રૂપે સમજવું તે કલુષ સમાપન્નતા છે.

આ પાંચે પ્રકારની આત્મપરિણતિ દ્વારા જીવ કાંક્ષામોહનીય એટલે કે મિથ્યાત્વ મોહનીયનું વેદન કરે છે.

**કાંક્ષામોહનીય-કર્મમુક્તિનો ઉપાય**: છદ્મસ્થતાના કારણે કદાચિત્ સાધકને કાંક્ષામોહનીય કર્મનો ઉદય થઈ જાય તો તેનાથી મુક્ત કઈ રીતે થવું તેનો સરળ અને સચોટ ઉપાય છે શ્રદ્ધા. તેના માટેનું સૂત્ર છે કે **तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवइयं।** જે જિનેશ્વરે પ્રરૂપ્યું છે, તે જ સત્ય છે, જગતના કેટલાક પદાર્થો અતીન્દ્રિય હોય, અમૂર્ત હોય, કે અહેતુગમ્ય હોય, તેવા પદાર્થોને તર્ક કે બુદ્ધિથી ન સમજતાં શ્રદ્ધાથી સ્વીકારવાના હોય છે. સાધક આ સૂત્રના આલંબને શ્રદ્ધાને પુષ્ટ કરે છે અને કાંક્ષામોહથી મુક્ત થાય છે.

**जिणहिं:** 'જિનેશ્વર' કોઈ વ્યક્તિ વિશેષનું નામ નથી. તે એક પદવી છે. તે ગુણવાચક શબ્દ છે. જેણે પ્રકૃષ્ટ સાધના દ્વારા અનાદિકાલીન રાગદ્વેષ, અજ્ઞાન, કષાય આદિ સમસ્ત આત્મિક વિકારો અથવા મિથ્યાભાષણના કારણો પર વિજય પ્રાપ્ત કર્યો છે, તે મહાપુરૂષને જિનેશ્વર કહેવાય છે. આવા વીતરાગ સર્વજ્ઞ પુરૂષોનાં વચનોમાં કોઈ પણ પ્રકારના સંદેહને અવકાશ નથી.

**અસ્તિત્વ અને નાસ્તિત્વ બંને ધર્મોનું સહ અસ્તિત્વ:** પ્રત્યેક પદાર્થ અનંત ધર્માત્મક છે. પરસ્પર વિરોધી પ્રતીત થતા અનંત ધર્મો અપેક્ષાભેદથી એક જ પદાર્થમાં રહી શકે છે.

જે રીતે ઘટમાં સ્વરૂપની અપેક્ષાએ અર્થાત્ સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ અસ્તિત્વ ધર્મ છે. તે જ રીતે, તે જ સમયે ઘટમાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ નાસ્તિત્વ ધર્મ છે. ઘટ તે પટ રૂપે નથી. ઘટની ઘટરૂપે સિદ્ધિ ત્યારે જ થાય, જ્યારે તેમાં ઘટ સિવાયના અન્ય સમસ્ત પદાર્થની અપેક્ષાએ નાસ્તિત્વ સિદ્ધ થાય. ઘટ તે પટરૂપે નથી. તેથી ઘટ–ઘટરૂપે છે. આ રીતે પદાર્થમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ બંને ધર્મો સાથે રહે છે અને નાસ્તિત્વ ધર્મથી જ અસ્તિત્વ ધર્મની સિદ્ધિ થાય છે.

જીવ પોતાના પરાક્રમથી કર્મબંધ કરે છે. કર્મબંધને નિયતિ સાથે સંબંધ નથી. એકાંત નિયતિવાદના નિષેધથી જીવના જ ઉત્થાનબલ, કર્મ, વીર્ય અને પુરૂષકાર પરાક્રમનું પ્રતિપાદન થઈ જાય છે. જૈન દર્શન પુરૂષાર્થ પ્રધાન છે. કર્મબંધ જેમ જીવકૃત છે. તે જ રીતે ઉદય, ઉદીરણા, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય આદિ પ્રત્યેક ક્રિયા પણ જીવકૃત છે તે સહજ સિદ્ધ થઈ જાય છે.

**કર્મબંધનું કારણ:** કર્મબંધના મુખ્ય પાંચ કારણ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. અહીંપ્રમાદ અને યોગને જ કારણ કહ્યા છે. તેનો આશય એ છે કે મિથ્યાત્વ, અવ્રત અને કષાયનો અંતર્ભાવ પ્રમાદમાં થઈ જાય છે.

**પ્રમાદ**: આત્માને જે અત્યંત વિમોહિત કરે છે તે પ્રમાદ છે અથવા આત્મભાવનું વિસ્મરણ તે પ્રમાદ છે. વ્યાખ્યા ગ્રંથોમાં તેના પાંચ અને આઠ પ્રકાર કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) મદ્ય, (૨) વિષય, (૩) કષાય, (૪) નિદ્રા (૫) વિકથા. અથવા (૧) અજ્ઞાન, (૨) સંશય, (૩) મિથ્યાજ્ઞાન, (૪) રાગ, (૫) દ્વેષ, (૬) મતિભ્રંશ, (૭) ધર્મ પ્રત્યે અનાદર, (૮) યોગોનું દુષ્પ્રણિધાન–દુષ્ટપ્રવૃત્તિ.

**યોગ**: મન, વચન અને કાયાનો વ્યાપાર વિશેષ. પ્રમાદ અને યોગના નિમિત્તથી કર્મબંધ થાય છે.

**શરીરનો કર્તા કોણ?**: શરીરનો કર્તા જીવ કહ્યો છે. તેમાં નામકર્મયુક્ત જીવનું ગ્રહણ કર્યું છે. તેથી સિદ્ધ, ઈશ્વર કે નિયતિ આદિના કર્તૃત્વનું નિરાકરણ થઈ જાય છે.

**ઉત્થાનાદિનું સ્વરૂપ: (૧)** ઉત્થાન– ઉર્ધ્વીભવન–ઊભા થવા રૂપ ક્રિયા ઉત્થાન છે. (૨) કર્મ– જીવની ચેષ્ટા વિશેષ કર્મ છે અથવા ઉત્ક્ષેપણ–ઉપર ફેંકવું, પ્રક્ષેપણ–ચારે બાજુ ફેંકવું તથા ભ્રમણરૂપ ક્રિયા તે કર્મ છે. બલ– શારીરિક સામર્થ્ય બલ છે. વીર્ય– જીવના ઉત્સાહ અથવા જીવથી ઉત્પન્ન થતી શક્તિને વીર્ય કહે છે. વીર્ય બે પ્રકારનું છે -સકરણવીર્ય અને અકરણવીર્ય.

**સકરણવીર્ય**: લેશ્યાયુક્ત તથા મન, વચન, કાયારૂપ યોગવાળા જીવનો પરિસ્પંદાત્મક– (ચેષ્ટા યુક્ત) જે વ્યાપાર તે સકરણવીર્ય છે.

**અકરણવીર્ય**: લેશ્યા રહિત સર્વજ્ઞ અયોગી કેવળી ભગવાનનો જે અપરિસ્પંદાત્મક, અસ્ખલિત, આત્મ પરિણામ તે અકરણવીર્ય છે. પ્રસ્તુતમાં શરીરનું જનક અકરણવીર્ય નથી પરંતુ સકરણવીર્ય જ છે.

**પુરૂષાકાર પરાક્રમ**: પુરૂષત્વનું જે અભિમાન તે પુરૂષાકાર અને ઈષ્ટફલ સાધક પુરૂષાર્થ તે પરાક્રમ છે અથવા પુરૂષના પ્રયત્નને પુરૂષાકાર અને શત્રુને પરાજિત કરવા તે પરાક્રમ છે.

**કાંક્ષામોહનીયની ઉદીરણા, ઉપશમ આદિ:** કર્મોની ઉદીરણા, ગર્હા, સંવર, ઉપશમ, વેદના અને નિર્જરા - આ સર્વ ક્રિયા જીવ પોતાના ઉત્થાનાદિથી જ કરે છે.

**ઉદીરણા** : અપરિપક્વ કર્મને સમય પહેલાં, પ્રયત્ન વિશેષથી પરિપક્વ કરવા, તેને ઉદય યોગ્ય બનાવવા તે ઉદીરણા છે. કેવા પ્રકારના કર્મોની ઉદીરણા થાય છે? તે માટે ચાર વિકલ્પ છેઃ

**(૧) ઉદીર્ણકર્મ**: ઉદયમાં આવી ગયેલા કર્મ. તેની ઉદીરણા થતી નથી.

**(૨) અનુદીર્ણકર્મ**: ઉદયમાં નહીં આવેલું કર્મ. તેના બે અર્થ કર્યા છે - (૧) ચિરકાલ પછી જે ઉદયમાં આવવાના છે તેવા કર્મો (૨) ભવિષ્યમાં જેની ઉદીરણા થવાની નથી તેવા કર્મો. તે પણ ઉદીરણાને અયોગ્ય છે.

**(૩) અનુદીર્ણ ઉદીરણાભવિક કર્મ**: ઉદયમાં નહીં આવેલા પરંતુ ઉદીરણાને યોગ્ય છે તેવા કર્મો અર્થાત્ જેનો અબાધાકાલ પૂર્ણ થઈ ગયો છે પરંતુ ઉદયાવલિકામાં પ્રવેશ ન થયો હોય તેવા કર્મો ઉદીરણાને યોગ્ય છે અને તેવા કર્મોની ઉદીરણા થાય છે.

**(૪) ઉદયાન્તર પશ્ચાત્કૃત**: ઉદય પછીના સમયે તેને ઉદયાન્તર પશ્ચાતકૃત કહે છે.

ચાર વિકલ્પોમાંથી ઉદીરણાને માટે ત્રીજો વિકલ્પ અર્થાત્ જીવ સ્વયં ઉત્થાનાદિ દ્વારા પોતાના પુરૂષાર્થથી જ અનુદીર્ણ–ઉદીરણાભવિક કર્મોની ઉદીરણા કરે છે. ગર્હા અને સંવર તેના સાધન છે.

**ગર્હા** : અતીતકાલીન પાપકર્મોની અને તેના સાધનોની વિચારણા કરીને આત્મનિંદા કરવી, તેમાં પાપ પ્રતિ નિર્વેદભાવ જાગૃત થાય છે. તે પ્રાયશ્ચિત્તની પૂર્વભૂમિકા છે અને ઉદીરણામાં સહાયક છે.

**સંવર** : વર્તમાનકાલીન પાપાશ્રવોને રોકવા, તેના પ્રત્યાખ્યાન કરવા તે

સંવર છે.

કર્મોનો ઉપશમ, વેદન અને નિર્જરા પણ જીવ સ્વયં ઉત્થાનાદિથી જ કરે છે. તેમાં પણ અહીં પૂર્વોક્ત ચાર વિકલ્પથી પ્રશ્ન કર્યા છે. તેનો નિષ્કર્ષ એ છે કે (૧) ઉદીર્ણ કર્મ– ઉદયમાં આવેલા કર્મોનું વેદન થાય છે. (૨) અનુદીર્ણ કર્મ– ઉદયમાં નહીં આવેલા કર્મોનો ઉપશમ થાય છે. (૩) અનુદીર્ણ–ઉદીરણાભવિક કર્મની ઉદીરણા થાય છે. (૪) ઉદયાન્તર પશ્ચાત્કૃત [ઉદય પશ્ચાત્] કર્મની નિર્જરા થાય છે.

**કાંક્ષામોહનીય ચોવીસ દંડકોમાં** :

પંચેન્દ્રિય જીવો તો વસ્તુ તત્ત્વમાં શંકા, કાંક્ષા આદિ પાંચ પ્રકારે વેદન કરે છે. પરંતુ પૃથ્વીકાયાદિ જીવોની ચેતના અત્યંત અવિકસિત છે. તેને મનોલબ્ધિ નથી, કોઈ તર્ક–વિર્તક નથી, આ રીતે બૌદ્ધિક, માનસિક કે વાચિક કોઈ પણ પ્રકારનો વિકાસ નથી, તેવા જીવો પણ કાંક્ષામોહનીય (મિથ્યાત્વ મોહનીય) કર્મનું વેદન કરે છે. તે જીવો જાણતા નથી કે 'હું કાંક્ષામોહનીય કર્મનું વેદન કરું છું' છતાં તે વેદન કરે છે. કર્મનું વેદન બે પ્રકારે થાય છે - વ્યક્તવેદન અને અવ્યક્તવેદન. અવિકસિત ચેતનાવાળા જીવો અવ્યક્તરૂપે કર્મોનું વેદન કરે છે તેથી જ તેના સંદર્ભમાં **तमेव सच्चं णिसंकं जं जिणेहिं पवइयं।** સૂત્ર આપ્યું છે. આવા તર્ક અગોચર, શ્રદ્ધાગમ્ય તત્ત્વ આગમ પ્રમાણથી માન્ય કરવા જોઈએ. વિકસિત ચેતનાવાળા જીવો વ્યક્ત રૂપે કર્મોનું વેદન કરે છે.

**તર્ક**: આ પ્રકારે થશે કે નહીં? આ પ્રકારના વિચાર વિમર્શ અથવા ઉહાપોહને તર્ક કહે છે.

**સંજ્ઞા**: તેના અનેક અર્થ થાય છે. તે મતિજ્ઞાનનો પર્યાયવાચી શબ્દ છે. પ્રત્યભિજ્ઞાનને પણ સંજ્ઞા કહે છે. અહીં તેનો અર્થ અર્થાવગ્રહ કર્યો છે.

**પ્રજ્ઞા** : વિશિષ્ટ જ્ઞાન અથવા બુદ્ધિ.

**શ્રમણ નિર્ગ્રંથોને કાંક્ષામોહનીય કર્મનું વેદન** :

જૈન શ્રમણ–નિર્ગ્રંથો શંકા, કાંક્ષા આદિ દ્વારા કાંક્ષામોહ–મિથ્યાત્વ મોહનું વેદન કરે છે. એક જ વિષયમાં અનેક પ્રકારે નિરૂપણ, અનેક વિકલ્પો, વિતર્કો થવાથી કાંક્ષા આદિ ઉત્પન્ન થાય છે. અહીં શંકા, કાંક્ષા આદિ ઉત્પન્ન થવાના તેર નિમિત્તો કહ્યા છે. તે ભિન્ન ભિન્ન નિમિત્તોથી શ્રમણ નિર્ગ્રંથ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે. તે નિમિત્તોનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) જ્ઞાનાન્તર**: જ્ઞાનની વિભિન્નતાઓ. એક જ્ઞાનથી બીજા જ્ઞાનને જ્ઞાનાન્તર કહે છે. જિનેશ્વરે જ્ઞાનના પાંચ ભેદ શા માટે કહ્યાં હશે? અવધિ અને મનઃપર્યવજ્ઞાન પૃથક્ પૃથક્ શા માટે? બંને રૂપી પદાર્થને જાણે છે. બંને વિકલ અને અતીન્દ્રિય છે. બંને ક્ષાયોપશમિક છે. તો તેમાં ભેદ શા માટે? આ પ્રકારનો સંદેહ થવો. વિષય, ક્ષેત્ર, સ્વામી આદિ અનેક અપેક્ષાએ બંને જ્ઞાનમાં અંતર હોવા છતાં તે ન સમજતાં શંકા ઉત્પન્ન થાય અને શંકાનું નિવારણ ન થતાં કાંક્ષા, વિચિકિત્સા અને કલુષતા આદિ ઉત્પન્ન થાય છે.

**(૨) દર્શનાન્તર**: દર્શનની વિભિન્નતાઓ. દર્શનનો અર્થ છે સમ્યગ્ દર્શન–સમ્યકત્વ. સમ્યકત્વ એ આત્માનો શુદ્ધ ગુણ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે– (૧) દેવગુરુ ધર્મની શુદ્ધ શ્રદ્ધા (૨) જીવાદિ પદાર્થોનું જ્ઞાન અને શ્રદ્ધા (૩) જિનાગમ–જિનવાણીની દઢ આસ્થા.

તેના ભેદ પ્રભેદ છે– વ્યવહાર સમકિતના ૬૭ બોલ, સમકિત પ્રાપ્તિની દસ અવસ્થાઓ અર્થાત્ નિઃસર્ગ આદિ દસ રુચિ, નિશ્ચય સમકિત, વ્યવહાર સમકિત વગેરે. સમ્યગ્દર્શનના વિષયો સંબંધી ભેદ પ્રભેદોમાં પ્રચલિત મતમતાંતર કે વિભિન્ન પ્રરૂપણ જોઈને કોઈ શંકિત, કાંક્ષિત વગેરે થાય અને સમાધાન ન મેળવી શકે તો તે દર્શન નિમિત્તક કાંક્ષામોહનું વેદન કરે છે.

અથવા ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, વેદક અને શાસ્વાદન આ પાંચ

પ્રકારની સમકિતના લક્ષણ વગેરેના વિષયમાં શંકિત થવું. જેમ કે ઔપશમિક અને ક્ષાયોપશમિક બંને સમ્યક્ત્વોનું લક્ષણ લગભગ સમાન છે. તો તે બંનેને પૃથક્ પૃથક્ કહેવાનું પ્રયોજન શું? આ પ્રકારે શંકા ઉત્પન્ન થાય છે. તેનું સમાધાન આ પ્રમાણે છે – ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ મોહનીયનો પ્રદેશાનુભવની અપેક્ષાએ ઉદય હોય છે, જ્યારે ઔપશમિક સમ્યક્ત્વમાં દેશાનુભવ પણ નથી. આ કારણે બંનેમાં ભિન્નતા છે. આ પ્રકારે સમાધાન ન થતાં તે જીવ શંકાદિ દોષોથી દૂષિત થાય છે.

સામાન્ય બોધને દર્શન કહેવાય છે, તે ઈન્દ્રિય અને મનથી થાય છે. તો ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન આ પ્રકારના ભેદના સ્થાને ઈન્દ્રિયદર્શન અને મનોદર્શન આ પ્રકારે ભેદ શા માટે ન કહ્યા? અથવા ઈન્દ્રિયજન્ય અને અનિન્દ્રિયજન્ય બે ભેદ થઈ શકે અથવા શ્રોત દર્શન, રસનાદર્શન, મનોદર્શન આદિ છ ભેદ પણ થઈ શકે. ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ પ્રમાણે બે ભેદ કરવાનું શું પ્રયોજન? આ પ્રકારની શંકા ઉત્પન્ન થાય.

**સમાધાન:** ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન તે બે ભેદ કરવાના મુખ્ય બે કારણ છે - (૧) ચક્ષુદર્શન વિશેષ રૂપથી કથન કરવા માટે અને અચક્ષુદર્શન સામાન્યથી કથન કરવા માટે છે. (૨) ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે. શેષ ચાર ઈન્દ્રિય પ્રાપ્યકારી છે. જો કે મન પણ અપ્રાપ્યકારી છે તેમ છતાં મન સર્વ ઈન્દ્રિયોને અનુસરે છે. તે ચાર પ્રાપ્યકારી ઈન્દ્રિયોની સાથે પણ રહે છે અને એક અપ્રાપ્યકારી ઈન્દ્રિય સાથે પણ રહે છે. પ્રાપ્યકારી ઈન્દ્રિયોની અધિકતા હોવાથી મનની ગણના પ્રાપ્યકારી ઈન્દ્રિયો સાથે કરી છે. તેથી ચક્ષુ ઈન્દ્રિયથી થતાં પ્રત્યક્ષ દર્શનને ચક્ષુદર્શન અને શેષ ઈન્દ્રિય અને મનથી ઉત્પન્ન થતાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ બંને પ્રકારના દર્શનને અચક્ષુદર્શન કહે છે.

આ પ્રકારે સમાધાન ન થતાં જીવ શંકાદિ દોષોથી ગ્રસ્ત થાય છે અને કાંક્ષામોહનીયનું વેદન કરે છે.

**(૩) ચારિત્રાન્તર**: ચારિત્રની વિભિન્નતાઓ. ચારિત્ર વિષયક શંકા થવી. જેમ સામાયિક ચારિત્ર સર્વ સાવદ્ય વિરતિરૂપ છે. છેદોપસ્થાપનીય ચારિત્ર પણ મહાવ્રતરૂપ હોવાથી સાવદ્ય વિરતિરૂપ છે. આમ બંનેમાં સમાનતા પ્રતીત થવા છતાં ભેદ શા માટે? તેનું સમાધાન એ છે કે ચારિત્રના આ બે ભેદ ન કરીએ તો સામાયિક ચારિત્ર ગ્રહણ કરનારના મનમાં કંઈક ભૂલ થતાં જ ગ્લાનિ ઉત્પન્ન થાય કે હું ચારિત્રથી ભ્રષ્ટ થયો. કારણ કે તેની દ્રષ્ટિમાં એક સામાયિક ચારિત્ર જ છે. તેથી પ્રથમ સામાયિક ચારિત્રનો સ્વીકાર કર્યા પછી બીજી વાર મહાવ્રતારોપણ રૂપ છેદોપસ્થાપનીય ચારિત્ર ગ્રહણ કરાય છે. સામાયિક સંબંધી કંઈક ભૂલ થાય તો તેનાં મહાવ્રત ખંડિત થતાં નથી. તેથી જ પ્રથમ અને અંતિમ તીર્થંકરોના ક્રમશઃ ઋજુ, જડ અને વક્રજડ સાધુઓને માટે બંને પ્રકારનાં ચારિત્ર ગ્રહણનું વિધાન સ્પષ્ટ છે. આ પ્રકારના સ્પષ્ટ વિભાજન ન સમજતાં તે જીવ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે.

**(૪) લિંગાન્તર**: લિંગની વિભિન્નતાઓ. વેષના વિષયમાં શંકા ઉત્પન્ન થવી. મધ્યમાં બાવીસ તીર્થંકરોના સાધુઓને માટે વસ્ત્રના રંગ અને પરિમાણનો કોઈ નિયમ નથી. તો પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓમાટે ત અને પ્રમાણોપેત વસ્ત્ર રાખવાનો નિયમ શા માટે ? આ પ્રકારની શંકા કરીને જીવ કાંક્ષા મોહનીયકર્મનું વેદન કરે છે. તેનું સમાધાન પણ એ જ છે કે પ્રથમ તીર્થંકરના સાધુ ઋજુ જડ, અંતિમ તીર્થંકરનાસાધુ વક્રજડ છે. જ્યારે મધ્યમ બાવીસ તીર્થંકરના સાધુ ઋજુ પ્રાજ્ઞ છે. આ રીતે સ્વભાવભેદના કારણે તીર્થંકરોની આજ્ઞામાં ભિન્નતા છે. મૌલિક સિદ્ધાંતમાં કોઈ ભેદ નથી.

**(૫) પ્રવચનાન્તર**: સિદ્ધાંતની ભિન્નતાઓ. પ્રવચન વિષયક શંકા કરવી, જેમ પ્રથમ અને અંતિમ તીર્થંકરોએ પંચ મહાવ્રતરૂપ ધર્મ અને મધ્યના બાવીસ તીર્થંકરોએ ચાર મહાવ્રતરૂપ ધર્મનું પ્રતિપાદન કર્યું છે. તીર્થંકરોનાં પ્રવચનમાં ભેદ શા માટે? આ પ્રકારે શંકિત થવું તે કાંક્ષામોહનીય કર્મના વેદનનું કારણ

છે. તેનું સમાધાન એ છે કે મધ્યના બાવીસ તીર્થંકરોએ સ્ત્રીને પરિગ્રહ રૂપ સ્વીકારી છે. તેથી ચોથા મહાવ્રતનો સમાવેશ પાંચમા મહાવ્રતમાં કરીને ચાર મહાવ્રતની પ્રરૂપણા કરી છે. તાત્ત્વિક ભેદ નથી.

**(૬) પ્રાવચનિકાન્તર**: પ્રવચનકર્તાઓની ભિન્નતાઓ. પ્રાવચનિકનો અર્થ છે પ્રવચનોના જ્ઞાતા અથવા અધ્યેતા, બહુશ્રુત સાધક. બે પ્રાવચનિકોનાં આચરણમાં ભેદ જોઈને શંકા ઉત્પન્ન થાય છે. પરંતુ તેનું સમાધાન આ પ્રમાણે થઈ શકે છે કે ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની તરતમતાના કારણે પ્રાવચનિકોની પ્રવૃત્તિમાં ભેદ દેખાય છે. વાસ્તવમાં આગમજ્ઞાન પ્રમાણ છે.

**(૭) કલ્પાન્તર**: કલ્પની વિભિન્નતા. જિનકલ્પ અને સ્થવિરકલ્પોમાં મુનિઓના આ ચાર–ભેદ જોઈને શંકિત થવું. જિનકલ્પ જ કર્મક્ષયનું કારણ હોય તો સ્થવિરકલ્પનો ઉપદેશ શા માટે? આ પ્રકારની શંકા પણ કાંક્ષામોહનીયનું કારણ બને છે. તીર્થંકરે જ બંને કલ્પનું પ્રતિપાદન કર્યું છે અને અવસ્થા ભેદથી બંને કલ્પ કર્મક્ષયનું કારણ બની શકે છે. તેથી તેમાં શંકા કરવી યોગ્ય નથી.

**(૮) માર્ગાન્તર**: સમાચારીની ભિન્નતા. માર્ગનો અર્થ છે 'પરંપરાથી ચાલી આવતી સમાચારી'. ભિન્ન ભિન્ન આચાર્યોની ભિન્ન ભિન્ન સમાચારીને જોઈને શંકા થવી કે આ સર્વમાંથી શું યોગ્ય છે? આ પ્રકારે કાંક્ષામોહનીયનું વેદન થાય છે. તેનું સમાધાન એ છે કે સમાચારીમાં ભિન્નતા હોવા છતાં જે શાસ્ત્ર વિરુદ્ધ ન હોય, જે નિષ્પાપ હોય અને સાથે જ બહુજન દ્વારા આચરિત હોય તેને પ્રમાણભૂત ગણી શકાય છે.

**(૯) મતાન્તર**: ભિન્ન ભિન્ન આચાર્યોના વિભિન્ન અભિપ્રાયને જોઈને શંકા કરવી. જેમ કે સિદ્ધસેન દિવાકરના અભિપ્રાયે કેવળીને જ્ઞાન અને દર્શનનો ઉપયોગ એક સાથે જ હોય છે. કારણ કે કેવળી ભગવાને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય કર્યો છે. જો ઉપયોગને ક્રમિક માનીએ તો

બંને કર્મનો ક્ષય નિરર્થક થાય છે. તેથી કેવળીને બંને ઉપયોગ સાથે હોય છે.

શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણનું કથન છે કે કેવળી ભગવાનને બંને ઉપયોગ ક્રમિક છે. પ્રથમ સમયે દર્શનોપયોગ, બીજા સમયે જ્ઞાનોપયોગ હોય છે. કારણ કે જીવનો તથા પ્રકારનો સ્વભાવ છે. જ્યારે વસ્તુનું સામાન્ય દર્શન કરે છે ત્યારે વિશેષ બોધરૂપ જ્ઞાન થતું નથી અને જ્યારે વસ્તુનું વિશેષ બોધરૂપ જ્ઞાન થાય છે ત્યારે સામાન્ય બોધરૂપ દર્શન થતું નથી. તેથી બંને ઉપયોગ ક્રમિક હોય છે. આ રીતના મતાન્તરને જોઈને શ્રમણોને કાંક્ષામોહનીય કર્મના ઉદયે શંકા થાય છે પરંતુ તે સમયે આગમજ્ઞાન અથવા બહુશ્રુતના વચનને પ્રમાણભૂત માનવા જોઈએ. પ્રજ્ઞાપના સૂત્રાનુસાર બંને ઉપયોગ ક્રમિક હોય છે. આચાર્યોના કેટલાક મતભેદ સાંપ્રદાયિક પ્રદ્વેષના કારણે અને છદ્મસ્થતાના કારણે પણ હોય શકે છે.

**(૧૦) ભંગાન્તર:** દ્રવ્યના સાંયોગિક ભંગને જોઈને શંકા કરવી. જેમ કે હિંસાના સંબંધમાં ચાર ભંગ કહ્યા છે. યથા– (૧) દ્રવ્યથી હિંસા, ભાવથી નહીં. (૨) દ્રવ્યથી હિંસા નહીં, ભાવથી હિંસા. (૩) દ્રવ્ય અને ભાવથી હિંસા નહીં. (૪) દ્રવ્ય અને ભાવથી હિંસા.

આ ચાર ભંગને જોઈને કાંક્ષામોહનીય કર્મના ઉદયે જીવને શંકા થાય કે પ્રથમ ભંગમાં હિંસાનું લક્ષણ ઘટિત થતું નથી. કહ્યું છે કે ઈર્યા સમિતિ પૂર્વક ચાલનાર સાધુથી કદાચ કોઈ જીવની હિંસા થઈ જાય તો તેને હિંસાનો ભાવ ન હોવાથી હિંસાનો દોષ લાગતો નથી. આ રીતે ભાવશૂન્ય દ્રવ્યહિંસાને હિંસા કહી શકાય નહીં. હિંસાનું લક્ષણ પ્રથમ ભંગમાં ઘટિત થતું નથી અને શાસ્ત્રમાં તેને હિંસા કહી છે તે કઈ રીતે?

આ પ્રકારની શંકાનું સમાધાન એ છે કે હિંસાના બે પ્રકાર છે - દ્રવ્યહિંસા અને ભાવહિંસા. પ્રાણીના પ્રાણનો ઘાત થવો તે દ્રવ્યહિંસા છે. તે લક્ષણાનુસાર પ્રથમ ભંગમાં પણ હિંસાનું લક્ષણ જણાય છે. આગમના પ્રત્યેક કથન સાપેક્ષ છે.

અપેક્ષાઓને સમજવાથી શંકાનું સમાધાન થઈ શકે છે.

**(૧૧) નયાન્તરઃ** એક જ વસ્તુમાં વિભિન્ન નયની અપેક્ષાએ બે વિરુદ્ધ ધર્મોનું કથન જોઈને શંકા થવી. જેમ કે દ્રવ્યાર્થિક નયથી આત્મા નિત્ય છે, પર્યાયાર્થિક નયથી આત્મા અનિત્ય છે. એક જ વસ્તુમાં નિત્ય અને અનિત્ય બે વિરોધી ધર્મો એક સાથે કઈ રીતે સંભવે? તેનું સમાધાન એ છે કે વસ્તુ અનંત ધર્માત્મક છે. પ્રત્યેક નય વસ્તુના એક જ ધર્મને પ્રાધાન્ય આપી વસ્તુનુ કથન કરે છે. જ્યારે તે એક ધર્મનું પ્રતિપાદન કરે ત્યારે તે વસ્તુમાં અન્ય ધર્મ વિદ્યમાન છે. તેથી તેમાં કોઈ વિરોધ નથી. વ્યવહારમાં પણ એક જ વ્યક્તિ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર અને પુત્રની અપેક્ષાએ પિતા છે. આ રીતે અપેક્ષા ભેદથી વસ્તુમાં વિરુદ્ધ ધર્મ રહી શકે છે. તેમાં શંકા કરવી તે યોગ્ય નથી.

**(૧૨) નિયમાન્તર:** સાધુ જીવનમાં સર્વ સાવદ્ય યોગના પ્રત્યાખ્યાન કર્યા પછી વિભિન્ન નિયમો શા માટે? આ પ્રકારે શંકા થાય છે તે પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન છે. તેનું સમાધાન એ છે કે પોરસી, બે પોરસી આદિ વિભિન્ન નિયમો પ્રમાદનો નાશ કરવા અને અપ્રમાદ ગુણની વૃદ્ધિ કરવા માટે છે. સાવદ્યયોગના ત્યાગથી પાપવૃત્તિરૂપ અવગુણનો ત્યાગ થાય છે અને અન્ય નિયમો ગુણ ગ્રહણ માટે છે. તેથી વિભિન્ન નિયમોનું પાલન સાધકો માટે અનિવાર્ય છે.

**(૧૩) પ્રમાણાન્તર:** શાસ્ત્રમાં પ્રમાણના ચાર ભેદ કહ્યા છે. પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને ઉપમાન. તેમાં શંકા થાય છે કે પ્રત્યક્ષ પણ પ્રમાણ છે અને આગમ પણ પ્રમાણ છે. તે બંનેમાં ક્યારેક વિરોધ પ્રતીત થાય છે. જેમ કે આગમમાં કહ્યું છે કે સૂર્ય સમતલ ભૂમિથી ૮૦૦ યોજન ઉપર સુમેરુ પર્વતને ફરતાં પરિભ્રમણ કરે છે. પરંતુ સૂર્ય પૃથ્વીમાંથી ઉદિત થતો પ્રત્યક્ષ પ્રતીત થાય છે. તે બંનેમાં કયા પ્રમાણને સ્વીકારવું? આ પ્રમાણે શંકા થાય છે. તેનું સમાધાન એ છે કે સૂર્ય પૃથ્વીમાંથી ઉદિત થાય છે તે પ્રત્યક્ષ દેખાવા છતાં સત્ય નથી, ભ્રાંત છે. કારણ કે અત્યંત દૂર રહેલી વસ્તુ આપણને નાની દેખાય છે. સૂર્ય

આપણાથી ઘણો દૂર છે તેથી આપણને ભ્રાંતિ થઈ શકે છે. વાસ્તવમાં આગમ પ્રમાણ સત્ય છે.

જ્યારે કાંક્ષા મોહનીય કર્મના વેદનમાં વિભિન્ન વિચારધારાઓ પ્રતિ એક પ્રકારની આકાંક્ષા હોય છે, તેમાં જિન–પ્રરૂપિત તત્ત્વમાં અશ્રદ્ધા ન હોય પરંતુ વિભિન્ન વિચારધારામાં ચિત્ત ચંચળ બની જાય ત્યારે સમકિત મોહના ઉદયની અપેક્ષાએ પણ તેને કાંક્ષામોહનીયનું વેદન કહી શકાય છે. ક્ષાયોપશમિક સમકિતમાં ચલ, મલ અને અગાઢ દોષ અને અતિચારો શક્ય છે. તેથી સમકિત દૂષિત બને, મલિન બને, પણ સમ્યક્ત્વનો સર્વથા નાશ થતો નથી.

તેથી સામાન્ય અપેક્ષાએ કાંક્ષા મોહનીય કર્મનો સમાવેશ મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિ દર્શન મોહનીયના એક ભેદ સમ્યક્ત્વ મોહનીયમાં થઈ શકે છે અને ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ મિથ્યાત્વ મોહનીયમાં તેનો સમાવેશ થાય છે. અહીં મિથ્યાત્વ મોહનીયની પ્રમુખતાએ કાંક્ષામોહનીયનું કથન છે, જે સૂત્રોક્ત ચોવીસે દંડકમાં ઘટિત થાય છે.

# શતક – ૧: ઉદ્દેશક – ૪

# કર્મપ્રકૃતિ

**કર્મ પ્રકૃતિનો બંધ, ઉદય આદિ વિચારઃ** કર્મ અને આત્માના સંબંધમાં નિમ્નોક્ત શંકાઓ ઉત્પન્ન થાય છે– (૧) કર્મ અને આત્માનો સંયોગ કેમ થાય? કારણ કે કર્મ જડ છે. તેને જ્ઞાન નથી તેથી તે આત્મા સાથે એકમેક કઈ રીતે થઈ શકે? (૨) કર્મ રૂપી છે, આત્મા અરૂપી છે, અરૂપી સાથે રૂપીનો સંબંધ કઈ રીતે થાય?

**સમાધાન** : કર્મ અને જીવનો સંબંધ અનાદિકાલીન છે. પ્રત્યેક કર્મના બંધની આદિ છે પરંતુ પ્રવાહરૂપે અનાદિકાલીન છે. કર્મ જડ હોવા છતાં જીવના રાગાદિ વિભાગોના નિમિત્તથી આત્મા સાથે તેનો બંધ થાય છે. આત્મા અનાદિકાલથી જ, અમૂર્ત હોવા છતાં કર્મ સંયોગથી જ મૂર્ત છે. વાસ્તવમાં સંસારી આત્મા (કર્મયુક્ત આત્મા) રૂપી કહેવાય છે. તેને જ કર્મબંધ થાય છે. તેથી આત્મા અને કર્મનો સંબંધ, અરૂપીનો રૂપી સાથેનો સંબંધ નથી પરંતુ રૂપીનો રૂપી સાથે સંબંધી આ દષ્ટિકોણથી જ સંસારી આત્મા કર્મોનો કર્તા છે. જીવની ક્રિયા વિના કર્મબંધ થતો નથી. કોઈપણ એક કર્મનો સંયોગ અનાદિકાલથી નથી અને અનંતકાલ રહેવાનો નથી. આઠ મૂલ કર્મ પ્રકૃતિઓનો બંધ પ્રવાહતઃ અનાદિકાલથી આવી રહ્યો છે. રાગ અને દ્વેષ તે બે કારણથી કર્મબંધ થાય છે.

**જીવનું ઉપસ્થાન અને અપક્રમણઃ**

મોહનીય કર્મના ઉદયમાં અને મોહનીય ઉપશમ–ઉપશાંત દશામાં જીવનું ઉપસ્થાન અને અવક્રમણ કેવી રીતે થાય છે તે જોઇએ.

**ઉપસ્થાનનો અર્થ:** ઉપસ્થાન એટલે ઉપર ઊઠવું, ઉપરના સ્થાન પ્રાપ્ત કરવા. મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં જીવ આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરી શકતો નથી.

મિથ્યાત્વના ઉદયમાં ઉપર ઊઠવાપણું શક્ય જ નથી. મિથ્યાત્વી જીવ આત્મિક વિકાસ ભલે ન કરી શકે પરંતુ ભૌતિક રીતે, પુણ્ય યોગે દેવલોક વગેરેના સુખ મેળવવા રૂપ વિકાસ સાધી શકે છે. પરલોકમાં નવગ્રૈવેયક પર્યંતની વૈમાનિક દેવ ગતિની પણ પ્રાપ્તિ કરી શકે છે. તેથી અહીં ઉપસ્થાન શબ્દથી પરલોક સંબંધી ક્રિયા–મૃત્યુ સમયની ક્રિયા તેવો અર્થ ગ્રહણ કરવામાં આવે છે અર્થાત્ પરલોકમાં દેવાદિગતિ પ્રાપ્ત કરવા યોગ્ય અનુષ્ઠાન, સંયમક્રિયા કે બાલતપ વગેરે ઉપસ્થાન શબ્દથી સૂચિત છે.

**અપક્રમણનો અર્થ** : અપક્રમણ એટલે નીચે ઊતરવું. ઉત્તમ ગુણસ્થાનથી હીનતૂર ગુણસ્થાને આવવું. ચારિત્રની પ્રધાનતાની અપેક્ષાએ છઠ્ઠું અને છઠ્ઠાથી ઉપરના ગુણસ્થાન ઉત્તમ કહેવાય છે અને પ્રથમ ગુણસ્થાનક હીનતર કહેવાય છે. અવક્રમણ શબ્દ ઉપસ્થાનથી વિરોધી અર્થ ધરાવે છે.

જીવ આ ઉપસ્થાન–ઉર્ધ્વગમન ક્રિયા અને અપક્રમણ–પતનકારક ક્રિયા, પોતાના વીર્ય–શક્તિ દ્વારા કરે છે. તે ક્રિયાનો કર્તા જીવ છે અને જે વીર્ય દ્વારા ક્રિયા કરે છે, તે વીર્યના ત્રણ પ્રકાર છે.

**ત્રિવિધ વીર્ય** : **(૧) બાલવીર્ય–** મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધીના ઉદયવર્તી અથવા અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચારિત્ર મોહનીયના ઉદયવર્તી જીવોનું અર્થાત્ એકથી ચાર ગુણસ્થાનવર્તી મિથ્યાત્વી, અવિરત સમ્યગ્ દષ્ટિ જીવોનું વીર્ય, બાલવીર્ય કહેવાય છે. **(૨) પંડિતવીર્ય–** ૬ થી ૧૪ ગુણસ્થાન–વાળા સર્વવિરતિ સાધુનું વીર્ય પંડિતવીર્ય કહેવાય છે. **(૩) બાલ–પંડિતવીર્ય–** પ્રત્યાખ્યાનાવરણીય કષાય ચરિત્ર મોહનીયના ઉદયવર્તી જીવ અર્થાત્ પાંચમાં ગુણસ્થાનવર્તી શ્રાવકોનું વીર્ય, બાલપંડિતવીર્ય કહેવાય છે.

**મોહનીય કર્મના ઉદયમાં ઉપસ્થાન ક્રિયા સંબંધી વીર્ય**: મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયમાં ઉપસ્થાન બાલવીર્યથી થાય છે. મિથ્યાત્વ મોહનીયના

ઉદયવાળા જીવોને એક બાલવીર્ય હોય છે તેથી ઉપસ્થાન પણ એક બાલવીર્યથી થાય છે અર્થાત્ તે જીવ પરલોક પ્રાપ્ત થાય તેવો પુણ્યબંધ કરાવતા અનુષ્ઠાનો બાલવીર્ય દ્વારા કરે છે.

**મોહનીયકર્મ દ્વારા ગ્રહણ થતી વિવિધ પ્રકૃતિઓ:** મોહનીય કર્મની મુખ્ય બે પ્રકૃતિઓ- દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય - છે અને તે બંનેની ઉત્તર પ્રકૃતિઓ ૨૮ છે. મોહનીય કર્મ શબ્દ દ્વારા આ સર્વ પ્રકૃતિનું ગ્રહણ થઈ જાય પરંતુ પ્રસંગાનુસાર આ સૂત્રોમાં 'મોહનીય કર્મ' શબ્દથી ક્યાંક મિથ્યાત્વ મોહનીય, ક્યાંક ચારિત્ર મોહનીય અને ક્યાંક સંપૂર્ણ મોહનીય કર્મનું ગ્રહણ કરવું અપેક્ષિત છે. જેમ કે અહીં મોહનીય કર્મના ઉદયમાં બાલવીર્યથી ઉપસ્થાન કહ્યું છે. મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં જીવને બાલવીર્ય હોય છે પરંતુ ચારિત્ર મોહનીયની પ્રત્યાખ્યાનાવરણ વગેરે પ્રકૃતિના ઉદયમાં બાલવીર્ય નથી. તેથી જ્યાં બાલવીર્યથી ઉત્થાન કહ્યું છે ત્યાં મોહનીય કર્મ શબ્દથી મિથ્યાત્વ મોહનીય અર્થ ગ્રહણ કરવો આવશ્યક છે.

**મોહનીયના ઉદયમાં અવક્રમણ ક્રિયા:** મોહનીય કર્મના ઉદયમાં પંડિતવીર્યવાળા શ્રમણનું બાલવીર્યથી અને બાલપંડિતવીર્યથી અવક્રમણ થાય છે.

છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવને જે સમયે મિથ્યાત્વ મોહનીયનો ઉદય થાય તે સમયે તેનું વીર્ય બાલવીર્ય થઈ જાય અને તે જ સમયે જીવ પ્રથમ ગુણસ્થાનને પ્રાપ્ત થાય. તેથી આ અપક્રમણ **चलमाणे चलिए** ના સિદ્ધાંતાનુસાર બાલવીર્યથી થયું કહેવાય.

છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવને જે સમયે પ્રત્યાખ્યાનાવરણીય કષાય ચારિત્ર મોહનો ઉદય થાય તે સમયે તેનું પંડિતવીર્ય બાલપંડિતવીર્ય બની જાય અને જીવ પાંચમા ગુણસ્થાનને પ્રાપ્ત થાય. તેથી આ અવક્રમણ બાલપંડિત વીર્યથી થયું કહેવાય છે.

જીવ છઠ્ઠા ગુણસ્થાનેથી પ્રથમ ગુણસ્થાને આવે કે પાંચમે આવે, આ બંને અવક્રમણ છે. છઠ્ઠા ગુણસ્થાને પંડિતવીર્ય છે. છઠ્ઠેથી પ્રથમ ગુણસ્થાને આવે ત્યારે બાલવીર્ય કહેવાય અને તે જ સમયમાં અવક્રમણ કથાય. ક્રિયા, કાળ અને નિષ્ઠાકાલ બંને એક સમયમાં હોય છે. તેથી બાલવીર્યથી જ અવક્રમણ કહેવાય. બાલપંડિત વીર્યથી અવક્રમણમાં પણ તેમજ સમજવું.

અહીં આ પ્રમાણે પાઠાંતર દર્શાવ્યું છે – **बालवीरियत्ताए णो पंडियवीरियत्ताए, णो बालपंडिय वीरियत्ताए** અર્થાત્ મોહનીયના ઉદયમાં અવક્રમણ બાલવીર્યથી થાય છે, પંડિતવીર્ય અને બાલપંડિત–વીર્યથી થતું નથી. આ પાઠમાં મોહનીય કર્મના ઉદયમાં મિથ્યાત્વ મોહનીયને જ ગ્રહણ કર્યું છે, ચારિત્ર મોહનીયને નહીં.

**મોહનીયકર્મની ઉપશમ દશામાં ઉપસ્થાન** : મોહનીય કર્મને ઉદયમાં ન આવવા દેવું, તેના ઉદયને અટકાવી દેવો તે ઉપશમ કહેવાય છે. સંપૂર્ણ મોહનીય કર્મની ઉપશમ દશામાં પંડિતવીર્ય જ હોય છે. અગિયારમા ગુણસ્થાન કે મોહનીયકર્મ સંપૂર્ણ રૂપે ઉપશાંત હોય છે. આ ગુણસ્થાને જો આયુષ્ય પૂર્ણ થાય તો પરલોકમાં જવા રૂપ ઉપસ્થાન થાય છે. આ ઉપસ્થાન પંડિતવીર્યથી જ થયું કહેવાય.

**મોહનીય કર્મની ઉપશમ દશામાં અવક્રમણ** : મોહનીય કર્મની ઉપશમ દશામાં અવક્રમણ બાલ પંડિતવીર્યથી જ થાય છે.

છઠ્ઠા ગુણસ્થાનથી અગિયારમા ગુણસ્થાન સુધી સંયમની અવસ્થાઓ છે, તે અવસ્થામાં રહેવાને અહીં અપક્રમણ કહ્યું નથી. કારણ કે સર્વ ગુણસ્થાનોમાં પંડિતવીર્ય છે અને પંડિત વીર્યથી અપક્રમણ થતું નથી. તેથી અહીં મોહકર્મની ઉપશમ અવસ્થામાં અર્થાત્ અપ્રત્યાખ્યાનાવરણીય કર્મની ઉપશાંત અવસ્થાની બાલ પંડિતવીર્યથી અપક્રમણ કહ્યું છે, તે પાંચમા ગુણસ્થાનની અપેક્ષાએ

અપક્રમણ છે.

(૧) મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં બાલવીર્યથી ઉપસ્થાન (૨) મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં બાલવીર્યથી કે બાલવીર્ય રૂપે અપક્રમણ, પ્રત્યાખ્યાનાવરણીય ચારિત્ર મોહના ઉદયમાં બાલપંડિતવીર્યથી કે બાલપંડિતવીર્ય રૂપે અપક્રમણ (૩) મોહનીય કર્મની ઉપશમ દશામાં પંડિતવીર્યથી ઉપસ્થાન (૪) અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચારિત્ર મોહનીયની ઉપશમદશામાં બાલપંડિતવીર્યથી કે બાલપંડિતવીર્ય રૂપે અપક્રમણ થાય છે.

**आयाए** : આ અપક્રમણ પણ સ્વયં આત્મા દ્વારા જ થાય છે. અન્ય દ્વારા નહિ. અપક્રમણ થયા પહેલાં આ જીવને જીવાદિ નવ તત્ત્વો પર શ્રદ્ધા હતી. "ધર્મનું મૂલ અહિંસા છે, જિન–કથિત વચન સર્વથા સત્ય છે," આ પ્રકારે ધર્મ પ્રતિ તેને રૂચિ હતી પરંતુ મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયને વશ થતાં તેની શ્રદ્ધા વિપરીત થાય છે અને પૂર્વે રૂચિકર લાગતી બાબતો હવે અરૂચિકર લાગે છે તેથી તે સમ્યગ્દષ્ટિ મટીને મિથ્યાત્વી થાય છે.

સારાંશ એ છે કે મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય તે જીવની અરુચિ અને અશ્રદ્ધાનું કારણ બને છે. તેથી જીવનું અપક્રમણ આત્મતઃ=સ્વતઃ (સ્વયંથી) થાય છે.

**કર્મ ક્ષયથી જ મોક્ષ** : કર્મના સિદ્ધાંતનો એક સામાન્ય નિયમ છે કે કરેલા કર્મો ભોગવ્યા વિના છુટકારો નથી. પરંતુ આ નિયમ સાર્વત્રિક અથવા નિરપેક્ષ હોય તો ધર્મ પુરૂષાર્થથી કર્મનો બંધ કરે છે અને પોતાના જ પુરૂષાર્થથી મુક્ત પણ થઈ શકે છે. કર્મમાં પરિવર્તન પણ કરી શકે છે.

તેથી જ જણાવ્યું છે કે કર્મના બે પ્રકાર છે, પ્રદેશ કર્મ અને અનુભાગ કર્મ. પ્રદેશ કર્મ અવશ્ય ભોગવવા જ પડે છે, જ્યારે અનુભાગ કર્મમાં સાધક પોતાના પુરૂષાર્થથી પરિવર્તન પણ કરી શકે છે અને તેનો નાશ પણ કરી શકે છે. તેના ત્રણ કારણ છેઃ

૧) જે કર્મ મંદ પરિણામથી બાંધ્યા હોય (૨) જે કર્મના ઉદય માટે બાહ્ય–સંયોગ અનુકૂળ ન હોય યથા– અનુત્તર વિમાનમાં સ્ત્રીવેદ (૩) વિશિષ્ટ તપ–સંયમની સાધનાથી કર્મ નષ્ટ થાય છે.

આ ત્રણ કારણે જીવ અનુભાગ કર્મોને ભોગવતા નથી અથવા તેમાં પરિવર્તન કરે છે.

**પ્રદેશ કર્મ** : આત્મપ્રદેશો સાથે એકમેક થયેલો કર્મ પુદ્‌ગલોનો જથ્થો.

**અનુભાગ કર્મ** : કર્મોનો અનુભવમાં આવતો તીવ્ર–મંદાદિ રસ, અર્થાત્ સુખ દુઃખ શાતા–અશાતાનું વેદન. કૃત કર્મમાંથી કેટલાંક કર્મો અનુભાગપૂર્વક વેદાય છે, કેટલાક અનુભાગપૂર્વક વેદાતા નથી. પ્રદેશ રૂપે તો સર્વ કર્મ વેદાય જ છે. જેમ કે દેવગતિમાં નપુંસક વેદનો અબાધાકાળ પૂર્ણ થતાં તે ઉદયમાં આવે છે પરંતુ તે વિપાકથી ઉદયમાં આવી શકતું નથી, તે કર્મ પ્રદેશોદયથી જ ઉદયમાં આવી આત્માથી છૂટું પડી જાય છે.

અનુભાગ કર્મનું વેદન બે પ્રકારે કરે છેઃ

**(૧) ઔપક્રમિકી વેદના** : આબાધાકાળ પૂર્ણ થતાં જે કર્મ સ્વયં ઉદયમાં આવે અથવા ઉદીરણા દ્વારા ઉદયમાં આવે છે તેનું વેદન અજ્ઞાનપૂર્વક અથવા અનિચ્છાએ થાય છે. તે ઔપક્રમિકી વેદના છે. આ પ્રકારનું વેદન સર્વ જીવોને હોય છે.

**(૨) આભ્યુપગમિકી વેદના** : સ્વેચ્છાથી જ્ઞાનપૂર્વક કર્મ ફલને ભોગવવા. યથા– સ્વેચ્છાથી સંયમનો સ્વીકાર કરીને બાવીસ પરીષહોને સહન કરવા, વિવિધ પ્રકારે તપ કરવો, લોચ કરવો ઈત્યાદિ આભ્યુપગમિકી વેદના છે. આ પ્રકારનું વેદન પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને જ હોય છે.

**अहानिगरणं** : નિકરણ એટલે કારણ. કર્મ વિપરિણામ પામે અર્થાત્ કર્મફળ આપે તેના જે દેશ, કાળ વગેરે કારણો છે તે નિકરણ કહેવાય છે. દેશ–કાળ

વગેરેની મર્યાદા અનુસાર કર્મ વિપરિણામ પામે છે.

**णायमेयं...सुयमेयं अरहया**: જીવ કઈ વેદનાથી ક્યું કર્મ વેદશે તે અરિહંતોને જ્ઞાત છે, સ્મૃત છે. અરિહંત ભગવાન સર્વજ્ઞ છે, તેથી લોકાલોકના ભાવો તેને પ્રત્યક્ષ જ છે. તેમને કોઈ પણ વિષયમાં સ્મૃતિ કે ચિંતનની આવશ્યકતા નથી. પ્રયુક્ત 'સ્મૃત' પદ ચિંતન અર્થમાં નથી. અરિહંતના જ્ઞાન સાથે સ્મરણનું અવ્યભિચારપણે સાદ્રશ્ય છે, તે દર્શાવવા આ પદ પ્રયુક્ત થયું છે.

**जहा जहा तं भगवया दिट्ठं**: દેશ, કાળ આદિ મર્યાદા અનુસાર જે કર્મ. જે રૂપે ભોગવવાનું ભગવાને જાણ્યું હોય તે કર્મ તે રૂપે પરિણત થાય છે.

આ કથન નિયતિ પણ સ્વીકારે છે. આ રીતે જૈનદર્શનના પ્રત્યેક સિદ્ધાંત અનેકાંતિક સિદ્ધ થાય છે. તેમજ પ્રત્યેક કાર્યની સિદ્ધિ માટે જૈનદર્શન કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરૂષાર્થ પાંચ સમવાયનો સ્વીકાર કરે છે. કર્મમાં થનારૂ પરિવર્તન કે ક્ષય વગેરે નિયત છે. તેમ છતાં પરિવર્તન કે નાશ કરવો તે નિયતિને આધીન નથી; તે પુરૂષાર્થને આધીન છે. આ રીતે આ સૂત્રમાં પુરૂષાર્થ અને નિયતિનો સમન્વય છે અર્થાત્ પુરૂષાર્થથી કેટલાક કર્મમાં પરિવર્તન થાય છે અને તે પરિવર્તન અને પુરૂષાર્થ સર્વજ્ઞના જ્ઞાનમાં જણાય છે.

**પુદ્ગલ સ્કંધ અને જીવની ત્રૈકાલિક શાશ્વતતા :**

જીવ અને પુદ્ગલ ત્રૈકાલિક છે. આ ત્રૈકાલિકતા અનંત અતીત અને અનંત અનાગતકાલ સાથે સંબંધિત છે, 'તે પ્રાતઃકાલે હતો. મધ્યાહ્ને છે અને સાંજે હશે.' આ પણ ત્રૈકાલિકતા છે. પરંતુ અહીં તે વિવક્ષિત નથી. તેથી અહીં અતીત અને અનાગતકાલ સાથે અનંત શબ્દનો પ્રયોગ છે. દ્રવ્ય ત્રૈકાલિક શાશ્વત છે. તેની પર્યાય અલ્પકાલિક અથવા દીર્ઘકાલિક પણ પ્રતીત થઈ શકે છે પરંતુ અનંતકાલિક નથી. તેથી જ દ્રવ્ય નિરપેક્ષ સત્ય છે અને પર્યાય સાપેક્ષ સત્ય

છે. સત્–સત્ય તે જ છે, જે ત્રૈકાલિક શાશ્વત છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય તે ત્રણે દ્રવ્યો સત્ છે. પરંતુ જીવ અને પુદ્ગલ દ્રવ્યોનો સૃષ્ટિગત પરિવર્તન સાથે સીધો સંબંધ છે. આ બે દ્રવ્ય સૃષ્ટિના મૂળ ઘટક મનાય છે. તેથી અહીં બે દ્રવ્યનું કથન છે.

અથવા જીવ અને પુદ્ગલ આ બે જ દ્રવ્યને માનવાની કોઈ પ્રાચીન પરંપરા વિશેષ પ્રચલિત હશે તેથી અહીં બે દ્રવ્યનું કથન કર્યું હોય તે પણ સંભવિત છે.

**વર્તમાનકાલ શાશ્વત** : વર્તમાનકાલ પ્રતિક્ષણ ભૂતકાલમાં અને ભવિષ્યકાલ પ્રતિક્ષણ વર્તમાનમાં પરિણત થઈ રહ્યો છે તેમ છતાં સામાન્ય રૂપે, એક સમય રૂપે વર્તમાનકાલ સદૈવ વિદ્યમાન છે. તેથી તેને શાશ્વત કહ્યો છે.

અહીં મોક્ષગમન માટેની યોગ્યતાની વિચારણા કરવામાં આવી છે. મનુષ્યના બે પ્રકાર છેઃ છદ્મસ્થ અને કેવળી. છદ્મ–આવરણ. જેને જ્ઞાન પરનું આવરણ વિદ્યમાન છે તેને છદ્મસ્થ કહેવાય છે અને જેને જ્ઞાન પરનું આવરણ ક્ષીણ થઈ ગયું છે, તેને કેવળી કહે છે. છદ્મસ્થની મુક્તિ થતી નથી. કેવળી જ મુક્ત થઈ શકે છે. આ પ્રભુ મહાવીરનો સિદ્ધાંત છે.

રાગ-દ્વેષાદિ આશ્રવનો ક્ષય થવાથી વ્યક્તિ વીતરાગ બની શકે છે, પરંતુ મુક્ત થઈ શકતા નથી. સંયમ, સંવર, બ્રહ્મચર્યવાસ કે અષ્ટ પ્રવચનમાતાની આરાધના તે મોક્ષનું પરંપરા કારણ જરૂર છે પરંતુ સાક્ષાત્ કારણ નથી. કોઈ પણ જીવ કેવળી થયા વિના મુક્ત થઈ શક**તો** નથી. સામાન્ય જ્ઞાની તો મુક્ત ન થાય પરંતુ પરમાવધિજ્ઞાની પણ મુક્ત થઈ શકતા નથી.

**કેવળજ્ઞાન** : (૧) જે જ્ઞાન સહાયનિરપેક્ષ છે અર્થાત્ ઈન્દ્રિય, મન કે અન્ય કોઈ પણ પરિસ્થિતિની અપેક્ષા વિના, સ્વયં જ ત્રૈકાલિક ભાવોને જાણે તે કેવળજ્ઞાન. (૨) જે શુદ્ધ છે તે કેવળજ્ઞાન. તેમાં કોઈ પણ દોષની સંભાવના નથી. (૩) જે પરિપૂર્ણ છે તે કેવળજ્ઞાન. (૪) જે અસાધારણ છે તે કેવળજ્ઞાન. તેના

જેવું અન્ય જ્ઞાન નથી. (૫) જે અનંત છે તે કેવળજ્ઞાન.

**સંયમ** : ઈન્દ્રિય–નિગ્રહ અથવા ૧૭ પ્રકારનો સંયમ.

**બ્રહ્મચર્યવાસ** : તેનો એક અર્થ છે ગુરૂકુલવાસ અથવા પ્રવ્રજિત જીવનમાં રહેવું. શ્રી ઠાણાંગ સૂત્રના બીજા સ્થાનમાં મુનિ ધર્મના સ્વીકાર પછી બ્રહ્મચર્યવાસનું કથન છે. તેથી તેનો અર્થ મુનિ જીવનની સાધના થાય છે. દશ પ્રકારના યતિધર્મમાં પણ તેનો ઉલ્લેખ છે.

આ સર્વ પ્રકારે વિચારતાં તેનો અર્થ કામભોગથી વિરક્ત થઈને, કામોદ્દીપક વસ્તુઓ તથા દ્રશ્યોનો ત્યાગ કરીને, ગુરૂની આજ્ઞાનું પાલન કરવું, તેને બ્રહ્મચર્યવાસ કહે છે. વ્યવહાર ભાષામાં બ્રહ્મચર્યતા પાલન સહ આત્મભાવમાં રમણતા કરવી તે બ્રહ્મચર્યવાસ.

**પ્રવચન માતાઃ** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને અષ્ટ પ્રવચન માતા કહે છે.

**અંતિમ શરીરી–ચરમ શરીરી** : જેનું વર્તમાન શરીર જ અંતિમ શરીર છે, વર્તમાન શરીર છોડ્યા પછી જે બીજું શરીર પ્રાપ્ત કરવાના નથી તે ચરમ શરીરી છે.

**ઉત્પન્ન જ્ઞાનદર્શનધર** : ઉત્પન્નનો અર્થ ઉત્પન્ન થયેલું -- આત્મસમુત્થ. જેણે પોતાના પુરૂષાર્થથી કર્મનો ક્ષય કરીને, જ્ઞાન ઉત્પન્ન કર્યું છે, પ્રગટ કર્યું છે તેને ઉત્પન્ન જ્ઞાનદર્શનધર કહે છે. આ વિશેષણથી 'અનાદિ મુક્તાત્મા' માનનારની માન્યતાનું નિરાકરણ થઈ જાય છે.

**અર્હત્** : જે ઈન્દ્રાદિ દેવો દ્વારા પૂજનીય છે.

**જિન** : રાગ દ્વેષાદિ વિકારો પર જેણે વિજય પ્રાપ્ત કર્યો છે તેને જિન કહે છે. ઠાણાંગ સૂત્રમાં અવધિજ્ઞાની મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની ત્રણને જિન કહ્યા છે. તેમાંથી પ્રથમ બે પ્રકારના જિનનો અહીં વ્યવચ્છેદ કરવા માટે કેવળી શબ્દ પ્રયોગ છે. તેમ જ છદ્મસ્થ મનુષ્યોની જેમ જ અવધિજ્ઞાની વિષયક ભિન્ન

પ્રશ્નોત્તર પણ છે. તેથી અહીં કેવળી જિનનું જ ગ્રહણ કર્યું છે.

**આધોવધિ** : પરિમિત ક્ષેત્ર વિષયક અવધિજ્ઞાનને અથવા પરમાવધિજ્ઞાનથી ન્યૂન અવધિજ્ઞાનને આધોવધિ કહે છે.

**પરમાવધિ** : ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન સમસ્ત રૂપી દ્રવ્યોને વિષય કરે છે, અને અલોકમાં પણ લોક જેટલા અસંખ્ય ખંડ હોય તો તેને જાણવાની શક્તિ ધરાવે તે પરમાવધિજ્ઞાન છે. તે જ્ઞાન અપ્રતિપાત છે અર્થાત્ ભવ પર્યંત સાથે જ રહે છે. ધારણા પરંપરાથી અપ્રતિપાતિનો અર્થ એક કરાય છે કે તે પરમાવધિ જ્ઞાનીનો તે જ ભવમાં મોક્ષ નિશ્ચિત છે. પરંતુ અહીં તે કેવળી થઈને જ મોક્ષે જાય છે.

**અલમસ્તુ** : પૂર્ણ. જેણે પ્રાપ્ત કરવા યોગ્ય સર્વ જ્ઞાનાદિ ગુણ પ્રાપ્ત કરી લીધા હોય, જેને હવે કંઈ જ પ્રાપ્ત કરવાનું શેષ રહ્યું ન હોય તે અલમસ્તુ અર્થાત્ પરિપૂર્ણ કહેવાય છે.

# શતક – ૧: ઉદ્દેશક – ૫

# આવાસ

**શરીર** : જેમાં આત્મા રહે છે તે શરીર અથવા **शीर्यते इति शरीरः।** ક્ષણે ક્ષણે જેનો નાશ થાય તેને શરીર કહે છે. નારક જીવોને ત્રણ શરીર હોય છે. વૈક્રિય, તૈજસ અને કાર્મણ. તેમાં વૈક્રિય શરીરના પણ બે પ્રકાર છે. ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. **ભવધારણીય–** જન્મથી જ જે શરીર હોય તે ભવધારણીય શરીર છે. **ઉત્તર વૈક્રિય–** જન્મ પછી કોઈ વિશિષ્ટ પ્રયોજનથી પોતાની વૈક્રિય શક્તિથી જે શરીર બનાવાય તેને ઉત્તર વૈક્રિય શરીર કહે છે.

નારકોમાં બંને પ્રકારના શરીરનું હુંડ સંસ્થાન હોય છે. પ્રશ્ન એ છે કે નારક જીવ ઉત્તર વૈક્રિય શરીરનું સંસ્થાન પણ હુંડ શા માટે બનાવે? સુંદર કેમ બનાવતા નથી? તેનામાં શક્તિની મંદતા છે તેથી સુંદર આકાર બનાવવાની ઈચ્છા હોવા છતાં બનતું નથી. તે બેડોળ શરીર જ બનાવી શકે છે.

પાંચ સ્થાવર જીવોનો વિરહકાલ નથી. પ્રત્યેક સ્થાનમાં તે જીવો અસંખ્ય અને અનંત જ ઉત્પન્ન થાય છે. આ કારણે તેમાં એક, અનેક આદિ વિકલ્પો નથી, તેથી તેને અભંગક કહ્યા છે. પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં તેજોલેશી દેવ ઉત્પન્ન થાય છે, તે અપેક્ષાએ તેજોલેશ્યા હોય છે. તે જીવો અત્યંત અલ્પ અને અલ્પકાલિક હોય છે. ક્યારેક તેવા જીવોનો વિરહ પણ હોય છે, તેથી તેજોલેશી જીવ અશાશ્વત હોય છે. તેથી તેમાં ૮૦ ભંગ હોય છે, શેષ સર્વ સ્થાનમાં અભંગક છે. તેજસ્કાય અને વાયુકાયમાં દેવ ઉત્પન્ન થતા નથી તેથી તેમાં તેજોલેશ્યા નથી. વાયુકાયને ચાર શરીર છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ. શેષ ચાર સ્થાવરને ત્રણ શરીર છે. તે જીવો હુંડ સંસ્થાની, એકાંત મિથ્યાત્વી, અજ્ઞાની હોય છે.

# શતક – ૧: ઉદ્દેશક – ૬

# યાવન્ત

**અઢાર પાપ સંબંધી ક્રિયા–વિચાર** :

**ક્રિયા** : જે કરાય છે તે ક્રિયા છે. ક્રિયાને કર્મ કહે છે અથવા કર્મ બંધની હેતુભૂત ચેષ્ટાને ક્રિયા કહે છે. તેના પ્રાણાતિપાતાદિ ૧૮ પ્રકાર છે. ક્રિયાની સાથે ત્રણ પરિણમન જોડાયેલા છે. કેમ કે ક્રિયા ત્રૈકાલિક છે. પ્રાણાતિપાતનો અતીતકાલીન સંસ્કાર પ્રાણાતિપાત પાપસ્થાન કહેવાય છે. વર્તમાનમાં થનારી પ્રાણાતિપાતની પ્રવૃત્તિને પ્રાણાતિપાત ક્રિયા કહેવાય અને તે ક્રિયાથી થનારો કર્મબંધ પ્રાણાતિપાતની પરિણતિ કહેવાય છે.

અહીં પ્રાણાતિપાત ક્રિયા વિષયક પ્રશ્નોત્તર છે. તેમાં સૌથી પ્રથમ પ્રશ્ન છેઃ તે ક્રિયા સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ? ઉત્તર– તે ક્રિયા સ્પૃષ્ટ છે. સ્પૃષ્ટ એટલે તે ક્રિયા પ્રાણાતિપાત કરનાર સાથે એકાત્મ થઈને થાય છે. સમુચ્ચય રીતે ક્રિયા છ દિશામાં સ્પૃષ્ટ થઈને થાય છે પરંતુ પાંચ સ્થાવરના જીવો લોકાંતે અથવા લોકના નિષ્કુટમાં રહેલા હોય તેને અલોકનો વ્યાઘાત હોય છે, તે ત્રણ, ચાર કે પાંચ દિશાને સ્પર્શે છે. ત્રસજીવોને અવશ્ય છ દિશાની ક્રિયા લાગે છે.

**લોક–અલોકવાદ** : અલોકનો અર્થ છે કેવળ આકાશ અને લોકનો અર્થ છે ચેતન અને અચેતન તત્ત્વથી સંયુક્ત આકાશ. જૈન દર્શનાનુસાર લોક અને અલોકનું આ વિભાજન નૈસર્ગિક છે, અનાદિકાલીન છે. તે ઈશ્વરકૃત નથી. પ્રાયઃ સર્વ દાર્શનિકોએ લોકને સ્વીકાર્યો છે પરંતુ કોઈ પણ દાર્શનિકે અલોકનો સ્વીકાર કર્યો નથી. અલોકની પ્રરૂપણા તે જૈનદર્શનની મૌલિકતા છે. જૈન દર્શન કોઈ પણ પદાર્થની સિદ્ધિ માટે તેના પ્રતિપક્ષી પદાર્થને પણ અવશ્ય સ્વીકારે છે. લોકની સિદ્ધિ માટે અલોકનો સ્વીકાર અનિવાર્ય છે.

લોક, લોકસ્વરૂપે છે કારણ કે તે અલોક રૂપે નથી. સમસ્ત જગત આવા વિરોધી યુગલોથી યુક્ત છે અને અનેકાંતવાદથી તે સિદ્ધ થાય છે. લોક અને અલોકમાં પૂર્વાપરનો ક્રમ નથી, તે શાશ્વત ભાવ છે. જે વસ્તુ કૃત હોય, તેમાં પૂર્વાપરનો સંબંધ સંભવિત છે પરંતુ જે અનાદિ સિદ્ધ છે, તેમાં આ ક્રમ સંભવિત નથી.

તે પ્રશ્નગત જીવ-અજીવ, ભવ્ય-અભવ્ય, સિદ્ધિ-અસિદ્ધિ વગેરે પ્રત્યેક વિરોધી યુગલો શાશ્વત છે, અનાદિ સિદ્ધ છે.

**જીવ અને પુદ્ગલોનો સંબંધ** :

જીવ અને પુદ્ગલ દ્રવ્ય ભિન્ન છે. જીવ ચેતન છે, પુદ્ગલ અચેતન છે. ચેતન કદાપિ અચેતન થતું નથી અને અચેતન કદાપિ ચેતન થતું નથી. તે બંનેમાં અત્યંતાભાવ છે. બંને દ્રવ્યમાં ત્રૈકાલિક સ્વતંત્રતા હોવા છતાં તે બંનેનો સંબંધ થઈ શકે? આ પ્રકારના વિચારથી શ્રી ગૌતમ સ્વામીએ ઉપરોક્ત પ્રશ્ન પૂછ્યો છે કે જીવ અને પુદ્ગલ પરસ્પર બદ્ધ, સ્પૃષ્ટ, અવગાઢ, સ્નેહ પ્રતિબદ્ધ અને એકીભૂત થઈને રહે છે? ભગવાને કહ્યું, 'હા, તે પ્રમાણે રહે છે.'

જીવ અને પુદ્ગલના સંબંધ અને વિસંબંધના આધારે જ જીવના બે પ્રકાર થયા છે-સંસારી જીવ અને સિદ્ધ જીવ. જે જીવ પુદ્ગલ સાથે એકમેક છે, તે સંસારી અને જે જીવ પુદ્ગલથી સર્વથા મુક્ત છે, તેને સિદ્ધ જીવ કહેવાય છે.

સંસારી જીવ અને પુદ્ગલ દૂધ અને પાણીની જેમ એકમેક થઈ ગયા છે. જીવ અને પુદ્ગલની એકરૂપતા ભિન્ન-ભિન્ન શબ્દો દ્વારા દર્શાવી છે :

**(૧) अण्णमण्णबध्दा** : જીવ અને પુદ્ગલ પરસ્પર બદ્ધ છે. એક ક્ષેત્રાવગાઢ -- એક આકાશ પ્રદેશ પર સાથે રહેવું, તેને અહીં બદ્ધ અવસ્થા કહી છે.

**(૨) अण्णमण्ण पुट्ठा** : જીવ અને પુદ્ગલ પરસ્પર સ્પૃષ્ટ છે. પ્રથમ એક બીજાને સ્પૃષ્ટ થાય અને પછી જ ગાઢ બંધથી સંબદ્ધ થાય છે.

**(૩) अण्णमण्णमोगाढा** : લોઢાના ગોળાને તપાવવામાં આવે, ત્યારે અગ્નિ ચારે બાજુથી તેમાં પ્રવેશી જાય છે અને લોઢાનો ગોળો અને અગ્નિ એકમેક

બની જાય છે, તેમ આત્મા અને કર્મ પરમાણુ લોલીભૂત થઈ એકમેક થાય છે, તે જ તેની અવગાઢતા છે.

(૪) **अण्णमण्णसिणेह पडिबध्दा** : જીવ-પુદ્ગલ પરસ્પર સ્નેહ પ્રતિબદ્ધ છે. સ્નેહ એટલે રાગાદિ રૂપ ચીકાશ. જેમ તેલયુક્ત વસ્તુ પર ધૂળ-રજ ચીટકી જાય છે, તેમ રાગદ્વેષની ચીકાશથી કર્મો આત્મપ્રદેશ સાથે ચોંટી જાય છે અર્થાત્ તીવ્રબંધ થાય છે.

(૫) **अण्णमण्णघडत्ताए**: પરસ્પર સમુદાય રૂપે રહેવું. જીવ પ્રદેશ અને કર્મ પુદ્ગલોનો બંધ થાય ત્યારે તેઓ બંને એક સમુદાય રૂપ બની જાય છે.

આ રીતે જીવ અને પુદ્ગલોનો પ્રગાઢ સંબંધ છે. તેમ છતાં બંનેનું તાત્ત્વિક સ્વરૂપ સર્વથા ભિન્ન છે.

**જીવ અને પુદ્ગલના સંબંધમાં નિમિત્ત કોણ?** : આ સંબંધ કેવળ જીવથી કે કેવળ પુદ્ગલથી થતો નથી. બંને તરફથી થાય છે. તે સૂચિત કરવા અહીં 'સ્નેહ પ્રતિબદ્ધ' શબ્દ પ્રયોગ કર્યો છે. જીવમાં સ્નેહ-રાગ દ્વેષ આદિ વિભાવોની સ્નિગ્ધતા છે અને પુદ્ગલમાં સ્નેહથી આકર્ષિત થવાની યોગ્યતા છે. આ રીતે ઉભયાત્મક સ્નેહના કારણે પરસ્પર સંબંધ થાય છે. નૌકામાં છિદ્ર છે. બહાર છલોછલ પાણીથી ભરેલું તળાવ છે. પાણી સહજ રીતે નૌકામાં પ્રવેશ પામે છે. તે જ રીતે જીવ અને પુદ્ગલનો સંબંધ થાય છે.

**જીવપ્રદેશ અને કર્મપુદ્ગલની એકમેકતા સૂચક દ્રષ્ટાંત** : પાણી અને છિદ્રવાળી નૌકાના દ્રષ્ટાંત વડે જીવ-પુદ્ગલની એકમેકતા સ્પષ્ટ કરી છે. પાણીથી છલકાતા સરોવરમાં છિદ્રવાળી નાવ ઉતારતા તે પાણીથી પૂર્ણરૂપે ભરાઈ જાય છે અને પાણીમાં ડૂબી જાય છે. તે ડૂબેલી નૌકા અને પાણી જે રીતે એકરૂપ થઈ જાય તે જ રીતે જીવપ્રદેશમાં પુદ્ગલ એકરૂપ થઈને રહે છે. જેમ પાણી અને નૌકાનું અસ્તિત્વ અલગ રહે છે તેમ જીવ અને પુદ્ગલનું અસ્તિત્વ પણ ભિન્ન રહે છે.

**સૂક્ષ્મ સ્નેહકાય** :

**સ્નેહકાયનું સ્વરૂપ** : તે જલનો એક પ્રકાર છે. અહીં 'સ્નેહ' ની સાથે 'સૂક્ષ્મ' વિશેષણનો પ્રયોગ છે, તેથી તે ઓસ આદિ કરતા પણ સૂક્ષ્મ જલરૂપ છે. તે એક પ્રકારના અત્યંત સૂક્ષ્મ, સ્નિગ્ધ, શીત પુદ્ગલ, જે જલની જ સૂક્ષ્મ–સૂક્ષ્મતર પર્યાયના રૂપમાં નિરંતર વરસે છે. પરંતુ ઓસ આદિની જેમ એકત્રિત થઈને બુંદરૂપે સંગઠિત થઈને રહી શકતી નથી, તે સ્વતઃ તત્કાલ જ નષ્ટ થઈ જાય છે. અહીં સ્નેહકાયની વ્યાખ્યા કરી નથી. બૃહત્કલ્પ ભાષ્યની વૃત્તિમાં સ્નેહનો અર્થ હિમ, ઓસ,બરફ આદિ કર્યો છે. તે અહીં પ્રાસંગિક નથી.

**સ્નેહકાયના ક્ષેત્ર અને કાલ** : તે ઉર્ધ્વલોકમાં વૃત વૈતાઢ્ય પર્વતાદિમાં, અધોલોકમાં– અધોલોકવર્તી ગામોમાં અને તિરછા લોકમાં સર્વત્ર વરસી રહી છે.

સ્નેહકાય વિષયક અનેક પ્રશ્નો જિજ્ઞાસુઓના મનમાં ઉત્પન્ન થાય છે જેમ કે– સ્નેહકાય ક્યાં ઉત્પન્ન થાય છે? તે પુદ્ગલ દ્રવ્યથી નિષ્પન્ન થાય છે કે અપકાયના જીવો તેમાં ઉત્પન્ન થાય છે? તે પુદ્ગલનું પરિણામ છે કે જીવનું પરિણામ છે? તે સચેત છે કે અચેત? અહીં બતાવ્યું છે કે તે નીચે પડતાંજ નાશ પામે, તો તેના જીવો પણ તત્કાલ મરી જાય છે? તે જીવો ક્યારે જન્મે છે અને ક્યારે મરે છે? તે જીવોનું આયુષ્ય કેટલું? વગેરે અનેક પ્રશ્નો ઉદ્ભવે છે.

**સમાધાન**– દરેક પ્રશ્ન મહત્ત્વના છે પણ તેનું સમાધાન મૂળપાઠ કે વ્યાખ્યાથી થઈ શકતું નથી. દશાશ્રુતસ્કંધમાં સાતમી દશામાં પ્રતિમાધારી સાધુને સૂર્યાસ્ત પછી વિહારના નિષેધ માટે ખુલ્લા આકાશવાળા સ્થળને જલરૂપે અને ઢાંકેલી જગ્યાને સ્થલરૂપે સૂચિત કર્યું છે. તેના આધારે આ સૂક્ષ્મ સ્નેહકાયને સચિત્ત જલરૂપ માનવાની પરંપરા છે. તે અપકાયના જીવો આકાશમાં ઉત્પન્ન થાય છે. ઉપર, નીચે આદિ સર્વત્ર વરસે છે. ઉપરથી પડતાં જ તે જીવો મરી જાય છે. તેનું આયુષ્ય અત્યંત અલ્પ હોય છે. કારણ કે અપકાયના જીવો એક મુહૂર્તમાં [૩૨,૦૦૦] અનેક હજારો ભવ કરી શકે છે.

# શતક – ૧: ઉદ્દેશક – ૭

# નૈરયિક

અહીં એક જીવ, અનેક જીવ, એવં નૈરયિકથી વૈમાનિક પર્યંતના ૨૪ દંડકોની અપેક્ષાએ વિગ્રહગતિ અને અવિગ્રહગતિ સંબંધિત પ્રશ્નોત્તર છે. તેમાં વિગ્રહ ગતિનો અર્થ છે વાટે વહેતા જીવ અને અવિગ્રહ ગતિનો અર્થ છે કોઈ પણ ગતિમાં સ્થાન સ્થિત જીવ.

**અન્ય રીતે વિગ્રહગતિ** : (૧) વિગ્રહનો અર્થ વક્ર અથવા વળાંક. જીવ જ્યારે એક ગતિનું આયુષ્ય સમાપ્ત કરી, શરીર છોડી, અન્ય ગતિમાં નવું શરીર ધારણ કરવા માટે જાય છે, ત્યારે જો તેનું ઉત્પત્તિ સ્થાન વળાંક લઈને જ પહોંચી શકાય તેવું હોય, તો જીવ એક, બે કે કદાચિત્ ત્રણ વળાંક લઈને ઉત્પત્તિ સ્થાનમાં પહોંચે છે. (૨) વાટે વહેતો જીવ આકાશ શ્રેણી અનુસાર ગતિ કરે છે. લોકમાં આકાશ શ્રેણીઓ તાણા-વાણાની જેમ છે. જીવનું ઉત્પત્તિ સ્થાન જો સમ શ્રેણી પર ન હોય, તો જીવ વળાંક લઈ ઉત્પત્તિ સ્થાને પહોંચે છે. તેની આ વળાંકવાળી ગતિ અથવા વક્રગતિને વિગ્રહગતિ કહે છે.

**અવિગ્રહગતિ** : અવિગ્રહગતિ-વળાંક વિનાની ગતિ. જે જીવનું ઉત્પત્તિ સ્થાન અત્યંત સરળ-સીધું સમ શ્રેણી પર હોય, તો તે જીવને વળાંક લેવો પડતો નથી. તે જીવ સીધો જ ઉત્પત્તિ સ્થાનમાં પહોંચી જાય છે. તેને અવિગ્રહગતિ અથવા ઋજુગતિ કહે છે.

વિગ્રહગતિ સમાપન્નનો અર્થ વાટે વહેતી અવસ્થા અને અવિગ્રહગતિ સમાપન્નનો અર્થ કોઈ પણ ગતિમાં સ્થિત અવસ્થા. આ એક જ અર્થ અહીં અપેક્ષિત છે.

**અનેક જીવોની અપેક્ષાએ** : જીવ અનંત છે. તેથી પ્રતિ સમય અનેક જીવ

વિગ્રહગતિ–સમાપન્ન પણ હોય છે અને અનેક જીવ વિગ્રહગતિના અભાવવાળા (સ્થાન સ્થિત) પણ હોય છે. એકેન્દ્રિય જીવોમાં પણ અનેક જીવ વિગ્રહગતિ પ્રાપ્ત અને અનેક જીવ અવિગ્રહગતિ પ્રાપ્ત હોય છે.

**નારકોની અપેક્ષાએ ત્રણ ભંગ** : સામાન્ય જીવોની અપેક્ષાએ નારકોની સંખ્યા અલ્પ છે. તેમજ તેના વિરહકાલના સમયે એક પણ જીવ વિગ્રહગતિમાં હોતો નથી. તેથી તેના ત્રણ ભંગ આ પ્રમાણે થાય છે–

(૧) સર્વ જીવ અવિગ્રહ ગતિ સમાપન્ન હોય. વિગ્રહ ગતિમાં કોઈ ન હોય (૨) કદાચિત્ એક જ જીવ વિગ્રહગતિ સમાપન્ન અને અનેક જીવ અવિગ્રહગતિ સમાપન્ન હોય (૩) કદાચિત્ અનેક જીવ વિગ્રહગતિ સમાપન્ન અને અનેક જીવ અવિગ્રહગતિ સમાપન્ન હોય. નૈરયિકોની જેમ સર્વ દંડકોમાં (એકેન્દ્રિયને છોડીને) ત્રણ ત્રણ ભંગ થાય છે.

**દેવનું ચ્યવન અને ગ્લાનિભાવ** :

**દેવના સાત વિશેષણ** :

**(૧) મહર્દ્ધિક** : વિમાન અને પરિવાર આદિ ઋદ્ધિ સંપન્ન

**(૨) મહાદ્યુતિવાન** : મહાન દીપ્તિમાન

**(૩) મહાબલ** : શારીરિક બલ સંપન્ન

**(૪) મહાયશ** : યશસ્વી, જેની ખ્યાતિ ત્રણે લોકમાં થઈ હોય તેવા

(૫) महासोक्खे : મહાન સુખ-સુવિધા સંપન્ન

**(૬) મહાનુભાવ** : અનુભાવનો અર્થ છે સામર્થ્ય – જેનામાં શાપ અને અનુગ્રહનું તેમજ વિવિધ રૂપોના નિર્માણનું અચિંત્ય સામર્થ્ય હોય તે.

**(૭) અવ્યુત્ક્રાન્તિક ચ્યવમાન** : વ્યુત્ક્રાન્તિનો અર્થ ચ્યુતિ અથવા મરણ અને વ્યુત્ક્રાંતિનો અર્થ છે– જે મૃત્યુને પ્રાપ્ત નથી પરંતુ **च्यवमान** = અલ્પ સમયમાં

મૃત્યુને પ્રાપ્ત થનાર છે. તેના માટે 'અવ્યુત્ક્રાન્તિક ચ્યવમાન' શબ્દ પ્રયોગ છે.

મૃત્યુ સમય નજીક જાણી મહર્દ્ધિક દેવોનું મન પોતાના ભાવિને જોઈને ગ્લાન થઈ જાય છે. આત્મગ્લાનિથી પીડિત થઈને તે કેટલોક સમય આહાર પણ છોડી દે છે. તેની ગ્લાનિના ત્રણ કારણો છે. ભવિષ્યમાં મનુષ્ય કે તિર્યંચ યોનિમાં, માતાના ગર્ભમાં જન્મ ધારણ કરવો પડશે. (૧) તે સ્ત્રીના ગર્ભાશયને જોઈને લજ્જિત થાય છે (૨) દેવસ્થાનની અપેક્ષાએ તે હીન, અશુચિમય અને અપવિત્ર હોવાથી તેને ઘૃણા થાય છે (૩) અરતિરૂપ પરીષહથી બેચેની થાય છે. આ ત્રણ કારણે તે કેટલોક સમય આહાર છોડી દે છે ત્યાર પછી આહાર ગ્રહણ કરે છે, તે પરિણત થાય છે. તેની ચ્યવમાન અવસ્થા પૂર્ણ થયા પછી, દેવાયુ ક્ષીણ થયા પછી તે દેવ, મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય ભોગવે છે.

જૈન દર્શન કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. કર્મ અનુસાર પુનર્જન્મ થાય છે. જીવ જ્યારે એક જન્મ (આયુષ્ય) પૂર્ણ કરીને પુનર્જન્મ ધારણ કરે છે, ત્યારે જીવ શું આ જન્મની ઋદ્ધિને સાથે લઈને જાય છે? તેના નવા શરીરનું નિર્માણ કેવી રીતે થાય છે? તેની પુષ્ટિ કેવી રીતે થાય છે?

**પુનર્જન્મમાં શું સાથે લઈને જાય છે?** : મૃત્યુ સમયે જીવ સ્થૂલ શરીર અને સ્થૂલ ઈન્દ્રિયો વગેરેને છોડી દે છે પરંતુ તેના આત્મા સાથે એકમેક થયેલા કર્મો, તેના સંસ્કારો તેમજ સૂક્ષ્મ શરીરને કર્મોના ક્ષયોપશમ રૂપ ભાવેન્દ્રિયને સાથે લઈ જાય છે.

ગૌતમસ્વામી**નો** પ્રશ્ન છે કે ગર્ભગત જીવ ઈન્દ્રિય સહિત ઉત્પન્ન થાય છે કે ઈન્દ્રિય રહિત? પ્રભુએ તેનો પ્રત્યુત્તર સાપેક્ષવાદથી આપ્યો છે. દ્રવ્યેન્દ્રિય [પૌદ્ગલિક રચના વિશેષ] ની અપેક્ષાએ ઈન્દ્રિય રહિત જાય છે પરંતુ ભાવેન્દ્રિય [આત્માની લબ્ધિ-શક્તિ વિશેષ અથવા કર્મોના ક્ષયોપશમ રૂપ] ની અપેક્ષાએ ઈન્દ્રિય સહિત જાય છે.

સ્થૂલ શરીર [ઔદારિક, વૈક્રિય કે આહારક] ની અપેક્ષાએ શરીર રહિત જાય

છે પરંતુ સૂક્ષ્મ શરીર [તૈજસ-કાર્મણ]ની અપેક્ષાએ શરીર સહિત જાય છે.

**ગર્ભગત જીવના આહારાદિ** : ગર્ભમાં ઉત્પન્ન થતાં પ્રથમ સમયે માતાના રૂધિર અને પિતાના વીર્યના સમ્મિશ્રણને આહારરૂપે ગ્રહણ કરે છે. તત્પશ્ચાત્ માતાએ ગ્રહણ કરેલા રસ વિકારોનો એક ભાગ ઓજ રૂપે ગ્રહણ કરે છે. ગર્ભસ્થ જીવને મલ-મૂત્રાદિ હોતા નથી કારણ કે તે જીવ જે આહાર ગ્રહણ કરે છે તેને શ્રોતેન્દ્રિયાદિ રૂપે પરિણમાવે છે. તે સર્વાત્મ રૂપે આહાર ગ્રહણ કરે છે. રસહરણી નાડી [નાભિકા નાલ] દ્વારા ગર્ભગત જીવ માતાના શરીરમાંથી રસ ગ્રહણ કરે છે. માતાની રસહરણી નાડી દ્વારા જે આહાર થાય તેને પ્રક્ષેપાહાર કહી શકાય છે. તે નાડી માતાના જીવ સાથે પ્રતિબદ્ધ અને સંતાનના જીવ સાથે સ્પૃષ્ટ હોય છે અને બીજી પુત્રજીવ રસહરણી દ્વારા ગર્ભસ્થ જીવ આહારનો ચય-ઉપચય કરે છે. તેથી ગર્ભસ્થ જીવ પરિપુષ્ટિને પ્રાપ્ત કરે છે. તે નાડી સંતાનના જીવ સાથે પ્રતિબદ્ધ અને માતાના જીવ સાથે સ્પૃષ્ટ હોય છે.

જે અંગોમાં માતાના આર્તવનો ભાગ અધિક હોય છે, તે કોમલ અંગ-માંસ, રક્ત અને મગજ; તે ત્રણ અંગ માતાના કહેવાય છે.

જે અંગોમાં પિતાના વીર્યનો ભાગ અધિક હોય તે ત્રણ કઠોર અંગ-અસ્થિ, મજ્જા અને કેશ, રોમ તથા નખાદિ પિતાના કહેવાય છે. શેષ સર્વ અંગ માતા અને પિતા બંનેના કહેવાય છે. સંતાનના ભવધારણીય શરીરના અંત પર્યંત માતા-પિતાના તે અંગ શરીરમાં રહે છે.

ગર્ભગત, સંજ્ઞી પંચેન્દ્રિય અને સમસ્ત પર્યાપ્તિઓથી પર્યાપ્ત જીવ, વીર્ય લબ્ધિ દ્વારા, વૈક્રિય લબ્ધિ દ્વારા, શત્રુસેનાનું આગમન સાંભળીને, અવધારણ કરીને, પોતાના આત્મપ્રદેશોને ગર્ભથી બહાર કાઢે છે, બહાર કાઢીને વૈક્રિય સમુદ્ઘાત કરે છે. વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને, ચતુરંગિણી સેનાની વિક્રિયા કરે છે, ચતુરંગિણી સેનાની વિક્રિયા કરીને, તે સેનાથી શત્રુસેના સાથે યુદ્ધ કરે છે. તે અર્થ- ધનનો કામી, રાજ્યનો કામી, ભોગનો કામી, કામનો કામી,

અર્થાકાંક્ષી, રાજ્યાકાંક્ષી, ભોગાકાંક્ષી, કામાકાંક્ષી [અર્થાદિનો લોલુપ] તથા અર્થપિપાસુ, રાજ્યપિપાસુ, ભોગપિપાસુ, કામપિપાસુ, તેમાં જ ચિત્તયુક્ત, તેમાં જ મનયુક્ત, તેમાં જ આત્મપરિણામયુક્ત, તેમાં જ અધ્યવસિત, તેમાં જ પ્રયત્નશીલ, તેમાં જ સાવધાનતા યુક્ત, તેને માટે જ ક્રિયા કરનાર, તે જ ભાવનાઓથી ભાવિત [તે જ સંસ્કારોથી ઓતપ્રોત] એવો તે જીવ, જો તે સમયે મૃત્યુને પ્રાપ્ત થાય, તો તે નરકમાં ઉત્પન્ન થાય છે.

ગર્ભસ્થ જીવની બેસવા, સુવાની સમસ્ત પ્રવૃત્તિ માતાની પ્રવૃત્તિને અનુરૂપ જ હોય છે. તેમ જ માતા સુખી-દુઃખી થાય તો તે પણ સુખી-દુઃખી  થાય છે. તે જીવ પૂર્વકૃત કર્માનુસાર સુરૂપ, કુરૂપ, નિરોગી–સરોગી થાય છે. ગર્ભસ્થ બાળકના કર્મ સંયોગાનુસાર જ પ્રસૂતિ–જન્મ સુખપૂર્વક કે દુઃખપૂર્વક થાય છે. ગર્ભસ્થ જીવની પ્રવૃત્તિનો સંબંધ માતાની પ્રવૃત્તિ સાથે હોય છે અને અન્ય સર્વ સંયોગો તેના કર્માનુસાર હોય છે.

# શતક – ૧: ઉદ્દેશક – ૮

# બાલ

**બાલ, પંડિત આદિના આયુષ્યબંધ :**

અહીં એકાંત બાલ, એકાંત પંડિત અને બાલ-પંડિત મનુષ્યના આયુષ્યબંધ વિષે વિચારણા કરી છે.

**એકાંત બાલ:** મિથ્યાદ્રષ્ટિ અને અવિરત સમ્યગ્દ્રષ્ટિ એકાંત બાલ છે. એકથી ચાર ગુણસ્થાનવર્તી જીવો બાલ કહેવાય છે. અહીં 'બાલ'ની સાથે પ્રયુક્ત એકાંત વિશેષણ મિશ્રદ્રષ્ટિના નિષેધ માટે છે. મિશ્રદ્રષ્ટિમાં આયુષ્યનો બંધ થતો નથી.

**એકાંત બાલ મનુષ્યોને ચારે ગતિના આયુષ્યનો બંધ શા માટે?:** એકાંત બાલત્વ સમાન હોવા છતા પણ બાલ જીવો એક જ ગતિના આયુષ્યનો બંધ ન કરતાં, ચારે ગતિનું આયુષ્ય શા માટે બાંધે છે? તેનું કારણ બાલ જીવોની પ્રકૃત્તિની વૈવિધ્યતા છે. કોઈ એકાંત બાલ જીવ મહારંભી, મહાપરિગ્રહી, અસત્ય માર્ગોપદેશક તથા પાપાચારી હોય, તે નરકાયુનો અથવા તિર્યંચાયુનો બંધ કરે છે. કોઈ એકાંત બાલ જીવ અલ્પકષાયી, અકામ નિર્જરા તથા બાલ તપથી યુક્ત હોય; તે મનુષ્યાયુ અથવા દેવાયુનો બંધ કરે છે અને અવિરત સમ્યગ્ દ્રષ્ટિ મનુષ્ય દેવાયુ જ બાંધે છે.

**એકાંત પંડિત:** વસ્તુ તત્ત્વના યથાર્થ સ્વરૂપને જાણીને તદ્નુસાર જે આચરણ કરે છે તે પંડિત છે. તે મહાવ્રતી સાધુ હોય છે. છઠ્ઠાથી ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો 'પંડિત' કહેવાય છે. તેમાં છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનકે આયુષ્યનો બંધ થાય છે. તેમાં પણ સાતમા ગુણસ્થાનકે આયુષ્ય બંધનો પ્રારંભ થતો નથી. છઠ્ઠે ગુણસ્થાનકે આયુષ્ય બંધનો પ્રારંભ કર્યો હોય તેવા જીવ સાતમે ગુણસ્થાનકે આયુષ્ય બંધની પૂર્ણાહુતિ કરે છે. અહીં 'પંડિત' ની સાથે પ્રયુક્ત 'એકાંત'

વિશેષણ, સ્વરૂપ વિશેષણ છે. પાંચમા ગુણસ્થાનમાં એક દેશથી બાલત્વ અને એકથી પંડિતત્વ છે. જ્યારે એકથી ચાર ગુણસ્થાનમાં એકાંત બાલત્વ અને છઠ્ઠાથી ચૌદમાં ગુણસ્થાનમાં એકાંત પંડિત્વ છે. તે સૂચિત કરવા 'એકાંત' વિશેષણનો પ્રયોગ કર્યો છે.

**એકાંત પંડિતની ગતિ** : જેણે અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શનત્રિક આ સાત કર્મ પ્રકૃતિનો ક્ષય કર્યો હોય અર્થાત્ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યું હોય તથા જે તદ્ભવ મોક્ષગામી હોય, તે આયુષ્યનો બંધ કરતા નથી. તેની એક મોક્ષગતિ થાય છે. જેણે આ સાત પ્રકૃતિનો ક્ષય થયા પૂર્વે જ આયુષ્ય બાંધ્યું હોય અર્થાત્ ક્ષાયોપશમિક સમકિતમાં આયુષ્ય બાંધ્યું હોય તો, તે અવશ્ય વૈમાનિક દેવાયુનો જ બંધ કરે છે. તેથી એકાંત પંડિત મનુષ્યની ક્રમશઃ બે જ ગતિઓ કહી છે– (૧) અંતક્રિયા–મોક્ષ ગતિ (૨) કલ્પોપપત્તિકા [વૈમાનિક દેવગતિ].

**બાલપંડિત** : જે વસ્તુતત્ત્વના યથાર્થ સ્વરૂપને જાણે છે પરંતુ આંશિક રૂપે આચરણ કરે છે, તે બાલપંડિત છે અને તે શ્રાવક હોય છે. બાલપંડિતમાં એક પાંચમું જ ગુણસ્થાન છે. ત્યાં આયુબંધ થાય છે માટે તેની અહીં વિચારણા કરી છે.

**બાલ પંડિતની ગતિ** : બાલપંડિત અર્થાત્ શ્રાવકો સમ્યક્ત્વ અને આંશિક ત્યાગનો પ્રભાવે ત્રણ ગતિનું આયુષ્ય બાંધતા નથી. તે માત્ર વૈમાનિક દેવનું જ આયુષ્ય બાંધે છે.

**મૃગઘાતક આદિને લાગતી ક્રિયા** : જૈનદર્શનમાં કેવળ પ્રાણીવધ કરવો તે જ હિંસા નથી. પરંતુ તેની પૂર્વ તૈયારી રૂપે કાયિક ચેષ્ટા, શસ્ત્રાદિ ભેગા કરવા, જીવ વધ પહેલા જીવોને પીડા કે પરિતાપ આપવો વગેરે જે પૂર્વ પ્રવૃત્તિ થાય તેને પણ હિંસા જ કહેવાય છે.

**પાંચ ક્રિયા** : અહીં હિંસાત્મક પ્રવૃત્તિરૂપ ક્રિયાના પાંચ પ્રકાર કહ્યા છે –

(૧) કાયિકી ક્રિયા – પ્રાણીવધને માટે થતી કાયિક ચેષ્ટા.

(૨) આધિકરણિકી ક્રિયા – શસ્ત્ર પ્રયોગ કરવો કે શસ્ત્ર–સરંજામ ભેગા કરવા.

(૩) પ્રાદ્વેષિકી ક્રિયા – મનમાં તે પ્રાણી પ્રતિ દ્વેષનો ભાવ થવો.

(૪) પારિતાપનિકી ક્રિયા – તે પ્રાણીને શારીરિક કે માનસિક પરિતાપ પહોંચાડવો.

(૫) પ્રાણાતિપાતિકી ક્રિયા – પ્રાણીના પ્રાણનો ઘાત કરવો, તેને પ્રાણાતિપાતિકી ક્રિયા કહે છે.

**હિંસાનું સ્વરૂપ** : મૃગાદિને મારવાના સંકલ્પથી કોઈ કૂટપાશ ગ્રહણ કરે, તેણે મૃગને પકડ્યું નથી, મૃગાદિને માર્યું નથી તો પણ તે હિંસક જ કહેવાય છે. હિંસા એક પરંપરાબદ્ધ પ્રવૃત્તિ છે. માનસિક દ્વેષ, કાયિક ચેષ્ટા અને શસ્ત્ર પ્રયોગ તે સર્વ હિંસાની જ શૃંખલા છે. પરિતાપ અને પ્રાણીવધ ન પણ થયો હોય, તેમ છતાં હિંસા માટે કેવળ કાયિક ચેષ્ટા કરનાર કે માનસિક સંકલ્પ કરનાર પણ હિંસક જ કહેવાય છે, અહિંસક કહેવાતો નથી. તેને લાગતી ક્રિયામાં ભિન્નતા છે.

**કોને કેટલી ક્રિયા?** : કોઈ પણ સકષાયી જીવોને ઓછામાં ઓછી ત્રણ ક્રિયા લાગે છે કારણ કે તેની કાયા સાવદ્યયોગમાં પ્રવૃત્ત હોય છે, તેથી કાયિકી ક્રિયા. તેણે પાપકારી સાધનો થોડે ઘણે અંશે ભેગા કર્યા છે તેથી આધિકરણિકી ક્રિયા. તેનામાં વીતરાગ ભાવ ન હોવાથી રાગદ્વેષ આદિ ભાવ હોય છે, તેથી પ્રાદ્વેષિકી ક્રિયા લાગે છે.

કેવળ કાયિક ચેષ્ટા કરનારને ત્રણ ક્રિયા, પ્રાણીને પરિતાપ પહોંચાડનારને ચાર ક્રિયા અને પ્રાણીવધ કરનારને પાંચ ક્રિયા લાગે છે.

બીજો મહત્ત્વનો પ્રશ્ન એ છે કે એક પુરૂષ મૃગના વધ માટે બાણ ફેંકવાની સંપૂર્ણ તૈયારી સાથે ઊભો છે. તે સ્થિતિમાં કોઈ અન્ય પુરૂષ આવીને તે પુરૂષને મારી નાંખે, તો મરતા પુરૂષના હાથમાંથી બાણ છૂટે અને મૃગ મરી જાય છે. આ પરિસ્થિતિમાં મૃગવધક કોણ? ધનુર્ધર મરનાર પુરૂષ કે પુરૂષ ઘાતક અન્ય પુરૂષ? અહીં તેનું સમાધાન કર્યું છે કે જે પુરૂષે ધનુર્ધરનો ઘાત કર્યો, તેનો

સંકલ્પ મૃગને મારવાનો ન હતો, તેથી તેને મૃગવધક કહી શકાય નહીં,પરંતુ ધનુર્ધર મૃગવધક કહેવાય છે. કારણ કે ધનુર્ધરના બાણ સાથે મૃગવધનો સંકલ્પ જોડાયેલો હતો, તે પુરૂષ બાણને ફેંકવાની સંપૂર્ણ તૈયારીમાં હતો, તેથી 'ક્રિયમાણ કૃત' સિદ્ધાંતને આધારે 'નિસૃજ્યમાણ નિસૃષ્ટ'ના દ્રષ્ટિકોણથી ધનુર્ધર મૃગવધક છે તેમ સિદ્ધ થાય છે.

**अंतो छण्हं मासाणं मरइ** *जाव* **पंचहि किरियाहिं पुट्ठे** : કોઈ પ્રહારના નિમિત્તે ક્યારેક પ્રાણીનું મૃત્યુ તરત જ થાય છે અને ક્યારેક તે પ્રાણીનું મૃત્યુ અમુક સમય પછી થાય છે. જો તેનું મૃત્યુ છ મહિનાની અંદર થાય તો પણ તેના વૈરથી સ્પૃષ્ટ થાય છે અને તેને પ્રાણાતિપાતિકી ક્રિયા પણ લાગે છે પરંતુ જો તે પ્રાણી છ મહીના પછી મરે તો તે પ્રહાર તેના મૃત્યુમાં નિમિત્ત કહી શકાતો નથી. તે સ્થિતિમાં તેને ચાર ક્રિયા લાગે છે. પ્રાણાતિપાતિકી ક્રિયાની છ મહિનાની અવધિનું કથન વ્યવહાર સાપેક્ષ છે. બાણ નિમિત્તે તે જીવ છ મહિનામાં મરે તો બાણ ફેંકનારને પાંચ ક્રિયા લાગે અને છ મહિના પછી મરે તો ચાર ક્રિયા લાગે.

**આસન્નવધક** : આસન્ન એટલે નજીકથી, વધક એટલે મારનાર અર્થાત્ ભાલા, બરછી, તલવાર, છરી વડે પોતાના હાથે અત્યંત નજીક જઈ, પરસ્પર સામસામે આવીને જે કોઈનો ઘાત કરે છે તે આસન્નવધક કહેવાય છે. તે પુરૂષને હિંસાના પાપથી પ્રાણાતિપાતિકી ક્રિયા તો થાય પરંતુ નજીકની વધવૃત્તિના કારણે તે પુરૂષને વૈરાનુબંધ પણ થાય છે. તેથી મરનાર પુરૂષ કાલાંતરમાં તેને મારનાર નીવડે છે.

**અનવકાંક્ષણ વૃત્તિ** : અન્યના પ્રાણની પરવાહ ન કરનારની તીવ્ર માનસવૃત્તિને અનવકાંક્ષણ વૃત્તિ કહે છે. તેવી વૃત્તિથી પણ વૈરાનુબંધ થાય છે. આ સૂત્રમાં પાંચ ક્રિયાનું કથન કર્યા પછી વૈરાનુબંધના બે કારણ કહ્યા છે. ભાલા કે તલવારથી પ્રહાર કરનારમાં તે બંને લક્ષણ હોય છે– (૧) નજીકથી મારવું (૨)

અન્યના પ્રાણોની ઉપેક્ષા કરવી.

**વીર્ય વિચાર** :

સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોમાં વીર્યની વિચારણા કરી છે. આ વિચારણા શારીરિક વીર્યની અપેક્ષાએ છે. કારણ કે પ્રથમ સૂત્રમાં સમુચ્ચય જીવની પૃચ્છા છે. તેમાં સંસારી અને સિદ્ધ એવા જીવના બે ભેદ કરી, સિદ્ધોને અવીર્ય કહ્યા છે. ત્યાર પછી સંસારી જીવો માટે લબ્ધિ અને કરણવીર્યની અપેક્ષાએ કથન કર્યું છે.

**લબ્ધિવીર્ય** = સામર્થ્ય (ક્ષમતા) રૂપ વીર્ય અને **કરણવીર્ય** = સામર્થ્યરૂપ વીર્ય જ્યારે ઉત્થાન, બલ, કર્મ આદિ દ્વારા ક્રિયાત્મક બને ત્યારે તેને કરણવીર્ય કહે છે. સિદ્ધોમાં આ બંને પ્રકારના શારીરિક વીર્ય ન હોવાથી **'सिध्दाणं अवारिया'** તે પ્રમાણે કથન છે.

સંસારી જીવોમાં અપર્યાપ્તા અવસ્થામાં ઉત્થાનાદિ ન હોવાથી, સામર્થ્ય હોવા છતાં વીર્ય ક્રિયાત્મક થતું નથી. તેથી લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય હોય છે. તે જ રીતે શૈલીશી અવસ્થામાં પણ વીર્યનો પ્રયોગ નથી. કારણ કે શૈલેશી અવસ્થામાં કેવળી ભગવાન મન, વચન અને કાયાના યોગોનું રૂંધન કરે છે અને અયોગી બને છે. તેથી ત્યાં પણ લબ્ધિની અપેક્ષાએ સવીર્ય અને કરણવીર્યની અપેક્ષાએ અવીર્ય હોય છે.

આ રીતે નારકાદિ ૨૩ દંડકના જીવોમાં પર્યાપ્તાવસ્થામાં લબ્ધિ અને કરણવીર્યથી સવીર્ય અને અપર્યાપ્તાવસ્થામાં લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય હોય છે. એક મનુષ્યના દંડકમાં અપર્યાપ્તાવસ્થામાં અને શૈલેશી અવસ્થામાં લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય હોય છે. શેષ અવસ્થામાં બંને પ્રકારના વીર્યથી સવીર્ય હોય છે.

# શતક – ૧: ઉદ્દેશક – ૯

# ગુરુત્વ

**(૧) પાપસેવનથી ચાર પ્રકારનું અપ્રશસ્ત ફળ** : (૧) જીવ ભારેકર્મી બને છે. (૨) સંસાર વધારે છે. (૩) કર્મોની સ્થિતિ વધારે છે. (૪) સંસારમાં ભ્રમણ કરે છે.

**(૨) પાપ ત્યાગથી ચાર પ્રકારનુ પ્રશસ્ત ફળ** : (૧) જીવ હળુકર્મી બને છે. (૨) સંસાર સીમિત કરે છે. (૩) કર્મોની સ્થિતિ ઘટાડે છે (૪) સંસારને પાર કરે છે, મુક્ત થાય છે.

**પદાર્થોની ગુરુતા લઘુતા** :

પુદ્ગલ દ્રવ્ય સિવાયના સર્વ દ્રવ્ય અગરૂલઘુ જ છે. પુદ્ગલ દ્રવ્ય ગુરૂ પણ છે અને લઘુ પણ છે. અહીં વ્યવહાર– નયની અપેક્ષાએ ગરૂ, લઘુ, ગરૂલઘુ અને અગુરૂલઘુ તે ચાર વિકલ્પથી પ્રશ્નો પૂછ્યા છે. પરંતુ તેના ઉત્તર બે વિકલ્પથી આપ્યા છે. કોઈ પણ પદાર્થ એકાંતે ગુરૂ કે એકાંતે લઘુ નથી તેથી અંતિમ બે જ વિકલ્પ માન્ય છે અર્થાત્ પદાર્થ ગુરૂલઘુ અથવા અગુરૂલઘુ હોય છે.

**ગુરૂ લઘુ આદિ શબ્દોની વ્યાખ્યા** : (૧) ગુરૂ = જે વસ્તુ ભારે હોય, જે પાણીમાં ડૂબી જાય તે ગુરૂ. જેમ કે પથ્થર. (૨) લઘુ = હળવું. જે વસ્તુ હળવી હોય, પાણીમાં ડૂબે નહીં પણ તરે છે તે લઘુ. જેમ કે લાકડી. (૩) ગુરૂલઘુ = અષ્ટ સ્પર્શવાળા રૂપી પદાર્થ ગુરૂલઘુ કહેવાય છે. જેમ કે બાદર દેખાતા સચિત્ત-અચિત્ત પદાર્થ. (૪) અગુરૂલઘુ = જે ગુરૂ પણ નથી અને લઘુ પણ નથી તે. સર્વ અરૂપી દ્રવ્યો અગુરૂલઘુ છે. જેમ કે આકાશ. તેમજ કાર્મણ વર્ગણાના પુદ્ગલાદિ તથા જે પુદ્ગલો ચતુઃસ્પર્શી છે, તે અગુરૂલઘુ છે.

નિશ્ચયનયથી એકાંત ગુરૂ અથવા એકાંત લઘુ દ્રવ્ય નથી. વ્યવહારનયથી બાદર સ્કંધોમાં [ભારેપણું કે હળવાપણું] છે, અન્ય સ્કંધમાં નથી. ચતુઃસ્પર્શી અને

અરૂપી દ્રવ્યો અગરૂલઘુ છે અને શેષ અષ્ટસ્પર્શી દ્રવ્યો ગરૂલઘુ છે.

**ભાવલઘુતા–** અલ્પેચ્છા, અમૂર્ચ્છા, અનાશક્તિ અને અપ્રતિબદ્ધતા તેમજ ચારે કષાયથી રહિત થવું વગેરે ગુણોથી ભાવલઘુતા પ્રગટ થાય છે અને તે જ શ્રમણ નિર્ગ્રંથો માટે પ્રશસ્ત છે. કારણ કે તેમાં જ તેનો આધ્યાત્મિક વિકાસ છે.

**લાઘવ:** શાસ્ત્ર મર્યાદાથી અલ્પ ઉપધિ રાખવી.

**અલ્પેચ્છા:** આહારાદિની અલ્પ અભિલાષા રાખવી.

**અમૂર્ચ્છા:** પોતાની પાસે રાખેલી ઉપધિમાં મમત્વભાવ [સંરક્ષણાનુબંધ ભાવ] ન રાખવો.

**અગૃદ્ધિ:** આસક્તિનો અભાવ અર્થાત્ ભોજનાદિના પરિભોગ કાલમાં અનાસક્તિ રાખવી.

**અપ્રતિબદ્ધતા:** સ્વજનાદિ અથવા દ્રવ્ય–ક્ષેત્રાદિમાં સ્નેહ અથવા રાગનું બંધન ન રાખવું.

**કાંક્ષાપ્રદોષ ક્ષયથી મુક્તિ** :

જૈન ધર્મ સિવાયના અન્ય મતનો આગ્રહ અથવા આસક્તિને કાંક્ષાપ્રદોષ કહે છે. (ર) કાંક્ષાનો અર્થ રાગ અને પ્રદોષનો અર્થ દ્વેષ થાય છે. તેથી તેનું બીજુ નામ કાંક્ષાપ્રદ્વેષ પણ છે. (૩) પોતાના વિચારોથી વિરૂદ્ધ વાતો પર દ્વેષ થવો તે કાંક્ષાપ્રદ્વેષ છે.

મોહનીય કર્મનો ક્રમશઃ નાશ થતાં જ જીવનો આધ્યાત્મિક વિકાસ થાય છે. સાધકની સમગ્ર સાધનાનો સાર કષાય ત્યાગ છે. સાધક વીતરાગદશા પ્રાપ્ત કરે પછી જ કેવળી બને છે અને કેવળી બન્યા પછી જ તે મુક્ત થાય છે. સંક્ષેપમાં, કાંક્ષાપ્રદોષ–રાગદ્વેષાત્મક વૃત્તિ એટલે મોહકર્મનો નાશ થાય પછી જ સર્વ કર્મોનો અંત થાય છે.

પ્રત્યાખ્યાનાદિ શેષ પાંચે પદ આત્મગુણને પ્રગટ કરે છે. તેથી તે

આત્મસ્વરૂપ જ છે. સામાયિક આદિ છ પદના વ્યવહારની અપેક્ષાએ આ પ્રમાણે અર્થ થાય છે :

**સામાયિક–** શત્રુ મિત્ર પર સમભાવ તે સામાયિક અથવા સર્વ સાવદ્યયોગથી વિરતિ તે સામાયિક છે. નવીન કર્મબંધને રોકવા અને સંચિત કર્મોનો નાશ કરવો તે તેનું પ્રયોજન છે.

**પ્રત્યાખ્યાન–** અનાગત સાવદ્યયોગનો પરિત્યાગ તે પ્રત્યાખ્યાન છે. આશ્રવને રોકવો, તે તેનું પ્રયોજન છે.

**સંયમ–** પૃથ્વીકાયાદિ જીવોની યતના કરવી વગેરે સત્તર પ્રકારનો સંયમ છે અથવા ઈન્દ્રિય અને મનનો નિગ્રહ કરવો તે સંયમ છે.

**સંવર–** આશ્રવનો નિરોધ તે સંવર. સંયમ અને સંવરનું પ્રયોજન આશ્રવનો નિરોધ કરવો તે છે.

**વિવેક–** વિશિષ્ટ બોધ અથવા હેય અને ઉપાદેય તત્ત્વનું પૃથક્કરણ કરવું તે વિવેક છે.

**વ્યુત્સર્ગ–** હેયનો ત્યાગ કરવો તે વ્યુત્સર્ગ છે. વિવેક અને વ્યુત્સર્ગથી પણ સમ્યગ્ બોધ પ્રાપ્ત થાય. ક્રમશઃ દોષનો ત્યાગ કરીને અસંગદશા પ્રગટ થાય છે.

**ગર્હા** – ક્રોધાદિ વિભાવ રૂપ દોષ આત્મામાં હોવા છતાં તેની નિંદા, ગર્હા કરવાથી તે દોષનો નાશ થાય, ક્ષમાદિ આત્મગુણો પ્રગટ થાય છે. ગર્હાથી સંયમની પુષ્ટિ થાય છે. જ્યારે સામાયિક આદિ આત્મગત બની જાય, પરિપક્વ થઈ જાય, ત્યારે આત્મા જ સામાયિક સ્વરૂપ છે, તેમ કહી શકાય. પરંતુ જ્યાં સુધી સામાયિકાદિ અભ્યાસની અવસ્થામાં હોય, તે સ્થિતિમાં ગર્હા દ્વારા તે અભ્યાસને પરિપક્વ કરવો જરૂરી છે. કાયા દ્વારા પાપકર્મનું આચરણ ન કરવું તે પણ ગર્હાનો એક પ્રકાર છે, પ્રત્યાખ્યાનનો પણ તે જ ઉદ્દેશ્ય છે. આ રીતે ગર્હા સંયમ સાધનાનું એક મહત્વપૂર્ણ અંગ છે. તેથી જ અહીં કહ્યું છે કે ગર્હાથી સંયમ પ્રાપ્ત થાય છે,

ઉપચિત-પુષ્ટ થાય છે અને ઉપસ્થિત-ચિરસ્થાયી બને છે.

અપ્રત્યાખ્યાન ક્રિયા અને તદ્જન્ય કર્મબંધનો આધાર અવિરતિના સંસ્કાર કે પરિણામ ઉપર છે, બાહ્ય સાધન સંપન્નતા કે દેશ, વેષના આધારે નથી. રાજા, રંક આદિમાં બાહ્ય પરિસ્થિતિની અસમાનતા હોવા છતાં અવિરતિ ભાવની સમાનતા છે. તેથી તે સર્વને અપ્રત્યાખ્યાન ક્રિયા અને તદ્જન્ય કર્મબંધ સમાન રૂપે થાય છે.

જીવ શ્રદ્ધાપૂર્વક વ્રત-પ્રત્યાખ્યાન ધારણ ન કરે, ત્યાં સુધી અપ્રત્યાખ્યાન ક્રિયા લાગે છે. જ્યારે જીવ એક પણ વ્રત કે નિયમ ધારણ કરે, ત્યારે તે વ્રતી બની જાય છે. ત્યાર પછી અપ્રત્યાખ્યાન ક્રિયા લાગતી નથી. દેશવિરતિ શ્રાવક પોતાની શક્તિ પ્રમાણે એક પણ વ્રત ગ્રહણ કરે પરંતુ તેના અંતરમાં અવ્રતના પરિણામ રહેતા નથી. તેથી જ દેશવિરતિ કે સર્વવિરતિને અપ્રત્યાખ્યાન ક્રિયા લાગતી નથી. તેથી પ્રસ્તુત ક્રિયાથી અને તદ્જન્ય કર્મબંધથી દૂર રહેવા પ્રત્યેક જીવે વ્રત-પ્રત્યાખ્યાન ગ્રહણ કરવા જોઈએ.

**સદોષ અને નિર્દોષ આહાર સેવનનું ફળ** :

આધાકર્મ આદિ દોષયુક્ત આહાર સેવનનું ફળ સંસાર પરિભ્રમણ અને પ્રાસુક તેમજ એષણીય આહારના ઉપભોગનું ફળ સંસાર સાગરને તરી જવો તે છે. આધાકર્મ દોષયુક્ત આહારનું સેવન કરનાર સાધકના અંતરમાં જીવો પ્રત્યેની અનુકંપાનો ભાવ ધીરે ધીરે દૂર થતો જાય છે. તેથી છકાયની દયારૂપ સંયમધર્મ-આત્મધર્મનો જ ઘાત થાય છે અને નિર્દોષ આહાર સેવન કરનાર સાધક જીવદયા રૂપ સંયમધર્મ અને આત્મધર્મનું પાલન કરે છે. દોષ સેવનથી સંયમની વિરાધના થાય છે અને દોષના ત્યાગથી સંયમની આરાધના થાય છે. આરાધના કરનાર સંસાર અટવીને પાર કરી જાય છે અને વિરાધના કરનાર સંસાર અટવીમાં ભ્રમણ કરે છે.

અન્ય સૂત્રોમાં આધાકર્મી આહારાદિના સેવનથી થતાં કર્મબંધનમાં વિકલ્પ

કહ્યો છે. કોઈ શ્રમણ પરિસ્થિતિવશ, આધાકર્મી આહારનું સેવન કરે અને શુદ્ધ ભાવથી તેની આલોચનાદિ કરી લે, તો તે ગાઢ કર્મ બંધ કરતો નથી. પરંતુ જે શ્રમણ પ્રમાદવશ, સંયમભાવની શિથિલતાથી દોષયુક્ત આહારનું સેવન કરે અને તેની આલોચનાદિ પણ ન કરે, તે ગાઢ કર્મબંધ કરે છે અને ભવભ્રમણ વધારે છે.

**बंधइ**: આ પદ પ્રકૃતિબંધની અપેક્ષાએ અથવા સ્પૃષ્ટ બંધની અપેક્ષાએ છે.

**पकरेइ**: આ પદ સ્થિતિબંધની અપેક્ષાએ અથવા બદ્ધ અવસ્થાની અપેક્ષાએ છે.

**चिणाइ**: આ પદ અનુભાગબંધની અપેક્ષાએ અથવા નિધત્ત અવસ્થાની અપેક્ષાએ છે.

**उवचिणाइ** : આ પદ પ્રદેશબંધની અપેક્ષાએ અથવા નિકાચિત અવસ્થાની અપેક્ષાએ છે.

સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત કર્મબંધની આ ચાર અવસ્થાને સમજાવવા માટે સોયના પુંજનું દ્રષ્ટાંત છે :

**સ્પૃષ્ટ** : એક સાથે બીજી એમ ઉપરા ઉપર અનેક સોયને ભેગી રાખી હોય તો તે પૂંજ ધક્કો લાગતાં જ વિખેરાઈ જાય છે. એ જ રીતે જે કર્મ અલ્પ પ્રયત્નથી જ નિર્જીર્ણ થાય તે 'સ્પૃષ્ટ કર્મબંધ' છે.

**બદ્ધ** : તે જ સોયના પૂંજને કોઈ દોરાથી બાંધી દે, તો તેને ધક્કો લાગતા જ તે વિખેરાતી નથી. તેને છોડવા વિશેષ પ્રકારનો પ્રયત્ન કરવો પડે છે. તે જ રીતે જે કર્મ થોડા વિશેષ પ્રકારના પ્રયત્નથી દૂર થાય તે 'બદ્ધ કર્મબંધ' છે.

**નિધત્ત** : તે જ સોયના પૂંજને કોઈ લોખંડના તારથી અત્યંત કસીને બાંધે, તો તે સોય કોઈ વિશિષ્ટતર પ્રયત્નથી જ છૂટી પડે છે, તે જ રીતે જે કર્મ વિશિષ્ટ પ્રયત્નથી જ નિર્જીણ થાય તે 'નિધત્ત કર્મબંધ' છે.

**નિકાચિત** : તે જ સોયના પૂંજને ગરમ કરીને ઘનીભૂત કરે, તો તે સોય પરસ્પર એકમેક થઈ જાય છે પછી તેનું વિખેરાવું શક્ય નથી. તે જ રીતે જે કર્મ કોઈ પણ પ્રકારના પ્રયત્નથી પરિવર્તિત થતાં નથી, જે પ્રકારે બાંધ્યાં છે તે પ્રકારે ભોગવ્યા પછી જ છૂટે છે તેને 'નિકાચિત બંધ' કહે છે.

**અસ્થિર આત્મામાં પરિવર્તન** :

દ્રઢ મનોબળી સાધકનું ચિત્ત સંયમ ભાવમાં સ્થિર હોય છે, તે દોષ સેવન રૂપ અસ્થિરતા કે વ્રત ભંગ કરતા નથી. અસ્થિર આત્મા જ દોષ સેવન કરી વ્રત ભંગ કરે છે. તેથી જ કહ્યું છે કે અસ્થિર આત્મા સંસાર ભ્રમણ કરે છે અને સ્થિર આત્મા સંસાર ભ્રમણ કરતા નથી.

આત્મા શાશ્વત છે અર્થાત્ બાલ અને પંડિત જીવ શાશ્વત છે. બાલભાવ અને પંડિતભાવ અશાશ્વત છે. તેમાં કર્મજન્ય જે જે ભાવો ઉત્પન્ન થાય છે તે તે પરિવર્તનશીલ છે. તેથી તે અશાશ્વત છે. અહીં પ્રશ્ન થાય કે સર્વ આત્મા સમાન છે, નિત્ય છે. તેમાં આ પરિવર્તન શા માટે? તેના સમાધાનમાં કહ્યું છે કે આત્મા દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે તેથી બાલઆત્મા અને પંડિતઆત્મા તો શાશ્વત છે પરંતુ તેના પર્યાયો પંડિતત્વ = પંડિતભાવ, સંયમભાવ એ શાશ્વત નથી. તેમ જ બાલભાવ પણ શાશ્વત નથી. જીવના તે ભાવોમાં મોહકર્મના ઉદય કે ક્ષયથી અને અન્ય નિમિત્તોથી પરિવર્તન થતું રહે છે. તેથી અસ્થિર આત્માઓમાં ભાવોનું પરિવર્તન થાય છે. તે આધાકર્મી આદિ દોષસેવન કરી સંસાર પરિભ્રમણ કરે છે.

જીવનો પંડિતભાવ કે બાલભાવ શાશ્વત નથી, તેમ સમજી જે સાધક પોતાના આત્માને પંડિતભાવમાં સ્થિર કરી સંયમ અને વ્રતનો ભંગ ન કરતાં તેમાં સ્થિર રહી આરાધના કરે, તે સંસાર ભ્રમણ કરતા નથી. તે સંસાર સાગરને તરી જાય છે.

આ રીતે અહીં સ્થિર અને અસ્થિર ચિત વૃત્તિવાળા સાધકની દશાનું દર્શન કરાવી સાધકને ચિત્ત વૃત્તિને સ્થિર બનાવવાની પવિત્ર પ્રેરણા આપી છે.

# શતક – ૧: ઉદ્દેશક – ૧૦

# ચલના

(૧) ચલાયમાન કર્મો તે જ ક્ષણમાં ચલિત ન થાય, તો દ્વિતીયાદિ સમયોમાં પણ અચલિત રહેશે. અને પછી કોઈ પણ સમયમાં તે કર્મ ચલિત થશે નહિ. તેથી ચલાયમાન ચલિત છે.

(૨) બે પરમાણુ સૂક્ષ્મ અને સ્નિગ્ધતા રહિત હોવાથી પરસ્પર ચીપકીને સ્કંધરૂપે પરિણમન પામતા નથી, તે કથન પણ અયુક્ત છે, કારણ કે પ્રત્યેક પરમાણુમાં સ્નિગ્ધતા, રૂક્ષતા આદિ ગુણ હોય છે. તેથી બે પરમાણુ પણ પરસ્પર જોડાઈને દ્વિપ્રદેશી સ્કંધરૂપે પરિણમે છે તેમ માનવું યુક્તિયુક્ત છે.

(૩) ત્રણ પરમાણુ પુદ્‌ગલના બે વિભાગ–દોઢ દોઢ પરમાણુ રૂપે માનવું, તે પણ યથાર્થ નથી, કારણ કે પરમાણુના બે વિભાગ થતાં નથી અને જો બે ભાગ થાય છે તો તે પરમાણુ નથી.

(૪) પરસ્પર મળેલા–સ્કંધરૂપે પરિણત થયેલા પાંચ પરમાણુ પુદ્‌ગલ કર્મરૂપ [દુઃખરૂપ] હોય છે. આ કથન પણ અસંગત છે, કારણ કે કર્મ અનંત પરમાણુરૂપ હોવાથી અનંત પ્રદેશી, અનંત સ્કંધરૂપ છે અને પાંચ પરમાણુ તો માત્ર સ્કંધરૂપ જ છે. દુઃખ સ્વતઃ સ્વભાવથી જ ઉત્પન્ન થતું નથી. પરંતુ ઉત્પન્ન કરવાથી થાય છે, ઉત્પન્ન કર્યા વિના થતું નથી. માટે પાંચ પરમાણુ પુદ્‌ગલ સ્વતઃ દુઃખરૂપ બની જતા નથી.

(૫) કર્મ [દુઃખ]ને શાશ્વત માનવું તે પણ ઠીક નથી. કારણ કે કર્મને જો શાશ્વત માનીએ તો કર્મનો ક્ષયોપશમ, ક્ષય આદિ ન થવાથી જ્ઞાનાદિની હાનિ, વૃદ્ધિ થશે નહિ પરંતુ જ્ઞાનાદિની હાનિ–વૃદ્ધિ લોકમાં પ્રત્યક્ષ સિદ્ધ છે. તેથી કર્મ [દુઃખ] શાશ્વત નથી.

(૬) તેમજ કર્મ [દુઃખ] ચયને પ્રાપ્ત થાય છે, કર્મ નષ્ટ થાય છે, આ કથન પણ કર્મને શાશ્વત માનવા પર ઘટિત થશે નહીં.

(૭) ભાષાના કારણભૂત હોવાથી બોલતા પહેલાની ભાષા, ભાષા છે, આ કથન અયુક્ત છે. તેમજ બોલતા સમયની ભાષાને અભાષા કહેવાનો અર્થ એ થાય કે, વર્તમાનકાળ વ્યવહારનો અંગ નથી. આ કથન પણ મિથ્યા છે. કારણ કે વિદ્યમાનરૂપ વર્તમાનકાળ જ વ્યવહારનું અંગ છે. ભૂતકાળ નષ્ટ થઈ ગયેલો હોવાથી અને ભવિષ્ય અસદ્‌રૂપ હોવાથી અવિદ્યમાનરૂપ છે, તેથી તે બંને કાળ વ્યવહારના અંગ નથી.

(૮) બોલતા પહેલાની ભાષાને ભાષા માનીને પણ તેને, ન બોલતા પુરૂષની ભાષા માનીએ તો તે અત્યંત વિરૂદ્ધ છે. કારણ કે, અભાષકની ભાષાને જ ભાષા માનીએ તો સિદ્ધ ભગવાનને અથવા જડ પદાર્થને ભાષાની પ્રાપ્તિ થશે અને જે ભાષક છે તેની ભાષા માની શકાશે નહીં.

(૯) કરાતી ક્રિયા દુઃખરૂપ (કર્મબંધ રૂપ) ન બતાવતા પૂર્વની ક્રિયા અથવા પછીની ક્રિયાને દુઃખરૂપ (કર્મબંધ રૂપ) બતાવવી તે પણ અનુભવ વિરૂદ્ધ છે. કારણ કે કરતા સમયની જ ક્રિયા સુખરૂપ અથવા દુઃખરૂપ (શુભાશુભ કર્મબંધ રૂપ) હોય છે. કરતા પહેલાં કે પછી ક્રિયા સુખરૂપ કે દુઃખરૂપ શુભાશુભ કર્મબંધ રૂપ હોતી નથી.

**ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા** :

**ઐર્યાપથિક** : જે ક્રિયામાં કેવળ યોગ જ નિમિત્ત હોય, તેવી કષાયરહિત–વીતરાગી પુરૂષની ક્રિયા.

**સાંપરાયિકી** : જે ક્રિયામાં યોગ નિમિત્ત હોવા છતાં પણ કષાયની પ્રધાનતા હોય, એવી સકષાયી જીવની ક્રિયા. સાંપરાયિક ક્રિયા સંસાર પરિભ્રમણનું કારણ છે. ૨૫ ક્રિયાઓમાંથી ૨૪ ક્રિયાઓ સાંપરાયિકી છે અને એક જ ઐર્યાપથિકી છે.

**એક જીવ દ્વારા એક સમયમાં બે ક્રિયાઓ શક્ય નથી** : જીવ જ્યારે કષાયયુક્ત હોય છે ત્યારે કષાયરહિત હોતો નથી અને જ્યારે કષાયરહિત હોય છે ત્યારે સકષાયી હોય તે સંભવિત નથી. દશમાં ગુણસ્થાન સુધી સકષાયદશા છે. તેથી ઉપરના ગુણસ્થાનમાં અકષાય–અવસ્થા છે. ઐર્યાપથિકી ક્રિયા અકષાયવસ્થાની છે અને સાંપરાયિકી ક્રિયા કષાયવસ્થાની છે. તેથી એક જ જીવમાં, એક સમયે આ બંને ક્રિયાઓ શક્ય નથી.

# શતક – ૨: ઉદ્દેશક – ૧

# ઉશ્વાસ-સ્કંદક

પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોના શ્વાસોચ્છ્વાસ મનુષ્યાદિની જેમ દ્રષ્ટિગોચર થતા નથી અને તે જીવોને નાક અને મુખ પણ હોતા નથી. તેથી અહીં તદ્ વિષયક જિજ્ઞાસા પ્રગટ કરી છે.

તેનું સમાધાન છે કે પૃથ્વીકાયાદિ સ્થાવર જીવો પણ બાહ્ય અને આભ્યંતર શ્વાસ લે છે અને છોડે છે. તાત્પર્ય એ છે કે તે એકેન્દ્રિય જીવો શરીરના રોમરાયથી શ્વાસ લે છે.

**किण्णं (कस्य) :** કયા પુદ્ગલો શ્વાસોચ્છ્વાસ લે છે અર્થાત્ એકેન્દ્રિય જીવનો શ્વાસોચ્છ્વાસ કેવો હોય છે? તેના સમાધાનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી શ્વાસોચ્છ્વાસ યોગ્ય બાદર પુદ્ગલોનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે અને પ્રજ્ઞાપના સૂત્રના ૨૮મા પદના આહાર સંબંધી વર્ણનની સમાન સમજવાનું સૂચન કર્યું છે. તાત્પર્ય એ છે કે દરેક જીવ વર્ણ આદિ વીસ બોલયુક્ત અષ્ટ સ્પર્શી પુદ્ગલોનો શ્વાસોચ્છ્વાસ લે છે.

**વ્યાઘાત-અવ્યાઘાત :** એકેન્દ્રિય જીવ લોકના અંત ભાગમાં પણ હોય છે, ત્યાં તેને અલોક દ્વારા વ્યાઘાત થાય છે. તેથી તે ત્રણ, ચાર અથવા પાંચ દિશામાંથી શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે છે. પરંતુ વ્યાઘાત રહિત જીવ (નૈરયિકાદિ સર્વ ત્રસ જીવો) ત્રસ નાડીની અંદર જ હોય છે. તેને વ્યાઘાત ન હોવાથી તે છ દિશાઓમાંથી શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરી શકે છે. લોકના અંતે રહેલા જીવોને એક, બે કે ત્રણ દિશામાં અલોક હોય તો તે જીવ અલોકની દિશામાંથી શ્વાસોચ્છ્વાસ કે આહાર આદિના પુદ્ગલ ગ્રહણ કરતા નથી કારણ કે અલોકમાં કોઈ પુદ્ગલ હોતા નથી, માત્ર આકાશ જ હોય છે.

**વાયુકાયનો શ્વાસોચ્છ્વાસ** : પ્રત્યેક પ્રાણી વાયુ–હવાનો શ્વાસોચ્છ્વાસ લે છે. આ સ્થૂલ દ્રષ્ટિ છે અને શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલોને શ્વાસોચ્છ્વાસ રૂપે લે છે, આ પારમાર્થિક દ્રષ્ટિ છે. અહીં સ્થૂલ દ્રષ્ટિથી કથન છે. કારણ કે વ્યવહારથી કહેવાય છે કે સર્વ જીવો વાયુના–શ્વાસોચ્છ્વાસના આધારે જીવે છે. વિશેષ દ્રષ્ટિએ તે વાયુને વૈજ્ઞાનિકો આક્સિજન કહે છે તેને બીજા શબ્દોમાં પ્રાણવાયુ પણ કહેવાય છે. જૈન સિદ્ધાંત તેને શ્વાસોચ્છ્વાસ વર્ગણા કહે છે. આ વાયુ અચિત્ત વાયુ છે. તાત્પર્ય એ છે કે વાયુકાય આદિ ૨૪ દંડકના પ્રત્યેક જીવો શ્વાસોચ્છ્વાસ વર્ગણાને શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે.

**વાયુકાયના શ્વાસોચ્છ્વાસ-સંબંધી શંકા-સમાધાનઃ** વાયુકાય જીવોના શ્વાસોચ્છ્વાસ વાયુરૂપ હોય છે. તેથી વાયુકાયથી અતિરિક્ત પૃથ્વી, જલ, તેજ અને વનસ્પતિ તો વાયુકાયને શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે, પરંતુ વાયુકાય, સ્વયં વાયુરૂપ છે તો તેને શ્વાસોચ્છ્વાસના રૂપમાં શું બીજા વાયુની આવશ્યક્તા રહે છે?

'વાયુકાય વાયુકાયનો શ્વાસ લે છે.' પરંતુ શ્વાસરૂપમાં ગ્રહણ કરાતો વાયુ અચિત્ત છે અર્થાત્ તે શ્વાસોચ્છ્વાસ યોગ્ય પૌદ્ગલિક વર્ગણા છે. એક વાયુકાયના જીવ બીજા વાયુના જીવને શ્વાસરૂપે ગ્રહણ કરતા નથી. 'વાયુકાય' શબ્દનો પ્રયોગ બે અર્થમાં થાય છે. (૧) પાંચ સ્થાવરમાં ચોથી કાય, વાયુરૂપ જીવોનો સમૂહ (૨) ઉચ્છ્વાસ–નિઃશ્વાસરૂપ,

શ્વાસોચ્છ્વાસ વર્ગણારૂપ અચિત્ત વાયુ.

**લોક સાંત છે કે અનંત? :**

**(૧) લોક સાંત પણ છે અને અનંત પણ છે** : દ્રવ્યથી એક અને ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાત્મક હોવાથી સાંત છે અને કાળથી તેનું ત્રૈકાલિક અસ્તિત્વ હોવાથી અને ભાવથી તેની વર્ણાદિ અનંત પર્યાયો હોવાથી અનંત છે. લોક જીવ અને અજીવ

દ્રવ્યોથી યુક્ત છે. **लोक्यते इति लोकः** જે દેખાય છે તે લોક. તે વ્યુત્પત્તિ અનુસાર 'લોક' શબ્દનો અર્થ પુદ્ગલ દ્રવ્ય થાય. પુદ્ગલ એક દ્રવ્ય જ રૂપી છે અને તે દેખાય છે. તેથી જ ભાવલોકમાં પુદ્ગલની વર્ણાદિ પર્યાયનું કથન કર્યું છે.

**(૨) જીવ સાંત છે અને અનંત પણ છે** : પૂર્વવત્ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત તથા કાલ અને ભાવથી અનંત છે. અહીં ભાવથી જીવમાં જ્ઞાનાદિ અનંત પર્યાય છે.

**(3) સિદ્ધિ સાંત છે અને અનંતપણ છે** : અહીં સિદ્ધિનો અર્થ સિદ્ધાલય કર્યો છે. તે ઈષદ્પ્રાગ્ભારા નામની આઠમી પૃથ્વી છે, તે પણ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત અને કાલ અને ભાવથી અનંત છે.

**(૪) સિદ્ધ સાંત છે અને અનંત પણ છે** : દ્રવ્યની અપેક્ષાએ સિદ્ધ એક છે. આ સિદ્ધાંત મુક્તાત્માના સ્વતંત્ર અસ્તિત્વનો પ્રતિપાદક છે. અનંત જીવ સિદ્ધ થઈ ગયા છે, તે અપેક્ષાએ સિદ્ધ અનંત છે. પરંતુ અહીં એક સિદ્ધની વિવક્ષા છે.

(૫) બાલમરણથી મૃત્યુ પામતા જીવ સંસારને વધારે છે અને પંડિતમરણથી મરતા જીવ સંસારનો અંત કરી શકે છે.

પ્રભુએ બંને પ્રકારના મરણ અને તેના પરિણામની અનેકાંત દૃષ્ટિકોણથી સમીક્ષા કરી છે. કોઈ પણ જીવ જીવન જીવવામાં સ્વતંત્ર છે. તે જ રીતે મૃત્યુને માટે પણ તેની સ્વતંત્રતા છે. આ સ્વતંત્રતાનો સદુપયોગ અને દુરુપયોગ બંને થઈ શકે છે. બાલમરણ તે સ્વતંત્રતાનો દુરુપયોગ છે. કષાયાદિના આવેશથી વ્યક્તિ કોઈ પણ પ્રકારે આત્મહત્યા કરે, તે બાલમરણ છે. આ મરણમાં કષાયની તીવ્ર પરંપરા હોવાથી વ્યક્તિ જન્મમરણની પરંપરાને વધારે છે.

પંડિત મરણના બે પ્રકાર છે :

**(૧) પાદપોપગમન** : પાદપ–વૃક્ષ. ચારે પ્રકારના આહારનો જીવન પર્યંત ત્યાગ કરીને, વૃક્ષની જેમ નિશ્ચેષ્ટ અર્થાત્ સર્વ પ્રકારની યૌગિક ચેષ્ટાઓથી

રહિત બનીને, મૃત્યુ પર્યંત આત્મભાવમાં લીન બની જવું તેને પાદપોગમન કહે છે. તેમાં શરીર સંસ્કાર, સેવા–શુશ્રૂષા આદિ કોઈ પણ પ્રતિકર્મ નથી. તેથી તેને અપ્રતિકર્મ કહે છે.

**(૨) ભક્ત પ્રત્યાખ્યાન** : જીવન પર્યંત ત્રણ અથવા ચારે આહારનો ત્યાગ કરીને, આત્મભાવમાં રહેવું તે ભક્ત પ્રત્યાખ્યાન છે. તેમાં શારીરિક હલન–ચલન, આવશ્યક્તાનુસાર સેવા–શુશ્રૂષા આદિની છૂટ હોય છે. તેથી તેને સપ્રતિકર્મ કહે છે. પંડિતમરણમાં ઈંગિત મરણનો પણ ઉલ્લેખ છે. પરંતુ તેનો સમાવેશ ભક્ત પ્રત્યાખ્યાનમાં થઈ જાય છે.

બંને પ્રકારના મરણના નીહારિમ અને અનીહારિમ તેવા બે ભેદ થાય છે :

**णीहारिमः** જેના શરીરનું નીહરણ (અગ્નિસંસ્કાર) થાય તે નીહારિમ અર્થાત્ સાધક જે સ્થાનમાં– (ઉપાશ્રયમાં) મરણ પામે–શરીર છોડે, તે સ્થાનથી અન્યત્ર લઈ જઈને જેના મૃત શરીરની અંતિમ વિધિ કરાય છે તેને નીહારિમ કહે છે.

**अणीहारिम:** જેના શરીરનું નીહરણ (અગ્નિસંસ્કાર) ન થાય અર્થાત્ સાધક જે સ્થાનમાં (જંગલ આદિમાં) શરીર છોડે, તે જ સ્થાનમાં તેના મૃતદેહને છોડી દેવાય. જેના મૃતદેહની કોઈ અંતિમ વિધિ કરવામાં આવતી નથી તેને અનીહારિમ કહે છે.

**બાર ભિક્ષુ પ્રતિમા** : આ પ્રતિમાઓનું પાલન નિરંતર શીત અને ગ્રીષ્મ કાલના આઠ માસમાં જ કરાય છે. ચાતુર્માસમાં પ્રતિમાનું પાલન થતું નથી અથવા પૂર્વની પ્રતિમાઓના એક, બે માસ પણ ત્યાર પછીની પ્રતિમામાં સમ્મિલત થઈ જાય છે. તેથી દ્વિમાસિકી, ત્રિમાસિકી તે પ્રકારે કથન કરાય છે અથવા પ્રત્યેક પ્રતિમાનો સમય એક માસનો જ છે, પરંતુ પ્રત્યેક પ્રતિમામાં આહારની દત્તિઓની વૃદ્ધિના કારણે ક્રમશઃ દ્વિમાસિકી, ત્રિમાસિકી આ પ્રકારે કથન કરાય છે.

**અહોરાત્રિ** : અગિયારમી પ્રતિમા અહોરાત્ર–આઠ પ્રહરની છે અને બારમી પ્રતિમા એક રાત્રિ–ચાર પ્રહરની છે. અગિયારમી અને બારમી પ્રતિમાની આરાધના છઠ અને અઠમતપ પૂર્વક કરાય છે. આ રીતે તેનું તપ ક્રમશઃ બે દિવસ અને ત્રણ દિવસનું છે. પરંતુ તેમાં કાયોત્સર્ગ ક્રમશઃ અહોરાત્ર અને એક રાત્રિ પર્યંત જ કરવાનો હોય છે. આ કાયોત્સર્ગના કાલમાનની મુખ્યતાએ તેના નામ અહોરાત્રિની અને એક રાત્રિની છે તે સાર્થક છે.

**ભિક્ષુ પ્રતિમાના આરાધકની યોગ્યતા** : સુદ્રઢ સંઘયણ સંપન્ન, ધૃતિસંપન્ન, શક્તિસંપન્ન, વિશિષ્ટ શ્રુતજ્ઞાનના ધારક જ પ્રતિમાનું આરાધન કરી શકે છે.

**જ્ઞાન સંપદા** : જઘન્ય નવમાં પૂર્વની ત્રીજી આચાર વસ્તુ અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન દશપૂર્વનું શ્રુતજ્ઞાન હોવું આવશ્યક છે.

**પ્રતિમાના આરાધકનો જીવન વ્યવહાર** : તે શરીર સંસ્કારનો અને દેહાસક્તિનો ત્યાગ કરીને, અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને સમભાવથી સહન કરે છે. પરિચિત સ્થાનમાં એક રાત્રિ અને અપરિચિત સ્થાનમાં બે રાત્રિ રહે છે. તેથી વધુ રહે નહીં.

**ભાષા** : તે ચાર પ્રકારની ભાષા બોલી શકે છે– યાચની, પૃચ્છની, અનુજ્ઞાપની–સ્થાનાદિની આજ્ઞા લેવા માટેની અને પૃષ્ટ વ્યાકરણી–પ્રશ્નોના ઉત્તર આપવા માટેની.

**સ્થાન** : તે ઉપાશ્રય સિવાય મુખ્યતયા ત્રણ સ્થાનમાં નિવાસ કરે છે - (૧) આરામગૃહ – જેની ચારે તરફ બગીચા હોય (૨) વિકટગૃહ – જે ચારે તરફ ખુલ્લું પરંતુ ઉપરથી આચ્છાદિત હોય (૩) વૃક્ષમૂલગૃહ.

**સંસ્તારક** : તે ત્રણ પ્રકારના સંસ્તારક ગ્રહણ કરી શકે છે - પૃથ્વીશિલા, કાષ્ઠશિલા અને દર્ભનો સંસ્તારક. અધિકતર સમય સ્વાધ્યાય અને ધ્યાનમાં જ વ્યતીત કરે છે. તે શરીરની સુખાકારી માટે સ્થાનાંતર કરતા નથી.

**ગૌચરીની વિધિ** : તે પ્રાયઃ અજ્ઞાતકુલમાંથી અને આચારાંગ અને દશવૈકાલિક સૂત્રમાં નિર્દિષ્ટ વિધિ અનુસાર એષણીય અને નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરે છે.

**ગુણરત્ન સંવત્સર તપ** : જે તપમાં ગુણરૂપી રત્નો સહિત સંપૂર્ણ વર્ષ વ્યતીત થાય તે ગુણરત્ન સંવત્સર તપ છે. અથવા જે તપ કરવાથી ૧૬ માસ પર્યંત એક જ પ્રકારની નિર્જરારૂપ વિશેષ ગુણની રચના થાય તે ગુણરત્ન સંવત્સર તપ છે. આ તપશ્ચર્યામાં ૧૬ મહિના થાય છે. જેમાં ૪૦૭ દિવસ ઉપવાસનાઅને ૭૩ દિવસ પારણાના હોય છે.

# શતક – ૨: ઉદ્દેશક – ૨

# સમુદ્ઘાત

**સમુદ્‌ઘાત વર્ણન** :

**સમુદ્‌ઘાત** : (૧) વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મપ્રદેશોનું બહાર પ્રક્ષેપણ કરવું તે ક્રિયાને સમુદ્‌ઘાત કહે છે અથવા (૨) સમ = એકી સાથે, ઉદ્ = ઉત્કૃષ્ટપણે, ઘાત = કર્મોનો ઘાત. જે ક્રિયામાં એકી સાથે ઉત્કૃષ્ટપણે કર્મોનો ઘાત–નિર્જરા થાય તે ક્રિયાને સમુદ્‌ઘાત કહે છે.

**આત્મા સમુદ્‌ઘાત શા માટે કરે છે?** જેમ કોઈ પક્ષીની પાંખો પર અત્યંત ધૂળ છવાઈ ગઈ હોય ત્યારે તે પક્ષી પોતાની પાંખ ફેલાવી [ફફડાવી] ને તેના પર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે છે તેમ આત્મા પણ બદ્ધ કર્મના અણુઓને ખંખેરવા માટે સમુદ્‌ઘાત નામની ક્રિયા કરે છે. આત્મા અસંખ્ય પ્રદેશી હોવા છતાં પણ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું તેનું શરીર પરિમિત હોય છે. આત્મપ્રદેશોમાં સંકોચ–વિસ્તારનો ગુણ હોવાથી આત્મપ્રદેશો પોતાને મળેલા શરીર અનુસાર વ્યાપ્ત થઈ શકે છે. તેમ છતાં કેટલીક વાર, કેટલાક કારણોથી આત્મા પોતાના પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે અને પાછા સંકોચી લે છે. આ ક્રિયાને જ જૈન પરિભાષામાં સમુદ્‌ઘાત કહે છે. સમુદ્‌ઘાત સાત છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) વેદના સમુદ્‌ઘાત** : વેદનાના નિમિત્તે જે સમુદ્‌ઘાત થાય તેને વેદના સમુદ્‌ઘાત કહે છે. તે અશાતાવેદનીય કર્મજન્ય છે. તાત્પર્ય એ છે કે જ્યારે જીવ વેદનાથી અત્યંત પીડિત થાય ત્યારે તે અનંતાનંત[અશાતાવેદનીય] કર્મ સ્કંધોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને શરીરની બહારના ભાગમાં ફેલાવે છે, તે મુખ, ઉદર આદિ પોલાણને તથા કાન અને ખંભાની વચ્ચેના અંતરાલોને

ભરી દઈને, લંબાઈ અને પહોળાઈમાં શરીર પરિમિત ક્ષેત્રમાં વ્યાપ્ત થાય છે. જીવ એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં રહે છે. તે અંતર્મુહૂર્તમાં અશાતાવેદનીય કર્મના પ્રચુર પુદ્‌ગલોને ઉદીરણાથી ખેંચીને ઉદયાવલિકામાં લાવીને વેદે છે, આ રીતે કર્મપુદ્‌ગલોને આત્મપ્રદેશો પરથી ખંખેરી નાંખે છે, નિર્જરા કરે છે. આ ક્રિયાનું નામ વેદના સમુદ્‌ઘાત છે.

**(૨) કષાય સમુદ્‌ઘાત** : ક્રોધાદિ કષાયના કારણે થતા સમુદ્‌ઘાતને કષાય સમુદ્‌ઘાત કહે છે. તે મોહનીય કર્મને આશ્રિત છે અથવા તીવ્ર કષાયના ઉદયમાં જીવ જ્યારે ક્રોધાદિયુક્ત બને છે ત્યારે પોતાના આત્મપ્રદેશોને બહાર ફેલાવીને, મુખ, ઉદર આદિ શરીરગત પોલાણ, કાન અને ખંભાની વચ્ચેના ભાગને આત્મપ્રદેશોથી ભરી દઈને, શરીર પ્રમાણ લાંબા–પહોળાં ક્ષેત્રમાં વ્યાપ્ત થઈને અંતર્મુહૂર્ત પર્યંત સ્થિત રહે છે. તેટલા સમયમાં પ્રચુર કષાય મોહનીય કર્મના પુદ્‌ગલોને પોતાના આત્મપ્રદેશો પરથી ખંખેરી નાંખે છે, નિર્જરા કરે છે, આ ક્રિયા કષાય સમુદ્‌ઘાત છે.

**(૩) મારણાંતિક સમુદ્‌ઘાત** : મૃત્યુ સમયે, આયુષ્યકર્મને આશ્રિત જે સમુદ્‌ ઘાત થાય તેને મારણાન્તિક સમુદ્‌ઘાત કહે છે. આયુષ્યકર્મ ભોગવતાં ભોગવતાં જ્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ શેષ રહે ત્યારે જીવ પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢે અને મુખ, ઉદર વગેરે પોલાણ તથા કાન અને ખંભાની વચ્ચેના આકાશ પ્રદેશો પર તે આત્મપ્રદેશને ફેલાવી પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત્મો ભાગ અને ઉત્કૃષ્ટ એક જ દિશામાં ઉત્પત્તિ સ્થાન સુધી અસંખ્યાત યોજનમાં વ્યાપ્ત થઈને, અંતર્મુહૂર્ત સુધી તે જ અવસ્થામાં સ્થિત રહે છે. તે સમયે આયુષ્ય કર્મના પ્રચુર–પુદ્‌ગલોને પોતાના આત્મપ્રદેશો પરથી ખંખેરીને, આયુષ્યકર્મની નિર્જરા કરે છે. આ ક્રિયાને મારણાન્તિક સમુદ્‌ઘાત કહે છે.

**(૪) વૈક્રિય સમુદ્‌ઘાત** : વિક્રિયા–શરીર બનાવવાના પ્રારંભ સમયે વૈક્રિય

શરીર નામકર્મને આશ્રિત જે સમુદ્ઘાત થાય તેને વૈક્રિય સમુદ્ઘાત કહે છે.

વૈક્રિય લબ્ધિસંપન્ન જીવ પોતાના જીર્ણ શરીરને પુષ્ટ અને સુંદર બનાવવા માટે અથવા વિવિધ રૂપોની વિકુર્વણા કરવા માટે પોતાના આત્મપ્રદેશોને એક દંડના આકારે બહાર કાઢે છે. તે દંડની પહોળાઈ અને જાડાઈ શરીર પ્રમાણ અને લંબાઈ સંખ્યાત યોજનની હોય છે. તે અંતઃમુહૂર્ત પર્યંત સ્થિત રહે છે. તેટલા સમયમાં પૂર્વબદ્ધ વૈક્રિય શરીર નામકર્મના સ્થૂલ પુદ્ગલોને ઉદયમાં લાવી, આત્મપ્રદેશો પરથી ખંખેરી નાંખે છે અને અન્ય નવા વૈક્રિય શરીર બનાવવા યોગ્ય સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. આ વૈક્રિય સમુદ્ઘાત છે.

**(૫) તૈજસ સમુદ્ઘાત** : તેજોલબ્ધિના પ્રયોગ સમયે તેજોલબ્ધિ સંપન્ન પુરૂષ પોતાના આત્મપ્રદેશોનું શરીરની બહાર પ્રક્ષેપણ કરે છે. તેને તૈજસ સમુદ્ઘાત કહે છે. તે પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ દંડનું નિર્માણ કરે છે. તે પુરૂષ તૈજસ શરીર નામકર્મના પુદ્ગલોનું પરિશાટન કરે છે અને તદ્યોગ્ય અન્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, તેજોલેશ્યાનો પ્રયોગ કરે છે. તેનો ઉદ્દેશ્ય અનુગ્રહ અને નિગ્રહ બંને પ્રકારે છે. અનુગ્રહને માટે શીત તેજોલેશ્યા અને નિગ્રહ માટે ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રયોગ થાય છે. આધુનિક વિજ્ઞાન પરમાણુ શક્તિનો ઉપયોગ નિર્માણ અને ધ્વંસ બંને માટે કરે છે. તે જ રીતે તેજોલબ્ધિનો પ્રયોગ પણ નિર્માણ અને ધ્વંસ બંને માટે થાય છે.

**(૬) આહારક સમુદ્ઘાત** : ચૌદ પૂર્વધારી સાધુ આહારક શરીર બનાવે છે. આહારક લબ્ધિના પ્રયોગ સમયે થતાં સમુદ્ઘાતને આહારક સમુદ્ઘાત કહે છે. આહારક લબ્ધિધારી સાધુ આહારક શરીર બનાવવાની ઈચ્છા કરીને, પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ આત્મપ્રદેશોને દંડાકારે શરીરમાંથી બહાર કાઢે છે અને આત્મપ્રદેશો પર રહેલા પૂર્વબદ્ધ આહારક શરીર નામકર્મના પુદ્ગલોને ખંખેરે છે. [નિર્જરા કરે છે] અને આહારક શરીર બનાવવા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે તે આહારક સમુદ્ઘાત

છે.

**(૭) કેવલી સમુદ્ઘાત** : અંતર્મુહૂર્તમાં જ મોક્ષ પ્રાપ્ત કરનારા કેવલી ભગવાન જે સમુદ્ઘાત કરે તેને કેવલી સમુદ્ઘાત કહે છે. તે વેદનીય, નામ અને ગોત્ર કર્મને વિષય કરે છે અર્થાત્ વેદનીય, નામ, ગોત્ર આ ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્ય કર્મની સમાન કરવા માટે આ સમુદ્ઘાત થાય છે. જેમાં કેવલ આઠ સમય જ થાય છે.

પ્રથમ સમયમાં કેવલી ભગવાન આત્મપ્રદેશોના દંડની રચના કરે છે. તે દંડ પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊર્ધ્વલોકાંતથી અધોલોકાંત પર્યંતનો વિસ્તૃત હોય છે. બીજે સમયે તે દંડને પૂર્વ–પશ્ચિમ(અથવા ઉત્તર–દક્ષિણ)માં ફેલાવે છે. જેથી તે દંડ લોકપર્યંત ફેલાયેલા બે કપાટનો આકાર ધારણ કરે છે. ત્રીજા સમયે તે પૂર્વ–પશ્ચિમ દિશામાં લોકાંત પર્યંત ફેલાયેલા આત્મપ્રદેશોને ઉત્તર દક્ષિણ દિશામાં લોકાંત પર્યંત ફેલાવીને તે જગ્યાને પૂરિત કરે છે. ત્યારે તે જ કપાટ, પૂરિત મંથનનો આકાર ધારણ કરે છે. આમ કરવાથી લોકનો અધિકાંશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ માત્ર લોકાંતના ખૂણાના પ્રદેશ ખાલી રહે છે. ચોથા સમયે તેને પણ પૂર્ણ કરી સમસ્ત લોકાકાશને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરે છે. કારણ કે લોકાકાશના અને જીવના પ્રદેશ તુલ્ય છે. પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે વિપરીત ક્રમથી આત્મપ્રદેશોનો સંકોચ કરે છે અને શરીરસ્થ થઈ જાય છે.

# શતક – ૨: ઉદ્દેશક – ૫

# પરિચારણા

**સિદ્ધાંતાનુકૂલ મત** : કોઈ પણ નિર્ગ્રંથ કાલ કરીને મહર્દ્ધિક દેવ થાય છે. તે દેવ અન્ય દેવની દેવીઓ સાથે પરિચારણા કરતા નથી, પોતાની દેવીઓ સાથે પરિચારણા કરે છે. પરંતુ વૈક્રિય લબ્ધિથી પોતાનાં જ બે રૂપો બનાવીને પરિચારણા કરતા નથી. કારણ કે પૂર્વ ભવમાં નિર્ગ્રંથ ધર્મની આરાધના કરનારને આ પ્રકારની પરિચારણા કરવાની વૃત્તિ હોતી નથી. નિદાન કરીને દેવ થનાર જીવ સૂત્રોક્ત ત્રણે ય પ્રકારની વૃત્તિવાળા હોય છે અર્થાત્ ત્રણે પ્રકારની પરિચારણા કરે છે. સિદ્ધાંતતઃ એક જીવ એક સમયમાં એક જ વેદનો અનુભવ કરી શકે છે; એક સાથે બે વેદનો નહિ. પરસ્પર નિરપેક્ષ–વિદ્ધ વસ્તુઓ એક જ સમયે એક જ સ્થાનમાં રહી શકતી નથી, જેમ કે પ્રકાશ અને અંધકાર, તે જ રીતે સ્ત્રીવેદ અને પુરૂષવેદ પરસ્પર વિરોધી છે. તેથી તે બંને એક સમયમાં એક સાથે વેદી–અનુભવી શકાતા નથી.

**ગર્ભ વિચાર** :

**ઉદકગર્ભ** : કાલાંતરમાં પાણી વરસાવવાના કારણભૂત પુદ્ગલ પરિણામને–મેઘ (વાદળા) ને 'ઉદકગર્ભ' કહે છે. તેની સ્થિતિ ઓછામાં ઓછી એક સમયની, વધુમાં વધુ છ માસની છે. ઓછામાં ઓછા એક સમયમાં જ તે વરસી જાય છે અને વધુમાં વધુ છ માસ પછી વરસે છે. માગશર અને પોષ માસમાં સંધ્યાકાળે આકાશમાં જે રતાશ દેખાય છે તથા ચંદ્રમાની કોર જે મેઘોથી અંકિત કુંડલાકાર જલચક્રરૂપે દેખાય છે તેમજ માગશર માસમાં વધુ ઠંડી પડતી નથી અને પોષ માસમાં જે અતિશય ઠંડી પડે છે, તે બધા ઉદકગર્ભના ચિહ્ન છે.

**તિર્યંચ-મનુષ્યગર્ભ** : તિર્યંગ્યોનિક ગર્ભસ્થ જીવ જઘન્ય અંતર્મુહૂર્ત અને

ઉત્કૃષ્ટ આઠ વર્ષ અને ગર્ભસ્થ મનુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાર વર્ષ પર્યંત રહી શકે છે.

**કાયભવસ્થ** : માતાના ઉદરમાં રહેલા ગર્ભનું જે શરીર છે તેને કાય કહે છે. તે કાયરૂપ શરીરમાં જ જે ભવ [જન્મ] થાય તેને કાયભવસ્થ કહે છે અર્થાત્ કોઈ જીવ માતાના ઉદરમાં ગર્ભરૂપે આવીને, તે શરીરમાં બાર વર્ષ રહીને મરી જાય અને ફરી તે જ માતાના શરીરમાં નવા શુક્ર–શોણિતથી ઉત્પન્ન થઈને બાર વર્ષ રહે. આ રીતે એક જીવ બે ભવ કરીને ઉત્કૃષ્ટ ૨૪ વર્ષ સુધી 'કાયભવસ્થ' રૂપે રહી શકે છે.

ગર્ભજ જીવ શુક્ર–શોણિતથી જ ઉત્પન્ન થાય છે, તેથી કાયભવસ્થ જીવ પણ તે જ રીતે ઉત્પન્ન થાય છે. તે બીજી વાર ઉત્પન્ન થનારો જીવ પોતાના મૃત શરીરમાં ઉત્પન્ન થતો નથી. તેને નવુ શુક્ર–શોણિત ગ્રહણ કરીને નવુ શરીર બનાવવું પડે છે. તેથી 'કાયભવસ્થ'નો અર્થ છે 'તે જ માતાના ગર્ભ સ્થાનમાં બીજો ભવ કરવો.'

**યોનિભૂત બીજની કાલસ્થિતિ** : મનુષ્ય અથવા તિર્યંચ પંચેન્દ્રિયનું, મનુષ્ય સ્ત્રી અથવા તિર્યંચાણીની યોનિમાં ગયેલું વીર્ય બાર મુહૂર્ત પર્યંત યોનિભૂત રહે છે અર્થાત્ તે વીર્યમાં બાર મુહૂર્ત પર્યંત સંતાનોત્પાદક શક્તિ રહે છે.

**એક ભવમાં માતા પિતા, પુત્રની સંખ્યા** :

**પ્રશ્ન–** એક જીવ એક ભવમાં કેટલા જીવોનો પુત્ર થઇ શકે છે અને એક જીવના એક ભવમાં કેટલા સંતાન થઇ શકે છે?

**ઉત્તર–** જઘન્ય એક, બે અથવા ત્રણ જીવ અને ઉત્કૃષ્ટ અનેક લાખ (લાખો) જીવ પુત્ર રૂપે ઉત્પન્ન થઈ શકે છે.

**પ્રશ્ન–** તેનું શું કારણ છે કે ઉત્કૃષ્ટ લાખો જીવો પુત્રરૂપે ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** મનુષ્ય અથવા તિર્યંચનું વીર્ય બાર મુહૂર્ત પર્યંત સંતાનોત્પાદક શક્તિ

ધરાવે છે. નદી વગેરેમાં જલક્રીડા કરતી સ્ત્રી અથવા જલચર સ્ત્રીની યોનિમાં સેંકડો વ્યક્તિના વીર્ય પ્રવેશની શક્યતા રહે છે. તે વીર્ય પિંડમાં ઉત્પન્ન થયેલો એક જીવ તે સર્વનો પુત્ર કહેવાય છે. આ રીતે એક જીવ એક જ ભવમાં અનેક સો જીવોનો પુત્ર કહેવાય છે અર્થાત્ એક જીવના એક ભવમાં ઉત્કૃષ્ટ અનેક સો પિતા હોય શકે છે.

મત્સ્યાદિ જ્યારે મૈથુન સેવન કરે છે ત્યારે એક વારના સંયોગથી તેના અનેક લાખ (લાખો) જીવ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે અને જન્મ લે છે. એક ભવમાં એક જીવના લાખો પુત્ર થવાનું આ જ પ્રમાણ છે, યદ્યપિ મનુષ્ય સ્ત્રીની યોનિમાં પણ અનેક જીવ ઉત્પન્ન થાય છે પરંતુ જેટલા ઉત્પન્ન થાય છે તે બધા જ નિષ્પન્ન થતા નથી અર્થાત્ જન્મ લેતા નથી. કોઈ વિશેષ પ્રકારની માછલી કરોડો ઈંડા મૂકે છે તેનો સમાવેશ પણ લાખોમાં થઈ જાય છે.

મૈથુન સેવન સ્વયં એક પ્રકારનો અસંયમ છે. અઢાર પાપમાં તે ચોથું પાપ છે. તે આત્માના વિકાર ભાવોની વિડંબના રૂપ છે. તેથી ઘણા પ્રમાદ અને દોષોનું સર્જન થાય છે. દશવૈકાલિક સૂત્રમાં મૈથુન સંસર્ગને અધર્મનું મૂળ અને દોષોનો ભંડાર કહ્યો છે. યથા– **मूलमेयमहम्मस्स महादोससमुस्सयं ।** મૈથુન સેવન કરતા પુરૂષના મેહન [લિંગ] દ્વારા સ્ત્રીની યોનિમાં રહેલા પંચેન્દ્રિય જીવોનો વિનાશ થાય છે. તેથી એ પણ સિદ્ધ થાય છે કે મૈથુન સેવનથી હિંસા અને કુશીલ રૂપ બે પાપનો દોષ થાય છે.

**શ્રમણોપાસકોનું દર્શનાર્થે ગમન** :

(૧) સચિત્ત દ્રવ્યો–ફલ, તાંબુલ આદિનો ત્યાગ કરવો.

(૨) અચિત્ત દ્રવ્યો –પગરખા, શસ્ત્ર વગેરેનો ત્યાગ કરવો.

(૩) એક શાટિક ઉત્તરાસંગ કરવું. ઉત્તરીય વસ્ત્રને મુખ પર રાખવું.

(૪) સ્થવિર ભગવંતોને જોતાં જ બંને હાથ જોડવા–હાથને અંજલિબદ્ધ કરવા.

(૫) મનને એકાગ્ર કરવું.

**પાંચ અભિગમ** : દર્શન માટે જતાં શ્રાવકોની આવશ્યક વિધિ અથવા શિષ્ટાચારને અભિગમ કહે છે. વ્યક્તિ જે સ્થાનમાં જે લક્ષે જાય, તે સ્થાનને યોગ્ય તેને વેષ પરિધાન, ભાવશુદ્ધિ, તેમજ ચિત્તની એકાગ્રતા વગેરે અનિવાર્ય છે. તે ભાવો જળવાય રહે તે માટે શાસ્ત્રમાં પાંચ પ્રકારના અભિગમનું વિધાન છે.

**પર્યુપાસના** : ત્રણે યોગથી ઉપાસના કરવી. **કાયાથી–** પંચાંગ નમાવીને નમસ્કાર કરવા અને ગરુ સમક્ષ હાથ જોડીને વિનયપૂર્વક ઊભા રહેવું, બેસવું. **વચનથી–** ગુરુ ભગવંતો જે જે ઉપદેશ ફરમાવે તેનો 'તહત' કહીને સ્વીકાર કરવો. **મનથી–** મનને અન્યત્ર જતાં રોકી, એકાગ્ર બની, ધર્મના રંગમાં રંગાઈને સંવેગભાવ ઉત્પન્ન કરવો.

**દેવોત્પત્તિનું કારણ** : સંયમ અને તપનું ફળ તો ક્રમશઃ અનાશ્રવત્વ અને કર્મોનો નાશ છે. દેવોત્પત્તિના ચાર કારણ છે – (૧) પૂર્વસંયમ– વીતરાગદશાની પ્રાપ્તિ પહેલાનો સંયમ અર્થાત્ સરાગસંયમ. (૨) પૂર્વ તપ– વીતરાગદશાની પ્રાપ્તિ પહેલાનું તપ–સરાગતપ. (૩) કર્મિતા– શુભકર્મોનો પુંજ શેષ રહે ત્યારે. (૪) સંગિતા– સરાગ અવસ્થાના કારણે. તાત્પર્ય એ છે કે સંયમ કે તપના ભાવ કોઈ પણ કર્મબંધનું કારણ બનતા નથી. પરંતુ તેમાં રહેલો રાગનો અંશ કર્મબંધનું કારણ બને છે અને (તેમાં પણ) શુભ કર્મ દેવગતિનું કારણ બને છે.

સરાગી જીવના તપ અને સંયમને પૂર્વ તપ અને પૂર્વ સંયમ કહેવાય છે અને વીતરાગી જીવના તપ અને સંયમને પશ્ચિમ તપ અને પશ્ચિમ સંયમ કહેવાય છે, રાગથી સંગ થાય છે, સંગથી કર્મબંધ અને કર્મબંધથી સંયમીને દેવભવ પ્રાપ્ત થાય છે.

**શ્રમણ પર્યુપાસનાનું ફળ** :

**શ્રમણ** : તેના ત્રણ અર્થ થાય છે -૧) શ્રમણ– જે આત્મગુણોના પ્રગટીકરણ માટે શ્રમ કરે છે, ૨) સમન– પ્રાણીમાત્ર પર સમભાવ રાખે, તેને આત્મવત્

સ્વીકારે તે, ૩) શમન– જે વિષય કષાયને ઉપશાંત કરે તે.

માહણ : **स्वयं हनन निवृत्तत्वात् परं प्रति मा हन, मा हन वदति इत्येवं शीलः यस्य स माहणः** જે સ્વયં કોઈ પણ જીવનું હનન કરે નહીં અને અન્યને પણ મા–હણ, હણો નહી, મારો નહીં, આ પ્રકારનો અહિંસાનો ઉપદેશ આપે છે. આ પ્રકારનું જેનું આચરણ છે તે માહણ કહેવાય છે. ઉપલક્ષણથી મૂલગુણોના પાલકને માહણ કહે છે અથવા વ્રતધારી શ્રાવકને પણ માહણ કહેવાય છે.

**સત્સંગથી અધ્યાત્મ વિકાસની દશ ભૂમિકા** : (૧) શ્રવણ– ધર્મ અથવા અધ્યાત્મ સાહિત્યનું શ્રવણ. (૨) જ્ઞાન– શ્રુતજ્ઞાન. (૩) વિજ્ઞાન– હેય–ઉપાદેયના વિવેકરૂપ વિશિષ્ટ જ્ઞાન. (૪) પ્રત્યાખ્યાન– હેયનો ત્યાગ–છોડવા લાયક વસ્તુનો ત્યાગ. (૫) સંયમ– ઈન્દ્રિય અને મનનો સંયમ. (૬) અનાશ્રવ– નવા કર્મોનો નિરોધ. (૭) તપ– વિશિષ્ટ પ્રકારની શુભ પ્રવૃત્તિ અથવા બાર પ્રકારે તપ. (૮) વ્યવદાન– જૂના કર્મોની નિર્જરા અથવા આત્મદોષોની શુદ્ધિ. (૯) અક્રિયા– મન, વચન અને કાયાની પ્રવૃત્તિનો નિરોધ. (૧૦) સિદ્ધિ– મોક્ષ.

દશ ક્રમિક અવસ્થાઓને પ્રાપ્ત કરતા આત્મા અંતિમ લક્ષ્યને સિદ્ધ કરે છે. આ રીતે શ્રમણ સેવાનું અનંતર ફળ ધર્મ શ્રવણ અને પરંપર ફળ મોક્ષ છે.

# શતક – ૨: ઉદ્દેશક – ૬

# ભાષા

**(૧) ભાષાના ભેદ** : મુખ્ય ચાર ભેદ છે– (૧) સત્યા (૨) અસત્યા (૩) સત્યામૃષા (મિશ્ર–સત્ય અને અસત્ય બંને ભાવથી યુક્ત ભાષા) (૪) અસત્યામૃષા [વ્યવહાર ભાષા–આમંત્રણી આજ્ઞાપની આદિ સત્ય–અસત્યથી ભિન્ન ભાષા]

**(૨) ભાષાનું મૂળ કારણ** : જીવ છે.

**(૩) ભાષાની ઉત્પત્તિ** : ઔદારિક, વૈક્રિય અને આહારક તે ત્રણ સ્થૂલ શરીરથી થાય છે.

**(૪) ભાષાનું સંસ્થાન** : વજ્રના આકારનું હોય છે.

**(૫) ભાષાના પુદ્ગલ** : લોકના અંત સુધી જાય છે.

**(૬) ભાષારૂપે ગ્રહણ કરાતા પુદ્ગલો** : દ્રવ્યથી અનંત પ્રદેશી સ્કંધ, ક્ષેત્રથી અસંખ્યાત આકાશ પ્રદેશોને અવગાહિત થઈને રહેલા સ્કંધ, કાળથી એક, બે, ત્રણ સમય આદિ અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલ સ્કંધ અને ભાવથી– પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શમાંથી ચાર સ્પર્શ [સ્નિગ્ધ, રૂક્ષ, શીત અને ઉષ્ણ] વાળા પુદ્ગલ સ્કંધ તથા નિયમતઃ છએ દિશામાં રહેલા ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી શકે છે.

**(૭) સાન્તર–નિરન્તર** : ભાષા વર્ગણાના પુદ્ગલો નિરંતર ગ્રહણ થાય છે અને સાંતર છોડાય છે. સાંતરનો અર્થ અટકી–અટકીને નહિ પરંતુ સાંતરનો વાસ્તવિક અર્થ એ છે કે, પ્રથમ સમયમાં ગૃહીત પુદ્ગલો દ્વિતીય સમયે છોડાય, દ્વિતીય સમયના ગૃહીત પુદ્ગલો તૃતીય સમયે છોડાય ઈત્યાદિ. પ્રથમ સમયમાં

કેવલ ગ્રહણ થાય છે અને અંતિમ સમયમાં કેવલ [ત્યાગ] છોડાય છે. મધ્યના સમયોમાં નિરંતર ગ્રહણ અને ત્યાગ બંને ક્રિયા થાય છે.

**(૮) ભાષાની સ્થિતિ** : જઘન્ય એક સમયની, ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયની.

**(૯) ભાષાનું અંતર** : જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાલનું.

**(૧૦) ભાષાના પુદ્‌ગલોનો ગ્રહણ અને ત્યાગ** : કાયયોગથી ગ્રહણ થાય અને વચનયોગથી તેનો ત્યાગ થાય.

**ગ્રહણકાલ** : જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્ય સમય.

**ત્યાગકાલ** : જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયનો અંતર્મુહૂર્ત.

**(૧૧) ચાર પ્રકારની ભાષાનું નિમિત્ત** :

**સત્યભાષા** : જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ કે ક્ષયના નિમિત્તથી સત્યભાષા બોલાય છે.

**અસત્ય ભાષા** : જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને મોહનીય કર્મના ઉદયથી અસત્યા ભાષા બોલાય છે.

**સત્યામૃષા-મિશ્ર ભાષા** : જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને મોહનીય કર્મના ઉદયથી મિશ્ર ભાષા બોલાય છે.

**અસત્યામૃષા-વ્યવહાર ભાષા** : જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ કે ક્ષયના નિમિત્તથી વ્યવહાર ભાષા બોલાય છે.

**(૧૨) ભાષક અને અભાષક** : અપર્યાપ્તક જીવ, એકેન્દ્રિય જીવો, સિદ્ધના જીવો, શૈલેશી પ્રતિપન્ન જીવ અભાષક છે. શેષ જીવો ભાષક છે.

**(૧૩) અલ્પબહુત્વ** : સર્વથી થોડા સત્યભાષક, તેથી મિશ્રભાષક અસંખ્યાત ગુણા, તેથી અસત્યભાષક અસંખ્યાત ગુણા, તેથી વ્યવહાર ભાષક અસંખ્યાત ગુણા, તેથી અભાષાક જીવ અનંતગુણા છે.

# શતક – ૨: ઉદ્દેશક – ૭

# દેવ

**દેવોના પ્રકાર, સ્થાન, ઉપપાત, સંસ્થાન આદિ :**

**ભવનપતિના આવાસ** : રત્નપ્રભા પૃથ્વીના મધ્યના ૧,૭૮,૦૦૦ (એક લાખ, અઠ્યોતેર હજાર) યોજનની પોલાણમાં ૧૩ પાથડા અને ૧૨ આંતરા છે. તેમાંથી ઉપરના બે આંતરાને છોડીને દશ આંતરામાં ૭,૭૨,૦૦૦,૦૦ (સાત કરોડ, બોંતેર લાખ) ભવનપતિના ભવન છે. તેના સ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**વ્યંતર-જ્યોતિષીદેવોના આવાસ** : અસંખ્ય વાણવ્યંતર દેવોના નગર અને જ્યોતિષી દેવોના વિમાન મધ્યલોકમાં છે.

**વૈમાનિક દેવોના આવાસ** : ઉર્ધ્વલોકમાં બાર દેવલોક, નવ લોકાંતિક, ત્રણ કિલ્વીષી, નવ ગ્રેવેયક,પાંચ અનુત્તર વિમાન છે. તેમાં સર્વ મળીને ૮૪,૯૭,૦૨૩(ચોર્યાસી લાખ, સત્તાણુ હજાર, ત્રેવીસ) વૈમાનિક દેવોના વિમાન છે. તેમાં પહેલા અને બીજા દેવલોકનો આધાર ઘનોદધિ; ત્રીજા, ચોથા, પાંચમા દેવલોકનો આધાર ઘનવાયુ; છઠ્ઠા, સાતમા, આઠમા દેવલોકનો આધાર ઘનોદધિ તથા ઘનવાયુ બંને છે. ત્યાર પછીના સર્વ વિમાન આકાશના આધારે સ્થિત છે.

# શતક – ૨: ઉદ્દેશક – ૮

# સભા

**ચમરેન્દ્રની રાજધાની ચમરચંચા** :

**પદ્મવરવેદિકા** : શ્રેષ્ઠ પદ્મવર વેદિકાની ઊંચાઈ અર્ધો યોજન, વિષ્કંભ પાંચસો ધનુષ્ય છે. તે સર્વરત્નમયી છે. તેનો પરિક્ષેપ તિગિચ્છકૂટની ઉપરના ભાગના પરિક્ષેપની સમાન છે. પદ્મવરવેદિકા એટલે પાળી.

**વનખંડ** : વનખંડનો ચક્રવાલ વિષ્કંભ બે યોજનમાં કંઈક ન્યૂન છે. તેનો પરિક્ષેપ પદ્મવરવેદિકાના પરિક્ષેપની સમાન છે. તે કૃષ્ણવર્ણયુક્ત અને કૃષ્ણવર્ણની કાંતિવાળો છે.

**ઉત્પાત પર્વતનો ઉપરનો ભાગ** : અત્યંત સમ–સપાટ અને રમણીય છે. તેનો ભૂમિભાગ મુરજ મુખ, મૃદંગ મુખ અથવા સરોવરના તલભાગની સમાન છે અથવા આદર્શમંડલ, કરતલ અથવા ચંદ્રમંડલની સમાન છે.

**પ્રાસાદાવતંસક** : તે પ્રાસાદોમાં સર્વ શ્રેષ્ઠ પ્રાસાદ વાદળોની જેમ ઊંચો અને પોતાની જ ચમકના કારણે હસતો પ્રતીત થાય છે. તે કાંતિથી શ્વેત અને પ્રભાસિત છે. મણિ, સુવર્ણ અને રત્નોની કારીગરીથી સુશોભિત છે. તેનો ઉપરી ભાગ પણ સુંદર છે. તેના પર હાથી, ઘોડા, બળદ આદિનાં ચિત્રો છે.

**ચમરેન્દ્રનું સિંહાસન** : પ્રાસાદની મધ્યમાં સિંહાસન છે. તે સિંહાસનની પશ્ચિમોત્તરમાં [વાયવ્ય કોણમાં], ઉત્તર દિશામાં તથા ઉત્તર પૂર્વ [ઈશાનકોણ] માં ચમરેન્દ્રના ૬૪,૦૦૦ સામાનિક દેવોનાં ૬૪,૦૦૦ ભદ્રાસન છે. પૂર્વમાં પાંચ પટ્ટરાણીઓનાં પાંચ ભદ્રાસન સપરિવાર છે.

દક્ષિણ પૂર્વમાં [અગ્નિકોણમાં] આભ્યંતર પરિષદના ૨૪,૦૦૦ દેવોનાં ૨૪,૦૦૦, દક્ષિણમાં મધ્યમ પરિષદના ૨૮,૦૦૦ દેવોના ૨૮,૦૦૦ અને દક્ષિણ

પશ્ચિમ[નૈઋત્યકોણ] માં બાહ્ય પરિષદના ૩૨,૦૦૦ દેવોનાં ૩૨,૦૦૦ ભદ્રાસન છે. પશ્ચિમમાં સાત સેનાધિપતિઓનાં સાત અને ચારે દિશાઓમાં આત્મરક્ષક દેવોનાં ૬૪–૬૪ હજાર ભદ્રાસન છે.

**(૧) ઉપપાત સભા** : જ્યાં દેવ શય્યામાં ચમરેન્દ્રનો જન્મ થાય છે. પછી તે ઉત્પન્ન થયેલા ઈન્દ્રને આ સંકલ્પ ઉત્પન્ન થાય છે કે મારે પહેલા કે પછી શું કાર્ય કરવાનું છે ? મારો જીતાચાર શું છે ?

**(૨) અભિષેક સભા** : સામાનિક દેવો દ્વારા નવા ઉત્પન્ન થયેલા દેવોનો મહાન ઋદ્ધિથી અભિષેક સભામાં અભિષેક કરાય છે.

**(૩) અલંકાર સભા** : તેમાં દેવોને વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરાય છે.

**(૪) વ્યવસાય સભા** : તેમાં પુસ્તકનું વાંચન કરાય છે. તેના દ્વારા પોતાનો જીત વ્યવહાર તે દેવ સમજી જાય છે.

**અસુરકુમાર દેવોનો માર્ગ** : અહીં અસુરકુમાર દેવોના આવાગમન માર્ગનો નિર્દેશ મળે છે. નીચાલોકથી તિરછાલોકમાં તેઓ નિશ્ચિત માર્ગથી અવર–જવર કરે છે. તે માર્ગ અરુણવર સમુદ્રમાં છે. તે સમુદ્રકાંઠાથી છસો પંચાવન કરોડ, પાંત્રીસ લાખ પચાસ હજાર + ૪૨,૦૦૦ + ૧,૦૨૨ = ૬૫૫,૩૫,૯૩,૦૨૨ (છસો પંચાવન કરોડ, પાંત્રીસ લાખ, ત્રાણુ હજાર, બાવીસ) યોજન દૂર છે.

# શતક – ૨: ઉદ્દેશક – ૧૦

# અસ્તિકાય

**અસ્તિકાય : સ્વરૂપ અને પ્રકાર :**

જૈન દર્શન મૂળ બે તત્ત્વને સ્વીકારે છે - જીવ અને અજીવ. પંચાસ્તિકાય તેનો જ વિસ્તાર છે. જીવ અને અજીવને સાંખ્ય આદિ દ્વૈતવાદી દર્શન પણ માને છે, પરંતુ અસ્તિકાયનો સિદ્ધાંત ભગવાન મહાવીરનો સર્વથા મૌલિક સિદ્ધાંત છે. જીવ દ્રવ્યની તુલના સાંખ્ય સમ્મત પુરુષ સાથે અને પુદ્‌ગલની તુલના પ્રકૃતિ સાથે કદાચ કરી શકાય છે અને આકાશને પ્રાયઃ સર્વ દર્શનો સ્વીકારે છે પરંતુ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બે દ્રવ્યનો ઉલ્લેખ અન્ય કોઈ પણ દર્શનોમાં થયો નથી. તેમ જ 'અસ્તિકાય'નો શબ્દ પ્રયોગ પણ અન્યત્ર ક્યાંય નથી. અસ્તિકાય શબ્દ અસ્તિત્વનો વાચક છે.

**અસ્તિકાય** : 'અસ્તિ' શબ્દ ત્રિકાલસૂચક નિપાત [અવ્યય] છે અને કાય એટલે સમૂહ અર્થાત્ જે પ્રદેશોનો સમૂહ, ત્રિકાલ શાશ્વત છે તે અસ્તિકાય અથવા અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે સમૂહ. જે દ્રવ્ય પ્રદેશોના સમૂહરૂપ હોય તેને અસ્તિકાય કહે છે.

**પંચાસ્તિકાયનો અનુક્રમ** : 'ધર્મ' શબ્દ મંગલ સૂચક હોવાથી દ્રવ્યોમાં સર્વ પ્રથમ ધર્માસ્તિકાય કહ્યું છે. ધર્મથી વિપરીત અધર્મ છે, તેથી ધર્માસ્તિકાય પછી અધર્માસ્તિકાય કહ્યુ છે. તે બંને દ્રવ્યના આધારરૂપ હોવાથી ત્યાર પછી આકાશાસ્તિકાય કહ્યું છે. આકાશાસ્તિકાય સાથે અમૂર્તત્વ અને અનંતત્વનું સામ્ય હોવાથી આકાશાસ્તિકાય પછી જીવાસ્તિકાયનું કથન છે અને અંતે, જીવ દ્રવ્યને ઉપયોગમાં આવતું હોવાના કારણે જીવાસ્તિકાય પછી પુદ્‌ગલાસ્તિકાયનું કથન કર્યું છે.

**પંચાસ્તિકાયનું સ્વરૂપ** : તેમાં જીવ દ્રવ્ય સિવાયના ચાર અસ્તિકાય અજીવ છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એક અને અખંડ દ્રવ્યરૂપ છે. શેષ બે દ્રવ્ય અનેક છે. પુદ્ગલ મૂર્ત છે. શેષ અસ્તિકાય અમૂર્ત છે. ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશાત્મક છે. આકાશ અનંત પ્રદેશાત્મક છે. એક જીવ અસંખ્ય પ્રદેશાત્મક છે, પુદ્ગલ સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશાત્મક છે.

**ધર્માસ્તિકાય** : ગતિ ક્રિયામાં પરિણત જીવ અને પુદ્ગલોને ગતિ ક્રિયામાં જે સહાયક બને તેને ધર્માસ્તિકાય કહે છે. જેમ કે માછલીની ગમન ક્રિયામાં જલ સહાયક બને છે તે રીતે ધર્માસ્તિકાય ગતિ ક્રિયામાં કેવળ ઉદાસીન નિમિત્ત બને છે, પ્રેરક નિમિત્ત નહીં, અર્થાત્ ધર્માસ્તિકાયનું અસ્તિત્વ ગતિમાં માત્ર નિમિત્ત છે. તે કોઈને ગતિ કરવાની પ્રેરણા આપતું નથી. તે એક, અખંડ, અમૂર્ત, અસંખ્ય પ્રદેશાત્મક, અજીવ દ્રવ્ય છે.

**અધર્માસ્તિકાય** : સ્થિતિ ક્રિયામાં પરિણત થતા જીવ અને પુદ્ગલોને ગતિપૂર્વક સ્થિત થવામાં જે સહાયક બને છે તે અધર્માસ્તિકાય છે. જેમ કે–વિશ્રામને ઈચ્છતા પથિકને ઘટાદાર વૃક્ષ સહાયક બને છે.

**આકાશાસ્તિકાય** : પ્રત્યેક દ્રવ્યને અવગાહના દાન કરે છે–આધાર રૂપ બને છે. જેમ દૂધમાં સાકર, ભીંતમાં ખીલી, બોરના આધારભૂત કૂંડું વગેરે.

**જીવાસ્તિકાય** : ઉપયોગ ગુણ [ચૈતન્ય અથવા ચિત્–શક્તિ યુક્ત] છે.

**પુદ્ગલાસ્તિકાય** : ગ્રહણ ગુણવાન છે અર્થાત્ તેને ગ્રહણ, ધારણ કરી શકાય છે. ગ્રહણ એટલે પરસ્પર સંબંધ એવો અર્થ પણ થઈ શકે છે. ઔદારિક આદિ અનેક પુદ્ગલો સાથે જીવનો સંબંધ છે. અથવા પ્રાણધારી જીવ ઔદારિક આદિ અનેક જાતના પુદ્ગલોનું ગ્રહણ કર્યા કરે છે.

**નિશ્ચયનયનું મંતવ્ય** : જ્યાં સુધી એક પ્રદેશ પણ ન્યૂન હોય ત્યાં સુધી

ધર્માસ્તિકાય આદિ કહી શકાય નહીં. જ્યારે સર્વ પ્રદેશ પરિપૂર્ણ થાય, ત્યારે જ તેને ધર્માસ્તિકાય આદિ કહેવાય છે. જ્યારે વસ્તુ પૂર્ણ હોય ત્યારે જ તે વસ્તુ કહેવાય છે. અપૂર્ણ વસ્તુને વસ્તુ કહેવાતી નથી. આ નિશ્ચય નયનું મંતવ્ય છે.

**વ્યવહારનયનું મંતવ્ય** : વ્યવહારનયની દ્રષ્ટિથી તો કિંચિત્ અપૂર્ણ વસ્તુ અથવા વિકૃત વસ્તુને પણ વસ્તુ જ કહેવાય છે. જેમ કે મોદકના ટુકડાને મોદક કહેવાય, કૂતરાના કાન કપાઈ ગયેલા હોવા છતાં તેને કૂતરો કહી શકાય છે. વસ્તુનો એક ભાગ વિકૃત થઈ જતાં તે વસ્તુ અન્ય વસ્તુ બની જતી નથી પરંતુ મૂળ વસ્તુ જ રહે છે. કારણ કે વસ્તુની વિકૃતિ કે ન્યૂનતા મૂળ વસ્તુની ઓળખાણમાં બાધક બનતી નથી.

જીવાસ્તિકાયના અનંત પ્રદેશોનું કથન સમસ્ત જીવોની અપેક્ષાએ સમજવું જોઈએ. એક જીવ દ્રવ્યના અસંખ્યાત પ્રદેશ જ હોય છે. એક પુદ્ગલના સંખ્યાત અસંખ્યાત અથવા અનંત પ્રદેશ હોય છે. સમસ્ત પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના અનંતાનંત પ્રદેશ હોય છે.

**પ્રશ્ન** : જીવનું જીવત્વ–ચૈતન્ય કઈ રીતે પ્રગટ થાય છે? જીવ સ્વયં અમૂર્ત છે તો તેનું જીવત્વ કઈ રીતે જાણી શકાય ?

**ઉત્તર** : ઉત્થાનાદિ ક્રિયાઓ દ્વારા તેનું જીવત્વ પ્રગટ થાય છે. કારણ કે વિશિષ્ટ ચેતના શક્તિ હોય તો જ ઉત્થાનાદિ ક્રિયાઓ સંભવિત છે. આ રીતે જીવ ઉત્થાનાદિ ક્રિયાઓથી પોતાના જીવત્વને પ્રકાશિત કરે છે.

બીજી રીતે જીવ આભિનિબોધિક જ્ઞાનાદિ બાર ઉપયોગમાંથી કોઈ પણ એક ઉપયોગને અવશ્ય પ્રાપ્ત કરે છે અને ઉપયોગ તે જીવનું લક્ષણ છે. આ વિશેષ લક્ષણ દ્વારા જીવ, પોતાના જીવત્વને પ્રગટ કરે છે.

ઉત્થાનાદિ વિશેષણ સંસારી જીવ માટે જ છે કારણ કે મુક્ત જીવોમાં ઉત્થાનાદિ ક્રિયા નથી, કેવળજ્ઞાન અને કેવળદર્શન - આ બે ઉપયોગ તેઓના

જીવત્વને પ્રદર્શિત કરે છે.

**આકાશાસ્તિકાય સાથે અન્ય દ્રવ્યની સ્પર્શના :**

**આકાશના બે ભેદ** : લોકાકાશ અને અલોકાકાશ. આકાશ એક અખંડ દ્રવ્ય છે, તેમ છતાં જેટલાં આકાશમાં ધર્માસ્તિકાયાદિ અન્ય દ્રવ્યો સ્થિત છે તેને લોકાકાશ અને શેષ આકાશને અલોકાકાશ કહે છે. લોકાકાશ સીમિત છે જ્યારે અલોકાકાશ અનંત છે.

**લોકાકાશમાં જીવ, અજીવાદિનું અસ્તિત્વ** : નૈયાયિક, વૈશેષિક આદિ કેટલાક દાર્શનિકો આત્માને વ્યાપક અને નિરવયવ માને છે. જૈન દર્શનાનુસાર આત્મા દેહ પરિમાણ અને સાવયવ છે. આ અપેક્ષાને ધ્યાનમાં રાખીને, જીવના દેશ, પ્રદેશનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે.

પાંચ અસ્તિકાયમાં એક પુદ્ગલ દ્રવ્યમાં જ દેશની સંભાવના છે. પુદ્ગલ દ્રવ્યના બે પ્રકાર છે– પરમાણુ અને સ્કંધ. પરમાણુઓ જ્યારે ભેગા થાય છે ત્યારે સ્કંધ બને છે અને સ્કંધનો ભેદ થતાં પરમાણુ બને છે. આ રીતે પુદ્ગલ દ્રવ્ય ક્યારેક વિભક્ત અને ક્યારેક અવિભક્ત રહે છે. તેથી તેના દેશની સંભાવના છે. પરંતુ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એક અને અખંડ દ્રવ્ય છે. તે સર્વથા અવિભક્ત છે. તે અસંખ્ય પ્રદેશાત્મક હોવા છતાં તેનો એક પ્રદેશ પણ દ્રવ્યથી પૃથક્ થતો નથી. તેથી તેને દેશ નથી.

જીવાસ્તિકાયના દેશનું વિધાન સાપેક્ષ દ્રષ્ટિએ કર્યું છે. સંખ્યાની દ્રષ્ટિએ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય તે ત્રણે એક દ્રવ્ય છે. જીવ અને પુદ્ગલ અનંત છે. અનંત જીવોની અપેક્ષાએ એક જીવને જીવોનો દેશ કહી શકાય છે. અથવા, સંસારી જીવોને અંગોપાંગ, હાથ પગ આદિ હોય છે, તે અવયવોની અપેક્ષાએ જીવના દેશ કહી શકાય છે.

**અલોકાકાશ** : અજીવ દ્રવ્યનો દેશ છે. કારણ કે અલોકાકાશ તે

આકાશાસ્તિકાયનો એક ભાગ છે. તે દેશરૂપે છે, તેથી તેમાં અજીવ દ્રવ્યનો એક દેશ છે. અને તે પરિપૂર્ણ આકાશ દ્રવ્યથી અનંતમો ભાગ ન્યૂન છે. તે અલોકાકાશ અગુરુલઘુ છે, અનંત અગુરુલઘુ ગુણોથી સંયુક્ત છે.

**ધર્માસ્તિકાયાદિનો વિસ્તાર** : ધર્માસ્તિકાય–લોકરૂપ, લોકમાત્ર, લોકપ્રમાણ છે. લોકનું જેટલું માપ છે તેટલું જ ધર્માસ્તિકાયનું પ્રમાણ છે. લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં ધર્માસ્તિકાય ન હોય. તલમાં તેલની વ્યાપકતાની જેમ લોકમાં ધર્માસ્તિકાયની વ્યાપકતા છે. ધર્માદિ દ્રવ્યો જ્યાં સ્થિત છે, તે ક્ષેત્રને 'લોક' સંજ્ઞા આપી છે. તેથી જ ધર્માસ્તિકાયને લોકરૂપ અને લોક માત્ર કહ્યું છે. લોકાકાશ અને ધર્માસ્તિકાયના પ્રદેશોમાં સમાનતા બતાવવા તેને લોક પ્રમાણ કહ્યું છે. સર્વ પ્રદેશો લોકાકાશ સાથે સ્પૃષ્ટ છે અને ધર્માસ્તિકાય પોતાના સમસ્ત પ્રદેશો દ્વારા લોકને સ્પર્શે છે. તે જ રીતે ચારે અસ્તિકાય લોક પ્રમાણ છે. અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પણ તે જ રીતે વ્યાપક છે. જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય ધર્માસ્તિકાયની સમાન નથી. કારણ કે તે અનંત દ્રવ્ય રૂપ છે. તેમ છતાં લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં જીવ અને પુદ્‌ગલ ન હોય.

**અધોલોક** : સાત રજ્જુથી કંઈક અધિક છે. તેથી તે ધર્માસ્તિકાયના કંઈક અધિક અર્ધ ભાગને સ્પર્શે છે.

**તિર્યગ્‌લોક** : તે ૧૮૦૦ યોજન પ્રમાણ છે. તેથી તે ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગને સ્પર્શે છે.

**ઉર્ધ્વલોક** : સાત રજ્જુથી કંઈક ન્યૂન છે, તેથી તે ધર્માસ્તિકાયના કંઈક ન્યૂન અર્ધ ભાગને સ્પર્શે છે.

રત્નપ્રભાદિ પૃથ્વી, ઘનોદધિ, ઘનવાત, તનવાત આદિ સંખ્યાત યોજન પ્રમાણ છે તેથી તે ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગને સ્પર્શે છે અને

અવકાશાન્તર સર્વત્ર અસંખ્યાત યોજન પ્રમાણ છે, તેથી તે ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગને સ્પર્શે છે.

અહીં રત્નપ્રભા આદિ પ્રત્યેક પૃથ્વીના વિષયમાં પાંચ પાંચ સૂત્ર થાય છે. [રત્નપ્રભા, તેનો ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને અવકાશાન્તર] આ દષ્ટિથી સાત પૃથ્વીના ૩૫ સૂત્ર થાય. ૧૨ દેવલોકના વિષયમાં ૧૨ સૂત્ર, નવ ગ્રૈવેયકના વિષયમાં ત્રણ ત્રિકના ત્રણ સૂત્ર, અનુત્તર વિમાનના વિષયમાં એક અને ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના વિષયમાં એક સૂત્ર આમ સર્વ મળીને ૩૫ +૧૨ +૩+૧+૧ = ૫૨ સૂત્રો થાય છે. દ્વીપ સમુદ્રોના સ્વતંત્ર સૂત્રોની ગણતરી વ્યાખ્યામાં કરી નથી. અધર્માસ્તિકાય અને લોકાકાશાસ્તિકાયના વિષયમાં પણ આ રીતે સૂત્રો થાય છે.

# શતક – ૩: ઉદ્દેશક – ૧

# વિકુર્વણા

**દેવોની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ**

**અસુરેન્દ્ર–ચમર** : ૩૪ લાખ ભવનાવાસ, ૬૪,૦૦૦ સામાનિક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવ, ચાર લોકપાલ, પાંચ અગ્રમહિષી, ત્રણ પરિષદ, સાત સેના, સાત સેનાધિપતિ, ૨,૫૬,૦૦૦ આત્મરક્ષક દેવો પર તેનું આધિપત્ય હોય છે.

ચમરેન્દ્ર પોતાના વૈક્રિયકૃત રૂપોથી સંપૂર્ણ જંબૂદ્વીપને વ્યાપ્ત કરી શકે છે. તે પ્રત્યેક વૈક્રિય રૂપો યુવાન યુવતીના દ્રષ્ટાંતે તેમજ ચક્રની નાભિ સાથે સંલગ્ન આરાના દષ્ટાંતે પૃથક્ પૃથક્ પ્રતીત થાય છે. છતાં તે પ્રત્યેક રૂપ આત્મપ્રદેશોથી સંલગ્ન હોય છે.

સામર્થ્યની અપેક્ષાએ તેઓ અસંખ્ય દ્વીપ સમુદ્રને વ્યાપ્ત કરી શકે છે. પરંતુ કોઈ પણ દેવ પોતાના સંપૂર્ણ સામર્થ્યનો પ્રયોગ કદાપિ કરતા નથી. તેમાં પલ્યોપમની સ્થિતિવાળા દેવો સંખ્યાત દ્વીપ સમુદ્રને અને સાગરોપમની સ્થિતિવાળા દેવો અસંખ્યાત દ્વીપ સમુદ્રને વ્યાપ્ત કરી શકે છે. ચમરેન્દ્રના સામાનિક દેવોની અને ત્રાયસ્ત્રિંશકની ઋદ્ધિ અને વૈક્રિય શક્તિ ઈન્દ્રની સમાન છે.

લોકપાલ દેવની ઋદ્ધિ સામાનિક દેવની સમાન છે અને તે પોતાના વૈક્રિયકૃત રૂપો દ્વારા સંખ્યાત દ્વીપ અને સમુદ્રને વ્યાપ્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે.

ચમરેન્દ્રની પાંચ અગ્રમહિષીઓનું આધિપત્ય ૧૦૦૦ સામાનિક દેવીઓ પર અને પોતાની સખી–મહત્તરિકા દેવીઓ પર હોય છે. તેનું વૈક્રિય સામર્થ્ય લોકપાલ દેવોની સમાન છે.

**બલીન્દ્ર** : ૩૦ લાખ ભવનાવાસ, ૬૦,૦૦૦ સામાનિક દેવો અને ૨,૪૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર તેનું આધિપત્ય હોય છે. તે પોતાના વૈક્રિયકૃત રૂપોથી સાધિક

જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે, શેષ કથન ચમરેન્દ્રની સમાન છે.

**નાગકુમારેન્દ્ર-ધરણેન્દ્ર** : ૪૪ લાખ ભવનાવાસ, ૬,૦૦૦ સામાનિક દેવો, ૨૪,૦૦૦ આત્મરક્ષક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલ અને છ અગ્રમહિષીઓ પર તેનું આધિપત્ય છે. પોતાના વૈક્રિયકૃત રૂપોથી જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે. સંખ્યાત દ્વીપ સમુદ્રને વ્યાપ્ત કરવાનું તેનું સામર્થ્ય છે. તેના સામાનિક દેવ, ત્રાયસ્ત્રિંશક દેવ, લોકપાલ અને અગ્રમહિષીઓનું સામર્થ્ય પણ ધરણેન્દ્રની સમાન જ છે. નવનિકાયના શેષ ઈન્દ્રોનું કથન પણ ધરણેન્દ્રની સમાન છે.

**વ્યંતર-જ્યોતિષી દેવો** : વ્યંતર અને જ્યોતિષીઓના ઈન્દ્રોનું આધિપત્ય ૪,૦૦૦ સામાનિક દેવ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવ અને ૪ અગ્રમહિષીઓ પર હોય છે. વ્યંતર અને જ્યોતિષીઓમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ જાતિના દેવો નથી. તેઓ સાધિક જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને પોતાના વૈક્રિય કૃત રૂપોથી વ્યાપ્ત કરી શકે છે.

**શકેન્દ્ર** : ૩૨ લાખ વિમાનાવાસ, ૮૪,૦૦૦ સામાનિક દેવો, ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવો અને આઠ અગ્રમહિષીઓ પર આધિપત્ય ભોગવે છે. તે પોતાના વૈક્રિયકૃત રૂપોથી બે જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે. અસંખ્યાત દ્વીપ સમુદ્રને વ્યાપ્ત કરવાની તેની શક્તિ માત્ર છે.

**તિષ્યક અણગાર** : પ્રભુ મહાવીરના અંતેવાસી શિષ્ય તિષ્યક અણગાર આરાધનાપૂર્વક કાલધર્મ પામી શક્રેન્દ્રના સામાનિક દેવ થયા છે. તેને ૪,૦૦૦ સામાનિક દેવ, ૪ અગ્રમહિષીઓ હોય છે. તેની ઋદ્ધિ ઈન્દ્રની સમાન જ છે. શક્રેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવ, લોકપાલ અને અગ્રમહિષીઓનું કથન ચમરેન્દ્રની સમાન છે. પરંતુ તે વૈક્રિયકૃત રૂપો દ્વારા સંપૂર્ણ બે જંબૂદ્વીપને વ્યાપ્ત કરી શકે છે.

**ઈશાનેન્દ્ર** : ૨૮ લાખ વિમાનાવાસ, ૮૦,૦૦૦ સામાનિક દેવ, ૩,૨૦,૦૦૦

આત્મરક્ષક દેવો, ૮ અગ્રમહિષી, ૩૩ ત્રાયસ્ત્રિંશક અને ચાર લોકપાલ પર તેનું આધિપત્ય છે. તે સાધિક બે જંબૂદ્વીપને પોતાના વૈક્રિયકૃત રૂપથી વ્યાપ્ત કરી શકે છે.

**તામલી તાપસ** : તામ્રલિપ્તિ નગરીમાં તામલી નામના ગાથાપતિ હતા. જેણે પ્રાણામા પ્રવ્રજ્યા અંગીકાર કરી. ૬૦,૦૦૦ વર્ષની તાપસપર્યાયનું પાલન કરી અંતે ૬૦ દિવસનો સંથારો કરી કાલધર્મ પામ્યા અને ઈશાનેન્દ્ર રૂપે ઉત્પન્ન થયા છે.

**કુદત્તપુત્ર અણગાર** : પ્રભુ મહાવીરના શિષ્ય કુરુદત્ત પુત્ર અણગાર સંયમ સ્વીકાર કરી, આરાધનાપૂર્વક કાલધર્મ પામી, ઈશાનેન્દ્રના સામાનિક દેવ બન્યા છે. તેની ઋદ્ધિ વગેરે ઈન્દ્રની સમાન છે.

**સનત્કુમારેન્દ્ર** : ૧૨ લાખ વિમાનાવાસ, ૭૨,૦૦૦ સામાનિક દેવો અને ૨,૮૮,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે પોતાની વૈક્રિય શક્તિથી ચાર જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે.

**માહેન્દ્ર** : આઠ લાખ વિમાનાવાસ, ૭૦,૦૦૦ સામાનિક દેવો અને ૨,૮૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે વૈક્રિયકૃત રૂપો દ્વારા સાધિક ચાર જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે.

**બ્રહ્મલોકેન્દ્ર** : ચાર લાખ વિમાનાવાસ, ૬૦,૦૦૦ સામાનિક દેવો અને ૨,૪૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે વૈક્રિયકૃત રૂપો દ્વારા આઠ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરી શકે છે.

**લાન્તકેન્દ્ર** : ૫૦,૦૦૦ વિમાનાવાસ, ૫૦,૦૦૦ સામાનિક દેવો અને ૨,૦૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે સાધિક આઠ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિયકૃત રૂપો દ્વારા ભરી શકે છે.

**મહાશુક્રેન્દ્ર** : ૪૦,૦૦૦ વિમાનાવાસ, ૪૦,૦૦૦ સામાનિક દેવો અને ૧,૬૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે સોળ જંબૂદ્વીપ જેટલા

ક્ષેત્રને વૈક્રિયકૃત રૂપો દ્વારા ભરી શકે છે.

**સહસ્ત્રારેન્દ્ર** : ૩૦,૦૦૦ વિમાનાવાસ, ૩૦,૦૦૦ સામાનિક દેવો અને ૧,૨૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે સાધિક સોળ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિયકૃત રૂપ દ્વારા ભરી શકે છે.

**પ્રાણતેન્દ્ર** : ૪૦૦ વિમાનાવાસ, ૨૦,૦૦૦ સામાનિક દેવો અને ૮૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે બત્રીસ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રોને વૈક્રિયકૃત રૂપ દ્વારા વ્યાપ્ત કરી શકે છે.

**અચ્યુતેન્દ્ર** : ૩૦૦ વિમાનાવાસ, ૧૦,૦૦૦ સામાનિક દેવો અને ૪૦,૦૦૦ આત્મરક્ષક દેવો પર આધિપત્ય ભોગવે છે. તે સાધિક બત્રીસ જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિયકૃત રૂપ દ્વારા વ્યાપ્ત કરી શકે છે.

પ્રત્યેક ઈન્દ્રના સામાનિક દેવ અને ત્રાયસ્ત્રિંશક દેવોની વૈક્રિયશક્તિ ઈન્દ્રની સમાન જ છે. અગ્રમહિષી અને લોકપાલની શક્તિ બે જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરવાની છે.

આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે ઉપર ઉપરના દેવલોકના ઈન્દ્રોની વૈક્રિયશક્તિ, આત્મસામર્થ્ય ક્રમશઃ વધતું જાય છે અને વિમાનાવાસ આદિ બાહ્ય ઋદ્ધિ ઘટતી જાય છે. શકેન્દ્રના વિમાનથી ઈશાનેન્દ્રના વિમાન કંઈક ઊંચા છે, જેમ હથેળીનો કેટલોક ભાગ ઊંચો અને કેટલોક ભાગ કંઈક નીચો પ્રતીત થાય છે, તે જ રીતે સમભૂમિ પર હોવા છતાં બંનેના વિમાનમાં કંઈક તરતમતા છે.

**બે ઈન્દ્રનો શિષ્ટાચાર** : શકેન્દ્ર કરતાં ઈશાનેન્દ્ર મોટા છે. તે બંને વચ્ચે મિત્ર જેવો વ્યવહાર હોય છે. તેથી પરસ્પર એકબીજાના સ્થાનમાં ગમનાગમન, આલાપ–સંલાપ કરી શકે છે. કોઈ પ્રયોજન હોય ત્યારે "હે દક્ષિણાર્ધ લોકાધિપતિ દેવેન્દ્ર દેવરાજ શક્ર!" અથવા "હે ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ દેવેન્દ્ર દેવરાજ ઈશાન!" આ પ્રકારનું સંબોધન કરીને જાય છે. કર્માધીન બંને ઈન્દ્રો વચ્ચે ક્યારેક વિવાદ

પણ થાય છે. ત્યારે સનત્કુમારેન્દ્રનું મનથી સ્મરણ કરે. તે ઈન્દ્ર આવીને વિવાદનું સમાધાન કરે છે. તે બંને સ્વીકારે છે.

**સનત્કુમારેન્દ્ર** : આ ત્રીજા દેવલોકના ઈન્દ્ર છે તે ભવ્ય, સમ્યગ્ દ્રષ્ટિ, પરિત્ત સંસારી, સુલભ બોધિ અને એકાવતારી છે અને તે સાત સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે. તેણે પૂર્વભવમાં ચતુર્વિધ સંઘની કલ્યાણ કામના કરીને તથા પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરી છે.

આ રીતે દેવની ઋદ્ધિ અને વૈક્રિયશક્તિ વિષયક પ્રશ્નોત્તર 'મોકા' નગરીમાં થયા હતા.

**ચમરેન્દ્રની ઋદ્ધિ**

**દેવોના ૧૦ પ્રકાર** : દેવોમાં પદ, પ્રતિષ્ઠા, સત્તા આદિની અપેક્ષાએ તરતમતા હોય છે. તેથી તેના દસ પ્રકાર છે :

**(૧) ઈન્દ્ર** : સામાનિક આદિ સર્વ પ્રકારના દેવોના સ્વામી ઈન્દ્ર કહેવાય છે. તે અન્ય દેવોથી વિશિષ્ટ શક્તિ સંપન્ન તેમ જ અણિમાદિ લબ્ધિથી સુશોભિત હોય છે.

**(૨) સામાનિક** : આજ્ઞા અને ઐશ્વર્ય સિવાય આયુષ્ય, બલ, વીર્ય, પરિવાર, ભોગ–ઉપભોગની સામગ્રીમાં ઈન્દ્રની સમાન હોય, તેને સામાનિક દેવ કહે છે.

**(૩) ત્રાયસ્ત્રિંશ** : જે દેવ મંત્રી અને પુરોહિતનું કાર્ય કરે છે, તેને ત્રાયસ્ત્રિંશ કહે છે. તેની સંખ્યા ૩૩ જ હોય છે.

**(૪) પારિષદ્ય (પરિષદ)** : ઈન્દ્રના મિત્ર સમાન હોય તેને પારિષદ્ય દેવ કહે છે.

**(૫) આત્મરક્ષક** : ઈન્દ્રના અંગરક્ષક દેવોને આત્મરક્ષક કહે છે. ઈન્દ્રને કોઈ પણ પ્રકારના અનિષ્ટની શક્યતા નથી, તેમ છતાં કર્તવ્યપાલન કરવા આત્મરક્ષક દેવો હંમેશાં શસ્ત્રસજ્જ બનીને ઈન્દ્રની ચારે તરફ ઊભા રહે છે.

**(૬) લોકપાલ** : સીમાની રક્ષા કરે તેને લોકપાલ કહે છે.

**(૭) અનીક** : સૈનિકનું કામ કરે તેને અનીક અને જે સેનાપતિનું કામ કરે તેને અનીકાધિપતિ કહે છે.

**(૮) પ્રકીર્ણક** : જે દેવ નગરજનોની સમાન હોય તેને પ્રકીર્ણક કહે છે.

**(૯) આભિયોગિક** : જે દેવ દાસની સમાન હોય તેને આભિયોગિક કહે છે.

**(૧૦) કિલ્વિષી** : જે દેવ ચાંડાલની સમાન હોય તેને કિલ્વિષી કહે છે.

વ્યંતર અને જ્યોતિષી દેવોમાં લોકપાલ અને ત્રાયસ્ત્રિંશક જાતિના દેવ હોતા નથી. શેષ આઠ પ્રકાર જ હોય છે. વૈમાનિકમાં બાર દેવલોક સુધી આ દશ ભેદ હોય છે. તે પછી સર્વ દેવ અહમિંદ્ર છે.

**ચમરેન્દ્રની વૈક્રિય શક્તિ** : તે પોતાના [સ્વશરીર પ્રતિબદ્ધ] વૈક્રિયકૃત રૂપો દ્વારા સંપૂર્ણ જંબૂદ્વીપને વ્યાપ્ત કરી શકે છે. તેમજ અસંખ્ય દ્વીપ–સમુદ્ર સુધીના ક્ષેત્રોને વ્યાપ્ત કરવાનું તેનું સામર્થ્ય છે.

**વિક્રિયા–વૈક્રિય શક્તિ** : જે શક્તિથી એક–અનેક, દ્રશ્ય, અદ્રશ્ય આદિ અનેક રૂપો બનાવી શકાય, તેવી વિવિધ પ્રકારની ક્રિયાને વિક્રિયા અથવા વૈક્રિય શક્તિ કહે છે. નારકી, દેવ, વૈક્રિયલબ્ધિ સંપન્ન મનુષ્યો, તિર્યંચ પંચેન્દ્રિય અને વાયુકાયને આ પ્રકારની લબ્ધિ હોય છે.

**વિકુર્વણા કરવાની પદ્ધતિ** : ચમરેન્દ્ર ઉત્તર વૈક્રિય શરીર બનાવવા વૈક્રિય સમુદ્‌ઘાત કરી, આત્મપ્રદેશોને બહાર કાઢી, સંખ્યાત યોજનનો દંડ બનાવે છે. તે દંડ જાડાઈમાં શરીર પરિમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજનનો હોય છે. તે કર્કેતન, રિષ્ટ આદિ રત્નોના સ્થૂલ પુદ્‌ગલો ખંખેરીને, સૂક્ષ્મ અને સારભૂત પુદ્‌ગલોને ગ્રહણ કરીને, તેમાંથી અસુરકુમાર દેવ–દેવીઓના અનેક રૂપોની વિકુર્વણા કરે છે.

# શતક – ૩: ઉદ્દેશક – ૨

# ચમર

**અસુરકુમાર દેવોના સ્થાન, તેમનું ગમન સામર્થ્ય અને પ્રયોજન તેમજ ચમરેન્દ્રનું પ્રથમ દેવલોક ગમન અને તેના પૂર્વભવ પૂરણ તાપસનું વિસ્તૃત જીવન ચરિત્ર:**

**સ્થાન** : અસુર દેવો પ્રથમ નરક પૃથ્વીના ૧૦ આંતરામાં રહે છે. રત્નપ્રભા પૃથ્વી ૧,૮૦,૦૦૦ યોજન જાડી છે. તેના આદિ અને અંતના ૧૦૦૦ યોજનને છોડીને મધ્યના ૧,૭૮,૦૦૦ યોજનમાં ૧૩ પાથડા અને ૧૨ આંતરા છે. તેમાં ઉપરના બે આંતરા ખાલી છે. નીચેના દશ આંતરામાં દશ ભવનપતિઓના આવાસ છે.

**ગમન સામર્થ્ય–પ્રયોજન** : અસુરકુમાર જાતિના દેવોનું નીચે સાતમી નરક સુધી જવાનું સામર્થ્ય છે પરંતુ ત્રીજી નરક સુધી જ પૂર્વમિત્ર કે શત્રુને ક્રમશઃ સુખ–દુઃખ આપવા નિમિત્તે જાય છે. તેમને તિરછા અસંખ્ય દ્વીપ સમુદ્ર પર્યંત જવાનું સામર્થ્ય છે પરંતુ તીર્થંકરોના કલ્યાણકોની ઉજવણી માટે ત્રણ દિશામાં નંદીશ્વર દ્વીપ સુધી જ જાય છે. એક દક્ષિણ દિશામાં તો તે રહે જ છે તે દિશામાં અસંખ્ય દ્વીપસમુદ્ર સુધી જાય છે. ઉપર બાર દેવલોક પર્યંત જવાનું તેઓનું સામર્થ્ય છે. પરંતુ પ્રથમ દેવલોક સુધી જ જાય છે. પ્રથમ દેવલોકના દેવો સાથે તેમને જન્મજાત વૈર હોય છે, તે શક્રેન્દ્રના આત્મરક્ષક દેવોને ત્રાસ પહોંચાડે છે, તેના રત્નો વગેરે ચોરી જાય છે. તેની દેવીઓને પણ લઈ આવે છે, પોતાના સ્થાને લાવીને દેવીઓની ઈચ્છાથી તેની સાથે પરિચારણા પણ કરે છે તે દેવલોકમાં જ દેવીઓ સાથે પરિચારણા કરી શકતા નથી.

અસુરકુમાર દેવોની ઉપરોક્ત પ્રવૃત્તિથી શક્રેન્દ્ર ક્રુદ્ધ થઈ તેને સજા રૂપે

શારીરિક કષ્ટ પહોંચાડે છે.

**અવસર્પિણીકાલનું આશ્ચર્ય** : અસુરકુમાર દેવો ઉપદ્રવ માટે સૌધર્મ દેવલોકમાં જાય તે અનંત કાલે થતી એક આશ્ચર્યજનક ઘટના છે, તેઓ જ્યારે જાય છે ત્યારે અરિહંતાદિનો આશ્રય લઈને જાય છે.

ચમરેન્દ્ર અહંકારને વશ થઈ, પોતાની શક્તિનો વિચાર કર્યા વિના, શક્રેન્દ્રના સામર્થ્યને સમજ્યા વિના પ્રભુ મહાવીરનો આશ્રય લઈને સૌધર્મ દેવલોકમાં ગયા, ત્યાં જઈને અશિષ્ટ વ્યવહાર કર્યો પરંતુ શક્રેન્દ્રની શક્તિ અને સામર્થ્યને સહી શક્યા નહીં, તેથી ત્યાંથી પોતાની જાતના રક્ષણ માટે ભાગ્યા અને પ્રભુના શરણમાં પહોંચી ગયા. પ્રભુના શરણના પ્રભાવે શક્રેન્દ્રે તેને અભયદાન આપ્યું. ચમરેન્દ્ર શક્રેન્દ્રની અને પ્રભુ મહાવીરની ક્ષમાયાચના કરી ત્યાંથી તે સ્વસ્થાને આવ્યા.

આ રીતે 'ચમર' ઉદ્દેશકમાં વિશેષતઃ ચમરેન્દ્ર વિષય વર્ણન જ પ્રાપ્ત થાય છે.

અધો દિશામાં ચમરેન્દ્રની ગતિ વધારે હોય તેનાથી શક્રેન્દ્રની ગતિ મંદ હોય અને તેનાથી વજ્રની ગતિ મંદ હોય છે. તેથી વજ્ર ચમરેન્દ્રને માર્ગમાં જ પહોંચી ન શક્યું અને શક્રેન્દ્રે વજ્રને પકડી લીધું પરંતુ ચમરેન્દ્રને રસ્તામાં શક્રેન્દ્ર પકડી શક્યા નહીં. જેટલું ક્ષેત્ર નીચે જવામાં ચમરેન્દ્રને એક સમય લાગે તેટલા ક્ષેત્રને જતાં શક્રેન્દ્રને બે સમય અને વજ્રને ત્રણ સમય લાગે છે. ઉપર જવામાં શક્રેન્દ્રને જ્યાં એક સમય લાગે, ત્યાં વજ્રને બે સમય અને ચમરેન્દ્રને ત્રણ સમય લાગે છે. પોતાની અપેક્ષા તિરછા જવામાં ચમરેન્દ્ર અને શક્રેન્દ્રની મધ્યમ ગતિ હોય છે. ઉપર નીચે જઘન્ય ઉત્કૃષ્ટ ગતિ હોય છે.

શક્તિ સામર્થ્ય જોવા માટે કે દેખાડવા માટે ચમરેન્દ્ર, શક્રેન્દ્ર પાસે અનંતકાલમાં ક્યારેક જાય છે. પરંતુ ચોરીથી જનારા દેવો ગમે ત્યારે જાય છે. તેની ગણના આશ્ચર્યમાં થતી નથી.

**વિવિધ પ્રકારની ક્રિયા અને તેના પરિણામભૂત વેદનાના પૂર્વ પશ્ચાદ્‌ભાવનું વર્ણન :**

**ક્રિયા** : જે કરાય છે તે ક્રિયા અથવા કર્મબંધના કારણભૂત કોઈ પણ યૌગિક પ્રવૃત્તિને ક્રિયા કહે છે. તેના મુખ્ય ભેદ પાંચ છે– (૧) કાયિકી ક્રિયા– શારીરિક પ્રવૃત્તિ, (૨) અધિકરણીકી ક્રિયા– શસ્ત્ર દ્વારા થતી પ્રવૃત્તિ, (૩) પ્રાદ્વેષિકી ક્રિયા– દ્વેષજન્ય પ્રવૃત્તિ, (૪) પારિતાપનિકી ક્રિયા– પરિતાપ આપનાર પ્રવૃત્તિ અને (૫) પ્રાણાતિપાતિકી ક્રિયા– હિંસાકારી પ્રવૃત્તિ.

# શતક – 3: ઉદ્દેશક – 3

# ક્રિયા

**૧. કાયિકી ક્રિયા** : શરીરથી–કાયાથી અથવા કાયામાં થતી ક્રિયા તે કાયિકી ક્રિયા છે. તેના બે ભેદ છેઃ **અનુપરત કાયિકી ક્રિયા** – પ્રાણાતિપાતાદિ પાપથી અવિરત જીવોની કાયિક પ્રવૃત્તિ. તે અવિરત જીવોને હોય છે અર્થાત્ પ્રથમ ચાર ગુણસ્થાન સુધી હોય છે. **દુષ્પ્રયુક્ત કાયિકી ક્રિયા** – દુષ્ટ (પાપ) પ્રવૃત્તિમાં પ્રયુક્ત શરીર દ્વારા લાગતી ક્રિયા અથવા અસાવધાનીથી પ્રયુક્ત શરીર દ્વારા લાગતી ક્રિયા. આ ક્રિયા પ્રમત્ત સંયત ગુણસ્થાન સુધી અર્થાત્ પ્રથમ છ ગુણસ્થાન સુધી હોય છે. કારણ કે તે જીવો વિરત હોવા છતાં પ્રમાદવશ તેની કાયા પણ દુષ્પ્રયુક્ત થઈ શકે છે.

**૨. આધિકરણિકી ક્રિયા** : જેનાથી આત્મા નરકાદિ દુર્ગતિનો અધિકારી બને તેવા અનુષ્ઠાન અથવા તલવાર, ચક્રાદિ શસ્ત્ર વગેરે અધિકરણ છે, તે અધિકરણમાં અથવા અધિકરણથી થતી ક્રિયા. તેના બે ભેદ છેઃ **(૧) સંયોજનાધિકરણ ક્રિયા–** સંયોજન–જોડવું. પાપકારી શસ્ત્રના જુદા જુદા ભાગ ભેગા કરીને એક શસ્ત્ર કે યંત્ર બનાવવું. દા.ત. કુહાડીના પાનામાં લાકડાનો હાથો સંયુક્ત કરવો અથવા કોઈ પદાર્થને દુષ્ટ બુદ્ધિથી વિષમિશ્રિત કરવો. **(૨) નિર્વર્તનાધિકરણ ક્રિયા–** નિર્વર્તન = રચના. તલવાર, ભાલા વગેરે પાપકારી શસ્ત્રોની નવી રચના કરવી, નવા બનાવવા.

**૩. પ્રાદ્વેષિકી ક્રિયા** : પ્રદ્વેષ અથવા મત્સરમાં અથવા પ્રદ્વેષના નિમિત્તથી થતી ક્રિયા. તેના બે ભેદ છેઃ **(૧) જીવપ્રાદ્વેષિકી ક્રિયા–** પોતાના પર અથવા અન્ય પર દ્વેષ કરવો અથવા દ્વેષ કરવાથી લાગતી ક્રિયા. (૨) **અજીવ પ્રાદ્વેષિકી ક્રિયા–** જડ પદાર્થ પર દ્વેષ કરવો અથવા દ્વેષ કરવાથી લાગતી ક્રિયા.

**૪. પારિતાપનિકી ક્રિયા** : પરિતાપ–પીડા પહોંચાડવાથી લાગતી ક્રિયા. તેના બે ભેદ છેઃ **(૧) સ્વહસ્તપારિતાપનિકી ક્રિયા**– પોતાના હાથે જ પોતાને અથવા અન્યને અથવા બંનેને પીડા પહોંચાડવી. (૨) **પરહસ્ત પારિતાપનિકી ક્રિયા**– અન્ય દ્વારા અથવા અન્યના નિમિત્તથી પોતાને અથવા અન્યને પીડા પહોંચાડવી.

**૫. પ્રાણાતિપાતિકી ક્રિયા** : પ્રાણીઓના પ્રાણના અતિપાત–નાશથી લાગતી ક્રિયા. તેના બે ભેદ છેઃ (૧) સ્વહસ્ત પ્રાણાતિપાતિકી ક્રિયા– પોતાના હાથે જ પોતાના, અન્યના અથવા ઉભયના પ્રાણનો નાશ કરવો. (૨) પરહસ્ત પ્રાણાતિપાતિકી ક્રિયા– અન્ય દ્વારા પોતાના, અન્યના અથવા બંનેના પ્રાણનો નાશ કરાવવો.

કાયિકી આદિ ત્રણ ક્રિયાનું આ સ્વરૂપ સ્થૂલ દ્રષ્ટિએ છે. સૂક્ષ્મ દ્રષ્ટિએ આ ત્રણ ક્રિયા સંસારના દરેક પ્રાણીને નિરંતર લાગે છે. સૂક્ષ્મ દ્રષ્ટિકોણથી ત્રણ ક્રિયાઓનું સ્વરૂપ– (૧) શરીરના સદ્‌ભાવથી કાયિકી ક્રિયા, (૨) અશુભ અધ્યવસાયના સદ્‌ભાવથી આધિકરણી ક્રિયા (૩) કષાયના સદ્‌ભાવથી પ્રાદ્વેષિકી ક્રિયા લાગે છે.

**ક્રિયા અને વેદના** : કર્મના અનુભવને વેદના કહે છે. ક્રિયાથી કર્મબંધ થાય છે અને કર્મબંધથી વેદના થાય છે. જન્ય અને જનકમાં અભેદની વિવક્ષા કરીએ તો ક્રિયા તે જ કર્મ છે. જે કરાય તે ક્રિયા અને તે એક પ્રકારનું કર્મ છે. વેદાય, અનુભવાય તે વેદના છે, તે કર્મનું ફળ છે. તેથી પહેલા ક્રિયા–કર્મ અને પછી તેના ફળસ્વરૂપ વેદના હોય છે.

**શ્રમણ નિર્ગ્રંથને ક્રિયા અને કારણ** : સર્વ પાપોથી વિરત શ્રમણ નિર્ગ્રંથોને પણ પ્રમાદ અને યોગથી ક્રિયા લાગે છે. શ્રમણોને ઉપયોગ રહિત કે યતના રહિત પ્રવૃત્તિથી અથવા શરીર અને ઉપકરણ સંબંધી પ્રમાદથી પ્રમાદજન્ય ક્રિયા

લાગે અને કષાય રહિત અવસ્થામાં તેને ઐર્યાપથિક ક્રિયા લાગે છે, જે યોગજન્ય હોય છે.

**જીવની મુક્તિ ક્યાં સુધી નથી?** : જીવ સયોગી અવસ્થામાં હોય ત્યાં સુધી તે એજન–કંપન આદિ વિવિધ ક્રિયાઓ સતત કરે છે અને જ્યાં સુધી જીવ સૂક્ષ્મ કે સ્થૂલ કોઈ પણ ક્રિયા કરે છે ત્યાં સુધી કર્મબંધ થાય છે, અને જ્યાં સુધી કર્મબંધ છે ત્યાં સુધી મુક્તિ થતી નથી.

કોઈ પણ ક્રિયામાં પ્રવૃત્ત થતો જીવ આરંભ, સંરંભ અને સમારંભમાં પ્રવૃત્ત થાય છે અને તેમાં પ્રવર્તમાન જીવ, અન્ય જીવોને દુઃખ પહોંચાડે છે. તેથી ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સકર્મજીવ કદાપિ અકર્મા અર્થાત્ મુક્ત થઈ શક્તો નથી.

**જીવની મુક્તિ–અંતક્રિયા ક્યારે થાય?** : જીવ જ્યારે સૂક્ષ્મ કે સ્થૂલ સર્વ પ્રકારની એજનાદિ ક્રિયાથી (કંપનાદિ ક્રિયા) રહિત થઈ જાય, સર્વથા નિષ્ક્રિય–અયોગી બની જાય ત્યારે જ તે અંતક્રિયા કરી શકે છે અર્થાત્ મુક્ત થાય છે.

નિષ્ક્રિય થયેલો જીવ આરંભાદિમાં પ્રવૃત્ત થતો નથી, આરંભાદિમાં અપ્રવર્તમાન જીવ અન્ય જીવોને પીડા પહોંચાડતો નથી, તેથી કર્મબંધ કરતો નથી અને કર્મબંધથી મુક્ત થયેલો જીવ સર્વથા મુક્ત થઈ જાય છે.

આ વિષયના સ્પષ્ટીકરણ માટે અહીં ત્રણ દ્રષ્ટાંત આપ્યા છે જેમ કે–

૧. જે રીતે સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાંખતા જ તે ભસ્મીભૂત થઈ જાય છે.

૨. જે રીતે અત્યંત તપ્ત લોખંડની કડાઈ પર જલબિંદુ નાંખતા તે તરત જ નષ્ટ થઈ જાય છે, તે જ રીતે એજનાદિ ક્રિયા રહિત મનુષ્યના કર્મરૂપ ઈંધન શુક્લધ્યાન રૂપ જાજ્વલ્યમાન અગ્નિમાં તરત જ ભસ્મીભૂત થઈ જાય છે.

૩. જે રીતે છિદ્રો વાળી નૌકા પાણીમાં તરતી મૂકતા, તે નૌકા છિદ્રો દ્વારા પાણીથી ભરાય જાય છે. પરંતુ કોઈ વ્યક્તિ તે નૌકાના સમસ્ત છિદ્રોને ઢાંકી દે

અને નૌકામાં ભરેલા પાણીને ઉલેચી નાંખે તો તરતજ તે નૌકા પાણીમાં ઉપર આવી જાય છે. તે જ રીતે આશ્રવરૂપ છિદ્રો દ્વારા કર્મરૂપી પાણીથી ભરેલી આ જીવરૂપી નૌકાને આત્મસંવૃત્ત પુરુષ જ્યારે ઉપયોગપૂર્વક સમસ્ત ક્રિયા કરતાં, આશ્રવરૂપ છિદ્રોને ઢાંકી દે અને નિર્જરા દ્વારા સંચિત કર્મરૂપી જલને ઉલેચી નાંખે ત્યારે તે જીવ સાંપરાયિક ક્રિયા રહિત બની જાય છે. તે જીવને યોગનિમિત્તક ઐર્યાપથિકી ક્રિયા જ લાગે છે. તે ક્રિયાજન્ય જે કર્મબંધ થાય છે, તે પણ પ્રથમ સમયે બંધાય, બીજા સમયે વેદન થાય અને ત્રીજા સમયે તે નિર્જરી જાય અર્થાત્ આત્મપ્રદેશોથી પૃથક્ થઈ જાય છે અને ક્રમશઃ તે જીવ સર્વથા નિષ્ક્રિય બની જાય છે. આશ્રવ રહિત, અકર્મરૂપ સ્થિતિમાં જીવરૂપી નૌકા ઉપર આવે છે. નિષ્ક્રિય વ્યક્તિ સંસાર સાગરને તરી જાય છે, અંતક્રિયારૂપ મુક્તિને પ્રાપ્ત કરે છે.

**પ્રમત્ત, અપ્રમત્ત સંયતની સ્થિતિ** :

**પ્રમત્ત સંયમની સ્થિતિ** : જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ વર્ષની છે. પ્રમત્ત સંયમ પ્રાપ્ત કર્યા પછી તરત જ કોઈ જીવનું મૃત્યુ થઈ જાય તે અપેક્ષાએ એક સમયની સ્થિતિ ઘટી શકે છે. સર્વ જીવોની અપેક્ષાએ સર્વાદ્ધા– સર્વકાલની છે, કારણ કે છઠ્ઠું ગુણસ્થાન શાશ્વત છે.

**અપ્રમત્ત સંયમની સ્થિતિ** : સાતમાથી ચૌદમાં ગુણસ્થાનવર્તી જીવો અપ્રમત્ત કહેવાય છે. સંયમની પ્રાપ્તિ અપ્રમત્ત અવસ્થામાં જ થાય છે. સંયમ પ્રાપ્તિનો સમય અંતર્મુહૂર્તનો છે. અપ્રમત્ત ગુણસ્થાનવર્તી જીવ અંતર્મુહૂર્ત પહેલા મૃત્યુ પામતાં નથી માટે તેની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્તની કહી છે. કેવળી ભગવાન તેરમા ગુણસ્થાનકે દેશોન પૂર્વકોટિ વર્ષ પર્યંત રહી શકે છે માટે અપ્રમત્તની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન પૂર્વકોટિ વર્ષની કહી છે. અનેક જીવોની અપેક્ષાએ સર્વકાલની છે. કારણ કે અપ્રમત્તાવસ્થા–[સાતમું અને તેરમું ગુણસ્થાન] શાશ્વત છે.

# શતક – ૩: ઉદ્દેશક – ૪

# યાન

**અણગારનું અવધિજ્ઞાન સામર્થ્ય :**

**ભાવિતાત્મા અણગાર** : સંયમ અને તપથી જેણે આત્માને ભાવિત કર્યો છે, તેવા અણગારને ભાવિતાત્મા અણગાર કહે છે, તેને પ્રાયઃ અવધિજ્ઞાન આદિ લબ્ધિઓ હોય છે.

**વાયુકાયની વૈક્રિય શક્તિ** : વાયુકાયનું સંસ્થાન ધ્વજા–પતાકાના આકારનું જ છે. તે જ્યારે વૈક્રિય શરીર બનાવે ત્યારે પણ અન્ય કોઈ પ્રકારના રૂપોની વિકુર્વણા કરી શકતા નથી પરંતુ ઉપર ઊઠેલી અથવા નીચે પડેલી પતાકાના આકારની જ વિકુર્વણા કરી શકે છે. તેમાં પણ કોઈ એક જ દિશામાં–એક જ આકારવાળી પતાકાની વિકુર્વણા કરી શકે છે, બે દિશામાં બે પ્રકારની પતાકા બનાવી શકતા નથી. વિકુર્વણા કરીને, આત્મઋદ્ધિ, આત્મકર્મ અને આત્મ પ્રયોગથી તે અનેક યોજન સુધી ગતિ કરી શકે છે. જ્યારે તે વિકુર્વણા કરે ત્યારે તે વાયુરૂપ જ રહે છે. પતાકારૂપ થતા નથી.

**મેઘના વિવિધ રૂપોનું પરિણમન** : મેઘ અજીવ છે, તેથી તેમાં વૈક્રિય શક્તિ નથી. પરંતુ પુદ્‌ગલ પરિણમનના સ્વભાવના કારણે તેમાં પણ વિવિધ રૂપોનું પરિણમન થાય છે. તેથી અહીં **'विउव्वित्तए'** શબ્દ પ્રયોગ ન કરતાં **परिणामेत्तए** શબ્દ પ્રયોગ કર્યો છે. તેની ગતિ આત્મઋદ્ધિ, આત્મકર્મ કે આત્મ પ્રભાવથી થતી નથી. કારણ કે તે જડ છે. તેની ગતિ વાયુપ્રેરિત અથવા દેવાદિથી પ્રેરિત થાય છે. આ રીતે મેઘ, સૂત્રોક્ત યાનાદિ રૂપે પરિણમન પામીને ગતિ કરી શકે છે.

**ઉત્પન્ન થનારા જીવોની લેશ્યા** : એક સર્વ સામાન્ય સિદ્ધાંત છે કે **जल्लेसाइं**

**दव्वाइं परियाइत्ता कालं करेइ, तल्लेसेसु उववज्जइ।** જે લેશ્યાના દ્રવ્યોને ગ્રહણ કરીને જીવ કાલધર્મ પામે છે તે જ લેશ્યાના પુદ્ગલ ગ્રહણ કરતાં જીવની ઉત્પત્તિ થાય છે અર્થાત્ જીવનના અંત સમયની અને પુનર્જન્મના પ્રથમ સમયની લેશ્યા એક જ હોય છે.

**અર્થ** : જે સમયે કોઈ પણ લેશ્યા પરિણામનો પ્રથમ સમય હોય છે, તે સમયે કોઈ જીવનો પરભવમાં જન્મ થતો નથી. તે જ રીતે જે સમયે લેશ્યા પરિણામનો અંતિમ સમય હોય છે, તે સમયે પણ કોઈ જીવનો પરભવમાં જન્મ થતો નથી. લેશ્યા પરિણામનું અંતર્મુહૂર્ત વ્યતીત થયા પછી અને અંતર્મુહૂર્ત શેષ રહેવા પર જીવ પરલોકમાં જાય છે.

આ કથન મનુષ્યો અને તિર્યંચો માટે છે. કારણ કે તેમાં લેશ્યાનું પરિવર્તન થયા જ કરે છે. દેવ અને નારકોમાં જીવન પર્યંત એક જ લેશ્યા રહે છે. તેથી દેવ અને નારકમાં લેશ્યા પરિણામનું અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે તેનું મૃત્યુ થાય છે.

**લેશ્યા દ્રવ્ય** : જેના દ્વારા આત્મા, કર્મ સાથે શ્લિષ્ટ થાય છે તેને લેશ્યા કહે છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર અને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં લેશ્યાના પ્રકાર, અધિકારી, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ અનેક દ્વારોથી લેશ્યાનું વિસ્તૃત વર્ણન છે.

જ્યોતિષીમાં તેજોલેશ્યા અને વૈમાનિકમાં ત્રણ શુભ લેશ્યા હોય છે.

**વૈભારગિરિ પર્વત સંબંધી વિકુવર્ણા** :

**બાહ્ય પુદ્ગલનું ગ્રહણ અનિવાર્ય શા માટે?** : ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલને ગ્રહણ કરીને જ વિક્રિયા કરવામાં સમર્થ છે. બાહ્ય પુદ્ગલ ગ્રહણ કર્યા વિના વિક્રિયા કરી શકતા નથી.

ભાવિતાત્મા અણગારને ઔદારિક શરીરમાંથી વૈક્રિય શરીર બનાવવું હોય ત્યારે તેણે બાહ્ય પુદ્ગલ ગ્રહણ કરવું પડે છે. તે સિવાય વૈક્રિય શરીર બની

શકતું નથી અને વૈક્રિય શરીર બનાવ્યા વિના પર્વતનું ઉલ્લંઘન કે પ્રલ્લંઘન થઈ શકતું નથી. તેથી જ બાહ્ય પુદ્ગલોનું ગ્રહણ અનિવાર્ય છે.

**વિકુર્વણા કરનાર માયી કે અમાયી :** માયી અર્થાત્ પ્રમાદયુક્ત જીવ વિકુર્વણા કરે છે. જે અમાયી છે તેને વિકુર્વણા કરવાની ઈચ્છા થતી નથી. વિકુર્વણા કરનાર માયી મનુષ્ય અંત સમયે આલોચનાદિ કરે તો જ તે આરાધક બને છે. અન્યથા તે વિરાધક બને છે.

ભાવિતાત્મા અણગાર વિકુર્વણા કરે છે. ભાવિતાત્મા એટલે ઉચ્ચ સંયમ આરાધક મુનિ. તેવા મુનિને જ વૈક્રિય વગેરે લબ્ધિ પ્રાપ્ત થાય છે અને તે જ વિવિધ પ્રકારની વિકુર્વણા કરવાની શક્તિ ધરાવે છે. તે મુનિ વૈક્રિય વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરીને વૈક્રિય રૂપો બનાવી શકે છે, વૈક્રિય વર્ગણા પુદ્ગલો ગ્રહણ કર્યા વિના વિકુર્વણા કરી શકતા નથી.

અહીં અધ્યાત્મભાવોની મુખ્યતાએ ભાવિતાત્મા અણગારના પણ બે ભેદ કર્યા છે - માયી અને અમાયી. તેના અર્થ ક્રમશઃ પ્રમાદી અને અપ્રમાદી થાય છે. તાત્પર્ય એ છે કે ભાવિતાત્મા લબ્ધિધારી અણગાર જ્યારે પ્રમત્ત ભાવોમાં હોય, ત્યારે જ બહિર્લક્ષી પરિણામે, કુતુહલ આદિ વૃત્તિથી વૈક્રિય લબ્ધિનો પ્રયોગ કરે છે.

આ રીતે સ્પષ્ટ થાય છે કે માયી–પ્રમાદી વિકુર્વણા કરે છે, અમાયી–અપ્રમાદી અણગારને બહિર્લક્ષી વૃત્તિ ન હોવાથી તે વિકુર્વણા કરતા નથી.

# શતક – ૩: ઉદ્દેશક – ૫

# સ્ત્રી

**અણગારની આભિયોજન શક્તિ**

**અભિયોગ** : વિદ્યા, મંત્ર, તંત્ર આદિના બળથી અશ્વાદિમાં પ્રવેશ કરીને તેના દ્વારા ક્રિયા કરાવવી તેને અભિયોગ કહે છે.

**વૈક્રિયા** : વૈક્રિય લબ્ધિ અથવા વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને એક અથવા અનેક વૈક્રિય રૂપો બનાવવા તેને વિક્રિયા કહે છે. આ રીતે બંનેની પ્રક્રિયામાં તફાવત છે.

**અભિયોગ–વૈક્રિયા વચ્ચે સમાનતા અને તફાવત** : (૧) અભિયોગ અને વિક્રિયા બંનેમાં બહારના પુદ્‌ગલ ગ્રહણ કરવામાં આવે છે. (૨) બંનેમાં વિવિધ પ્રકારના અનેક રૂપો બનાવવામાં આવે છે. (૩) અભિયોગમાં હાથી, ઘોડા વગેરે જે શરીરમાં પ્રવેશ કરવો હોય તેવું રૂપ બનાવવું આવશ્યક છે. વૈક્રિયમાં કોઈ શરીરમાં પ્રવેશ કરવાનો નથી. હાથી વગેરે બનાવવું હોય તે તે રૂપ બનાવી ગમનાદિ કાર્ય કરે છે.તાત્પર્ય એ છે કે વૈક્રિયમાં સ્વયંના જ અશ્વાદિ રૂપ બનાવી ગમનાદિ કાર્ય કરે છે જ્યારે અભિયોગમાં અશ્વાદિ રૂપ બનાવી, અશ્વ વગેરેના શરીરમાં પ્રવેશ કરી ગમનાદિ કાર્ય કરે છે.

**અણગારની અભિયોજન શક્તિ** : વિદ્યા, મંત્ર, તંત્ર આદિના બળથી, બાહ્ય પુદ્‌ ગલોને ગ્રહણ કરીને, ભાવિતાત્મા અણગાર અશ્વાદિના રૂપોનું અભિયોજન કરીને, અનેક યોજન સુધી ગમન કરી શકે છે. તે આત્મઋદ્ધિથી, આત્મકર્મથી અને આત્મ પ્રયોગથી અભિયોગ કરે છે. તે અણગાર ગમે તે રૂપનો અભિયોગ કરે પરંતુ તે રૂપે તે પરિણમતા નથી અર્થાત્ અશ્વાદિ થતા નથી. તે અણગાર જ અશ્વાદિ રૂપોમાં પ્રવિષ્ટ છે, તેથી તે અણગાર જ છે.

જે સાધક કેવળ વૈષયિક સુખને માટે, શાતાને માટે, સ્વાદિષ્ટ ભોજનને માટે, રસને માટે અને ઋદ્ધિ પ્રાપ્ત કરવા માટે તંત્ર–મંત્ર–યંત્ર સાધનાથી અથવા વિદ્યા આદિની સિદ્ધિથી આજીવિકા ચલાવે છે, જે ઔષધિ સંયોગ કરે છે તથા ભૂતિ–ભસ્મ, દોરા, ધાગા આદિ મંત્રિત કરીને તેનો પ્રયોગ કરે છે તે આભિયોગિક ભાવના કરે છે.

અહીં અચિત્ત આકૃતિ બનાવી, તેમાં સ્વયં પ્રવેશ કરી, ગમન આદિ કરવારૂપ વિશિષ્ટ આભિયોગિક ક્રિયા [કુતૂહલ] નું કથન છે. આ પ્રકારની આભિયોગિક પ્રવૃત્તિ કરનારા સાધુ આભિયોગિક દેવ [મહર્દ્ધિક દેવોની આજ્ઞા અને અધીનતામાં રહેનારા દાસ અથવા સેવક સમાન દેવ] રૂપ ઉત્પન્ન થાય છે. તે તપ સંયમના પ્રભાવે ૧૨ દેવલોક સુધી જાય છે પરંતુ આભિયોગિક પ્રવૃત્તિના કારણે મહર્દ્ધિક દેવોની આજ્ઞા અને અધીનતામાં રહેનારા દાસ અથવા સેવક સમાન બને છે અને જે અણગાર પૂર્વોક્ત પ્રવૃત્તિ કરીને આલોચના–પ્રતિક્રમણાદિ કરી લે છે, તે અમાયી અણગાર બની જાય છે અને તે અનાભિયોગિક દેવરૂપે ઉત્પન્ન થાય છે.

# શતક – ૩: ઉદ્દેશક – ૬

## નગર

**મિથ્યાદ્રષ્ટિ અને સમ્યગ્દ્રષ્ટિની વિક્રિયાઃ** જે મિથ્યાદ્રષ્ટિ જીવ વૈક્રિય લબ્ધિ અને વિભંગ જ્ઞાન સંપન્ન હોય તે ઈચ્છાનુસાર વિવિધ રૂપો બનાવી શકે છે અને વિભંગ જ્ઞાનથી જાણી પણ શકે છે, પરંતુ તેનું જ્ઞાન મિથ્યા હોવાથી તે યથાર્થપણે જાણી શકતા નથી. તેઓ વૈક્રિયકૃત રૂપોને સ્વાભાવિક અને સ્વાભાવિક રૂપોને વૈક્રિયકૃત માને છે. તેઓ રાજગૃહીને વારાણસી માને, નવા નગરની વિકુર્વણા કરી હોય તેને વાસ્તવિક માને. આ રીતે તેનું જ્ઞાન મિથ્યા હોય છે.

વૈક્રિયલબ્ધિ સંપન્ન સમ્યગ્દ્રષ્ટિ જે વિક્રિયા કરે છે તેને અવધિ જ્ઞાન દ્વારા યથાર્થપણે જાણે છે.

આ રીતે વૈક્રિયશક્તિ સમાન હોવા છતાં બંનેના જ્ઞાનમાં સમ્યગ્ અને મિથ્યા જ્ઞાનની અપેક્ષાએ ભેદ છે. મિથ્યાત્વના કારણે તેઓને ભ્રાંતિ ઉત્પન્ન થઈ જાય છે.

# શતક – ૩: ઉદ્દેશક – ૭
# લોકપાલ

અહીં શક્રેન્દ્રના લોકપાલ, તેના વિમાન, રાજધાનીનું નિરૂપણ છે.

શક્રેન્દ્રના ચાર લોકપાલ છે– સોમ, યમ, વરૂણ અને વૈશ્રમણ. તે ચારેના ચાર વિમાન છે– સંધ્યાપ્રભ, વરશિષ્ટ, સ્વયંજ્વલ અને વલ્ગુ. તે ચારે વિમાન શક્રેન્દ્રના સૌધર્માવતંસક વિમાનથી અસંખ્ય યોજન દૂર ક્રમશઃ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે. તે વિમાન સાડા બાર લાખ યોજન વિસ્તારવાળા છે. તેની રાજધાની તેના વિમાનની બરોબર નીચે ત્રિછાલોકમાં છે. તે જંબૂદ્વીપ પ્રમાણ છે. ત્યાં ૧૬,૦૦૦ યોજન વિસ્તારનું રાજસભા ભવન છે, તેમાં ભવનો–પ્રાસાદોની ચાર પંક્તિઓ છે. ત્યાં ઉપપાત સભા વગેરે નથી.

**સોમ** : સ્વયંના વિમાનવાસી દેવો, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર જાતિના ભવનપતિ દેવ, દેવી; ચંદ્ર, સૂર્ય આદિ સર્વ જ્યોતિષી દેવ–દેવી સોમ લોકપાલને આધીન છે; અંગારક, વિકોલિક, લોહિતાક્ષ, શનિશ્ચર, ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, બૃહસ્પતિ, રાહુ આદિ દેવો તેના પુત્ર સ્થાનીય છે. મેરૂ પર્વતથી દક્ષિણ વિભાગમાં ગ્રહોની અનેક પ્રકારની સ્થિતિ, અભ્ર વિકાર, ઉલ્કાપાત, દિગ્દાહ, યક્ષોદીપ્ત, ઝાકળ, ચન્દ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ઈન્દ્રધનુષ્ય આદિ તેમ જ ગ્રામદાહ આદિ, પ્રાણક્ષય, ધનક્ષય, કુલક્ષય આદિ કાર્યો સોમ લોકપાલની જાણકારીમાં હોય છે. સોમ લોકપાલની સ્થિતિ ૧–૧/૩ પલ્યોપમની અને તેના પુત્ર સ્થાનીય દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે.

**યમ** : સ્વયંના વિમાનવાસી દેવ, પ્રેતકાયિક વ્યંતર દેવ, અસુરકુમાર જાતિના ભવનપતિ દેવ, દેવી, પરમાધામી દેવ, કંદર્પિક, આભિયોગિક દેવ, યમ લોકપાલની અધીનતામાં હોય છે. પંદર પરમાધામી દેવ તેના પુત્ર સ્થાનીય છે.

મેરુ પર્વતથી દક્ષિણ વિભાગમાં થતાં યુદ્ધ, કલહ, સંગ્રામ, વિવિધ રોગ, યક્ષ, ભૂત આદિના ઉપદ્રવ, મહામારી આદિ અને તેનાથી થતાં ગ્રામક્ષય, કુલક્ષય, ધનક્ષય આદિ કાર્યો યમ લોકપાલથી અજ્ઞાત નથી. તેની સ્થિતિ સોમ લોકપાલની સમાન છે.

**વરુણ** : સ્વયંના વિમાનવાસી દેવ, નાગકુમાર, ઉદધિકુમાર, સ્તનિતકુમાર જાતિના દેવ, દેવી વરુણ લોકપાલની અધીનતામાં છે. કર્કોટક, કર્દમક, અંજન, શંખ, પાલક, પુંડ્ર, પલાશ, મોદ, જય, દધિમુખ, અયંપુલ આદિ દેવો તેના પુત્ર સ્થાનીય છે.

મેરુ પર્વતથી દક્ષિણ વિભાગમાં થતી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુકાળ, દુષ્કાળ, ઝરણા, તળાવ આદિ અને તેના દ્વારા થતા જનક્ષય, ધનક્ષય આદિ કાર્યો વરુણ દેવની જાણકારીમાં હોય છે. તેની સ્થિતિ દેશોન બે પલ્યોપમની અને તેના પુત્ર સ્થાનીય દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે.

**વૈશ્રમણ** : સ્વયંના વિમાનવાસી દેવ, સુવર્ણકુમાર, દ્વીપકુમાર, દિશાકુમાર જાતિના દેવ, દેવી, વાણવ્યંતર દેવ–દેવી તેની આધીનતામાં છે.

પૂર્ણ ભદ્ર, મણિભદ્ર, શાલિભદ્ર, સુમનભદ્ર, ચક્ર, રક્ષ, પૂર્ણ રક્ષ વગેરે દેવો તેના પુત્ર સ્થાનીય છે. મેરુ પર્વતથી દક્ષિણ વિભાગમાં સોના ચાંદીની ખાણ, દાટેલું ધન, માલિક રહિત ધન, ધનવૃષ્ટિ, ગંધમાલા, ચૂર્ણ આદિ સુગંધી પધાર્થો, વસ્ત્ર, ભોજન અને ક્ષીર તેમજ સુકાલ, દુષ્કાલ, પર્વતાદિમાં રાખેલું ધન આદિ કાર્યો તેને જ્ઞાત જ હોય છે. તેની સ્થિતિ બે પલ્યોપમની અને તેના પુત્ર સ્થાનીય દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે.

# શતક – ૩: ઉદ્દેશક – ૮

# અધિપતિ

અહીં ચાર જાતિના દેવોના અધિપતિ દેવોનું કથન છે. દશ ભવનપતિ દેવોમાં દશ અધિપતિ દેવો હોય છે. દક્ષિણ દિશાના અને ઉત્તર દિશાના બે ઈન્દ્રો અને ચાર–ચાર લોકપાલ હોય છે.

**ભવનપતિ દેવો** : દક્ષિણ દિશામાં ચમરેન્દ્ર સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ, અને ઉત્તર દિશામાં બલીન્દ્ર, સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ અધિપતિ છે. આ રીતે નવનિકાયના અધિપતિ દેવોના નામ મૂળપાઠમાં છે.

**વ્યંતર** : વ્યંતર અને જ્યોતિષી દેવોમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ દેવ નથી. તેથી વ્યંતર જાતિમાં દક્ષિણ અને ઉત્તર દિશાના બે–બે ઈન્દ્રો અર્થાત્ ૧૬ ઈન્દ્રો જ અધિપતિ છે. ચાર ચાર લોકપાલ નથી.

**જ્યોતિષી** : જ્યોતિષીઓમાં ચંદ્ર અને સૂર્ય અધિપતિ છે. અસંખ્ય દ્વીપ સમુદ્રમાં અસંખ્ય ચંદ્ર અને અસંખ્ય સૂર્ય અધિપતિ છે. પ્રત્યેક ચંદ્ર–સૂર્યનો પોતાનો સ્વતંત્ર પરિવાર છે અને તેના પર તેનું આધિપત્ય છે.

**વૈમાનિક** : બાર દેવલોક સુધીના દેવોમાં જ સ્વામી–સેવકનો ભેદ છે. ઉપરના દેવો અહમેન્દ્ર–કલ્પાતીત છે. બાર દેવલોકના દશ ઈન્દ્ર છે. એકથી આઠ દેવલોકના આઠ ઈન્દ્ર, નવમા અને દશમા દેવલોકમાં એક ઈન્દ્ર અને અગિયારમાં અને બારમા દેવલોકમાં એક ઈન્દ્ર આ રીતે દશ ઈન્દ્ર થાય છે. એક–એક ઈન્દ્રના ચાર–ચાર લોકપાલ દેવ હોય છે.

# શતક – 3: ઉદ્દેશક – ૯

# ઇન્દ્રિય

**ઈન્દ્રિયોના વિષય** : ઈન્દ્રિયોના વિષયો પાંચ પ્રકારના છે – શ્રોતેન્દ્રિયનો વિષય ઈત્યાદિ.

શ્રોતિન્દ્રિયના વિષય સંબંધી પુદ્ગલ પરિણામના બે પ્રકાર છે - શુભ શબ્દ પરિણામ અને અશુભ શબ્દ પરિણામ. તે જ રીતે પ્રત્યેક ઈન્દ્રિયના પરિણામોમાં બે બે પ્રકારનું કથન છે. યથા- ચક્ષુરિન્દ્રિયમાં સુપ અને કુપ, ઘ્રાણેન્દ્રિયમાં સુરભિ ગંધ અને દુરભિ ગંધ, રસેન્દ્રિયમાં સુરસ અને દુઃરસ, સ્પર્શેન્દ્રિયમાં સુખદ સ્પર્શ પરિણામ અને દુઃખદ સ્પર્શ પરિણામ.

# શતક – ૪: ઉદ્દેશક – ૧૦

# લેશ્યા

**લેશ્યાઓનું પરિવર્તન :** એક લેશ્યાને બીજી લેશ્યાનો સંયોગ પ્રાપ્ત થાય ત્યારે તે ઉક્ત લેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપમાં પરિણત થાય કે નહીં? અહીં લેશ્યાપદના ૧૫ દ્વારોની પ્રરૂપણા કરવામાં આવી છે.

**અતિદેશનો સારાંશ** : કૃષ્ણલેશી જીવ, જો નીલ લેશ્યાના યોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરીને મૃત્યુ પ્રાપ્ત કરે તો તે જે ગતિ–યોનિમાં ઉત્પન્ન થાય છે, ત્યાં નીલલેશીપણે ઉત્પન્ન થાય છે કારણ કે **'जल्लेसाइं दव्वाइं परियाइत्ता कालं करेइ, तल्लेसे उववज्जइ'** અર્થાત્ જે લેશ્યાના દ્રવ્યોને ગ્રહણ કરીને જીવ મૃત્યુ પામે છે, તે જ લેશ્યામાં ઉત્પન્ન થાય છે; જે કારણ હોય છે તે જ સંયોગવશ કાર્ય બની જાય છે; જેમ કારણરૂપ માટી સાધનના સંયોગથી ઘટાદિ કાર્યરૂપ પરિણત થઈ જાય છે તે જ રીતે કૃષ્ણલેશ્યા પણ કાલાન્તરમાં સાધન–સંયોગને પ્રાપ્ત કરીને નીલલેશ્યાના રૂપમાં પરિણત થઈ જાય છે. આ સ્થિતિમાં કૃષ્ણ અને નીલ લેશ્યામાં કેવલ ઔપચારિક ભેદ રહે છે, મૌલિક ભેદ નથી.

જેવી રીતે દહીંનો સંયોગ થવાથી દૂધ પોતાના મધુરાદિ ગુણોને છોડી દહીંના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપમાં પરિણત થઈ જાય છે; તે જ રીતે કૃષ્ણલેશ્યા પણ નીલલેશ્યાનો સંયોગ પ્રાપ્ત કરીને તદ્રૂપ, તદ્ગંધ, તદ્રસ અને તત્સ્પર્શરૂપે પરિણત થઈ જાય છે. જેમ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા રૂપ પરિણત થાય છે; તે જ રીતે નીલલેશ્યા કાપોત લેશ્યામાં, કાપોત લેશ્યા તેજોલેશ્યામાં, તેજોલેશ્યા પદ્મલેશ્યામાં અને પદ્મલેશ્યા શુક્લલેશ્યામાં પરિણત થાય છે અર્થાત્ તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરૂપમાં પરિણમન પામે છે.

**પરિણામાદિ દ્વારનું તાત્પર્ય** : લેશ્યાપદના ચર્તુથ ઉદ્દેશકમાં વર્ણિત પરિણામાદિ ૧૫ દ્વારોનો અહીં અતિદેશ કર્યો છે, તે આ પ્રમાણે છે–

**(૧) પરિણામ દ્વાર** : ઉપર પ્રમાણે.

**(૨) વર્ણ દ્વાર** : કૃષ્ણલેશ્યાનો વર્ણ મેઘ આદિ સમાન કાળો; નીલ લેશ્યાનો વર્ણ ભ્રમરાદિ સમાન નીલો; કાપોત લેશ્યાનો વર્ણ અળસીનું ફૂલ, કોયલની પાંખ, કબૂતરની ગ્રીવા સમાન કંઈક કાળો, કંઈક લાલ અર્થાત્ રીંગણી કલર હોય છે. તેજો લેશ્યાનો વર્ણ સસલાના લોહી સમાન લાલ; પદ્મલેશ્યાનો વર્ણ ચંપક પુષ્પની સમાન પીળો; શુક્લ લેશ્યાનો વર્ણ શંખાદિ સમાન શ્વેત છે.

**(૩) રસદ્વાર** : કૃષ્ણલેશ્યાનો રસ લીમડાના વૃક્ષની સમાન કડવો, નીલલેશ્યાનો રસ સૂંઠની સમાન તીખો, કાપોત લેશ્યાનો રસ કાચા બોરની સમાન કસાયેલો–તૂરો, તેજોલેશ્યાનો રસ પાકી કેરીની સમાન ખાટો–મીઠો, પદ્મલેશ્યાનો રસ ચંદ્રપ્રભા આદિ મદિરાની સમાન તીખો, કસાયેલો અને મધુર તે ત્રણે ય રસ સંયુક્ત, શુક્લલેશ્યાનો રસ ગોળની સમાન મધુર છે.

**(૪) ગંધદ્વાર** : કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણે લેશ્યાઓની દુરભિ ગંધ, અને તેજો, પદ્મ અને શુક્લ તે ત્રણે પ્રશસ્ત લેશ્યાઓની સુરભિ ગંધ
હોય છે.

**શુદ્ધ–પ્રશસ્ત–સંક્લિષ્ટ–ઉષ્ણાદિ દ્વાર** : કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણે લેશ્યાઓ અશુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ, શીત અને રૂક્ષ છે. તે દુર્ગતિનું કારણ છે. તેજો, પદ્મ અને શુક્લ આ ત્રણ લેશ્યાઓ શુદ્ધ, પ્રશસ્ત,અસંક્લિષ્ટ, ઉષ્ણ અને સ્નિગ્ધ છે; તે સુગતિનું કારણ છે.

**પરિણામ–પ્રદેશ–વર્ગણા–અવગાહના–સ્થાનાદિ દ્વાર** : લેશ્યાના ત્રણ પરિણામ–જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ; તેના પણ ત્રણ-ત્રણ ભેદ કરવાથી નવ ભેદ

થાય છે. પ્રત્યેક લેશ્યા અનંત પ્રદેશવાળી છે. પ્રત્યેક લેશ્યાની અવગાહના અસંખ્યાત આકાશ પ્રદેશોમાં છે. કૃષ્ણાદિ છએ લેશ્યાઓને યોગ્ય દ્રવ્ય વર્ગણાઓ ઔદારિકાદિ વર્ગણાઓની જેમ અનંત છે. તરતમતાના કારણે વિચિત્ર અધ્યવસાયોના નિમિત્તરૂપ કૃષ્ણાદિ દ્રવ્યોના સમૂહ અસંખ્ય છે, કારણ કે અધ્યવસાયના સ્થાન પણ અસંખ્ય છે.

**અલ્પ બહુત્વ** : લેશ્યાઓના સ્થાનોનું અલ્પબહુત્વ આ પ્રકારે છે–

| | | | | |
|---|---|---|---|---|
| દ્રવ્યાર્થરૂપે | કાપોતલેશ્યાના | જઘન્ય સ્થાન | સર્વથી થોડા છે. | |
| દ્રવ્યાર્થરૂપે | નીલ લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા. |
| દ્રવ્યાર્થરૂપે | કૃષ્ણ લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા. |
| દ્રવ્યાર્થરૂપે | તેજો લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા. |
| દ્રવ્યાર્થરૂપે | પદ્મ લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા. |
| દ્રવ્યાર્થરૂપે | શુક્લ લેશ્યાના | જઘન્ય સ્થાન | તેથી | અસંખ્યાત ગુણા છે. |

# શ્રી ભગવતી સૂત્ર ભાગ–૧ સંપૂર્ણ

# શ્રી ભગવતી સૂત્ર – ભાગ ૨

## શતક – ૫: ઉદ્દેશક – ૧

## રવિ

આ ઉદ્દેશકમાં સૂર્યની **ચારે ય દિશામાં થતી નિરંતર ગતિ**; તેના કારણે ભિન્ન-ભિન્ન દિશામાં થતાં સૂર્યોદય અને સૂર્યાસ્ત; ભિન્ન-ભિન્ન ક્ષેત્રમાં થતાં દિવસ અને રાત્રિનું કાલમાન તેમજ કાલના વિવિધ એકમોનું નિરૂપણ છે.

સૂર્યનું અસ્તિત્વ ત્રિકાલ શાશ્વત છે. તે સદાય ઉદીયમાન જ છે. તેમ છતાં તેની ગતિના આધારે અને તેના પ્રકાશની સીમાના કારણે જે જે ક્ષેત્રોમાંથી તે પસાર થાય તે તે ક્ષેત્રમાં સૂર્યોદય અને દિવસનું વ્યપદેશ કરાય છે, તેમજ જે ક્ષેત્રમાંથી સૂર્ય દૂર થઈ જાય તે તે ક્ષેત્રમાં સૂર્યાસ્ત અને રાતનો વ્યપદેશ કરાય છે.

જંબૂદ્વીપમાં બે સૂર્ય છે. બંને સૂર્ય એક જ મંડલ પર સામ સામા રહેતાં મેરુ પર્વતની પ્રદક્ષિણા કરે છે. તેથી એક સાથે સામસામા પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર દક્ષિણ બે ક્ષેત્રમાં દિવસ અને બે ક્ષેત્રમાં રાત્રિ થાય છે.

સૂર્ય ઈશાન કોણમાં ઉદિત થઈ અગ્નિકોણમાં અસ્ત થાય છે, તે જ રીતે ક્રમશઃ ચારે કોણમાં ઉદિત થઈ ત્યાર પછીના કોણમાં અસ્ત થાય છે. આ ઉદય, અસ્તના આધારે જ જ્યારે પૂર્વ-પશ્ચિમ વિભાગમાં (પૂર્વ મહાવિદેહ-પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં) દિવસ હોય ત્યારે ઉત્તર-દક્ષિણ વિભાગમાં (ઐરવત-ભરત ક્ષેત્રમાં) રાત હોય છે અને જ્યારે પૂર્વ-પશ્ચિમ વિભાગમાં રાત હોય ત્યારે ઉત્તર-દક્ષિણ વિભાગમાં દિવસ થાય છે.

સૂર્યને ગતિ કરવાના ૧૮૪ મંડલ (મંડલાકાર નિશ્ચિત માર્ગ) છે. તેમાં ૬૫ મંડલ જંબૂદ્વીપમાં અને ૧૧૯ મંડલ લવણ સમુદ્રમાં છે. સૂર્ય નિરંતર ગતિ કરતાં

ક્રમશઃ આભ્યંતર મંડલથી બાહ્ય મંડલ તરફ અને બાહ્ય મંડલથી આભ્યંતર મંડલ તરફ ગતિ કરે છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ પર હોય ત્યારે મોટામાં મોટો ૧૮ મુહૂર્તનો દિવસ અને નાનામાં નાની ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે. રાત્રિ દિવસ બંને મળીને હંમેશાં ૩૦ મુહૂર્ત જ થાય છે. સર્વાભ્યંતર મંડલથી ક્રમશઃ બાહ્ય મંડલ તરફ તેની ગતિ થતાં પ્રતિદિન લગભગ દોઢ મિનિટ જેટલો દિવસ ઘટે અને રાત્રિ વધે છે. આ રીતે ગતિ કરતાં કરતાં સૂર્ય જ્યારે સર્વ બાહ્ય મંડલ પર આવે ત્યારે દિવસ ઘટતાં ઘટતાં ૧૨ મુહૂર્તનો અને રાત્રિ વધતાં વધતાં ૧૮ મુહૂર્તની થઈ જાય છે. આ દિવસ-રાત્રિનું કાલમાન ચારે ય વિભાગમાં એક સરખું રહે છે અને પ્રત્યેક વિભાગમાં આ રીતે વધઘટ થાય છે.

સૂર્યની ગતિના આધારે બે પ્રતિપક્ષી દિશામાં ક્રમશઃ સૂર્યોદય થાય છે. તેથી વર્ષાઋતુ, અયન આદિ પલ્યોપમ, સાગરોપમ સુધીના કાલના પ્રત્યેક એકમો નિષ્પન્ન થાય છે પરંતુ તથા પ્રકારના ક્ષેત્ર સ્વભાવના યોગે ઉત્તર–દક્ષિણ વિભાગમાં જ ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળનું પરિવર્તન થાય છે અને પૂર્વ–પશ્ચિમ વિભાગમાં સદા અવસ્થિત કાલ રહે છે અર્થાત્ ત્યાં ઉત્સર્પિણી અવસર્પિણી કાલ હોતા નથી.

લવણ સમુદ્રમાં ચાર સૂર્ય અને ચાર ચંદ્ર છે. ત્યાં પણ સૂર્યની ગતિ, રાત-દિવસ, તેનું કાલમાન આદિ જંબૂદ્વીપ પ્રમાણે જાણવું.

ધાતકી ખંડમાં બાર સૂર્ય અને બાર ચંદ્ર છે. કાલોદધિ સમુદ્રમાં ૪૨ સૂર્ય અને ૪૨ ચંદ્ર છે. પુષ્કરાર્દ્ધ દ્વીપમાં ૭૨ સૂર્ય અને ૭૨ ચંદ્ર છે. તે પ્રત્યેક ક્ષેત્રમાં સૂર્યની ગતિ આદિ ભાવો જંબૂદ્વીપ પ્રમાણે જાણવા જોઈએ.

આ રીતે આ ઉદ્દેશકમાં સૂર્યની ગતિનું અને તેના પરિમાણનું વિસ્તૃત વર્ણન છે.

# શતક – ૫: ઉદ્દેશક – ૨

# અનિલ

અહીં **ચાર પ્રકારના વાયુ**નું અસ્તિત્વ દર્શાવતાં સમજાવ્યું છે કે તે ચારે વાયુ ચારે દિશા અને ચારે વિદિશામાંથી કોઈ પણ દિશા વિદિશામાં વહી શકે છે. તે ચારે પ્રકારના વાયુને કોઈ પ્રતિબંધ નથી. એક જ દિશામાં અનેક પ્રકારના વાયુઓ પણ વાય શકે છે. પૂર્વ આદિ દિશાઓ ઘણી લાંબી અને વિસ્તૃત છે તેના ભિન્ન-ભિન્ન વિભાગમાં ભિન્ન-ભિન્ન વાયુ વહે તે શક્ય છે પરંતુ એક દિશાના એક વિભાગ (ક્ષેત્ર)માં બે વિરોધી વાયુનું એટલે મંદવાયુ અને મહાવાયુનું અસ્તિત્વ શક્ય નથી અર્થાત્ મંદવાયુ વાતો હોય ત્યારે તે જ ક્ષેત્રમાં મહાવાયુ વાતો નથી.

**(૧) ઈષત્‌પુરોવાત** : ઓસ આદિની સ્નિગ્ધતા-ભેજ યુક્ત વાયુને ઈષત્-પુરોવાત (પરવાયુ) કહે છે.

**(૨) પથ્યવાત** : વનસ્પતિ આદિને માટે લાભદાયક અને હિતકર વાયુને પથ્યવાત કહે છે.

**(૩) મંદવાત** : મંદ ગતિએ વહેતા વાયુને મંદવાત કહે છે.

**(૪) મહાવાત** : તીવ્ર ગતિથી વહેતા વાયુને મહાવાત કહે છે.

**पुव्वभाव पण्णवणं** : ચોખા અને અડદ પૂર્વાવસ્થાની અપેક્ષાએ વનસ્પતિરૂપ છે. મદિરામાં બે જાતિના પદાર્થ છે. ઠોસ પદાર્થ અને પ્રવાહી પદાર્થ. ગોળ આદિ ઠોસ પદાર્થ પૂર્વાવસ્થાની અપેક્ષાએ વનસ્પતિરૂપ છે અને પ્રવાહી પદાર્થ અપકાય રૂપે છે.

**પશ્ચાદવસ્થાની અપેક્ષાએ અગ્નિ પરિણામિત** : ચોખા, અડદ અને મદિરા આ સર્વ જ્યારે **શસ્ત્રાતીત**– ખાડણીયું, સાંબેલું આદિ સાધનો દ્વારા ખાંડીને તેની

પયાર્ય ને પરિવર્તિત કરાય, **શસ્ત્રપરિણત**– પ્રતિકૂળ સ્વભાવી દ્રવ્યોના પ્રયોગથી પરિણામાંતરને પ્રાપ્ત થાય, **અગ્નિધ્યામિત** – અગ્નિ દ્વારા સેકાય તે, **અગ્નિ–ઝૂષિત** – અગ્નિ દ્વારા રંધાય, ઉકળતા પાણીમાં બફાય, **અગ્નિસેવિત** – અગ્નિ દ્વારા વરાળથી બફાય, **અગ્નિ પરિણામિત** – અગ્નિરૂપ થઈ જાય તેટલા પ્રમાણમાં અત્યંત ઉષ્ણ કરાય તો તે અગ્નિકાયના શરીર કહી શકાય છે. અર્થાત્ આ સર્વ ક્રિયાઓ દ્વારા પદાર્થ અત્યુષ્ણ થાય ત્યારે જ તે અગ્નિકાયના શરીર કહેવાય. જ્યાં સુધી અગ્નિ પરિણામિત ન થાય, અપક્વ કે અર્ધપક્વ અવસ્થામાં રહે ત્યાં સુધી તે પદાર્થ અગ્નિકાયના શરીર કહેવાતાં નથી. તે પૂર્વ પર્યાયવાળા જીવના શરીર કહેવાય છે, તેમ સમજવું.

**લવણ સમુદ્રનું સંક્ષિપ્ત વર્ણન** : જંબૂદ્વીપને ફરતો લવણ સમુદ્ર છે. લવણ સમુદ્રનું સંસ્થાન, ગોતીર્થ–જળાશયમાં ગાયને ઉતરવાનો માર્ગ અથવા ક્રમશઃ નીચે જતો માર્ગ, નૌકા, છીપ, સંપુટ, અશ્વસ્કંધ અને વલભી જેવો ગોળ વલયાકારનો છે. તેનો ચક્રવાલ વિષ્કંભ–ગોળાકારે પહોળાઈ બે લાખ યોજન છે તથા તેનો પરિક્ષેપ–પરિધિ ૧૫,૮૧,૧૩૯ યોજનથી કંઈક અધિક છે. તેની ઊંડાઈ એક હજાર યોજન અને ઊંચાઈ ૧૬,૦૦૦ યોજન છે. તે સર્વ મળીને ૧૭૦૦૦ યોજન થાય છે.

આટલો વિસ્તૃત અને વિશાળ લવણ સમુદ્ર હોવા છતાં આજ સુધી જંબૂદ્વીપને તે ડૂબાડી શક્યો નથી; તેનું કારણ એ છે કે ભરત અને ઐરવત ક્ષેત્રોમાં સ્વભાવથી ભદ્ર, વિનીત, ઉપશાંત, મંદ કષાયી, સરળ, કોમળ, જિતેન્દ્રિય અને નમ્ર પુરુષો હોય છે. યથા– અરિહંત, ચક્રવર્તી, બલદેવ,ચારણ, વિદ્યાધર, શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા અને ધર્માત્મા મનુષ્ય. તેના પુણ્ય પ્રભાવથી લવણ સમુદ્ર જંબૂદ્વીપને ડૂબાડતો નથી, જલમય કરતો નથી અને આ પ્રકારનો લોકનો સ્વભાવ પણ છે.

# શતક–૫ : ઉદ્દેશક–૪

# શબ્દ

**છદ્મસ્થની શબ્દ શ્રવણ શક્તિ** : જે શબ્દનો કાન સાથે સ્પર્શ થાય તેને જ છદ્મસ્થ મનુષ્ય સાંભળી શકે છે. જેમ કે – **पुट्ठं सुणेइ सद्दं** [નંદીસૂત્ર]. કાનથી સ્પૃષ્ટ થયેલા શબ્દ જ સંભળાય છે. છદ્મસ્થ વ્યક્તિ શ્રોત્રેન્દ્રિય (કાન)થી સાંભળે છે, તેની ઇન્દ્રિયની શક્તિ સીમિત છે. તેથી છદ્મસ્થ મનુષ્ય ઈન્દ્રિયની સીમામાં રહેલા, કાન સાથે સ્પષ્ટ થયેલા શબ્દોને સાંભળી શકે છે, અન્ય શબ્દોને સાંભળી શકતા નથી.

**કેવળીની શબ્દ શ્રવણ શક્તિ** : કેવળી પાસે અતીન્દ્રિય, અનંત, નિરાવરણ કેવળજ્ઞાન છે. તેનાજ્ઞાનની કોઈ સીમા કે મર્યાદા નથી. તેથી તે ઈન્દ્રિયના વિષય ક્ષેત્રમાં રહેલા કે ઈન્દ્રિયના વિષય ક્ષેત્રથી દૂર રહેલા મિત, અમિત, સર્વ શબ્દોને જાણે છે અને દેખે છે.

**सुणेइ; जाणइ पासइः** છદ્મસ્થને માટે **सुणेइ** ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે, જ્યારે કેવળી**ને** માટે **जाणइ पासइ** ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે. આ ભેદનું કારણ એ છે કે છદ્મસ્થ જીવ કાનથી શબ્દ સાંભળે છે પરંતુ કેવલી ભગવાનને કાનથી શબ્દો સાંભળવાપણું નથી. તેઓ કેવળજ્ઞાન–કેવળદર્શનથી જ જાણે–દેખે છે.

**પ્રભુ મહાવીર અને દેવનો મનોગત વાર્તાલાપ** : દેવલોકના દેવો પણ પરસ્પર માનવલોકની જેમ ધર્મ સંબંધી કે અન્ય ચર્ચાઓ કરતા જ હોય છે.

પ્રભુ મહાવીરના ચૌદ હજાર શ્રમણ છે તેમાંથી કેટલા શ્રમણ તદ્ભવ મોક્ષગામી છે. આ વિષયમાં બે દેવોને દેવલોકમાં પરસ્પર જ્ઞાન ચર્ચા થતાં તેનું સમાધાન મેળવવા બંને દેવો સાથે મળી પ્રભુની સેવામાં આવ્યા હોય તેમ જણાય છે. તેઓ મનમાં પ્રશ્ન લઈને આવ્યા ત્યારે ભગવાને કેવળજ્ઞાન દ્વારા

તેમના મનોગત પ્રશ્નને જાણી લીધો. આગમમાં આવા અનેક પ્રસંગો જોવા મળે છેકે ભગવાન આગંતુકના મનોભાવને તે કાંઈ બોલે તેની પહેલા જ પ્રગટ કરી દેતા. અહીં દેવોના મનોગત પ્રશ્નને ભગવાને પ્રગટ ન કર્યો પણ મનથી જ તેનો ઉત્તર આપી દીધો છે.

સંજ્ઞી જીવો વિચાર કરે ત્યારે મનયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે અને તેને મન રૂપે પરિણમાવે છે. મનઃપર્યવજ્ઞાની આ મનરૂપે પરિણત મનોવર્ગણાના આધારે સંજ્ઞી જીવોના મનોગત વિચારને જાણી લે છે. કેવળજ્ઞાનીને કેવળજ્ઞાનથી જ સર્વ ભાવો પ્રત્યક્ષ હોવાથી વિચારવાની જરૂર નથી, પરંતુ જ્યારે ભગવાનને પ્રગટરૂપે વાણીથી કથન કરવું ન હોય, કોઈ દેવાદિને મનથી પ્રત્યુતર આપવાના હોય ત્યારે મનોવર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરી તેને જ્ઞેયાકારે મનરૂપે પરિણમાવે છે.

મનઃપર્યવજ્ઞાની શ્રમણ તે મનોવર્ગણાને જોઈ પ્રત્યુત્તર સમજી જાય છે. તે જ રીતે મનોલબ્ધિયુક્ત સમ્યક્ દ્રષ્ટિ વૈમાનિક દેવ પણ તેમની વર્ગણાને અવધિજ્ઞાનથી જોઈ પ્રત્યુત્તર મેળવી લે છે. બંને દેવોએ આ મનોલબ્ધિયુક્ત અવધિજ્ઞાનથી જ પ્રત્યુત્તર જાણી લીધો હતો.

દેવો અને ભગવાન વચ્ચે મનથી થયેલા આ પ્રશ્નોત્તર સમયે ગૌતમ સ્વામી ધ્યાનમાં હતા. ધ્યાન પૂર્ણ થતાં તેઓએ બે દેવને ભગવાનની સમીપે જોયા અને તેમના વિષે જાણવાની જિજ્ઞાસા થઈ. ચાર જ્ઞાનના ધારક એવા ગૌતમ સ્વામીએ પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂક્યા વિના જિજ્ઞાસા થતાં જ વિનયપૂર્વક પ્રભુ સમક્ષ પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી.

ગૌતમ સ્વામીને કોઈ દેવાદિના આગમન અથવા પ્રશ્નોત્તર વિષયક જિજ્ઞાસા થાય અને પ્રભુ તેનું સમાધાન કરે, તેવું તો અનેક સ્થાને જોવા મળે છે પરંતુ અહીં વિશેષતા એ છે કે ભગવાને ગૌતમ સ્વામીને તે દેવો પાસે જઈને જ સમાધાન મેળવવા કહ્યું અને ગૌતમ સ્વામી પ્રભુની આજ્ઞાનુસાર દેવ પાસે જવા માટે તૈયાર

થયા. પરંતુ ત્યાં તો દેવોએ સ્વયં સામે આવીને સર્વ વૃતાંત જણાવ્યો.

આ રીતે આ સંપૂર્ણ પ્રસંગ દેવોની વિશિષ્ટ મનોલબ્ધિ ને તેમ જ કોઈ પણ ગતિમાં રહેલા જીવોની આત્મશક્તિને પ્રદર્શિત કરે છે.

**દેવો માટે શબ્દ-પ્રયોગનો વિવેક** : દેવોને ચાર ગુણસ્થાન જ હોય છે. તેઓ સાધુવ્રત કે શ્રાવકવ્રત ગ્રહણ કરી શકતા નથી. તેઓ અસંયત છે પણ તેઓની પ્રત્યક્ષ હાજરીમાં તેવા નિષ્ઠુર શબ્દનો પ્રયોગ કરવો ઉચિત નથી. તેથી અહીં સદ્ભૂત છતાં કોમળ એવો 'નો સંયત' વચન પ્રયોગ સૂચિત કર્યો છે. નો શબ્દ નિષેધ અર્થમાં પ્રયુક્ત છે. તત્વદ્રષ્ટિએ નિરૂપણ કરતા દેવોની ગણતરી અસંયતમાં જ થાય છે.

**કેવળી અને છદ્મસ્થની જ્ઞાનશક્તિમાં તફાવત** : કેવળજ્ઞાની ત્રણે લોકના ત્રણે કાળના સર્વ ભાવોને સાક્ષાત્ જાણે છે. છદ્મસ્થ મનુષ્યની જ્ઞાનશક્તિ સીમિત હોય છે. તેથી તેઓ સર્વ ભાવોને સાક્ષાત્ જાણી શકતા નથી. તે કેવળી આદિ દશ વિશિષ્ટ વ્યક્તિ પાસેથી સાંભળીને અથવા બીજા કોઈ આગમ આદિ પ્રમાણથી સર્વ ભાવોને જાણી શકે છે.

**કેવળી પાક્ષિક** : સર્વજ્ઞની પરંપરાના વિશિષ્ટ જ્ઞાની શ્રમણોને અહીં કેવળી પાક્ષિક કહ્યા છે.

**सावए उवासए** : વ્યુત્પત્તિની અપેક્ષાએ પ્રભુની વાણીને શ્રવણ કરનાર શ્રાવક કહેવાય અને પ્રભુની ભક્તિ ઉપાસના કરનાર ઉપાસક કહેવાય છે અથવા વ્રતધારીને શ્રાવક કહેવાય અને માત્ર ઉપાસના કરનારને ઉપાસક કહેવાય. સામાન્યતયા, બંને શબ્દો એકાર્થક છે.

**पमाणे** : પ્રમાણ ચાર પ્રકારના કહ્યા છે અને તેના ભેદ પ્રભેદનું કથન અનુયોગ દ્વાર સૂત્રના નિર્દેશ સાથે સંક્ષિપ્ત કર્યું છે.

**ચરમકર્મ અને ચરમ નિર્જરા** : શૈલેશી અવસ્થાના અંતિમ સમયમાં, ચૌદમા

ગુણસ્થાને જે કર્મનો અનુભવ થાય તેને ચરમ કર્મ કહે છે અને તેના અનંતર સમયે જ (શીઘ્ર) જે કર્મ જીવ પ્રદેશોથી ખરી જાય તેને ચરમ નિર્જરા કહે છે.

**વૈમાનિક દેવોની મનોલબ્ધિ** : સમ્યગ્ દ્રષ્ટિ દેવો કેવળીના મન અને વચનને અવધિ જ્ઞાન દ્વારા જાણી શકે છે. તે જ વાતને અહીં પુષ્ટ કરી છે કે તથા પ્રકારના મનોલબ્ધિયુક્ત અવધિ જ્ઞાની અનુત્તરોપપાતિક વૈમાનિક દેવો પોતાના સ્થાનમાં જ રહીને કેવળી સાથે વાતચીત પણ કરી શકે છે. વિશેષતા એ છે કે બારમા દેવલોક સુધીના દેવો કેવળી પાસે જઈને પ્રશ્નચર્ચા કરે છે પરંતુ અનુત્તરોપપાતિક દેવ ઉત્તર વૈક્રિય કરતા નથી. તેઓ પોતાના સ્થાનની બહાર ક્યાંય જતા નથી. તેથી  તેઓ કેવળી સાથે સ્વસ્થાનમાં રહીને જ વાર્તાલાપ કરે છે.

**अणंताओ मणोदव्ववग्गणाओ लध्दाओ....**:અનંત મનોદ્રવ્યવર્ગણા લબ્ધ છે, પ્રાપ્ત છે અને સ્વાધીન છે અર્થાત્ તે મનોદ્રવ્યવર્ગણાને જાણી શકે છે.

અવધિજ્ઞાની રૂપી દ્રવ્યને જાણે છે. અવધિ જ્ઞાનના વિષયમાં દ્રવ્ય અને ક્ષેત્રને પરસ્પર સંબંધ છે. જેમ જેમ તેનું વિષય ક્ષેત્ર વધે તેમ તેમ તે અવધિજ્ઞાની સૂક્ષ્મ સૂક્ષ્મતર રૂપી દ્રવ્યોને જાણી શકે છે.

મનોવર્ગણારૂપી છે પરંતુ સામાન્ય અવધિજ્ઞાની તેને જાણી શકતા નથી; કારણ કે તે સૂક્ષ્મ છે. જે અવધિજ્ઞાની લોકના સંખ્યાતમા ભાગને જાણી શકે છે તે અવધિજ્ઞાની મનોદ્રવ્યવર્ગણાને જાણી શકે છે.

અનુત્તર વિમાનવાસી દેવોનું અવધિજ્ઞાન અત્યંત વિશાળ છે. તે સભિન્ન લોક નાડી પ્રમાણ (સંપૂર્ણ લોકના) રૂપી દ્રવ્યોને જાણી શકે છે. તેથી તે દેવો મનોદ્રવ્યવર્ગણાને અવશ્ય જાણી શકે છે.

**उवसंतमोहा** : અનુત્તરોપપાતિક દેવોને મોહનીય કર્મની પ્રકૃતિઓનો તીવ્ર ઉદય નથી, તેથી તે ઉદીર્ણ મોહી નથી. તેઓને ક્ષપક શ્રેણીનો અભાવ છે તેથી તે ક્ષીણ મોહી પણ નથી પરંતુ તેઓના વિષય કષાય અતિ મંદ હોવાથી તે ઉપશાંત મોહી કહેવાય છે.

# શતક–૫ : ઉદ્દેશક–૫

# છદ્મસ્થ

**કર્મફળ ભોગવવામાં અનેકાંત** : આ વિષયમાં સ્વસિદ્ધાંતનું પ્રતિપાદન આ પ્રમાણે છે– જીવ પોતાના પરિણામોથી કર્મનો બંધ કરે છે અને બંધાનુસાર તેનું ફળ ભોગવે છે, પરંતુ આ કથન સાર્વત્રિક નથી. જો જીવ એકાંતે એવંભૂત વેદનાને અનુભવે તો ધર્મ પુરુષાર્થ વ્યર્થ થઈ જાય પરંતુ એવું નથી. કર્મ ઉદયમાં આવે તે પહેલાં જીવ પોતાના પુરુષાર્થથી તેમાં અનેક પ્રકારનું પરિવર્તન કરી શકે છે. તેથી કેટલાક જીવો એવંભૂત વેદનાને અનુભવે છે અર્થાત્ જે રીતે કર્મો બાંધ્યા છે, તે જ રીતે ભોગવે છે અને કેટલાક જીવો અનેવંભૂત વેદનાને અનુભવે છે અર્થાત્ બાંધેલા કર્મોમાં સ્થિતિઘાત, રસઘાત, સંક્રમણ, અપવર્તન, ઉદ્‌વર્તન આદિ પરિવર્તન કરીને ભોગવે છે. આ રીતે પ્રભુનું કથન અનેકાંતિક છે. ૨૪ દંડકના જીવો બંને પ્રકારની વેદના ભોગવી શકે છે.

# શતક–પ : ઉદ્દેશક–૬

# આયુષ્ય

**(૧) અલ્પાયુબંધ** : તથા પ્રકારના શ્રમણોને સચિત્ત અને અગ્રાહ્ય આહાર પાણી વહોરાવવાથી અલ્પાયુષ્ય બંધાય છે. આ કથનનું તાત્પર્ય એ છે કે દાન અને દાનની ભાવના તો શુભ આયુષ્યબંધનું કારણ છે અને શ્રમણ–શ્રમણીઓને આહારાદિ દાન આપનાર વ્યક્તિને દેવ કે મનુષ્યના આયુષ્યનો બંધ થાય. પરંતુ તે અપાતા આહાર, પાણી જો સદોષ હોય; પ્રાણાતિપાત અને અસત્ય ભાષણથી યુક્ત હોય તો તે દાનના કારણે શુભ આયુ અને પ્રાણાતિપાતાદિ દોષના કારણે અલ્પ સ્થિતિનું આયુષ્ય બંધાય છે. આધાકર્મી આહાર તૈયાર કરવામાં જીવહિંસા થાય અને તે આહાર વહોરાવવા માટે અસત્ય ભાષણ કરાય, યથા– હે સાધુ ! આ આહાર અમારા માટે બનાવેલો છે, તેથી તે નિર્દોષ છે, કલ્પનીય છે. તમારે તેમાં શંકા કરવી નહીં.

જો કે સદોષ આહાર દાન અલ્પાયુનું કારણ છે, છતાં રોગાદિ વિશિષ્ટ પરિસ્થિતિમાં સહજ સેવા ભાવનાથી શ્રાવક દ્વારા મુનિને જે સહકાર આપવામાં આવે તે અલ્પાયુ બંધનું કારણ બનતું નથી કારણ કે તેમાં અસત્ય ભાષણ નથી પરંતુ સપરિસ્થિતિક અપવાદ સેવન છે, તેમ સમજવું.

**(૨) દીર્ઘાયુષ્યબંધ** : આધાકર્માદિ દોષથી રહિત પ્રાણાતિપાત અને મૃષાવાદથી રહિત, અચિત્ત અને નિર્દોષ આહાર પાણી આપવાથી દીર્ઘાયુ બંધાય છે.

**(૩) અશુભ દીર્ઘાયુ બંધ** : પ્રાણાતિપાતાદિના સેવનથી તથા શ્રમણની અવહેલના, નિંદા, અવજ્ઞા– તિરસ્કાર, અપમાન કરી, દુર્ભાવનાથી કોઈ અમનોજ્ઞ, વિરસ આહાર આપે તો તેને અશુભ દીર્ઘાયુનો બંધ થાય છે.

**(૪) શુભ દીર્ઘાયુ બંધ** : હિંસા અસત્યાદિનો ત્યાગ કરી, શ્રમણોને વંદન નમસ્કાર, સન્માનાદિકપૂર્વક મનોજ્ઞ આહારાદિ આપવાથી શુભ દીર્ઘાયુષ્યનો બંધ થાય છે.

આ ચાર સૂત્રોમાં જૈન શ્રમણોને આહાર દાન આપતા દાતાના આયુષ્યબંધને અનુલક્ષીને બે પ્રકારે પ્રતિફળ દર્શાવ્યા છે **(૧) સામાન્ય રીતે** પ્રથમ સૂત્રમાં સદોષ આહાર દાનનું પ્રતિફળ **અલ્પાયુ** કહ્યું છે અને બીજા સૂત્રમાં નિર્દોષ આહાર દાનનું પ્રતિફળ **દીર્ઘાયુ** કહ્યું છે. (૨) **વિશેષ અપેક્ષાએ** ત્રીજા સૂત્રમાં અશુભ પરિણામોથી મુનિને તિરસ્કારપૂર્વક નરસી વસ્તુના દાનનું પ્રતિફળ **અશુભ દીર્ઘાયુ** કહ્યું છે અને ચોથા સૂત્ર માં શુભ પરિણામથી મુનિને સન્માનપૂર્વક સારી વસ્તુના દાનનું પ્રતિફળ **શુભ દીર્ઘાયુ** કહ્યું છે.

**દીર્ઘાયુ અને શુભ દીર્ઘાયુનો તફાવત** : બીજા સૂત્રમાં નિર્દોષ આહારની પ્રમુખતાએ સામાન્ય રીતે દીર્ઘાયુનું કથન છે અને ચોથા સૂત્રમાં આદર ભાવ, વિનય બહુમાનપૂર્વક મુનિની પર્યુપાસના સાથે ઉત્કૃષ્ટ અહોભાવથી મનોજ્ઞ અને નિર્દોષ આહાર દાનની પ્રમુખતાએ **વિશિષ્ટ (શુભ) દીર્ઘાયુ** બંધનું કથન છે.

આ સૂત્રોના બે રીતે થતા અર્થ આ પ્રમાણે છે– **(૧) એક અપેક્ષાએ** પ્રાણાતિપાત અને મૃષાવાદ આ બંને અપ્રાસુક આહારના વિશેષણ છે. તેથી તેમાં આધાકર્માદિ આહાર બનાવવામાં થતી જીવહિંસા અને વહેરાવવામાં થતા મૃષાવાદનું ગ્રહણ કરવામાં આવે છે. **(૨) બીજી અપેક્ષાએ** જીવ હિંસા, મૃષાવાદ વગેરે સ્વતંત્ર રૂપે ગ્રહણ થાય છે. તે બે પાપસ્થાનના ઉપલક્ષણથી ૧૮ પાપસ્થાનકના સેવન દ્વારા નરકાદિનું અશુભ દીર્ઘાયુ અને પ્રાણાતિપાતાદિના ત્યાગથી દેવાદિનું શુભ દીર્ઘાયુ બંધાય છે.

**વાસણ આદિના સંબંધથી લાગતી ક્રિયાઓ:** ભાંડ–વાસણાદિ વેચનારનો માલ

કોઈ ચોરી જાય, તેને શોધતા વિક્રેતાને આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે છે. ક્રિયા લાગવાનો આધાર પદાર્થ પર નથી, પરંતુ તેના પરના મમત્વ ભાવ પર છે. વિક્રેતાનો માલ ચોરાઈ જવા છતાં તેનો માલિકી ભાવ છૂટ્યો નથી. પરિગ્રહની મૂર્ચ્છાના કારણે ચોરાયેલા પદાર્થોને શોધવા તે તીવ્ર પ્રયત્ન કરે, તેમાં હિંસાદિ પણ થાય; તેથી તેને આરંભિકી આદિ ચાર ક્રિયા લાગે છે. પાંચમી ક્રિયાની ભજના કહી છે તેનું કારણ એ છે કે વિક્રેતા જો સમ્યગ્ દ્રષ્ટિ હોય તો તેને મિથ્યાત્વની ક્રિયા લાગતી નથી અને જો તે મિથ્યા દ્રષ્ટિ હોય તો તેને પાંચ ક્રિયા લાગે.

ચોરાયેલો માલ જ્યારે પાછો મળી જાય, ત્યારે વિક્રેતાના તીવ્ર પરિણામ મંદ થઈ જાય છે, તેની તલ્લીનતા ઘટી જાય છે; તેથી તેને તે ક્રિયાઓ અલ્પ પ્રમાણમાં લાગે છે.

આરંભિકી આદિ ક્રિયાઓનું સ્વરૂપ સૂક્ષ્મ દ્રષ્ટિએ આ પ્રમાણે છે–

(૧) **आरंभिया** : જીવ હિંસાના પરિણામોથી તથા અવિવેક અને ઉપેક્ષાથી લાગતી ક્રિયા.

(૨) **परिग्गहिया**: મૂર્ચ્છા અને આસક્તિથી લાગતી ક્રિયા.

(૩) **मायावत्तिया** : કષાયયુક્ત જીવને લાગતી ક્રિયા.

(૪) **अपच्चक्खाणवत्तिया** : અવિરત જીવોને લાગતી ક્રિયા.

(૫) **मिच्छादंसणवत्तिया** : મિથ્યાત્વી જીવને લાગતી ક્રિયા.

**અગ્નિકાયના જીવ મહાકર્મા અને અલ્પકર્મા** : એકેન્દ્રિય એવા અગ્નિકાયના જીવ સંબંધી કર્મ, ક્રિયા આદિની વિચારણા અહીં કરી છે. અગ્નિ પ્રજ્વલિત થતાં ક્રમશઃ વૃદ્ધિ પામે ત્યારે ઘણા જીવોની ઉત્પત્તિ થતી હોવાથી અને અગ્નિ દ્વારા છકાય જીવની હિંસા થતી હોવાથી તે અગ્નિના જીવોને કર્મ, ક્રિયા, આશ્રવ વગેરે વધારે થાય છે અને જ્યારે અગ્નિક્રમશઃ બુઝાય જાય ત્યારે જીવોની અલ્પતા

હોવાથી અને માત્ર અગ્નિકાયની જ હિંસા થતી હોવાથી તેમ જ તેની દાહકતા અને ઉષ્ણતા અલ્પ થવાથી તે જીવોને કર્મ, ક્રિયા, વેદના વગેરે અલ્પ થતાં જાય છે. અંગાર અને મુરમુર સાથે રહેલી અત્યુષ્ણ રાખ પણ અગ્નિ જીવમય હોય છે. જેમ અંગારની ઉપર શેકાતી રોટલી પણ અગ્નિકાયના જીવમય બની જાય છે તેમ તે ઉષ્ણ રાખ પણ અગ્નિકાયમય હોય છે તેથી તે જીવો માટે પણ ક્રિયાનું કથન કર્યું છે. શેકાતી રોટલી અગ્નિ પાસેથી હટાવ્યા પછી અગ્નિ જીવરહિત એટલે અચિત્ત થઈ જાય છે તેમ અંગાર મુરમુર આદિથી રહિત થયેલી રાખ પણ શીતળ થતાં અચિત્ત થઈ જાય છે.

**ધનુર્ધારી અને ધનુષના જીવોને લાગતી ક્રિયા** : ધનુર્ધારી વ્યક્તિને તથા જે જે જીવોના શરીરથી ધનુષના વિવિધ ઉપકરણો બન્યા છે તે જીવોને બાણ છૂટતા સમયે અને બાણ નીચે પડતા સમયે થનારી પ્રાણી–હિંસાથી લાગતી ક્રિયાઓનું અહીં નિરૂપણ કર્યું છે.

(૧) બાણ ફેંકનાર પુરૂષની શક્તિથી બાણ લક્ષ્ય સુધી જાય ત્યારે માર્ગમાં અને લક્ષિત સ્થાનમાં જે જીવોની વિરાધના થાય તે વિરાધનાથી પુરૂષને પાંચ ક્રિયાઓ લાગે. લક્ષિત સ્થાન સુધી ગયા પછી બાણ સ્વયંના ભારથી નીચે પડતાં માર્ગમાં અને ભૂમિ પર પડે ત્યાં જે જીવોની વિરાધના થાય તેનાથી તે પુરૂષને ચાર ક્રિયા લાગે.

(૨) ધનુષ્ય અને ધનુષ્યના અવયવો જે જીવોના શરીરથી નિષ્પન્ન થયા હોય તે જીવોને બાણ દ્વારા લક્ષિત સ્થાન સુધી પહોંચતા જે જીવોની વિરાધના થાય તે જીવોથી પાંચ ક્રિયા લાગે અને ત્યાર પછી પોતાના ભારથી નીચે પડતાં બાણ દ્વારા જે જીવોની વિરાધના થાય તેનાથી ચાર ક્રિયા લાગે.

(૩) બાણ અને બાણના અવયવો જે જીવોના શરીરથી નિષ્પન્ન થયા હોય તે જીવોને પૃથ્વી સુધી પહોંચતા બાણ દ્વારા જે જીવોની વિરાધના થાય તેનાથી પાંચ ક્રિયા લાગે. તેમાં ચાર ક્રિયાનો વિકલ્પ નથી.

(૪) માર્ગમાં જતાં બાણ જે આકાશ પ્રદેશોનું અવગાહન કરે, ત્યાંના જે જીવ ચલ વિચલ થાય તે જીવોના શરીરથી જે જીવ હિંસા થાય, તે જીવોને પાંચ ક્રિયા લાગે અર્થાત્ બાણથી અથડાતાં પક્ષી વગેરે નીચે પડે તેના દ્વારા માર્ગમાં અને ભૂમિ પર જે વિરાધના થાય તેથી પક્ષી આદિને પાંચ ક્રિયા લાગે.

યદ્યપિ વર્તમાને ધનુષ આદિ અચેતન છે, તેમ છતાં જે જીવોના શરીરથી તે ધનુષાદિ બન્યા હોય તે જીવોએ મૃત્યુ સમયે પોતાના શરીરનો સ્વેચ્છાથી ત્યાગ કર્યો ન હોય તેમજ તે જીવો વર્તમાને પણ અવિરતિના પરિણામથી યુક્ત હોય તે કારણે ક્રિયાઓ લાગે છે.

નિષ્કર્ષ એ છે કે પૂર્વના શરીરોની અપેક્ષાએ પાપકર્મ બંધ કે અશુભ કર્મબંધની પરંપરા ચાલુ રહી શકે છે પરંતુ પુણ્ય કર્મબંધ કે શુભ કર્મબંધની પરંપરા રહેતી નથી. કારણ કે સંસારી જીવોને પાપનો પ્રવાહ તો ચાલુ જ છે જ્યારે પુણ્ય તો પ્રયત્નથી તેમજ વિવેકપૂર્વક જ થાય છે.

પોતાના ભારેપણા આદિથી જ્યારે બાણ નીચે પડે, ત્યારે પુરૂષ ચાર ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે. જો કે તે ધનુર્ધારી પુરૂષ પાંચે ક્રિયાનું નિમિત્ત બને છે તેમ છતાં પોતાના જ ભારેપણાથી બાણ જ્યારે જમીન તરફ પાછુ ફરતું હોય ત્યારે જે જીવોનો સંહાર થાય, તે પ્રવૃત્તિમાંપુરૂષ સાક્ષાત્ પ્રવૃત્ત થતો નથી, તેથી તેને પ્રાણાતિપાતિકી ક્રિયાને છોડીને ચાર ક્રિયા લાગે છે. બાણ વગેરે જીવ હિંસામાં સાક્ષાત્ પ્રવૃત્ત થાય છે, તેથી જે જીવોના શરીરથી બાણ બન્યું છે, તેને પાંચ ક્રિયા લાગે છે. જ્યારે ધનુષની દોરી, જીવા, ધનુઃપૃષ્ઠ આદિ સાક્ષાત્ વધક્રિયામાં પ્રવૃત્ત ન થતાં કેવલ નિમિત્ત માત્ર બને છે, તેથી તેને પણ ચાર ક્રિયા લાગે છે. તાત્પર્ય એ છે કે જે સાધન જીવહિંસામાં સાક્ષાત્ પ્રવૃત્ત થાય તેને પાંચ ક્રિયા અને જે સાધન પરંપરાએ પ્રવૃત્ત થતાં હોય તેને ચાર ક્રિયા લાગે છે.

જે જીવોને અવિરતિના પરિણામ નથી તેવા શ્રમણ અને સિદ્ધોનું પૂર્વે છોડેલું

શરીર જીવ હિંસાનું નિમિત્ત બને તો પણ તેઓને કોઈ પણ ક્રિયા લાગતી નથી. કારણ કે તેઓએ શરીરનો તથા કર્મબંધના હેતુભૂત અવિરતિ પરિણામનો સર્વથા ત્યાગ કરી દીધો છે. તેમજ રજોહરણ, પાત્ર, વસ્ત્ર, આદિ સાધુના ઉપકરણો જીવદયાના સાધન છે. તેમ છતાં રજોહરણાદિના ભૂતપૂર્વ જીવોને પુણ્યનો બંધ થતો નથી, કારણ કે રજોહરણાદિના જીવોને પુણ્યબંધના હેતુરૂપ વિવેક કે શુભ અધ્યવસાય હોતા નથી.

# શતક–૫ : ઉદ્દેશક–૭

# એજન

**પુદ્ગલ દ્રવ્યમાં કંપન** : પુદ્ગલ દ્રવ્યના અવગાહિત આકાશ પ્રદેશનું પરિવર્તન થાય તેને કંપન કહે છે. ક્યારેક સંપૂર્ણ સ્કંધના અવગાહના સ્થાનમાં પરિવર્તન થાય છે, ક્યારેક તેના એક દેશમાં પરિવર્તન થાય, ક્યારેક અનેક દેશમાં પરિવર્તન થાય છે. કંપનની ક્રિયા સતત થતી નથી તેથી જ્યારે તે નિષ્કંપ હોય ત્યારે કોઈ પણ પ્રકારનું પરિવર્તન થતું નથી.

**પુદ્ગલ દ્રવ્યની સ્થિતિ**: પરમાણુથી અનંતપ્રદેશી સુધીના સ્કંધની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યકાલની છે. એક પ્રદેશાવગાઢ સકંપમાન પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગની છે. એક પ્રદેશાવગાઢ નિષ્કંપ પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલની છે. આ રીતે અસંખ્ય પ્રદેશાવગાઢ પુદ્ગલની સ્થિતિ જાણવી. એક ગુણ કૃષ્ણ યાવત્ અનંત ગુણ રૂક્ષ પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્ય કાલની છે. સૂક્ષ્મ અને બાદર પરિણત પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્ય કાલની છે. શબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગની છે. અશબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલની છે.

**અંતર** : પરમાણુનું અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલનું, દ્વિપ્રદેશી આદિ સ્કંધનું અંતર ઉત્કૃષ્ટ અનંતકાલનું છે. સકંપ પુદ્ગલની સ્થિતિ તે નિષ્કંપનું અંતર અને નિષ્કંપની સ્થિતિ તે સકંપ પુદ્ગલનું અંતર છે. તે જ રીતે શબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ તે અશબ્દ પરિણત પુદ્ગલનું અંતર અને અશબ્દ પરિણત પુદ્ગલની સ્થિતિ તે શબ્દ પરિણત પુદ્ગલનું અંતર છે. વર્ણાદિ પરિણત પુદ્ગલોનું અંતર તેની સ્થિતિની સમાન છે.

**જીવોમાં આરંભ અને પરિગ્રહ :**

**આરંભ** : જે પ્રવૃત્તિથી કોઈ પણ જીવોના પ્રાણ હનન કે ઉપમર્દન થાય તે.

**પરિગ્રહ** : કોઈ પણ વસ્તુ અથવા ભાવનું મમતા–મૂર્ચ્છા ભાવપૂર્વક ગ્રહણ અથવા સંગ્રહ.

જો કે એકેન્દ્રિય આદિ જીવ આરંભ–પરિગ્રહયુક્ત દેખાતા નથી, તો પણ તેઓને સારંભી સપરિગ્રહી કહ્યા છે. તેનું કારણ એ છે કે જ્યાં સુધી કોઈ પણ જીવ મન, વચન, કાયાથી, સ્વેચ્છાએ આરંભ અને પરિગ્રહના પ્રત્યાખ્યાન (ત્યાગ) ન કરે ત્યાં સુધી તેને અનારંભી કે અપરિગ્રહી કહી શકાય નહીં. તેથી તેને આરંભ-પરિગ્રહયુક્ત કહ્યા છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય પ્રાણીઓને પણ સિદ્ધાંતાનુસાર શરીર, કર્મ અને તે સંબંધિત ઉપકરણોનો પરિગ્રહ હોય છે. તેઓ પોતાના આહાર અને શરીર રક્ષા આદિ કારણે આરંભ પણ કરે જ છે. તિર્યંચ પંચેન્દ્રિય જીવો, મનુષ્યો, નારકો તથા દેવોને આરંભ અને પરિગ્રહમાં મૂર્ચ્છા ભાવ દ્રષ્ટિગોચર થાય છે. મનુષ્યોમાં વીતરાગ પુરૂષ, કેવલી તથા નિર્ગ્રંથ સાધુ–સાધ્વી આરંભ–પરિગ્રહથી મુક્ત હોય છે. પરંતુ અહીં સર્વ મનુષ્યની અપેક્ષાએ મનુષ્યને સારંભી અને સપરિગ્રહી કહ્યા છે.

**પાંચ હેતુ–અહેતુઓનું નિરૂપણ :**

અહીં આઠ સૂત્ર દ્વારા અષ્ટવિધ તત્ત્વનું નિરૂપણ છે. આ આઠે સૂત્રમાં પાંચ–પાંચ બોલનું કથન છે. તે આ પ્રમાણે છે – **जाणइ** = જાણવું, જ્ઞાન થવું, **पासइ** = જોવું, સમજવું, વિજ્ઞાન થવું, **बुज्जइ** = બોધ, શ્રદ્ધા થવી, **अभिगच्छइ** = પ્રાપ્ત કરવું, અપનાવવું, આચરણ, **मरणं मरइ** = તે તે જ્ઞાન, શ્રદ્ધાન, આચરણ સંબંધિત અવસ્થામાં મૃત્યુ થવું.

**हेउं** = હેતુ એટલે કારણ, સાધન, કર્મબંધના કારણ. **हेउणा** = હેતુથી એટલે કાર્ય ફળ, કર્મબંધથી પ્રાપ્ત સંસાર. **अहेउं** = અહેતુ, કર્મબંધના અકારણ–સંવર.

**अहेउणा** = અહેતુથી એટલે સંવરથી પ્રાપ્ત મોક્ષ. આ સૂત્રોની અર્થ વિચારણા બે

પ્રકારે થાય છે– (૧) કર્મ દ્રષ્ટિએ (૨) જ્ઞાન દ્રષ્ટિએ.

**કર્મ દ્રષ્ટિએ (આશ્રવ–સંવરરૂપે) વિચારણા** : અહીં હેતુ એટલે કર્મબંધના કારણો–આશ્રવ. હેતુથી એટલે આશ્રવ દ્વારા પ્રાપ્ત સંસાર પરિભ્રમણાદિ. અહેતુ એટલે સંવર અને અહેતુથી એટલે સંવર દ્વારા પ્રાપ્ત મોક્ષ.

(૧–૨) **हेउं, हेउणा ण जाणइ** = કેટલાક લોકોને આશ્રવ અને આશ્રવ દ્વારા પ્રાપ્ત સંસાર પરિભ્રમણનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન તથા તેના ત્યાગરૂપ આચરણ હોતું નથી. તેવા અજ્ઞાની જીવ અજ્ઞાન મરણે મરે છે.

(૩–૪) **हेउं, हेउणा जाणइ** = કેટલાક લોકોને આશ્રવ અને આશ્રવ દ્વારા પ્રાપ્ત સંસાર પરિભ્રમણનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન હોય છે પણ ત્યાગરૂપ આચરણ હોતું નથી. તેવા જ્ઞાની જીવ (કેવળજ્ઞાન અપ્રાપ્ત જીવ) પંડિત મરણે–છદ્મસ્થ મરણે મરે છે.

(૫–૬) **अहेउं, अहेउणा ण जाणइ** = કેટલાક લોકોને સંવર અને સંવરથી પ્રાપ્ત થનાર મોક્ષનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન અને આચરણના અભાવે કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેઓ છદ્મસ્થ મરણે મરે છે.

(૭–૮) **अहेउं, अहेउणा जाणइ** = કેટલાક લોકો સંવર અને સંવર દ્વારા પ્રાપ્ત થનાર મોક્ષના જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન અને આચરણના કારણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને કેવળી મરણે મરે છે.

**જ્ઞાન દ્રષ્ટિએ વિચારણા** : અહીં હેતુ એટલે કારણ. પદાર્થોના જ્ઞાનમાં આગમ કે આપ્તપુરૂષના વચન કારણ રૂપ છે. હેતુથી એટલે આગમ દ્વારા થતું સૂક્ષ્માદિ પદાર્થનું જ્ઞાન. અહેતુ એટલે બાહ્ય નિમિત્ત વિના આત્મસમુત્પન્ન પ્રત્યક્ષ જ્ઞાન (અવધિ જ્ઞાન આદિ) અને અહેતુથી એટલે પ્રત્યક્ષ જ્ઞાન (અવધિ જ્ઞાન આદિ) દ્વારા આલોકિત પદાર્થોનું સ્પષ્ટ જ્ઞાન.

(૧–૨) **हेउं, हेउणा ण जाणइ** = કેટલાક લોકોને આગમ કે આપ્ત પુરૂષના

વચનનું અને આત્માદિ હેતુગ્રાહ્ય પદાર્થોનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન કે આચરણ હોતું નથી. તેવા મતિશ્રુત અજ્ઞાની જીવો અજ્ઞાન મરણે મરે છે.

(૩–૪) **हेउं, हेउणा जाणइ** = કેટલાક લોકોને આગમ કે આપ્તપુરૂષના વચનનું જ્ઞાન, વિજ્ઞાનાદિ હોય છે તેવા મતિ–શ્રુતજ્ઞાની છદ્મસ્થપણે પંડિત મરણે મરે છે.

(૫–૬) **अहेउं, अहेउणा ण जाणइ** = કેટલાક લોકોને સર્વ દ્રવ્ય, સર્વ પર્યાયનું જ્ઞાન, વિજ્ઞાનાદિ હોતા નથી. (તેઓને દ્રવ્ય અને તેની અસર્વ પયાર્યોનું આંશિક જ્ઞાન હોય છે.) તેથી તેઓ (વિકલ પ્રત્યક્ષ જ્ઞાની) છદ્મસ્થ મરણે મરે છે.

(૭–૮) **अहेउं, अहेउणा जाणइ** = કેટલાક પ્રત્યક્ષ જ્ઞાનીને સર્વ દ્રવ્ય, સર્વ પર્યાયનું જ્ઞાન, વિજ્ઞાનાદિ હોય છે. તેથી તેઓ (સકલ પ્રત્યક્ષજ્ઞાની–કેવળી હોવાથી) કેવળી મરણે મરે છે.

તાત્પર્ય એ છે કે પ્રથમ બે સૂત્રમાં મતિશ્રુત અજ્ઞાની, ત્રીજા–ચોથા બે સૂત્રમાં મતિ, શ્રુતજ્ઞાની, પાંચમા, છઠ્ઠા બે સૂત્રમાં વિકલ પ્રત્યક્ષ જ્ઞાની અને સાતમા, આઠમા સૂત્રમાં સકલ પ્રત્યક્ષ જ્ઞાનીનું કથન છે.

**અહીં પ્રયુક્ત હેતુ શબ્દથી કાર્યકારણ ભાવને અનુલક્ષીને ન્યાય દ્રષ્ટિથી (ન્યાય ગ્રંથોમાં** વર્ણિત વિવેચના વિધિથી) સાધ્ય, સાધક, દ્રષ્ટાંત, ઉપનય, નિગમન રૂપે પણ વિશ્લેષણ કરી શકાય છે. પરંતુ સૂત્રોમાં અજ્ઞાન મરણ, છાદ્મસ્થિક મરણ અને કેવળી મરણનું કથન હોવાથી અહીં જ્ઞાન તથા આચરણની પ્રમુખતાએ વિશ્લેષણ કર્યું છે.

હેતુ સંબંધી આ સંક્ષિપ્ત સૂત્રોનું તાત્પર્ય સમજવું અતિ કઠિન છે. આ કારણે જ નવાંગી ટીકાકાર આચાર્યશ્રી અભયદેવસૂરિજીએ આ સૂત્રની સુવિસ્તૃત વિવેચના કરીને અંતે કહ્યું છે કે– **अर्थगमनिकामात्रमेवेदम् । अष्टानामप्येषां सूत्राणां भावार्थं तु बहुश्रुताः विदन्ति ।** સૂત્ર અને પદોની ગમનિકા (શબ્દપરક અર્થ વિવેચના) માત્ર કરી છે. વિશેષમાં આ આઠે ય સૂત્રોનો વાસ્તવિક અર્થ પરમાર્થ તો બહુશ્રુત આચાર્ય જ જાણે છે.

# શતક–૫ : ઉદ્દેશક–૮

# નિર્ગ્રંથ

**અપ્રદેશ–સપ્રદેશ :**

**દ્રવ્યની** અપેક્ષા પરમાણુ, ક્ષેત્રની અપેક્ષા એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ, કાલની અપેક્ષા એક સમય સ્થિતિક પુદ્‌ગલ અને ભાવની અપેક્ષા એક ગુણ વર્ણાદિવાળા પુદ્‌ગલ **અપ્રદેશ** કહેવાય છે. બે થી અનંત પ્રદેશી સ્કંધ, બે થી અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલ, બે થીઅસંખ્યાત સમય સ્થિતિકપુદ્‌ગલ અને બે ગુણથી અનંતગુણ વર્ણાદિવાળા પુદ્‌ગલ **સપ્રદેશ** કહેવાય છે.

**સપ્રદેશી અપ્રદેશી પુદ્‌ગલોનો પરસ્પર સંબંધ :**

**(૧) દ્રવ્યથી અપ્રદેશ** : જે પુદ્‌ગલો દ્રવ્યથી અપ્રદેશ (પરમાણુરૂપ) હોય છે - (૧) તે પુદ્‌ગલ ક્ષેત્રથી એક પ્રદેશાવગાઢ હોવાથી નિશ્ચિત રૂપે અપ્રદેશ છે; (૨) કાલથી તે પુદ્‌ગલ જો એક સમયની સ્થિતિવાળા હોય તો અપ્રદેશ અને જો અનેક સમયની સ્થિતિવાળા હોય તો સપ્રદેશ છે; (૩) તે જ રીતે ભાવથી એક ગુણ કાળા આદિ હોય તો અપ્રદેશ અને અનેક ગુણ કાળા આદિ હોય તો તે સપ્રદેશ છે.

**(૨) ક્ષેત્રથી અપ્રદેશ** : જે પુદ્‌ગલ ક્ષેત્રની અપેક્ષાએ અપ્રદેશ (એક પ્રદેશાવગાઢ) હોય છે (૧) તે દ્રવ્યથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ હોય. અર્થાત્ જો એક આકાશ પ્રદેશ પર પરમાણુ સ્થિત હોય તો તે દ્રવ્યથી અપ્રદેશ છે અને જો એક આકાશ પ્રદેશ પર દ્વિપ્રદેશી આદિ અનંતપ્રદેશી સ્કંધ સ્થિત હોય તો તે દ્રવ્યથી સપ્રદેશ છે. (૨) જે પુદ્‌ગલ ક્ષેત્રથી અપ્રદેશ છે તે કાલથી કદાચિત્ અપ્રદેશ અને કદાચિત્ સપ્રદેશ હોય છે. જેમ કે એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ એક સમયની સ્થિતિવાળા હોય, તો કાલાપેક્ષયા અપ્રદેશ

છે, પરંતુ જો તે અનેક સમયની સ્થિતિવાળા હોય તો કાલાપેક્ષયા સપ્રદેશ છે. (૩) જે પુદ્ગલ ક્ષેત્રથી અપ્રદેશ છે તે જો એક ગુણ કાળા હોય તો ભાવની અપેક્ષાએ અપ્રદેશ અને જો તે અનેક ગુણ કાળા હોય તો ભાવની અપેક્ષા સપ્રદેશ છે.

**(૩) કાલથી અપ્રદેશ** : જે પુદ્ગલ કાલથી અપ્રદેશ હોય છે (૧) તે દ્રવ્યથી (૨) ક્ષેત્રથી અને (૩) ભાવથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ હોય છે.

**(૪) ભાવથી અપ્રદેશ** : જે પુદ્ગલ ભાવથી અપ્રદેશ હોય છે (૧) તે દ્રવ્યથી (૨) ક્ષેત્રથી અને (૩)કાલથી કદાચિત્ સપ્રદેશ હોય છે અને કદાચિત્ અપ્રદેશ હોય છે.

**(૫) દ્રવ્યથી સપ્રદેશ** : જે પુદ્ગલ દ્રવ્યથી સપ્રદેશ (દ્વિપ્રદેશી આદિ) હોય છે (૧) તે ક્ષેત્રથી કદાચિત્ અપ્રદેશ હોય છે અને કદાચિત્ સપ્રદેશ હોય છે. અર્થાત્ જો તે બે આકાશપ્રદેશમાં રહે તો સપ્રદેશ અને એક આકાશપ્રદેશમાં રહે તો અપ્રદેશ હોય છે. (૨–૩) તે જ રીતે કાલ અને ભાવથી પણ કહેવું જોઈએ.

**(૬) ક્ષેત્રથી સપ્રદેશ** : જે પુદ્ગલ ક્ષેત્રથી સપ્રદેશ (અનેક પ્રદેશાવગાઢ) હોય છે (૧) તે દ્રવ્યથી સપ્રદેશ હોય છે કારણ કે બે આકાશ પ્રદેશ પર સ્થિત પુદ્ ગલ ઓછામાં ઓછો દ્વિપ્રદેશી સ્કંધ હોય, તેથી તે દ્રવ્યથી અપ્રદેશ હોય શકે નહીં પરંતુ સપ્રદેશ જ હોય છે. (૨–૩) જે પુદ્ગલ ક્ષેત્રથી

સપ્રદેશ હોય છે તે કાલથી અને ભાવથી કદાચિત્ સપ્રદેશ હોય છે, કદાચિત્ અપ્રદેશ હોય છે.

**(૭) કાલથી સપ્રદેશ** : જે પુદ્ગલ કાલથી સપ્રદેશ હોય છે (૧) તે દ્રવ્યથી (૨) ક્ષેત્રથી અને (૩) ભાવથી કદાચિત્ સપ્રદેશ હોય છે, કદાચિત્ અપ્રદેશ હોય છે.

**(૮) ભાવથી સપ્રદેશ** : જે પુદ્ગલ ભાવથી સપ્રદેશ હોય છે, (૧) તે દ્રવ્યથી (૨) ક્ષેત્રથી અને (૩) કાલથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ હોય છે.

ભાવથી સ્વગુણથી સપ્રદેશી હોય તે અન્ય ગુણની અપેક્ષાએ કદાચિત્ સપ્રદેશી કદાચિત્ અપ્રદેશી હોય છે.

**જીવોની હાનિ–વૃદ્ધિ અને અવસ્થિતિ** :

સમુચ્ચય જીવોની સંખ્યા વધતી કે ઘટતી નથી કારણ કે જીવ માત્ર અજર અમર છે. કોઈ પણ પ્રયત્નથી નવો જીવ ઉત્પન્ન થતો નથી અને કોઈ પણ જીવનો નાશ થતો નથી, તેથી જીવની સંખ્યામાં હાનિ વૃદ્ધિ થતી નથી. તેમ છતાં ચારે ગતિના જીવો પોત-પોતાના કર્માનુસાર એક ગતિમાંથી બીજી ગતિમાં ગમનાગમન કરે છે. તેથી ચારે ગતિના જીવોમાં વધઘટ થયા કરે છે પરંતુ સિદ્ધ ગતિમાંથી કોઈ પણ જીવ નીકળીને અન્ય ગતિમાં જતો નથી; તેથી ત્યાં જીવોની સંખ્યા ઘટતી નથી પરંતુ નવા જીવ સિદ્ધ થાય તેમ સિદ્ધોની સંખ્યા વધતી જાય છે.

**વૃદ્ધિ** : જ્યારે કોઈ પણ સ્થાને, કોઈ પણ દંડકમાં ઘણા જીવો ઉત્પન્ન થાય અને થોડા જીવ મરે અથવા નવા જીવ ઉત્પન્ન થાય અને પૂર્વે ઉત્પન્ન થયેલા મરે નહીં ત્યારે તે દંડકમાં જીવોની વૃદ્ધિ થાય છે. આ પ્રકારની વૃદ્ધિ એક સમયમાં થઈને બીજે સમયે હાનિ થવા લાગે કે અવસ્થિત થઈ જાય તો જઘન્ય એક સમયની વૃદ્ધિ કહેવાય છે. ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ પર્યંત જીવોની વૃદ્ધિ થાય છે.

**હાનિ** : જ્યારે કોઈ પણ સ્થાને કોઈ પણ દંડકમાં ઘણા જીવો મરે અને થોડા જીવ ઉત્પન્ન થાય છે અથવા ઘણા જીવો મૃત્યુ પામે પરંતુ કોઈ જીવ જન્મે નહીં ત્યારે તે જીવો ઘટે છે. તેનું કાલમાન પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ વૃદ્ધિના કાલમાન પ્રમાણે છે. અર્થાત્ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતભાગ પર્યંત જીવોની હાનિ થાય છે.

**અવસ્થિતિ** : જ્યારે ઉત્પત્તિ અને મરણ સમાન સંખ્યામાં હોય અર્થાત્ જેટલા

જીવ ઉત્પન્ન થાય છે તેટલા જ મરે છે અથવા કેટલાક કાળ સુધી તે સ્થાનમાં કોઈ પણ જીવના જન્મ-મરણ ન થાય, તેથી જીવોની સંખ્યા નિયત રહે છે, તે કાલને અવસ્થિત કાલ કહે છે. જેમ કે- નૈરયિક જીવોનો અવસ્થાન કાલ ૨૪ મુહૂર્તનો કહ્યો છે, તે આ પ્રમાણે સમજવો જોઈએ –

સાતે નરક પૃથ્વીમાં ૧૨ મુહૂર્તનો ઉત્કૃષ્ટ વિરહકાલ હોવાથી તેટલા સમય કોઈ પણ જીવ ઉત્પન્ન થતા નથી કે મૃત્યુ પણ પામતા નથી. તે સમયે નૈરયિક જીવ અવસ્થિત રહે છે. ત્યાર પછી કેટલાક સમય સુધી જન્મ અને મૃત્યુ સમાન સંખ્યામાં થાય અને ફરીથી દેશોન બાર મુહૂર્તનો વિરહ થઈ જાય; તેથી ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્તનો અવસ્થાનકાલ થઈ જાય છે. આ રીતે પ્રત્યેક દંડકના વિરહકાલ કરતાં અવસ્થાનકાલ બમણો થાય છે.

એકેન્દ્રિય જીવોમાં વિરહકાલ નથી. કારણ કે તેમાં નિરંતર જન્મ મરણ થતા જ રહે છે. તેમ છતાં જન્મ મરણની સંખ્યામાં ક્યારેક હીનાધિકતા હોય છે અને ક્યારેક સમાનતા હોય છે. તે અપેક્ષાએ તેમાં હાયમાન, વર્ધમાન અને અવસ્થિત ત્રણે અવસ્થા થાય છે.

**સિદ્ધ** : સિદ્ધોની વૃદ્ધિનો કાલ ઉત્કૃષ્ટ આઠ સમયનો હોય છે. તેથી નિરંતર આઠ સમય પર્યંત મોક્ષ ગતિ ચાલુ રહે છે; ત્યાર પછી સિદ્ધ થવાનો વિરહ થાય છે. તે વિરહ જઘન્ય એક સમયનો હોય તો એક સમય સિદ્ધોનો અવસ્થાનકાલ થાય અને ઉત્કૃષ્ટ વિરહ છ માસનો હોય તો અવસ્થાનકાલ છ માસનો થાય છે.

# શતક–૫ : ઉદ્દેશક–૯

# રાજગૃહ

શુભ પુદ્ગલ પરિણમન થવાથી પ્રકાશ થાય છે અને અશુભ પુદ્ગલ પરિણમન થવાથી અંધકાર થાય છે. સૂર્ય અને રત્નોના સંયોગે શુભ પુદ્ગલ પરિણમન થાય છે અને તેના અભાવે પુદ્ગલ પરિણમન અશુભ થઈ જાય છે. તિરછાલોકમાં સૂર્યના નિમિત્તે અને દેવલોકમાં દેવ વિમાનાદિના રત્નોની તેજસ્વીતાના કારણે શુભ પુદ્ગલ પરિણમન થાય છે. તે ઉપરાંત ચક્ષુ ઈન્દ્રિયના સદ્ભાવવાળાને જ તે પ્રકાશ ઉપયોગી થાય છે. ચક્ષુ ઈન્દ્રિય રહિત જીવોને તે પ્રકાશ અનુપયોગી હોય છે. આ કારણથી એકેન્દ્રિય, બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય જીવો એકાંતે અંધકારની જ અનુભૂતિ કરે છે તે પ્રમાણે કથન છે. રત્નાદિ સ્વયં પ્રકાશક પૃથ્વીકાયિક જીવો પણ આંખના અભાવે પ્રકાશની અનુભૂતિ કરી શકતા નથી.

દેવોને આંખ અને શુભ પુદ્ગલોનો સંયોગ હોવાથી એકાંતે પ્રકાશની અનુભૂતિ થાય છે અને નારકોને આંખ હોવા છતાં અશુભ પુદ્ગલોનો સંયોગ હોવાથી એકાંતે અંધકારની અનુભૂતિ થાય છે.

મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય પશુ–પક્ષીઓને આંખ અને શુભાશુભ પુદ્ગલોનો સંયોગ હોવાથી તે જીવો પ્રકાશ અને અંધકાર બંનેની અનુભૂતિ કરે છે.

આ રીતે જોતા સ્પષ્ટ થાય છે કે પ્રકાશની અનુભૂતિ માટે આંખ અને શુભ પુદ્ગલોનો સંયોગ બંને જરૂરી છે.

પાર્શ્વ પરંપરાના શ્રમણો અનેક પ્રશ્નોના માધ્યમે પ્રભુ મહાવીરની સર્વજ્ઞતાની કસોટી કરતા હતા. કારણ કે તે સમયમાં ગોશાલક અને પ્રભુ મહાવીર બંને ચોવીસમા તીર્થંકર રૂપે પ્રસિદ્ધ હતા. ત્રેવીસમા તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથના

શિષ્યોને ચોવીસમા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરવાની ઈચ્છા ઉત્પન્ન થતાં બે તીર્થંકરમાંથી એકનો નિર્ણય કરવા માટે તેઓ અટપટા પ્રશ્નો પૂછતા હતા. અહીં તેવા જ એક પ્રસંગનું નિરૂપણ છે.

**પાર્શ્વાપત્ય સ્થવિરોના બે પ્રશ્નો અને સમાધાન** :

(૧) જો લોક અસંખ્ય પ્રદેશાત્મક છે તો તેમાં અનંત રાત્રિ–દિવસ કેવી રીતે થઈ શકે? કારણ કે લોકરૂપ આધાર અસંખ્ય પ્રદેશાત્મક હોવાથી નાનો છે અને રાત્રિ–દિવસ રૂપ આધેય અનંત હોવાથી વિશાળ છે તો નાના આધારમાં વિશાળ આધેયનો સમાવેશ કેવી રીતે થાય?

તેનું સમાધાન આ પ્રમાણે છે કે અસંખ્ય પ્રદેશાત્મક લોકમાં અનંત જીવ રહે છે. તે જીવો સાધારણ શરીરની અપેક્ષાએ એક જ સ્થાનમાં એક જ સમયમાં અનંત ઉત્પન્ન થાય છે અને વિનષ્ટ થાય છે. તે સમયે સમયાદિ કાલ તે અનંત જીવો પર વર્તે છે તેથી અનંત રાત્રિ દિવસ થાય છે. આ કારણે અસંખ્ય પ્રદેશાત્મક લોકમાં અનંત રાત્રિ દિવસ થઈ શકે છે.

(૨) જો રાત્રિ દિવસ અનંત હોય તો તે પરિત્ત કેવી રીતે હોય? કારણ કે અનંત અને પરિત્ત (નિયત પરિમાણ) પરસ્પર વિરોધી છે.

તેનું સમાધાન આ પ્રમાણે છે કે જે રીતે અનંત જીવરૂપ લોકના સંબંધથી રાત્રિ–દિવસ રૂપ કાલ અનંત છે, તે જ રીતે પ્રત્યેક શરીરી–પરિત્ત જીવો પર પણ કાલ વર્તી રહ્યો છે. પરિત્ત જીવરૂપ લોકના સંબંધથી રાત્રિ–દિવસ રૂપ કાલ પરિત્ત પણ થાય છે. તેથી બંનેમાં કોઈ વિરોધ નથી.

**ચાતુર્યામ ધર્મથી પંચમહાવ્રત ધર્મમાં પ્રવેશઃ** પ્રભુ મહાવીરના વચનોથી **પાર્શ્વાપત્ય** સ્થવિરોની શંકાનું સમાધાન થયું. સ્થવિરોને પ્રભુની સર્વજ્ઞતા સ્પષ્ટ જણાઈ આવી. તેથી ઋજુ અને પ્રાજ્ઞ સ્થવિરોએ પાર્શ્વનાથ પ્રભુના શાસનનું પરિવર્તન કરીને પ્રભુ મહાવીરના શાસનમાં પ્રવેશ કર્યો અને પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રત રૂપ ધર્મનો સ્વીકાર કર્યો.

**ભવનવાસી દેવોના દસ ભેદ** : (૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુતકુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશાકુમાર (૯) પવનકુમાર (૧૦) સ્તનિતકુમાર.

**વાણવ્યંતર દેવોના આઠ ભેદ** : (૧) યક્ષ (૨) રાક્ષસ (૩) ભૂત (૪) પિશાચ (૫) કિન્નર (૬) કિંપુરૂષ (૭) મહોરગ (૮) ગંધર્વ.

**જ્યોતિષી દેવોના પાંચ ભેદ** : (૧) સૂર્ય (૨) ચંદ્ર (૩) ગ્રહ (૪) નક્ષત્ર (૫) તારા.

**વૈમાનિક દેવોના બે ભેદ** : કલ્પોપપન્ન અને કલ્પાતીત. ૧ થી ૧૨ દેવલોક સુધીના દેવ કલ્પોપપન્ન છે. ત્યાંના દેવોમાં સ્વામી-સેવકનો ભેદ હોય છે. સેવક દેવને સ્વામીની કલ્પ મર્યાદામાં રહેવાનું હોય છે અને તેની ઉપરના નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનવાસી દેવ કલ્પાતીત કહેવાય છે. ત્યાં સ્વામી સેવકના ભેદ કે પરસ્પરની મર્યાદા જેવું કંઈ હોતું નથી. ત્યાં પ્રત્યેક દેવ અહમિન્દ્ર કહેવાય છે.

# શતક–૬ : ઉદ્દેશક–૧

# વેદના

**વેદના અને નિર્જરાનો સંબંધઃ**

કર્મના તીવ્ર ઉદયમાં તીવ્ર વેદના થાય છે. ઉદયમાં આવેલા કર્મો પોતાનું ફળ આપી અવશ્ય નિર્જરી જાય છે, તેથી જ્યાં મહાવેદના (ઘણા કર્મોનો ઉદય) છે ત્યાં મહાનિર્જરા (ઘણા કર્મોની નિર્જરા) થાય છે. આ સામાન્ય સિદ્ધાંત છે.

**નારકોની અપેક્ષાએ શ્રમણોની નિર્જરાની શ્રેષ્ઠતા** : નારકો મહાકર્મોનું વેદન કરીને મહાનિર્જરા કરે છે પરંતુ તે કર્મોના તીવ્ર વેદન દરમ્યાન આર્ત ધ્યાનાદિના કારણે ઘણા નવા કર્મોનો બંધ કરે છે. તેથી તેઓની નિર્જરા સંસારનો અંત કરનારી કે મોક્ષના કારણભૂત નથી, જ્યારે શ્રમણ નિર્ગ્રંથો અલ્પ વેદના કે મહાવેદનામાં ધર્મધ્યાનાદિના પ્રભાવે મહાનિર્જરા કરે છે. તે ઉપરાંત શ્રમણોની નિર્જરા મહાપર્યવસાનવાળી–સંસારનો અંત કરનારી, મોક્ષના કારણભૂત છે. શ્રમણોની નિર્જરાની મહત્તાનું કારણ છે– તેઓનું તપ, સંયમ, શાંતિ, સમતા, વિવેક, ધૈર્ય અને જ્ઞાન સાથેની જાગૃત દશા. તેઓ સાધના અવસ્થામાં પ્રતિક્ષણ અનંતાનંત કર્મોનો ક્ષય કરે છે.

અજ્ઞાની જે કર્મોનો ક્ષય ઘણા કરોડો વરસે કરી શકે; તેનો નાશ ત્રણ ગુપ્તિધારી જ્ઞાની ઉચ્છ્વાસ માત્રમાં કરે છે. તેથી શ્રમણોની નિર્જરા પ્રશસ્ત અને શ્રેષ્ઠ છે.

સંસારી જીવો કર્મજન્ય સુખ દુઃખનું વેદન પૂર્વકૃત કર્મો અને યોગના માધ્યમથી જ કરી શકે છે. જે રીતે કર્મોનો બંધ કર્મજન્ય વૈભાવિક ભાવો અને યોગના નિમિત્તથી થાય છે, તે જ રીતે કર્મનું વેદન પણ તે સાધનથી જ થઈ શકે છે. અહીં કર્મભોગના સાધનને કરણ કહ્યા છે.

તે કરણના ચાર પ્રકાર છે - મન, વચન, કાયા અને કર્મકરણ. પ્રત્યેક સંસારી

જીવો પાસે પૂર્વકૃત કર્મો અવશ્ય હોય છે. વર્તમાનના સુખ-દુઃખના વેદનમાં પૂર્વકૃત કર્મો પણ નિમિત્તભૂત બને છે. તેથી કર્મને કરણ કહ્યું છે.

એકેન્દ્રિયોને બે કરણ–કર્મ અને કાયયોગ; વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને ત્રણ કરણ– કર્મ, કાયયોગ, વચનયોગ અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ચાર કરણ હોય છે. જે જીવને જેટલા કરણ પ્રાપ્ત થયા હોય તેના માધ્યમથી તે સુખ-દુઃખનો અનુભવ કરે છે.

સુખ દુઃખના વેદનનો આધાર કરણની શુભાશુભતા પર છે. નારકો પાપના ઉદયે અશુભ કરણ હોવાથી પ્રાયઃ દુઃખરૂપ વેદના વેદે છે. દેવો પુણ્યોદયે શુભ કરણ હોવાથી પ્રાયઃ સુખરૂપ વેદના વેદે છે. મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો શુભાશુભ કરણ હોવાથી ક્યારેક સુખરૂપ અને ક્યારેક દુઃખરૂપ વેદનાનો અનુભવ કરે છે.

સિદ્ધાત્મા પાસે યોગ કે કર્મરૂપ કરણ ન હોવાથી તેઓ કર્મજન્ય સુખ દુઃખનો અનુભવ કરતા નથી. તેઓ સ્વરૂપજન્ય સુખમાં લીન હોય છે.

**પડિમાધારીને મહાવેદના મહાનિર્જરા** : ભિક્ષુની બાર પડિમા અને અન્ય અનેક પડિમા–અભિગ્રહોને ધારણ કરનાર સાધક મહાન કષ્ટોને સમતા ભાવે સહન કરે અને અનંત કર્મોની મહાનિર્જરા કરે છે. તેઓમાં જ્ઞાન દશા અને કર્મ મુક્તિ માટેનું મહાપરાક્રમ હોય છે.

**નારકી જીવોને મહાવેદના અલ્પનિર્જરા** : તેઓમાં જ્ઞાનદશાનો પ્રાયઃ અભાવ હોય છે, તેમજ તે જીવોને કર્મ નિર્જરા માટેનું કોઈ લક્ષ્ય કે પરાક્રમ પણ હોતું નથી. માટે તે મહાન દુઃખ ભોગવવા છતાં  અલ્પનિર્જરા–વાળા હોય છે.

**શૈલેશી અણગારને અલ્પવેદના મહાનિર્જરા** : શૈલેશી અવસ્થાને પ્રાપ્ત ચૌદમા ગુણસ્થાનવર્તી અણગાર શુક્લધ્યાનરૂપ મહાપરાક્રમયુક્ત હોવાથી તે અનંતાનંત કર્મોની નિર્જરા કરે છે. આ અવસ્થામાં કોઈ જીવને કદાચ તીવ્ર અશાતા વેદનીય કર્મોનો ઉદય હોય પરંતુ તે જીવો સ્વરૂપમાં લીન અને યોગ

રહિત હોવાથી તેઓની વેદના અલ્પ કહેવાય છે. માટે તેઓ અલ્પવેદના અને મહાનિર્જરાવાળા હોય છે.

**અનુત્તર વિમાનના દેવોને અલ્પવેદના અલ્પનિર્જરા** : તેઓને પુણ્યના પ્રબળ ઉદયે અશાતાનો પ્રાયઃ અભાવ હોય છે તેમ છતાં કર્મ અસ્તિત્વની અપેક્ષાએ તેઓને અલ્પવેદના કહી છે. તેઓ એકાંત સમ્યગ્દ્રષ્ટિ હોવા છતાં નિર્જરાના સાધનભૂત સંયમ-તપની સાધના કરી શકતા નથી, તે અપેક્ષાએ તે જીવોને અલ્પ-નિર્જરાવાળા કહ્યા છે.

# શતક–૬ : ઉદ્દેશક–૩

# મહાશ્રવ

સ્વભાવથી સ્ફટિક જેવો નિર્મલ આત્મા કર્મરૂપ પરદ્રવ્યના સંયોગથી કેવો મલિન બને છે અને કર્મના નાશથી અર્થાત્ પરદ્રવ્યના વિયોગથી આત્મા કેવો નિર્મલ અને પવિત્ર બને છે, તે વિષયને બે વસ્ત્રના દ્રષ્ટાંતથી સમજાવ્યો છે.

પ્રત્યેક સંસારી જીવ પ્રતિ સમય, કષાય અને યોગના નિમિત્તથી કર્મબંધ કરે છે. તેમાં તેના (૧) પૂર્વકૃત કર્મો (૨) વર્તમાનની ક્રિયા–કષાયયુક્ત યોગનું પ્રવર્તન (૩) આશ્રવના કારણો (૪) અને વેદના વગેરેના કારણે તરતમતા થાય છે. કર્મબંધના કારણો વધુ હોય તો મહાકર્મબંધ અને કર્મબંધના કારણો ઓછા હોય તો અલ્પકર્મબંધ થાય છે.

**મહાકર્મી મલિન આત્મા** : જેમ સ્વચ્છ વસ્ત્ર વારંવાર વપરાશથી મેલના સંયોગથી મસોતા જેવું મલિન થઈ જાય છે તે જ રીતે મહાક્રિયા, મહાશ્રવ આદિના સેવનથી જીવ મહાકર્મી બને છે. તેનો આત્મા દુષ્કર્મરૂપ પુદ્ગલ દ્રવ્યના સંયોગથી કુત્સિત રૂપે પરિણત થાય છે.

**અલ્પકર્મી નિર્મલ આત્મા** : જેમ મસોતા જેવું મલિન વસ્ત્ર પ્રયત્નપૂર્વક સાફ કરવાથી સ્વચ્છ બની જાય છે તેમ ક્રિયા, આશ્રવ આદિનો ત્યાગ કરવાથી જીવ જ્યારે અલ્પકર્મી બની જાય, તપશ્ચરણ આદિ અનુષ્ઠાનો દ્વારા કર્મના સંયોગને ખંખેરી નાંખે, નાશ કરે ત્યારે તેનો આત્મા નિર્મલ બની જાય છે; તે સુખાદિ રૂપે પરિણત થઈ પ્રશસ્ત બની જાય છે.

આ રીતે વસ્ત્રની સ્વચ્છતા કે મલિનતા મનુષ્યના પ્રયત્નજન્ય છે, તે જ રીતે આત્માની મલિનતા કે નિર્મળતા પણ આત્માના પ્રયત્નજન્ય છે. નવું વસ્ત્ર પહેલાં સ્વચ્છ હોય પછી વાપરતાં વાપરતાં મલિન બને છે, જ્યારે આત્મા તો

અનાદિકાલથી કર્મના સંયોગથી મલિન જ હોય છે અને પ્રયત્નથી તે નિર્મલ થાય છે.

**પ્રશ્ન–** વસ્ત્રમાં જે પુદ્‌ગલોનો ઉપચય થાય છે, તે શું પ્રયોગથી (પુરૂષના પ્રયત્નથી) થાય છે કે સ્વાભાવિકરૂપે થાય છે?

**ઉત્તર–** તે પ્રયોગથી પણ થાય છે અને સ્વાભાવિકરૂપે પણ થાય છે.

**પ્રશ્ન–** વસ્ત્રમાં પુદ્‌ગલોનો ઉપચય પ્રયોગથી અને સ્વાભાવિકરૂપે થાય છે તે જ રીતે શું જીવમાં કર્મ પુદ્‌ગલનો ઉપચય પ્રયોગથી થાય છે કે સ્વાભાવિકરૂપે થાય છે?

**ઉત્તર–**જીવોને કર્મ પુદગ્‌લોનો ઉપચય પ્રયોગથી જ થાય છે સ્વાભાવિકરૂપે થતો નથી. તેનુ કારણ એ છે કે જીવોને ત્રણ પ્રકારના પ્રયોગ હોય છે: મનપ્રયોગ, વચનપ્રયોગ અને કાયપ્રયોગ; આ ત્રણ પ્રકારના પ્રયોગથી જ જીવોને કર્મનો ઉપચય થાય છે. તેથી જીવને કર્મનો ઉપચય પ્રયોગથી થાય છે, સ્વાભાવિક રૂપે થતો નથી.

આ રીતે સર્વ પંચેન્દ્રિય જીવોને ત્રણ પ્રયોગ જાણવા જોઈએ. પૃથ્વીકાયથી વનસ્પતિકાયિક સુધી (એકેન્દ્રિય–પાંચ સ્થાવર)ના જીવોને એક કાયપ્રયોગથી કર્મપુદ્‌ગલોપચય થાય છે.

**કર્મ–પુદ્‌ગલોપચય સાદિ સાંત કે અનાદિ અનંત** : વસ્ત્ર સ્વયં સાદિ સાંત (અંત સહિત) હોય છે તેથી તેના પુદ્‌ગલોપચયમાં પણ સાદિ સાંતનો એક જ ભંગ થાય છે. પરંતુ જીવ અનાદિ કાળથી છે. તેથી તેનો કર્મોપચય પણ અનાદિ છે. તેમ છતાં સૂત્રમાં અપેક્ષા ભેદથી જીવમાં કર્મોપચયના ત્રણ ભંગ સ્વીકાર્યા છે. યથા–

**(૧) સાદિ સાન્ત** : કર્મબંધક જીવોના બે વિભાગ છે. સાંપરાયિક બંધક અને ઐર્યાપથિક બંધક. (૧) **સાંપરાયિક બંધ–** કષાય સહિતના જીવોને જે કર્મબંધ થાય છે તેને સાંપરાયિક બંધ કહે છે. એકથી દસ ગુણસ્થાનવર્તી જીવો સાંપરાયિક બંધક છે. (૨) **ઐર્યાપથિક બંધ–** જે જીવોના કષાય સર્વથા ઉપશાંત

અથવા ક્ષીણ થઈ ગયા છે, જે કષાય રહિત છે, તેઓને કેવળ યોગજન્ય હલનચલન આદિ ક્રિયાઓથી જે કર્મબંધ થાય તેને ઐર્યાપથિક બંધ કહે છે. અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાનવર્તી વીતરાગી જીવો ઐર્યાપથિક બંધક છે. અગિયારમા, બારમા ગુણસ્થાનવર્તી જીવો તેનો પ્રારંભ કરે છે; તેથી તેની આદિ છે અને અગિયારમા અને તેરમા ગુણસ્થાનના અંતે ઐયાપર્થિક બંધ સમાપ્ત થાય છે, તેથી તેનો અંત છે. આ રીતે ઐર્યાપથિક બંધ સાદિ સાંત છે.

**(૨) અનાદિ સાન્ત** : ભવી જીવોનો કર્મોપચય પ્રવાહરૂપથી અનાદિ છે અને એક દિવસ તે કર્મોનો સર્વથા અંત કરીને તેઓ અવશ્ય સિદ્ધ થશે; તે અપેક્ષાએ તેનો કર્મોપચય સાંત છે. આ રીતે ભવી જીવોનો કર્મોપચય અનાદિ સાંત કહેવાય છે.

**(૩) અનાદિ અનંત** : અભવી જીવોનો કર્મોપચય પ્રવાહરૂપે અનાદિ છે અને તે જીવો ક્યારેય કર્મોનો અંત કરવાના નથી. તેથી તેનો કર્મોપચય અંત રહિત છે. આ રીતે અભવીજીવોનો કર્મોપચય અનાદિ અનંત કહેવાય છે. કોઈ પણ જીવને કોઈપણ અવસ્થામાં કર્મોપચયનો સાદિ અનંતનો ચોથો ભંગ ઘટિત થતો નથી. કારણ કે જે બંધની આદિ હોય તેનો અંત નિશ્ચિત છે.

**આઠ કર્મોની સ્થિતિ** :

અહીં આઠ કર્મોની જઘન્ય અને ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ, અબાધાકાલ અને કર્મનિષેક–કર્મ પુદ્‌ગલોની રચના સંબંધી નિરૂપણ કર્યું છે.

**બંધ સ્થિતિ** : કર્મબંધ થયા પછી જેટલા કાલ સુધી આત્મા સાથે રહે છે, તેને બંધ સ્થિતિ કહે છે.

**અબાધાકાલ** : બાધાનો અર્થ છે કર્મનો ઉદય. કર્મોનો ઉદય ન થવો તે 'અબાધા' કહેવાય છે. કર્મબંધથી લઈને જ્યાં સુધી કર્મોનો ઉદય ન થાય (સાત કર્મમાં પ્રદેશોદય અને વિપાકોદય તથા આયુષ્ય કર્મમાં વિપાકોદય ન થાય)

ત્યાં સુધીના કાલને અબાધાકાલ કહે છે. અર્થાત્ કર્મના બંધ અને ઉદયની વચ્ચેનો કાલ અબાધાકાલ કહેવાય છે.

**કર્મનિષેક**: નિષેક એટલે રચના, ગોઠવણી; કર્મદલિકોની–કર્મપુદ્ગલોની ગોઠવણી તે કર્મનિષેક. અબાધાકાલ પછી કર્મબંધની સ્થિતિના અંતિમ સમય સુધીમાં કર્મ પુદ્ગલોની જે ગોઠવણી (રચના) યુક્ત બંધ થાય તેને કર્મનિષેક કહે છે. કર્મની સ્થિતિ જેટલા ક્રોડાક્રોડી સાગરોપમની હોય છે તેટલા સો વર્ષનો અબાધાકાલ હોય છે. જેમ કે મોહનીય કર્મની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે તો તેનો અબાધાકાલ ૭૦૦૦ વર્ષનો છે; ત્યાં સુધી તે કર્મ પોતાનો અનુભવ કરાવતું નથી. તત્પશ્ચાત્, મોહનીય કર્મ ૭૦૦૦ વર્ષ ન્યૂન ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ પર્યંત પોતાનો અનુભવ (વેદન) કરાવે છે. આ રીતે જીવ જેટલી સ્થિતિના જે જે કર્મો બાંધે છે તે પ્રમાણે કર્મોનો અબાધાકાલ સ્થિતિ અનુસાર નિશ્ચિત્ત થાય છે. જો મોહનીય કર્મ મધ્યમ ૬૦ ક્રોડાક્રોડી સાગરોપમનું બંધાય તો ૬૦૦૦ વર્ષનો અબાધાકાળ પડે છે. આ રીતે આયુષ્ય સિવાય સર્વ કર્મોમાં અબાધાકાળ જાણવો.

**આયુષ્ય કર્મમાં વિશેષતા** : સૂત્રમાં જ્ઞાનાવરણીય આદિ સાત કર્મો માટે **अबाहूणिया कम्मठिई कम्मणिसेओ** કથન છે. જ્યારે આયુષ્ય કર્મ **માટે कम्मठिई कम्मणिसेओ** કથન છે. આ ભિન્નતાનું તાત્પર્ય એ છે કે સાત કર્મોમાં અબાધાકાલ સિવાયની કર્મ સ્થિતિમાં કર્મ પુદ્ગલોની ગોઠવણી થાય છે જ્યારે આયુષ્યકર્મમાં સંપૂર્ણ કર્મ સ્થિતિમાં કર્મ પુદ્ગલોની ગોઠવણી થાય છે. તે કારણે જ તેના માટે સૂત્રમાં **अबाहूणिया** શબ્દપ્રયોગ કર્યો નથી. આ અંતરના કારણે આયુષ્યકર્મનો બંધ થતાં જ તેનો પ્રદેશોદય પ્રારંભ થઈ જાય છે. પ્રદેશોદયમાં કર્મનું વેદન હોતું નથી, માટે પ્રદેશોદય હોવા છતાં તે અબાધાકાલ રૂપ છે. કારણ કે તે સમયે આગામી ભવના આયુષ્યનો વિપાક ઉદય અને તત્સંબંધી કોઈ પણ સુખ-દુઃખ હોતા નથી અને સાત કર્મોના અબાધાકાલમાં (પુદ્ગલ રચના–નિષેક ન હોવાથી) તે કર્મોનો પ્રદેશોદય પણ હોતો નથી.

**વેદનીય કર્મની સ્થિતિ** : જે વેદનીય કર્મબંધમાં કષાય કારણ ન હોય, કેવળ યોગ જ નિમિત્ત હોય તેવા ઐર્યાપથિક વેદનીય કર્મબંધની સ્થિતિ બે સમયની છે. તે વેદનીય કર્મ પ્રથમ સમયે બંધાય, બીજે સમયે તેનું વેદન થાય છે. પરંતુ સકષાય (સાંપરાયિક) વેદનીય કર્મના બંધની સ્થિતિ જઘન્ય ૧૨ મુહૂર્તની હોય છે.

**પંદર દ્વારના ૫૦ બોલ ઉપર કર્મબંધક–અબંધક** :

**(૧) વેદ દ્વાર** : સ્ત્રી, પુરુષ, નપુંસક અને વેદ રહિત–અવેદી જીવ આઠ કર્મોનો બંધ કરે કે ન કરે, તે વિષયનું નિરૂપણ કર્યું છે. સ્ત્રી,પુરુષ અને નપુંસકવેદી જીવ આયુષ્ય કર્મને છોડીને શેષ સાત કર્મ અવશ્ય (નિયમા) બાંધે છે. આયુષ્ય કર્મનો બંધ એક ભવમાં એક જ વાર થાય છે. તેથી સ્ત્રીવેદી આદિ ત્રણ વેદવાળા જીવ આયુષ્ય કર્મ કદાચિત્ બાંધે કદાચિત્ ન બાંધે.

**णो इत्थी णोपुरिस णोणपुंसओः** સૂત્રમાં ત્રણે ય વેદ રહિત અવેદી જીવ માટે આ શબ્દ પ્રયોગ થયો છે. નવમા ગુણસ્થાનથી જીવ અવેદી બની જાય છે. અવેદી જીવમાં આયુષ્ય કર્મનો બંધ થતો નથી. શેષ સાત કર્મોનો બંધ વિકલ્પે થાય છે. તેમાં નવમા ગુણસ્થાને સાતકર્મનો બંધ થાય છે. દશમા ગુણસ્થાને આયુષ્ય અને મોહનીય કર્મને છોડીને છ કર્મનો બંધ થાય છે. ૧૧, ૧૨, ૧૩માં ગુણસ્થાને એક વેદનીય  કર્મનો બંધ થાય. ચૌદમા ગુણસ્થાનવર્તી અવેદી જીવોને કોઈ કર્મનો બંધ નથી. આ રીતે અવેદી = નોસ્ત્રી નોપુરુષ નોનપુંસકમાં સાતકર્મના બંધની ભજના અને આયુકર્મનો અબંધ હોય છે.

**ગુણસ્થાનની અપેક્ષાએ કર્મબંધ** : (૧–૫) જ્ઞાનાવરણીય દર્શનાવરણીય નામ, ગોત્ર અને અંતરાય એ પાંચ કર્મ દસ ગુણસ્થાન સુધી બંધાય છે. (૬) મોહનીય કર્મ નવ ગુણસ્થાન સુધી બંધાય છે. (૭)  આયુષ્ય કર્મ ત્રીજું ગુણસ્થાન છોડીને સાત ગુણસ્થાન સુધી બંધાય છે. (૮) વેદનીય કર્મ તેર ગુણસ્થાન સુધી બંધાય છે. ચૌદમા ગુણસ્થાને કર્મબંધ નથી.

**(૨) સંયત દ્વાર** : સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધ અને સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, આચારે સંયમમાં જીવ જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધે છે, યથાખ્યાત ચારિત્રમાં જીવ જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધતા નથી, તેથી સંયતમાં જ્ઞાનાવરણીયાદિ આઠે ય કર્મબંધની ભજના છે. અસંયત અને સંયતાસંયત જીવ જ્ઞાનાવરણીયાદિ સાત કર્મ નિયમા બાંધે છે અને તેમાં આયુષ્ય કર્મબંધની ભજના છે. સિદ્ધ જીવ કોઈ પણ કર્મ બાંધતા નથી.

સંયત, અસંયત, સંયતાસંયત આ ત્રણે ય, જીવનમાં એક વાર આયુષ્ય બાંધે છે, માટે ક્યારેક બાંધે અને ક્યારેક ન બાંધે; તેથી ત્રણેયમાં આયુ બંધની ભજના હોય છે.

**(૩) દ્રષ્ટિ દ્વાર** : ચોથાથી ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો સમ્યગ્ દ્રષ્ટિ હોય છે. તે સમ્યગ્ દ્રષ્ટિ જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, નામ, ગૌત્ર - આ પાંચ કર્મનો બંધ દશમા ગુણસ્થાન સુધી કરે છે, મોહનીય કર્મનો બંધ નવમા ગુણસ્થાન સુધી કરે છે, વેદનીય કર્મનો બંધ તેરમા ગુણસ્થાન સુધી કરે છે. છ ગુણસ્થાન સુધી કોઈ જીવ આયુષ્યનો બંધ કરે અને કોઈ ન કરે. જે જીવ કરે તે પણ જીવનમાં એક જ વાર કરે છે. આ રીતે સમ્યગ્ દ્રષ્ટિમાં આઠે ય કર્મ ભજનાથી બંધાય છે અર્થાત્ ક્યારેક બંધાય ક્યારેક ન બંધાય. મિથ્યાદ્રષ્ટિમાં સાત કર્મબંધની નિયમા છે, આયુષ્ય કર્મ બંધની ભજના છે.

**મિશ્રદ્રષ્ટિ** : ત્રીજા ગુણસ્થાનવર્તી જીવો મિશ્રદ્રષ્ટિ છે. મિશ્રદ્રષ્ટિના પરિણામોમાં કોઈ પણ પ્રકારની નિશ્ચિતતા ન હોવાથી તેઓને આયુબંધ થતો નથી. આ મિશ્રદ્રષ્ટિ જીવો આયુષ્ય કર્મને છોડીને શેષ સાત કર્મ અવશ્ય બાંધે છે.

**(૪) સંજ્ઞી–અસંજ્ઞી દ્વાર** :

**સંજ્ઞી જીવ** : છ કર્મ ભજનાથી બાંધે, વેદનીય કર્મ નિયમા બાંધે અને આયુકર્મ જીવનમાં એક વાર બાંધે. આ રીતે સાત કર્મ ભજનાથી બાંધે તથા વેદનીય કર્મ નિયમા બાંધે. વેદનીય કર્મનો અબંધ ચૌદમા ગુણસ્થાને થાય છે અને સંજ્ઞીમાં

૧૨ ગુણસ્થાન હોય છે. તેથી સંજ્ઞી જીવ વેદનીય કર્મનિયમા બાંધે.

**અસંજ્ઞી જીવ** : સાત કર્મ નિયમા બાંધે અને આયુકર્મ કદાચિત્ બાંધે કે કદાચિત્ ન બાંધે.

**નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ** : તેરમા ચૌદમા ગુણસ્થાનવર્તી જીવોને સાત કર્મોનો અબંધ છે. તેરમા ગુણસ્થાનવાળા વેદનીય કર્મ બાંધે છે અને ચૌદમા ગુણસ્થાનવાળા વેદનીય કર્મ બાંધતા નથી. માટે તેઓને વેદનીય કર્મબંધની ભજના છે.

**(૫) ભવી–અભવી દ્વાર** : **ભવીમાં–** આઠેય કર્મબંધની ભજના. **અભવીમાં–** સાત કર્મબંધની નિયમા, આયુષ્ય કર્મબંધની ભજના. **સિદ્ધોમાં–** સર્વ કર્મનો અબંધ હોય છે.

**(૬) દર્શન દ્વાર** :

**દર્શન** : દર્શનાવરણીય કર્મના ક્ષય અથવા ક્ષયોપશમથી સાક્ષાત્ આત્મા દ્વારા અથવા ભાવેન્દ્રિય દ્વારા કે દ્રવ્ય ઈન્દ્રિયો દ્વારા જોવું, અનુભવવું અથવા પદાર્થનો સામાન્ય બોધ થવો તે દર્શન કહેવાય છે.

**चक्खुदंसणी** : જેને આંખ દ્વારા પદાર્થનો સામાન્ય બોધ થાય તે.

**अचक्खुदंसणी** : જેને આંખ સિવાયની ચાર ઈંદ્રિય દ્વારા પદાર્થનો સામાન્ય બોધ થાય તે.

**ओहिदंसणी** : ઈંદ્રિયની સહાયતા વિના, સાક્ષાત્ આત્માથી રૂપી પદાર્થનો સામાન્ય બોધ થાય તે.

**केवलदंसणी** : જેને રૂપી, અરૂપી સર્વ દ્રવ્યનો, ત્રણે કાળ ત્રણે લોક સંબંધી સામાન્ય બોધ થાય તે.

પ્રારંભના ત્રણ દર્શન બાર ગુણસ્થાન સુધી હોય છે અને કેવળદર્શન તેરમા, ચૌદમા ગુણસ્થાનમાં હોય છે.

**કર્મબંધ** : ત્રણ દર્શનીને વેદનીય કર્મનો બંધ નિયમા થાય. શેષ સાત કર્મ વિકલ્પે બંધાય. કેવળદર્શનીને વેદનીય કર્મ ભજનાથી બંધાય અને સાત કર્મ ન બંધાય.

**(૭) પર્યાપ્ત દ્વાર :**

**પર્યાપ્ત જીવ–** આઠેય કર્મ ભજનાથી બાંધે. કારણ કે તેમાં ચૌદેય ગુણસ્થાન હોય છે. **અપર્યાપ્ત જીવમાં** પહેલું, બીજું અને ચોથું ગુણસ્થાન હોય છે. તેથી તે સાત કર્મ નિયમા બાંધે અને આયુકર્મ ભજનાથી બાંધે. **નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત–** સિદ્ધ ભગવાન કોઈ કર્મ બાંધતા નથી.

**(૮) ભાષક દ્વારઃ**

**ભાષક જીવમાં–** ૧ થી ૧૩ ગુણસ્થાન હોય છે. તે વેદનીય કર્મ અવશ્ય બાંધે છે અને સાત કર્મ ભજનાથી બાંધે છે. **અભાષક જીવમાં–** અયોગી કેવળી (ચૌદમા ગુણસ્થાનવર્તી) જીવ, સિદ્ધ, વિગ્રહગતિ  સમાપન્નક જીવ અને એકેન્દ્રિય જીવો હોય છે. તેમાં અયોગી કેવળી અને સિદ્ધ કોઈ કર્મ બાંધતા નથી, વિગ્રહગતિ સમાપન્નક જીવ આયુષ્ય કર્મ બાંધતા નથી; શેષ સાત કર્મ અવશ્ય બાંધે છે. એકેન્દ્રિય જીવ આયુષ્ય કર્મ વિકલ્પે બાંધે છે;  શેષ સાત કર્મ અવશ્ય બાંધે છે. આ રીતે અભાષક જીવ આઠેય કર્મ વિકલ્પે બાંધે છે અર્થાત્ કેટલાક અભાષક જીવો આઠેય કર્મ બાંધે છે, કેટલાક અભાષક જીવ આઠે ય કર્મ બાંધતા નથી.

**(૯) પરિત દ્વાર :**

**પરિત્ત જીવ** : જેના ભવ સીમિત છે અર્થાત્ અલ્પ ભવ કરી મુક્ત થનાર છે તે પરિત્ત કહેવાય. તેમાં ચૌદ ગુણસ્થાન હોય છે, તેથી તે આઠેય કર્મનો વિકલ્પથી બંધ કરે છે.

**અપરિત્ત જીવ** : જેના ભવ અસીમિત છે અર્થાત્ જેને અનંત જન્મમરણ સુધી સંસાર ભ્રમણ કરવાનું છે તેને અપરિત્ત કહેવાય. તે જ્ઞાનાવરણીયાદિ સાત કર્મો અવશ્ય બાંધે છે. આયુષ્ય કર્મ પૂર્વવત્ વિકલ્પે બાંધે છે.

**(૧૨) ઉપયોગ દ્વાર** : સાકારોપયોગ અને અનાકારોપયોગ ૧ થી ૧૪ ગુણસ્થાન પર્યંત હોય છે અને સિદ્ધમાં પણ હોય છે. આ બંને ઉપયોગવાળા સયોગી અવસ્થામાં આઠ કર્મ બાંધે છે અને અયોગી અવસ્થામાં કોઈ કર્મ બાંધતા નથી.

**(૧૩) આહારક દ્વાર** : **આહારકમાં** તેર ગુણસ્થાન હોય છે. તેથી તેઓ સાત કર્મ વિકલ્પથી બાંધે અને વેદનીય કર્મ નિયમા બાંધે.

**અનાહારકમાં** વાટે વહેતા સર્વ દંડકના જીવો, ચૌદમા ગુણસ્થાનવાળા અયોગી મનુષ્યો તથા સિદ્ધ જીવો હોય છે. તે જીવો આયુષ્ય કર્મ બાંધતા જ નથી અને સાત કર્મ વિકલ્પથી બાંધે છે. કારણ કે વાટે વહેતા અનાહારક જીવ નિયમા સાત કર્મ બાંધે છે અને અયોગી તથા સિદ્ધ અનાહારક જીવો કોઈ કર્મ બાંધતા નથી.

**(૧૪) સૂક્ષ્મ દ્વાર** : **સૂક્ષ્મ જીવો** એકેન્દ્રિય હોય છે. તેઓ સાત કર્મ નિયમા બાંધે, આયુષ્ય કર્મ ક્યારેક બાંધે, ક્યારેક બાંધતા નથી.

**બાદર જીવો** : સૂક્ષ્મ સિવાયના બધા જીવો બાદર છે; તે જીવોમાં ચૌદ ગુણસ્થાન હોય છે. તેથી તેઓ આઠેય કર્મ ભજનાથી બાંધે.

**નોસૂક્ષ્મ નોબાદર** : સિદ્ધના જીવ કોઈ કર્મ બાંધતા નથી.

**(૧૫) ચરમ દ્વાર** : **ચરમ-** જે જીવનો અંતિમ ભવ હોય અથવા જે જીવના ભવનો અંત થવાનો હોય તે ચરમ કહેવાય છે. **અચરમ-** (૧) જે જીવના ઘણા ભવ શેષ હોય તે અચરમ કહેવાય છે (૨) જે જીવનો અંતિમ ભવ કદાપિ થવાનો નથી તેવા અભવ્ય જીવ અચરમ છે (૩) સિદ્ધના જીવ પણ અચરમ કહેવાય છે કારણ કે તેઓનો અંત કદાપિ થવાનો નથી.

ચરમમાં ચૌદ ગુણસ્થાન હોય છે તેથી તેમાં આઠેય કર્મબંધની ભજના છે. અચરમમાં સિદ્ધોની અપેક્ષાએ આઠેય કર્મનો અબંધ છે અને અભવીની અપેક્ષાએ આઠેય કર્મનો બંધ છે. તેથી તેમાં પણ આઠેય કર્મબંધની ભજના છે.

# શતક–૬ : ઉદ્દેશક–૪

# સપ્રદેશ

જીવના પરિણામરૂપ ૧૪ દ્વાર(બોલ)માં સ્થિતિની અપેક્ષાએ સપ્રદેશી–અપ્રદેશીપણાનું નિરૂપણ સમુચ્ચયજીવ, ૨૪ દંડકવર્તી જીવ અને સિદ્ધ જીવના આધારે કરવામાં આવ્યું છે. તે ૧૪ બોલ આ પ્રમાણે છે– (૧) જીવ (૨) આહાર (૩) ભવ્ય (૪) સંજ્ઞી (૫) લેશ્યા (૬) દ્રષ્ટિ (૭) સંયત (૮) કષાય (૯) જ્ઞાન (૧૦) યોગ (૧૧) ઉપયોગ (૧૨) વેદ (૧૩) શરીર (૧૪) પર્યાપ્તિ.

**અપ્રદેશી** : કોઈ પણ ભાવ કે પરિણામની પ્રાપ્તિના પ્રથમ સમયે તે ભાવની અપેક્ષાએ તે જીવ અપ્રદેશી કહેવાય છે. જેમ કોઈ જીવ નરકમાં ઉત્પન્ન થાય ત્યારે નરક ગતિની ઉત્પત્તિના પ્રથમ સમયે તે જીવ કાલાદેશથી અપ્રદેશી કહેવાય છે.

**સપ્રદેશી** : કોઈ પણ ભાવ કે પરિણામની પ્રાપ્તિ પછીના દ્વિતીય, તૃતીય, સંખ્યાત, અસંખ્યાત કે અનંત સમયવર્તી જીવ સપ્રદેશી કહેવાય છે. જેમ કોઈ જીવ નરકમાં ઉત્પન્ન થાય તો તે ઉત્પત્તિના પ્રથમ એક સમયને છોડી દ્વિતીય, તૃતીયાદિ સમયે કાલાદેશથી સપ્રદેશી કહેવાય છે.

**પ્રત્યાખ્યાન અને આયુષ્ય** : અહીં સમસ્ત જીવો માટે (૧) સામાન્યરૂપે પ્રત્યાખ્યાની આદિની (૨) પ્રત્યાખ્યાનાદિના જ્ઞાનની (૩) તેના સ્વીકારની તથા (૪) તત્સંબંધી આયુષ્યની વિચારણા કરી છે.

(૧) સામાન્યરૂપે મનુષ્ય પ્રત્યાખ્યાની છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનીછે. શેષ સર્વ ૨૨ દંડકના જીવો અપ્રત્યાખ્યાની છે. સમુચ્ચય જીવમાં ત્રણે ય બોલ છે.

(૨) પંચેન્દ્રિયના ૧૬ દંડકના જીવો પ્રત્યાખ્યાનાદિ ત્રણેયને જાણે છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય પ્રત્યાખ્યાનાદિને જાણતા નથી.

(3) મનુષ્ય પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરી શકે, તિર્યંચ પંચેંદ્રિય પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનનો સ્વીકાર કરી શકે, શેષ સર્વ (૨૨ દંડક) પ્રત્યાખ્યાન કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનનો સ્વીકાર કરી શકતા નથી. અર્થાત્ તે જીવો અપ્રત્યાખ્યાની છે.

(૪) વૈમાનિક દેવોમાં કેટલાકનું આયુષ્ય પ્રત્યાખ્યાન અવસ્થામાં બાંધેલું હોય, કેટલાકનું અપ્રત્યાખ્યાન અવસ્થામાં બાંધેલું હોય અને કેટલાકનું પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાન અવસ્થામાં બાંધેલુ હોય છે. અર્થાત્ સર્વ વિરતિ, દેશ વિરતિ અને અવિરતિ - ત્રણે પ્રકારના જીવો વૈમાનિકના આયુષ્યનો બંધ કરી શકે છે. અર્થાત્ વર્તમાનમાં દેવભવને પ્રાપ્ત દેવે પૂર્વ ભવમાં પ્રત્યાખ્યાનાદિ ત્રણેયથી દેવાયુનો બંધ કર્યો હોય છે. શેષ ત્રેવીસ દંડકનો આયુષ્ય બંધ માત્ર અવિરતિ જીવ જ કરે છે. સામાન્ય જીવની પૃચ્છામાં વૈમાનિકનો સમાવેશ હોવાથી તેમાં ત્રણે ય પ્રકારના આયુષ્ય બંધવાળા કહ્યા છે.

**વિશેષ** : પ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની તે ત્રણેય પ્રકારના જીવ વૈમાનિક દેવનો આયુબંધ કરી શકે છે. પરંતુ તેમાં અનુત્તર વિમાનના દેવાયુનો બંધ પ્રત્યાખ્યાની જીવો જ કરી શકે છે.

# શતક–૬ : ઉદ્દેશક–પ

## તમસ્કાય

આ ઉદ્દેશકમાં મુખ્ય ત્રણ વિષયનું પ્રતિપાદન છે– તમસ્કાય, કૃષ્ણરાજિ અને લોકાંતિક દેવ.

**તમસ્કાય:** તે પાણીનું એક વિશેષ પ્રકારનું પરિણમન છે. અસંખ્યાતમા અરુણોદય નામના સમુદ્રની આભ્યંતર વેદિકાથી ૪૨,૦૦૦ યોજન સમુદ્રમાં ગયા પછી ત્યાં લવણ શિખાની જેમ સમભિત્તિ રૂપ તમસ્કાય ઉપર ઊઠે છે, જે સંખ્યાત યોજન જાડી છે. અરુણોદય સમુદ્ર ચૂડીના આકારે હોવાથી તમસ્કાય પણ વલયાકારે ઉપર ઊઠેલી છે. ૧૭૨૧ યોજન સીધી ઊંચે ગયા પછી તે તિરછી વિસ્તૃત થાય છે અને પાંચમા દેવલોકના ત્રીજા રિષ્ટ પ્રસ્તટ પાસે તે અસંખ્યાત યોજન વિસ્તૃત બની જાય છે. આ રીતે સંપૂર્ણ તમસ્કાયનો આકાર નીચે સુરાઈના મુખાકારે અને ઉપર કૂકડાના પિંજરા જેવો છે.

આ તમસ્કાય ધુમ્મસથી પણ અત્યંત પ્રગાઢ છે. તે સઘન અંધકારરૂપ છે, તેથી તેનું નામ જલની મુખ્યતાથી નહીં પરંતુ અંધકારની મુખ્યતાએ તમસ્કાય આપ્યું છે. તેના ગુણ નિષ્પન્ન ૧૩ નામ છે.

તમસ્કાયમાંથી કોઈ દેવને પસાર થવું હોય તો તે પણ ભ્રાંત બની જાય છે અને શીઘ્ર નીકળી જાય છે. કોઈ અસુરકુમાર, નાગકુમાર કે વૈમાનિક દેવ તેમાં વીજળી કે વરસાદ કરી શકે છે. પરંતુ તે દેવકૃત હોવાથી અચિત્ત હોય છે. તેની અંદર જ્યોતિષી વિમાન નથી પરંતુ તેના કિનારે જ્યોતિષી વિમાન હોય શકે છે. તેની પ્રભા તમસ્કાયમાં પડે છે પરંતુ તેમાં તેના અંધકારથી તે નિષ્પ્રભ બની જાય છે. તે તમસ્કાય અપકાય રૂપ હોવાથી ત્યાં વાયુ અને વનસ્પતિના જીવો હોય શકે છે પરંતુ પૃથ્વી કે અગ્નિના જીવો નથી.

આ લોકના સર્વ જીવો ભૂતકાળમાં તમસ્કાય રૂપે ઉત્પન્ન થઈ ગયા છે.

**કૃષ્ણરાજિ**: પાંચમા દેવલોકમાં રિષ્ટ નામના પ્રસ્તટમાં આઠ કૃષ્ણરાજિઓ કાળા વર્ણની રાજિ એટલે લાંબી રેખાની સમાન નક્કર પૃથ્વી શિલારૂપે છે. ચાર દિશામાં ચાર અને તે ચારેની બહારની દિશામાં ચાર અર્થાત્ એક એક દિશામાં બે–બે કૃષ્ણરાજિ છે. અંદરની ચારે સમચતુષ્કોણ અને લંબચોરસ આકારની છે. બહારની બે ઉત્તર–દક્ષિણમાં ત્રિકોણ અને પૂર્વ-પશ્ચિમમાં ષટ્કોણ આકારવાળી છે. તે સર્વે સંખ્યાત યોજન પહોળી અને અસંખ્યાત યોજન લાંબી છે.

એક દિશાની આભ્યંતર કૃષ્ણરાજિ પછીની દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શ કરે છે, અર્થાત્ દક્ષિણ– દિશાની આભ્યંતર કૃષ્ણરાજિ પશ્ચિમ દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શે છે; આ રીતે પ્રત્યેકમાં સમજવું.

આઠે કૃષ્ણરાજિની વચ્ચેનું ક્ષેત્ર પણ કૃષ્ણરાજિનું જ ગણાય છે. તેમાં દેવકૃત વીજળી, વરસાદ આદિ થાય છે. આ લોકના સર્વ જીવો ભૂતકાળમાં ત્યાં સૂક્ષ્મ પાંચ સ્થાવરપણે, બાદર પૃથ્વીપણે કે વચ્ચેના ક્ષેત્રમાં વાયુપણે ઉત્પન્ન થઈ ગયા છે.

**લોકાન્તિક દેવ** : આઠ કૃષ્ણરાજિની વચ્ચે આઠ અને વચ્ચેના ક્ષેત્રમાં એક, તે રીતે નવ લોકાન્તિક દેવોના નવ વિમાન છે. તે વિમાન વાયુ પ્રતિષ્ઠિત છે; તે દેવો તીર્થંકરોને તીર્થ પ્રવર્તાવવાના સમયે સૂચન કરે. તેઓનો તથા પ્રકારનો જીત વ્યવહાર છે. તે દેવો પોતાના પરિવાર સહિત ત્યાં દિવ્ય ઋદ્ધિનો અનુભવ કરે છે.

# શતક–૬ : ઉદ્દેશક–૬

# ભવિક (ઉત્પન્ન થનાર)

૨૪ દંડકના જીવ જ્યારે એક સ્થૂલ શરીરને છોડીને અન્ય સ્થૂલ શરીરને પ્રાપ્ત કરે છે અર્થાત્ નવો જન્મ ધારણ કરે છે ત્યારે સહુ પ્રથમ ક્યારે આહાર કરે અને તેનું પરિણમન કરીને ક્યારે શરીર બાંધે છે?

જીવ પોતાના ઉત્પત્તિ સ્થાન સુધી બે રીતે જાય છે - **(૧) સમુદ્‌ઘાત રહિત–** વર્તમાન ભવનું આયુષ્ય પૂર્ણ કરી, મારણાંતિક સમુદ્‌ઘાત કર્યા વિના આગામી ભવના ઉત્પત્તિ સ્થાનમાં પહોંચી પ્રથમ સમયે આહાર ગ્રહણ કરે છે. **(૨) સમુદ્‌ઘાત સહિત–** મારણાંતિક સમુદ્‌ઘાત કરી ઉત્પત્તિ સ્થાને પહોંચી પાછા શરીરસ્થ થઈ પુનઃ બીજી વાર મારણાંતિક સમુદ્‌ઘાત કરી એટલે મરણ પામી ઉત્પત્તિ સ્થાને પહોંચી, પ્રથમ સમયે આહાર ગ્રહણ કરે છે.

**एगपएसियं सेढिं मोत्तूण** : પાંચમા ઉદ્દેશકની **एगपएसियाए सेढिए** ની વ્યાખ્યા અનુસાર અહીં છઠ્ઠા ઉદ્દેશકમાં પણ જીવનો ગમનાગમનનો પ્રસંગ હોવાથી સમભિત્તિ અર્થ કર્યો છે. જીવનો ઘનાકાર એવા અસંખ્યાત આકાશ પ્રદેશને અવગાહવાનો સ્વભાવ હોવાથી એક પ્રદેશી શ્રેણીને જીવ અવગાહી શકતો નથી.

તાત્પર્ય એ છે કે મરણ પામી જન્મ સ્થાનમાં જતા જીવના આત્મપ્રદેશો શરીરમાંથી બહાર નીકળીને સમ પહોળાઈથી લોકાંત પર્યંત ફેલાય છે.

**મારણાંતિક સમુદ્‌ઘાતનું ક્ષેત્ર પ્રમાણ** : જીવ જ્યારે મારણાંતિક સમુદ્‌ઘાત દ્વારા ઉત્પત્તિ સ્થાન સુધી જાય ત્યારે જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ છએ દિશામાં પાંચ સ્થાવર જીવોની અપેક્ષાએ લોકાન્ત સુધી જાય છે કારણ કે પાંચે સ્થાવરના ઉત્પત્તિ સ્થાન લોકાંતથી લોકાંત સુધી છે.

# શતક-૬ : ઉદ્દેશક-૭

# શાલી

**સુષમસુષમા કાલ** : તે આરો કેવળ સુખમય છે. તેનું કાલમાન ચાર ક્રોડાક્રોડી સાગરોપમ પ્રમાણ છે. તેમાં પૃથ્વીના રસ કસ, મનુષ્યના આયુષ્ય, અવગાહના તેમજ પુદ્‌ગલના વર્ણ, ગંધાદિ સર્વ ઉત્કૃષ્ટ કક્ષાના હોય છે. મનુષ્યનું આયુષ્ય ત્રણ પલ્યોપમનું અને અવગાહના ત્રણ ગાઉની હોય છે. તે જીવો દશ પ્રકારના કલ્પવૃક્ષથી સંપૂર્ણ જીવન સુખપૂર્વક વ્યતીત કરે છે. આ યુગલિક કાલ છે.

તે સમયે ભરતક્ષેત્રની ભૂમિ અત્યંત સમતલ અને અત્યંત રમણીય હોય છે. તે ભૂમિમાં તૃણ, વનસ્પતિ, પત્ર, પુષ્પયુક્ત વૃક્ષો વગેરે શોભી રહ્યા હોય છે.

યુગલિકોની આવશ્યકતાની પૂર્તિ અત્યંત સહજપણે થતી હોવાથી તેઓ પ્રકૃતિથી જ ભદ્રિક, મંદકષાયી, અલ્પ મોહભાવવાળા, સહનશીલ, ઉત્સુકતાથી રહિત હોય છે. તેમજ તે પુણ્યવાન હોવાથી તેજસ્વી, પદ્મ કે કસ્તુરીની ગંધવાળા હોય છે.

તેઓ સુખપૂર્વક જીવન વ્યતીત કરીને આયુષ્યના છ માસ શેષ રહે ત્યારે એક યુગલને જન્મ આપી, તેની પ્રતિપાલના ૪૯ દિવસ પર્યંત કરે છે. પછી તે યુગલ સ્વાવલંબી થઈ જાય છે. ભાઈ બહેન સહ વિચરણ કરે છે. યૌવનમાં પ્રવેશ કરતાં તે ભાઈ બહેન પતિ-પત્ની બની જાય છે. પતિ-પત્ની બંનેનું આયુષ્ય સાથે પૂર્ણ થાય અને મરીને દેવગતિમાં જ જાય છે.

# શતક–૬ : ઉદ્દેશક–૮
# પૃથ્વી

રત્નપ્રભા આદિ કોઈ પણ પૃથ્વીની નીચે કે દેવલોકની નીચે ઘર, દુકાન કે ગ્રામ, નગર, સન્નિવેશ વગેરે નથી. ત્યાં દેવકૃત મેઘ, મેઘ ગર્જના અને વિદ્યુત હોય શકે છે. તેમાં પહેલી અને બીજી નરક સુધી વૈમાનિક દેવ, અસુર અને નાગકુમાર તે કાર્ય કરે છે; ત્રીજી નરક સુધી દેવ અને અસુર કરે છે; ચોથીથી સાતમી નરક સુધી કેવળ વૈમાનિક દેવો જ તે કાર્ય કરે છે.

પહેલા અને બીજા દેવલોક સુધી અસુરકુમાર અને વૈમાનિક દેવ મેઘાદિ કરે છે. ત્યાર પછી ઉપરના દેવલોક નીચે કેવળ વૈમાનિક દેવ જ તે કાર્ય કરે છે. મેઘાદિ કાર્ય બાર દેવલોક સુધી જ થાય છે, તેનાથી ઉપર દેવ જતા નથી, તેથી ત્યાં વાદળા વગેરેનો સદ્‌ભાવ નથી.

**બાદર પૃથ્વીકાય અને બાદર અગ્નિકાય** : દેવ વિમાનો અને નરક પૃથ્વીઓ, પૃથ્વીમય છે. પરંતુ તેની નીચે બાદર પૃથ્વી કે બાદર અગ્નિ નથી. કારણ કે ત્યાં તેના સ્વસ્થાન નથી. દેવલોકમાં કૃષ્ણરાજિઓ પૃથ્વીમય છે, તેથી ત્યાં પૃથ્વીકાય છે. નરકમાં અચિત્ત ઉષ્ણ પુદ્‌ગલની ઉષ્મા હોય અને દેવલોકમાં પ્રકાશમય પુદ્‌ગલોનો પ્રકાશ હોય છે પરંતુ ત્યાં અગ્નિકાય નથી.

**અપકાય, વાયુકાય અને વનસ્પતિકાય** : પ્રત્યેક નરક પૃથ્વીની નીચે ઘનોદધિ અને ઘનવાત છે. તેથી ત્યાં અપકાય અને વાયુકાય છે અને **जत्थ जलं तत्थ वणं** તે નિયમાનુસાર અપકાયની સાથે વનસ્પતિ–કાયનું સાહચર્ય છે; તેથી ત્યાંવનસ્પતિકાય પણ છે.

સૌધર્મ અને ઈશાન દેવલોક ઉદધિ પ્રતિષ્ઠિત છે, તેથી ત્યાં અપકાય છે. સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મ દેવલોક પર્યંત તમસ્કાયની અપેક્ષાએ અપકાય છે.

અપકાય હોય ત્યાં વનસ્પતિકાય પણ હોય છે.પાંચમા દેવલોકથી ઉપરના દેવલોક વાયુ પ્રતિષ્ઠિત છે. તેથી ત્યાં અપકાય કે વનસ્પતિકાયનો સદ્ભાવ નથી. પરંતુ બાર દેવલોક સુધીમાં વાવડી વગેરે જલસ્થાનો હોય છે તેથી ત્યાં અપકાય અને વનસ્પતિકાયનો સદ્ભાવ હોય છે અને વાયુ તો સર્વત્ર છે.

**જીવોના આયુષ્ય બંધના પ્રકાર**: અહીં આયુષ્ય સાથે છ બોલને નિધત્ત અને નિકાચિત કરવારૂપ ૬×૨ = ૧૨ પ્રકારની અવસ્થાની વિચારણા છે.

જીવ જ્યારે આયુષ્યનો બંધ કરે ત્યારે સત્તાગત (પૂર્વે બંધાયેલી) પાંચ જાતિ અને ચાર ગતિ વગેરે નામકર્મમાંથી આયુષ્યને અનુરૂપ ગતિ, જાતિ વગેરે આયુષ્ય સાથે સંયોજિત કરે છે, નિબદ્ધિત કરે છે. જેમ નરકાયુનો બંધ થતો હોય ત્યારે તેની સાથે સત્તામાં રહેલી ચાર ગતિ, પાંચ જાતિમાંથી નરકગતિ, પંચેન્દ્રિય જાતિ આદિ આયુષ્ય સાથે જોડાઈ જાય છે.

**નિધત્ત** : બે પ્રકારે અર્થ થાય છે યથા– (૧) **निधत्त निषिक्तं विशिष्ट बंधं कृतं यैः ।** નિધત્ત એટલે નિષિક્ત, વિશેષ પ્રકારનો બંધ. (૨) **निधत्त निषेकश्च कर्म पुद्गलानां प्रतिसमयमनुभवनार्थरचनेति ।** નિધત્ત એટલે નિષેક રચના. કર્મને પ્રતિ સમયે ઉદયમાં આવવા માટે વિશેષ રીતે સ્થાપિત કરાય તેને નિધત્ત કહે છે. અહીં આયુષ્ય સાથે વિશિષ્ટ પ્રકારના બંધ (જોડાણ–ગોઠવણી) માટે **નિધત્ત** શબ્દ પ્રયુક્ત થયો છે.

તાત્પર્ય એ છે કે કર્મોની જે ગોઠવણી કરાય તેને નિષેક–નિધત્ત કહે છે અને તે ગોઠવણી આયુષ્ય કર્મ સાથે કરાય તેને નિધત્તાયુ કહેવાય છે. નિષિક્ત અને નિધત્ત બંને પર્યાય શબ્દ છે તેમ છતાં વર્તમાનમાં બંધાતા કર્મની ગોઠવણીને નિષેક કહે છે અને પૂર્વબદ્ધ કર્મની આયુષ્ય બંધ સમયે ગોઠવણીને નિધત્ત કહે છે.

**નિયુક્ત** : બે પ્રકારે અર્થ થાય છે– (૧) **नियुक्तं नितरां युक्तं संबध्दं निकाचितं कृतं यैः ।** સ્પષ્ટ રીતે ભોગવ્યા પછી જ છૂટી શકે તેવી કર્મબંધની અતિ દ્રઢતમ અવસ્થાને નિકાચિત–નિયુક્ત કહે છે. (૨) **नियुक्तं वेदनं वा ।**

કર્મનું વેદન કરવું અર્થાત્ કર્મ વેદનના પ્રારંભને નિયુક્ત કહે છે. આ રીતે નિયુક્ત અને નિકાચિત એ પર્યાય શબ્દ છે.

**નિધત્તાયુ–નિયુક્તાયુ વચ્ચે તફાવતઃ** (૧) સામાન્યરૂપે આયુષ્ય કર્મ સાથે અન્ય કર્મ પ્રકૃતિઓનો સંયોજિત, નિયોજિત કરવાને **નિધત્તાયુ** કહે છે. (૨) આયુષ્ય સાથે અન્ય પ્રકૃતિઓના દ્રઢતમ બંધને કે નિકાચિત રૂપે બંધને **નિયક્તાયુ** કહે છે.

ષડ્વિધ નિધત્ત આયુષ્ય બંધનુ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**(૧) જાતિનામ નિધત્તાયુ** : આયુષ્ય બંધ સમયે પૂર્વબદ્ધ સત્તાગત પંચેન્દ્રિયાદિ જાતિ નામકર્મ વગેરે આયુષ્ય સાથે સંયોજિત થાય, નિબદ્ધિત થાય (વિશેષરૂપે બંધાય) તેને જાતિનામ નિધત્તાયુ કહે છે.

**(૨) ગતિનામ નિધત્તાયુ** : આયુષ્ય બંધ સમયે પૂર્વબદ્ધ સત્તાગત નરકાદિ ગતિ નામકર્મ વગેરે આયુષ્ય સાથે સંયોજિત થાય, વિશેષ રૂપે બંધાય તેને ગતિનામ નિધત્તાયુ કહે છે.

**(૩) સ્થિતિનામ નિધત્તાયુ** : આયુષ્યના બંધ સમયે પૂર્વે બંધાયેલી નામકર્મની પ્રકૃતિઓની સ્થિતિ, આયુષ્યની સ્થિતિ સાથે નિષિક્ત થાય, સમસ્થિતિક થાય તેને સ્થિતિ નામ નિધતાયુ કહે છે. અહીં ત્રણ પ્રકારે સ્થિતિ સમજાય છે - (૧) આયુષ્ય કર્મ સંબંધી, (૨) ગતિ, જાતિ, અવગાહના નામકર્મ સંબંધી અને (૩) તે સિવાયની અન્ય અનેક તદ્ભવ પ્રાયોગ્ય નામકર્મની પ્રકૃતિઓ સંબંધી.

**(૪) અવગાહના નામ નિધત્તાયુ** : જીવ જેમાં અવગાહિત થાય છે, તેને અવગાહના કહે છે. જીવ ઔદારિક આદિ શરીરમાં અવગાહિત થાય છે, તેથી અહીં ઔદારિક આદિ શરીરની અવગાહના સમજવી.

આયુષ્યના બંધ સમયે પૂર્વબદ્ધ સત્તાગત પાંચ શરીરમાંથી આયુષ્યને

અનુરૂપ શરીર નામકર્મ પ્રકૃતિનું આયુષ્ય સાથે નિબદ્ધિત થવાને અવગાહના નામ નિધત્તાયુ કહે છે.

**(૫) પ્રદેશનામ નિધત્તાયુ** : આયુષ્યના બંધ સમયે પૂર્વે બંધાયેલી સત્તાગત નામકર્મની પ્રકૃતિઓના પુદ્‌ગલોને આયુષ્ય સાથે નિષિક્ત કરવાને પ્રદેશનામ નિધત્તાયુ કહે છે.

**(૬) અનુભાગ નામ નિધત્તાયુઃ** આયુષ્યના બંધ સમયે પૂર્વે બંધાયેલી સત્તાગત નામ કર્મની પ્રકૃતિઓના વિપાકને આયુષ્ય સાથે નિષિકત કરવાને અનુભાગ નામ નિધત્તાયુ કહે છે.

છ પ્રકારના આયુષ્યબંધના કથનમાં આયુષ્ય સાથે ગતિ, જાતિ આદિ નામકર્મની પ્રકૃતિઓનો જે વિશેષણરૂપે પ્રયોગ કર્યો છે, તેમાં નામકર્મની પ્રકૃતિઓની આયુષ્ય કર્મની સાથે સહચારિતા પ્રગટ કરી છે. જે સમયે કોઈ પણ આયુષ્યનો ઉદય થાય, તે સમયે તદ્‌યોગ્ય ગતિ, જાતિ આદિ નામકર્મની પ્રકૃતિઓનો ઉદય થાય છે, જેમ કે નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય જીવને જ્યારે નરકાઆયુનો ઉદય થાય છે ત્યારથી જ તે નૈરયિક કહેવાય છે અને તે જ સમયે આયુષ્યને યોગ્ય નરકગતિ, નરકાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ આદિ પ્રકૃતિઓનો ઉદય થઈ જાય છે, તેથી અહીં આયુષ્યકર્મને નામ કર્મથી વિશેષિત કર્યું છે.

આ છ ભેદમાં ગતિ, જાતિ, અવગાહના દ્વારા પ્રકૃતિબંધ અને શેષ ત્રણ ભેદ દ્વારા સ્થિતિબંધ, પ્રદેશબંધ અને અનુભાગબંધ સૂચિત કર્યો છે. આ છ ભેદમાંથી ગતિ, જાતિ, અવગાહના (શરીર) - આ ત્રણે નામ કર્મની પ્રકૃતિ છે તેથી તેને નામકર્મ રૂપે કહ્યા છે. સ્થિતિ, અનુભાગ, પ્રદેશ ત્રણે નામકર્મ રૂપ નથી, બંધના પ્રકાર છે પરંતુ અહીં આ ત્રણે બંધ નામકર્મની પ્રકૃતિ સાથે સંબંધિત હોવાથી તેનું નામ રૂપે કથન કર્યું છે.

આયુષ્યના બંધ સમયે આયુષ્યને અનુરૂપ નામકર્મની જેમ આયુષ્યને અનુરૂપ

ગોત્રકર્મનો પણ વિશિષ્ટ રૂપે બંધ–ગોઠણવી થાય છે. જેમ કે એકેન્દ્રિયના આયુષ્યના બંધ સમયે નીચ ગોત્રનો બંધ–ગોઠવણી થાય છે. જાતિ, ગતિ વગેરે નામકર્મ, ગોત્રકર્મ, આયુષ્ય કર્મ આ ત્રણેની સહચારી કર્મ પ્રકૃતિઓને નિધત્ત, નિકાચિત સાથે અસંયોગી, દ્વિસંયોગી વગેરે ભંગ કરતાં ૧૨ પ્રકાર થાય છે.

**નામ, આયુ, ગોત્ર નિધત્તાદિ વિશેષિત જીવના બાર પ્રકાર** :

**(૧) જાતિ નામ નિધત્ત** : જે જીવોએ એકેન્દ્રિયાદિ જાતિ નામકર્મને ઉદય માટે નિષિક્ત કર્યું છે તે.

**(૨) જાતિ નામ નિધત્તાયુ** : જે જીવોએ એકેન્દ્રિયાદિ જાતિ અને આયુષ્ય બંને કર્મને ઉદય માટે સમાન રીતે નિષિક્ત કર્યું છે તે.

**(૩) જાતિ નામ નિયુક્ત** : જે જીવોએ એકેન્દ્રિયાદિ જાતિ નામકર્મના વેદનનો પ્રારંભ કર્યો છે તે.

**(૪) જાતિ નામ નિયુક્તાયુ** : જે જીવોએ આયુષ્ય સાથે એકેન્દ્રિયાદિ જાતિ નામકર્મના વેદનનો પ્રારંભ  કર્યો છે તે.

**(૫) જાતિ ગોત્ર નિધત્ત** : જે જીવોએ જાતિ આદિ નામકર્મ તથા નીચ ગોત્ર આદિ ગોત્ર કર્મને ઉદય માટે નિષિક્ત કર્યું છે તે.

**(૬) જાતિ ગોત્ર નિધત્તાયુ** : જે જીવોએ જાતિ અને ગોત્રની સાથે આયુષ્ય કર્મને નિધત્ત કર્યું છે તે.

**(૭) જાતિ ગોત્ર નિયુક્ત** : જે જીવોએ જાતિ અને ગોત્રકર્મને નિયુક્ત કર્યું છે તે.

**(૮) જાતિ ગોત્ર નિયુક્તાયુ** : જે જીવોએ જાતિ અને ગોત્રની સાથે આયુષ્ય કર્મને નિયુક્ત કર્યું છે તે.

**(૯) જાતિનામ ગોત્ર નિધત્ત** : જે જીવોએ જાતિ નામ અને ગોત્ર કર્મને નિધત્ત કર્યું છે તે.

**(૧૦) જાતિનામ ગોત્ર નિધત્તાયુ** : જે જીવોએ જાતિ નામ અને ગોત્રની સાથે આયુષ્ય કર્મને નિધત્ત કર્યું છે તે.

**(૧૧) જાતિનામ ગોત્ર નિયુક્ત** : જે જીવોએ જાતિ, નામ અને ગોત્ર કર્મને નિયુક્ત કર્યું છે તે.

**(૧૨) જાતિ નામ ગોત્ર નિયુક્તાયુ** : જે જીવોએ જાતિ, નામ અને ગોત્રની સાથે આયુષ્ય કર્મને નિયુક્ત કર્યું છે તે.

જે રીતે જાતિ નામ કર્મથી સંબંધિત આ બાર ભેદ છે તે જ રીતે ગતિ, અવગાહના, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશનામના ૧૨–૧૨ પ્રકાર કરતાં ૬ × ૧૨ = ૭૨ પ્રકાર થાય છે. સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોમાં આ ૭૨ પ્રકારની પૃચ્છા હોવાથી ૭૨ × ૨૫ = ૧૮૦૦ ભંગ થાય છે.

**આયુષ્ય કર્મ સાથે બંધાતી પ્રકૃતિઓ** : પ્રત્યેક ભવમાં આગામી એક ભવનું આયુષ્ય જીવન દરમ્યાન એક જ વાર બંધાય છે. શેષ સાત કર્મ જીવન પર્યંત સમયે–સમયે બંધાતા રહે છે. ગતિ, જાતિ વગેરે નામ કર્મનો બંધ તો કાયમ થતો જ હોય છે છતાં આયુષ્ય કર્મના બંધ સમયે આયુષ્યને અનુરૂપ ગત્યાદિનો બંધ થાય છે. જેમ કે કોઈ મનુષ્યને જ્યારે દેવ આયુષ્યનો બંધ થતો હોય ત્યારે તેને અન્ય મનુષ્ય, તિર્યંચ વગેરે ગતિ નામકર્મને છોડી દેવગતિ નામકર્મનો અને પાંચ જાતિ નામકર્મમાંથી પંચેંદ્રિય જાતિનો જ બંધ થાય; અન્ય એકેન્દ્રિય આદિ જાતિ વગેરેનો બંધ થતો નથી. આ રીતે અન્ય પણ દેવ પ્રાયોગ્ય પ્રકૃતિ જ બંધાય તે સહજ રીતે સમજી લેવું જોઈએ અને તે દેવાયુનો જ્યારે ઉદય થાય ત્યારે તે સમયે દેવાયુને અનુરૂપ દેવગતિ, પંચેંદ્રિય જાતિ, વૈક્રિય શરીર વગેરે નામ કર્મની પ્રકૃતિઓ અવશ્ય ઉદયમાં આવી જાય છે. તે જ રીતે કોઈ જીવને પૃથ્વીકાયના આયુષ્યનો બંધ થતો હોય તો તે સમયે પૃથ્વીકાય યોગ્ય તિર્યંચ ગતિ, એકેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર વગેરે પ્રકૃતિઓનો બંધ થાય છે. તેમજ તે આયુષ્યના ઉદય સમયે પણ તદ્‌નુરૂપ તે જ પ્રકૃતિનો ઉદય થાય છે.

**અસંખ્ય દ્વીપ સમુદ્ર** :

અહીં મધ્યલોકમાં આવેલા અસંખ્યાત દ્વીપ-સમુદ્રના સ્વરૂપ અને પ્રમાણનું વર્ણન જીવાભિગમ સૂત્રના અતિદેશ પૂર્વક છે. તેનો ટૂંકો પરિચય આ પ્રમાણે છે :

**અસંખ્યાત દ્વીપ–સમુદ્રોની સંસ્થિતિ:** મધ્યલોકની બરાબર મધ્યમાં જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તેને ફરતો લવણ સમુદ્ર છે. તેને ફરતો ધાતકીખંડ નામનો દ્વીપ છે. આ રીતે મધ્યલોકમાં એક દ્વીપ, એક સમુદ્ર, તેમ અસંખ્યાત દ્વીપ અને અસંખ્ય સમુદ્ર વ્યાપ્ત છે.

**વિસ્તાર** : જંબૂદ્વીપ એક લાખ યોજનનો છે. લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ (ગોળાકારે પહોળાઈ) બે લાખ યોજન છે. ધાતકીખંડનો ચક્રવાલ વિષ્કંભ ચાર લાખ યોજન છે. આ રીતે પ્રત્યેક દ્વીપ–સમુદ્ર દ્વિગુણિત વિસ્તારવાળા છે.

**આકાર** : અસંખ્યાત દ્વીપ–સમુદ્રમાંથી એક જંબૂદ્વીપ વર્તુળાકાર ગોળ આકારવાળો છે. શેષ સર્વ દ્વીપ અને સમુદ્ર વલયાકાર એટલે ચૂડીના આકારે છે.

**જળ સ્વભાવ** : અસંખ્યાત સમુદ્રમાંથી એક લવણ સમુદ્ર ઉચ્છ્રિતોદક છે. લવણ સમુદ્રનું પાણી ઊર્ધ્વદિશામાં સાધિક ૧૬,૦૦૦ યોજન સુધી ઊંચું છે. તેથી તે ઉપર ઊઠેલા જલવાળો છે, સમ જલવાળો નથી. લવણ સમુદ્રમાં અનેક પાતાળ કળશ છે અને તેમાં રહેલા વાયુના વિક્ષોભથી લવણ સમુદ્રમાં ભરતી આવે છે, તેથી તે ઉછળતા પાણીવાળો છે. શેષ સર્વ સમુદ્રો શાંત જળવાળા છે.

**તમસ્કાય** : અરુણવર સમુદ્રમાંથી તમસ્કાય ઉપર ઉઠે છે પરંતુ તે લવણ સમુદ્રની ડગમાળાની જેમ સઘન ઉછળતા જળવાળી નથી પરંતુ પ્રગાઢ ધુમ્મસ જેવી છે.

**વરસાદ** : લવણ સમુદ્રમાં વરસાદ થાય છે પરંતુ અન્ય સમુદ્રમાં વરસાદ વરસતો નથી. સર્વ સમુદ્રમાં અનેક ઉદકયોનિના જીવ અને પુદ્ગલ ઉદકરૂપે ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે.

# શતક–૬ : ઉદ્દેશક–૯

# કર્મ

અહીં દેવના વૈક્રિય સામર્થ્યનું અને અવધિજ્ઞાનના સામર્થ્યનું નિરૂપણ છે.

**આઠ, સાત, છ કર્મબંધ** : જ્ઞાનાવરણીય કર્મને બાંધતા જીવ આઠ, સાત અથવા છ કર્મ બાંધે છે. એકથી સાત ગુણસ્થાન સુધીમાં ત્રીજા ગુણસ્થાનને છોડીને જીવ આયુષ્યના બંધ સમયે આઠ કર્મનો બંધ કરે છે અને શેષ સમયમાં સાત કર્મનો બંધ કરે છે. ત્રીજે, આઠમે, નવમે ગુણસ્થાનમાં જીવ આયુષ્ય છોડીને સાત કર્મનો બંધ કરે છે તેમજ દશમે ગુણસ્થાનમાં આયુષ્ય અને મોહનીય કર્મને છોડીને છ કર્મનો બંધ કરે છે.

દેવ તત્રગત અર્થાત્ દેવલોકમાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરી શકે છે– (૧) એક વર્ણ, એક આકાર (૨) એક વર્ણ, અનેક આકાર (૩) અનેક વર્ણ, એક આકાર (૪) અનેક વર્ણ, અનેક આકારની પોતાની ઈચ્છાનુસાર વિકુર્વણા કરી શકે છે. તે ઉપરાંત એક પ્રકારના વર્ણ, ગંધ, રસ, સ્પર્શને અન્ય પ્રકારના વર્ણાદિમાં પરિણત કરી શકે છે, આ તેનું વૈક્રિય સામર્થ્ય છે.

વિશુદ્ધ લેશી સમ્યગ્દ્રષ્ટિ દેવના અવધિજ્ઞાનનું અને અવિશુદ્ધ લેશી મિથ્યાદ્રષ્ટિ દેવના વિભંગ– જ્ઞાનનું સામર્થ્ય–અસામર્થ્ય બાર વિકલ્પોથી સમજાવ્યું છે.

સંક્ષેપમાં, અવિશુદ્ધિ લેશી મિથ્યાદ્રષ્ટિ દેવ કે દેવી પોતાના વિભંગ જ્ઞાનમાં ઉપયોગવાન હોય અથવા ઉપયોગ રહિત હોય, તેઓ અન્ય વિશુદ્ધ લેશી સમ્યગ્દ્રષ્ટિ કે અવિશુદ્ધ લેશી મિથ્યાદ્રષ્ટિ દેવ–દેવીને જાણી, દેખી શકતા નથી.

વિશુદ્ધ લેશી સમ્યગ્દ્રષ્ટિ અવધિજ્ઞાની દેવ કે દેવી પોતાના અવધિજ્ઞાનમાં ઉપયોગયુક્ત ન હોય તો અન્ય દેવ–દેવીને જાણી, દેખી શકતા નથી. પરંતુ જો

તે પોતાના જ્ઞાનમાં ઉપયોગવાન હોય તો વિશુદ્ધ લેશી કે અવિશુદ્ધ લેશી બંને પ્રકારના દેવ-દેવીને જાણી શકે છે.

અહીં દેવોના જાણવાનું કારણ તેમનું સમ્યગ્જ્ઞાન અને તેમાં ઉપયોગયુક્તતા છે. જ્ઞેય પદાર્થ અવિશુદ્ધ લેશી છે કે વિશુદ્ધ લેશી છે તે મહત્વનું નથી. તેમજ સમ્યગ્જ્ઞાન હોય અને તેમાં ઉપયોગ ન હોય તો તેનો પણ લાભ નથી. ઉપયોગ સહિતનું સમ્યગ્જ્ઞાન જ્ઞેય પદાર્થનો બોધ કરાવી શકે છે.

# શતક–૬ : ઉદ્દેશક–૧૦

# અન્યતીર્થિક

**જીવનું સ્વરૂપ** :

જીવમાં ધર્મી કોણ છે અને તેનો ધર્મ શું છે, તે જાણવું જરૂરી છે. પ્રભુએ તેનું સમાધાન કર્યું છે કે **जीवे ताव णियमा जीवे, जीवे वि णियमा जीवे ।** જીવ જીવ છે અર્થાત્ ચૈતન્યસ્વરૂપ છે અને ચૈતન્યસ્વરૂપ છે તે જ જીવ છે. અહીં બે વાર **जीव** શબ્દ પ્રયોગ છે, પ્રથમ 'જીવ' ધર્મી છે અને બીજી વાર પ્રયુક્ત 'જીવ' શબ્દ ધર્મ છે. અહીં ધર્મી અને ધર્મમાં અભેદ બતાવવા માટે એક જ શબ્દનો બે વાર પ્રયોગ કર્યો છે તેથી નિશ્ચિત થાય છે કે જીવ છે તે ચૈતન્ય સ્વરૂપ છે, અને ચૈતન્ય સ્વરૂપ છે તે જ જીવ છે.

**જીવની પર્યાયોનો જીવ સાથેનો સંબંધ** : ત્યાર પછીના પ્રશ્નોમાં જીવની નારકાદિ પર્યાયો જીવરૂપ છે કે નહીં, તદ્‌વિષયક પ્રશ્નો છે.

નારકાદિ પર્યાયો જીવરૂપ જ છે કારણ કે પર્યાયો દ્રવ્યથી સર્વથા ભિન્ન નથી. પર્યાય દ્રવ્યનો જ વિકાર છે. પરંતુ જીવ છે તે નારકાદિરૂપે જ હોય તેવું એકાંતે નથી, કારણ કે પર્યાયો સદા પરિવર્તનશીલ છે. જીવ ક્યારેક નારક પર્યાયરૂપે હોય, ક્યારેક દેવ પર્યાયરૂપે હોય; આ રીતે જીવની પર્યાયોનું પરિવર્તન થયા કરે છે.

**જીવ અને પ્રાણનો સંબંધ** : જે પ્રાણ ધારણ કરે છે તે જીવ છે. પરંતુ જીવ છે તે પ્રાણ ધારણ કરે જ છે, તેવું એકાંતે નથી. અહીં 'પ્રાણ' શબ્દથી દ્રવ્યપ્રાણનું ગ્રહણ કર્યું છે. તેમાં પ્રત્યેક સંસારી જીવ પોતાની યોગ્યતા પ્રમાણે પ્રાણ ધારણ કરે છે, સિદ્ધના જીવ જીવ છે પરંતુ તે દ્રવ્યપ્રાણને ધારણ કરતા નથી. કારણ કે દ્રવ્યપ્રાણ કર્મજન્ય છે. આ રીતે પ્રાણને જીવ સાથે સંબંધ નિયમા છે, જીવનો

પ્રાણ સાથેનો સંબંધ વિકલ્પે છે.

**ભવી અભવી સાથે નારકાદિનો સંબંધ** : ભવ્યત્વ અને અભવ્યત્વ પણ જીવનો અનાદિ સાંત પારિણામિક ભાવ છે. તે જીવની સમગ્ર સંસારાવસ્થા પર્યંત રહે છે, સિદ્ધાવસ્થામાં રહેતો નથી. તેની સંસારાવસ્થામાં તેના ભિન્ન ભિન્ન સ્થાને જન્મ મરણ થયા કરે છે. તેથી જે ભવી છે તે નારક પણ હોય અને નારકથી ભિન્ન અન્યરૂપે પણ હોય શકે છે. તે જ રીતે જે નારક છે, તે ભવી જ હોય તેવું પણ એકાંતે નથી. કેટલાક નારકો અભવી પણ હોય છે. આ રીતે બંનેનો સંબંધ પરસ્પર વિકલ્પે છે.

કેવળી ભગવાનનું જ્ઞાન અતીન્દ્રિય છે, અનંત છે, પરિપૂર્ણ છે.

# શતક–૭ : ઉદ્દેશક–૧

# આહાર

**આહારક–અનાહારક** : સંસારી જીવ ઓજ, રોમ કે કવલાહાર દ્વારા શરીર અને પર્યાપ્તિ યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે તેને આહારક અને તદ્યોગ્ય પુદ્ગલ ગ્રહણ ન કરે તેને **અનાહારક** કહે છે. સંસાર કાલમાં જીવને અનાહારક દશા અત્યલ્પ હોય છે. તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધ જીવ સદા અનાહારક હોય છે. (ર) કેવળી ભગવાન કેવળી સમુદ્ઘાતના ત્રીજા, ચોથા, પાંચમા સમયમાં અનાહારક હોય છે. (૩) અયોગી કેવળી અવસ્થા અર્થાત્ ચૌદમા ગુણસ્થાનમાં જીવ અનાહારક હોય છે (૪) વાટે વહેતા જીવ વિગ્રહગતિના એક, બે અથવા ત્રણ સમય અનાહારક હોય છે. અહીં વાટે વહેતા જીવની અનાહારક અવસ્થાનું કથન છે.

**પ્રથમાદિ સમય** : અનાદિકાલીન જીવની ઉત્પત્તિ ક્યારે ય થતી નથી. તેથી સૂત્ર કથિત પ્રથમાદિ સમયને પર્યાય અપેક્ષાએ સમજવા. અહીં નૂતનભવના આયુષ્યના પ્રથમ, દ્વિતીય, તૃતીયાદિ સમયનું ગ્રહણ કર્યું છે.

**વિગ્રહગતિ** : જીવ એક ભવનું આયુષ્ય પૂર્ણ કરી બીજા ભવમાં જન્મ ધારણ કરવા માર્ગમાં ગમન કરે  છે તેને વિગ્રહગતિ કે અંતરાલ ગતિ કહે છે. જીવની આ ગતિ આકાશ પ્રદેશની શ્રેણી અનુસાર જ થાય છે. જીવનું ઉત્પત્તિ સ્થાન જો સમશ્રેણીએ હોય અર્થાત્ સીધી રેખાએ હોય તો જીવ વળાંક લીધા વિના ઋજુગતિએ ગમન કરે છે. જીવનું ઉત્પત્તિ સ્થાન જો વિષમ શ્રેણી પર હોય તો જીવ એક, બે કે ત્રણ વળાંક લઈ વક્રગતિએ ગમન કરે છે.

**એક સમયની ઋજુગતિ** : કોઈ જીવ ઋજુગતિએ ગમન કરે ત્યારે તે એક જ સમયમાં ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે અને ત્યાં ઉત્પન્ન થાય તે જ સમયે તે આહાર ગ્રહણ કરે છે. આ રીતે ઋજુગતિવાળા જીવ પ્રથમ સમયમાં આહારક જ

હોય છે.

**બે સમયની વિગ્રહગતિ** : જ્યારે જીવ એક-વળાંક લઈ બે સમયે ઉત્પત્તિ સ્થાને પહોંચે છે, ત્યારે પ્રથમ સમયે વળાંક પર્યંત પહોંચે છે અને ત્યારે જીવ અનાહારક હોય છે. બીજા સમયે ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે અને આહાર ગ્રહણ કરે છે. આ રીતે પ્રથમ સમયમાં અનાહારક અને દ્વિતીય સમયે આહારક હોય છે. જીવની આ એક વળાંકવાળી બે સમયની વિગ્રહગતિ, એકવક્રાગતિ કહેવાય છે.

**ત્રણ સમયની વિગ્રહગતિ** : જ્યારે જીવ બે વળાંક લઈને ત્રણ સમયમાં ઉત્પન્ન થાય છે ત્યારે પ્રારંભના બે સમય સુધી અનાહારક હોય છે અને ત્રીજે સમયે આહારક હોય છે. જીવની આ બે વળાંકવાળી ત્રણ સમયની વિગ્રહગતિ, દ્વિવક્રાગતિ કહેવાય છે.

**ચાર સમયની વિગ્રહગતિ** : જ્યારે જીવ ત્રણ વળાંક લઈને ચાર સમયમાં ઉત્પન્ન થાય, ત્યારે ત્રણ સમય સુધી અનાહારક અને ચોથે સમયે આહારક હોય છે. જીવની આ ત્રણ વળાંકવાળી ચાર સમયની વિગ્રહગતિ, ત્રિવક્રાગતિ કહેવાય છે. ત્રણ વળાંકનો ક્રમ આ પ્રમાણે છે– ત્રસ નાડીની બહાર વિદિશામાં રહેલો કોઈ જીવ, જ્યારે અધોલોકથી ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની બહારની દિશામાં ઉત્પન્ન થાય છે, ત્યારે તે જીવ અવશ્ય પ્રથમ સમયે વિશ્રેણીમાંથી સમશ્રેણીમાં આવે છે, બીજા સમયે ત્રસનાડીમાં પ્રવેશ કરે છે. ત્રીજા સમયે ઊર્ધ્વલોકમાં જાય છે અને ચોથા સમયે ત્રસનાડીની બહાર નીકળીને, ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે. જો ત્રસનાડીથી બહાર નીકળીને, બહારની વિદિશામાં ઉત્પન્ન થાય તો ચાર વળાંક પણ થાય છે, ત્યારે પાંચમાં સમયે તે ઉત્પત્તિ સ્થાનમાં પહોંચે છે. પરંતુ આ પ્રકારની પાંચ સમયની વિગ્રહગતિનો ઉલ્લેખ આગમમાં ઉપલબ્ધ નથી; આગમ સિવાયના ગ્રંથોમાં મળે છે.

**લોક સંસ્થાન** : લોકના આકારને ઉપમા દ્વારા સમજાવ્યો છે. નીચે એક ઊંધુ

શકોરું (શરાવલુ–કોડીયુ) રાખીએ, તેના પર એક સીધુ શકોરું અને તેના પર એક ઊંધુ શકોરું રાખીએ ત્યારે જે આકૃતિ થાય તેની સમાન લોકનું સંસ્થાન છે. લોકનો વિસ્તાર નીચે સાતરજ્જુ પરિમાણ છે, ઉપર ક્રમશઃ ઘટતાં ઘટતાં સાત રજ્જુની ઊંચાઈ પર એક રજ્જુ પહોળો છે. તત્પશ્ચાત્ ક્રમશઃ વધતાં વધતાં સાડા દસ રજ્જુની ઊંચાઈ પર પાંચ રજ્જુ અને પુનઃ ઘટતાં ઘટતાં શિરોભાગમાં એક રજ્જુનો વિસ્તાર છે. નીચેથી ઉપર સુધીની ઊંચાઈ ૧૪ રજ્જુ છે. લોકના સ્વરૂપને યથાર્થ રૂપે સમજાવવા માટે તેના ત્રણ વિભાગ કર્યા છે– અધોલોક, તિર્યગ્લોક અને ઊર્ધ્વલોક.

અધોલોકનો આકાર ઊંધા શકોરા જેવો, તિર્યગ્લોકનો આકાર ઝાલર અથવા પૂર્ણ ચંદ્રમા જેવો અને ઊર્ધ્વલોકનો આકાર ઊર્ધ્વમૃદંગ જેવો છે. કેવળી ભગવાન સંપૂર્ણ લોક અને તેમાં રહેલા સંપૂર્ણ દ્રવ્યોને જાણે–દેખે છે.

**શ્રાવક વ્રતના આગાર** : ત્રસ જીવ વધના અથવા વનસ્પતિકાયિક જીવ વધના પ્રત્યાખ્યાન કર્યા હોય તેવા શ્રમણોપાસકથી પૃથ્વી ખોદતાં ત્રસ જીવની હિંસા થઈ જાય અથવા કોઈ વૃક્ષનું મૂળ ઉખડી જાય તો તેના સ્વીકૃત વ્રત પ્રત્યાખ્યાનમાં દોષ લાગતો નથી. સામાન્યતઃ દેશવિરતિ શ્રાવકને સંકલ્પપૂર્વકની હિંસાનો ત્યાગ હોય છે અને આરંભી હિંસાનો આગાર હોય છે.

**સંકલ્પી હિંસા** : સંકલ્પપૂર્વક કે બુદ્ધિપૂર્વક જે હિંસા થાય તે સંકલ્પી હિંસા છે. જેમ કે, "આ સર્પને મારી નાંખુ," તેવી બુદ્ધિપૂર્વક સર્પની હિંસા કરવી.

**આરંભી હિંસા** : જીવને મારી નાંખવાના સંકલ્પ વિના જ કોઈ પણ પ્રવૃત્તિ કરતાં જીવ હિંસા થાય તે આરંભી હિંસા છે. જેમ કે, પૃથ્વી ખોદતા કોઈ સર્પ, દેડકા, કીડી, મકોડા આદિ જીવોની હિંસા થઈ જાય.

જે જીવોની હિંસાના શ્રાવકે પ્રત્યાખ્યાન કર્યા હોય, તે જીવોની જાણી જોઈને હિંસા ન કરે ત્યાં સુધી તેનો વ્રત ભંગ થતો નથી પરંતુ તેને આરંભિકી ક્રિયા લાગે છે. આ કારણે પૃથ્વી ખોદતાં ત્રસ જીવની કે વનસ્પતિની હિંસા

સંકલ્પપૂર્વક થતી ન હોવાથી તેનો વ્રતભંગ થતો નથી.

**આહારદાનનો લાભ** : આહારદાનના લાભનો આધાર દાતા, ગ્રહણ કર્તા, દાન યોગ્ય દ્રવ્ય અને તે દાનની વિધિ પર છે.

સુપાત્રદાનના પાત્ર તથારૂપના શ્રમણ હોય છે. જેઓ સાધુના ગુણથી સંપન્ન અને ભગવાનની આજ્ઞાનુસાર પાંચ મહાવ્રતનું પાલન કરનાર હોય છે. આવા સુપાત્રનો સંયોગ પ્રાપ્ત થતાં દાતા પ્રસન્ન ભાવે, ગૌચરીના નિયમાનુસાર નિર્દોષ આહાર પાણી વિધિપૂર્વક વહોરાવે; ત્યારે દાતા, દેય પદાર્થ, દાનવિધિ, તેમજ ગ્રહણકર્તા તે સર્વે શુદ્ધ હોવાથી દાતા પરંપરાએ અંતિમ લક્ષ્યને પામે છે. તેથી સુપાત્ર દાનનો મહિમા વર્ણવ્યો છે. અહીં દાનનું મહત્ત્વ બે પ્રકારે સ્પષ્ટ કર્યું છે – (૧) સુપાત્ર દાનથી શ્રમણોપાસક શ્રમણોની સમાધિમાં નિમિત્ત બને છે, તેની અનુમોદનાથી તે સ્વયં તેવા પ્રકારના સમાધિભાવને પ્રાપ્ત કરે છે. (૨) શ્રમણોપાસક અન્ન આદિનું દાન કરતાં જીવનનો ત્યાગ કરે છે. અન્ન આદિથી જીવન નિર્વાહ થાય છે તેથી અહીં અન્નાદિને જ જીવન કહ્યું છે. તેના ત્યાગથી તે પરંપરાએ મોક્ષગામી બને છે.

**बोहिं बुज्झइ :** દાનના અનુપમ લાભના સમયે દાનના વિશુદ્ધ પરિણામોથી શ્રમણોપાસક ધર્મની વિશિષ્ટ વિશિષ્ટતમ બોધિ એટલે શુદ્ધ શુદ્ધતમ સમજણ પ્રાપ્ત કરે છે. તાત્પર્ય એ છે કે સુપાત્ર દાનથી તેના ધર્મભાવોમાં વિશેષ શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે.

**કર્મ રહિત જીવની ઊર્ધ્વ ગતિ** : અહીં કર્મ રહિત જીવની ગતિની પ્રરૂપણા કરી છે. કર્મ રહિત જીવ સ્વભાવથી જ ઊર્ધ્વગતિ કરે છે. મધ્યલોકથી સિદ્ધ ક્ષેત્ર પર્યંત આ ગતિ થાય છે. અહીં છ કારણ અને ચાર દ્રષ્ટાંત દ્વારા આ ગતિને સ્પષ્ટ કરી છે. યથા–

**(૧) નિઃસંગતા** : નિર્લેપતા. ઘાસ, કુશ રૂપ કર્મથી રહિત જીવ તૂંબડાની જેમ

ઊર્ધ્વગતિ કરે છે.

**(૨) નીરાગતા** : લેપ્ય પદાર્થ માટીરૂપ મોહ–આસક્તિથી રહિત જીવ તૂંબડાની જેમ ઊર્ધ્વગતિ કરે છે.

**(૩) ગતિ પરિણામ** : જલની સપાટી પર તરવાના સ્વભાવવાળું તૂંબડું સ્વભાવથી જ ઊર્ધ્વગતિ કરી જલની ઉપરની સપાટી પર આવી જાય છે તે જ રીતે ઊર્ધ્વગમનના સ્વભાવથી જ જીવ કર્મરહિત થતાં લોકાગ્રે પહોંચી જાય છે. આ ત્રણ કારણો માટે તૂંબડાનું દ્રષ્ટાંત છે.

**(૪) બંધ છેદ** : વટાણા આદિની શિંગ અથવા એરંડના બીજની જેમ કર્મનો વિચ્છેદ થતાં જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**(૫) નિરિન્ધતા** : ઈંધન રહિત ધૂમની ઊર્ધ્વગતિની જેમ કર્મ કે શરીર રહિત જીવની ઊર્ધ્વગતિ થાય છે.

**(૬) પૂર્વ પ્રયોગ** : અનાદિકાલથી કર્મ અને શરીરના સંયોગથી જીવોના ગમન સ્વભાવના કારણે કર્મ અને શરીરથી મુક્ત થવા છતાં પૂર્વ પ્રયોગથી જીવ ધનુષ્યમાંથી છૂટેલા બાણની જેમ લક્ષ્ય સ્થાને પહોંચી જાય છે, પૂર્વ પ્રયોગ માટે કુંભારના પ્રયોગથી ફરતો ચાકડો વગેરે અનેક દ્રષ્ટાંત છે. સંક્ષેપમાં, કર્મ રહિત જીવને લોકાગ્રે પહોંચવામાં સકર્માવસ્થામાં અનેક વાર કરેલી ગતિજ કારણરૂપ બને છે.

આ રીતે કર્મોથી મુક્ત થયેલો જીવ એક જ સમયમાં લોકાગ્રે પહોંચી જાય છે.

**દુઃખીને દુઃખનો સ્પર્શ** : અહીં દુઃખના કારણભૂત કર્મને દુઃખ અને કર્મયુક્ત જીવને દુઃખી કહ્યા છે. કર્મબંધનું કારણ રાગદ્વેષાદિ છે, તે જ રીતે કર્મવેદન, ઉદીરણા આદિનું કારણ પણ કર્મ અથવા કર્મજન્ય ભાવો જ છે. (૧) સકર્મક–કર્મવાન જીવ દુઃખી અને કર્મમુક્ત સિદ્ધ ભગવાન અદુઃખી છે. જે દુઃખી–કર્મયુક્ત

છે, તે દુઃખ એટલે કર્મથી સ્પૃષ્ટ–બદ્ધ થાય છે. (૨) તે સકર્મક જીવ દુઃખ–કર્મને ગ્રહણ (નિધત્ત) કરે છે (૩) દુઃખ–કર્મની ઉદીરણા કરે છે (૪) ઉદીર્ણ–ઉદય પ્રાપ્તનું વેદન કરે છે (૫) તે સ્વયં સ્વદુઃખની–કર્મની નિર્જરા કરે છે. અકર્મક (અદુઃખી) સિદ્ધ જીવમાં આ દુઃખ–કર્મનો સ્પર્શ આદિ નથી.

આ કથનથી જૈન દર્શનનો મુખ્ય સિદ્ધાંત સૂચિત થાય છે કે સિદ્ધ થયેલા આત્મા કદાપિ દુઃખ–કર્મથી સ્પૃષ્ટ થતા નથી અને તેઓ આ લોકમાં પુનઃઅવતાર ધારણ કરતા નથી.

**ઉપયોગ રહિત અણગારને સાંપરાયિકી ક્રિયા** :

સર્વ સાવદ્યયોગના ત્યાગી, નવ કોટિએ સંયમ આરાધનામાં તત્પર શ્રમણને વિવેક રહિત–ઉપયોગશૂન્ય ભાવે પ્રવૃત્તિ કરવાના કારણે સાંપરાયિકી ક્રિયા લાગવાનું સૂક્ષ્મતમ નિરૂપણ કર્યું છે.

**શ્રમણની સાંપરાયિકી ક્રિયા** : સર્વ સાવદ્યયોગના ત્યાગી અણગાર જો અનુપયોગથી–અવિવેકથી ગમનાદિ ક્રિયા કરે તો તેનું ચારિત્ર **अहासुत्तं** ન હોય તેથી તેને સાંપરાયિકી ક્રિયા લાગે છે અને તે અણગારના સંજ્વલન ક્રોધ આદિ કષાય પણ વિદ્યમાન હોય છે, તે કારણે તેને કાયિકી આદિ સાંપરાયિકી ક્રિયા લાગે છે.

તે સિવાય ઉપયોગપૂર્વક ગમનાદિ પ્રવૃત્તિ કરનાર અણગારને હિંસાજન્ય આરંભિકી ક્રિયા લાગતી નથી. પરંતુ સંજ્વલન કષાય વિદ્યમાન હોવાથી તેને પણ સૂક્ષ્મ રીતે કાયિકી આદિ સાંપરાયિકી ક્રિયાઓ લાગે છે. આ રીતે ઉપયોગપૂર્વક કે અનુપયોગથી ગમનાદિ ક્રિયા કરનાર દશમા ગુણસ્થાન સુધીના અણગારોને યથાખ્યાત ચારિત્ર ન હોવાથી સાંપરાયિકી ક્રિયા લાગે છે.

**वोच्छिण्णा** : આ શબ્દ 'અનુદિત' અને 'ક્ષીણ' આ બંને અર્થમાં પ્રયુક્ત છે. ૧૧, ૧૨, ૧૩મા ગુણસ્થાને ઐર્યાપથિકી ક્રિયા હોય છે. તેમાં ૧૨મા અને ૧૩મા ગુણસ્થાને કષાયનો સર્વથા ક્ષય હોય છે અને ૧૧મા ગુણસ્થાને કષાયનો

ઉપશમ એટલે અનુદય હોય છે.

**अहासुत्तं**: સૂત્રાનુસાર. અહીં ઐર્યાપથિકી ક્રિયાની દ્રષ્ટિએ વિચાર કરતાં **अहासुत्तं**નો અર્થ 'યથાખ્યાત ચારિત્ર' થાય છે કારણ કે ૧૧મા, ૧૨મા, ૧૩મા ગુણસ્થાનવર્તી યથાખ્યાત ચારિત્રીને જ ઐર્યાપથિકી ક્રિયા લાગે છે. ખરખેર યથાખ્યાત ચારિત્રી અણગાર જ **अहासुत्तं** પ્રવૃત્ત કરનાર કહેવાય છે.

૧૦મા ગુણસ્થાન પર્યંતના અણગાર સકષાયી હોવાથી **अहासुत्तं** (યથાખ્યાત ચારિત્રાનુસાર) પ્રવૃત્તિ કરતા નથી. તેને કષાય સહિતનું ક્ષાયોપશમિક ચારિત્ર હોય છે, તેમજ તેને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

**उस्सत्तमेव रीयइ :** અહીં 'ઉત્સૂત્ર'નો અર્થ, ‘સૂત્ર વિરુદ્ધ આચરણ કરનાર’, તેમ ન કરતાં ‘યથાખ્યાત ચારિત્રને અનુરૂપ આચરણ ન કરનાર’ તે પ્રમાણે કરવો જોઈએ. આ રીતે અનુપયોગથી અર્થાત્ અવિવેકથી ગમન આદિ કરનાર અણગારને કષાયના સદ્ભાવમાં સાંપરાયિકી ક્રિયા લાગે છે અને કષાયના અભાવમાં ઐર્યાપથિકી ક્રિયા લાગે છે.

**ગૌચરીના દોષો** : અહીં અંગાર, ધૂમ અને સંયોજના દોષયુક્ત આહારનું સ્પષ્ટીકરણ કર્યું છે અને ક્ષેત્રાતિક્રાંત આદિ દોષોનો બોધ કરાવ્યો છે.

**અંગારાદિ દોષોનું સ્વરૂપ**: સાધુ દ્વારા ગવેષણા અને ગ્રહણૈષણાથી લાવેલા નિર્દોષ આહારને સેવન કરવાના સમયે આ દોષો લાગે છે, તેને ગ્રાસૈષણા (માંડલા)ના પાંચ દોષ કહેવાય છે. તે આ પ્રમાણે છે–

**(૧) અંગાર દોષ** : સરસ–સ્વાદિષ્ટ આહારમાં આસક્ત અને મુગ્ધ થઈને આહારની અથવા દાતાની પ્રશંસા કરીને, આહાર કરવો તે અંગાર દોષ છે. યથા– અગ્નિમાં પ્રજ્વલિત થવાથી ખદિર આદિ ઈંધન અંગાર–કોલસો થઈ જાય છે, તે રીતે રાગરૂપી અગ્નિથી ચારિત્રરૂપી ઈંધન બળીને કોલસા સમાન થઈ જાય છે. રાગથી ચારિત્રનો નાશ થઈ જાય છે. તેથી તેને અંગારદોષ કહે છે.

**(૨) ધૂમ દોષ** : નીરસ અથવા અમનોજ્ઞ આહાર કરતાં ક્રોધથી ખિન્ન થઈને દાતાની કે વસ્તુની નિંદા કરવી તે ધૂમ દોષ છે. દ્વેષભાવથી કે વિષમ પરિણામોથી અભિભૂત થતાં સંયમ સાધક આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર સધૂમકાષ્ઠની જેમ કલુષિત થઈ જાય છે. તેથી તેને ધૂમ દોષ કહે છે.

**(૩) સંયોજના દોષ** : આહારને સ્વાદિષ્ટ અને રોચક બનાવવા માટે રસ લોલુપતાવશ બે દ્રવ્યનો સંયોગ કરવો. જેમ કે સ્વાદ વૃદ્ધિ માટે મીઠુ વગેરે ઉપરથી નાંખવું તે સંયોજના દોષ છે. સ્વાદ વૃત્તિ વિના સ્વાભાવિક રીતે શાક રોટલી વગેરે બે દ્રવ્યનો સંયોગ કરીને આહાર કરવાની સહજ માનવ પદ્ધતિથી આહાર કરવો અથવા સ્વાસ્થ્ય નિમિત્તે બે પદાર્થનો સંયોગ કરવો, તે સંયોજના દોષ નથી.

**(૪) અપ્રમાણ દોષ** : શાસ્ત્રોક્ત પ્રમાણથી અર્થાત્ ૩૨ કવલથી અધિક આહાર કરવો તેને અપ્રમાણ દોષ કહે છે. કવલના માપ માટે પ્રતોમાં **कुक्कुडी अंडग** શબ્દ પ્રયોગ ઉપલબ્ધ છે. પ્રત્યેક વ્યક્તિનું આહારનું પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે; તેનું પરિમાણ કોઈ પણ પદાર્થથી નિશ્ચિત કરવું યોગ્ય ન ગણાય. તેમ છતાં ઉપલબ્ધ આ શબ્દના વ્યાખ્યાકારોએ વૈકલ્પિક અનેક અર્થ કરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. યથા–

(૧) પોતાના પ્રતિદિન ગ્રહણ કરાતાં આહારના બત્રીસમા ભાગને એક કવલ કહે છે. (૨) અશુચિમય આ શરીર જ કુકુટી છે. તે શરીરરૂપ કુકુટીના અવયવરૂપ મુખને કુકુટી અંડક કહે છે. (૩) જેટલો આહારપિંડ મુખમાં મૂકતાં મુખ વિકૃત ન થાય તેટલા આહારપિંડને એક કવલ કહે છે. તેને કુક્કુટી અંડક પ્રમાણ આહાર કહેવામાં આવે છે. (૪) કુકડીના ઈંડા જેવડો એક કવલ હોય; આ પણ એક અર્થવિકલ્પ છે.

**નિષ્કર્ષ** : સ્વસ્થ અને સભ્ય વ્યક્તિનો પ્રમાણોપેત આહાર ૩૨ કવલ પ્રમાણ હોય છે. તેનાથી અધિક આહાર કરવો અપ્રમાણ દોષ છે અને તેનાથી ન્યૂન આહાર કરવો તે ઊણોદરી તપ છે.

**(૫) અકારણ દોષ** : સાધુને માટે છ કારણથી આહાર કરવાનું અને છ કારણથી આહાર છોડવાનું વિધાન છે યથા–

**वेयण वेयावच्चे, इरियट्ठाए य संजमट्ठाए ।**

**तह पाणवत्तियाए, छट्ठं पुण धम्मचिंताए।।** [ ઉત્તરાધ્યયન–૨૬/૩૩]

**અર્થ–** (૧) ક્ષુધાવેદનીયને શાંત કરવા (૨) વૈયાવચ્ચ કરવા (૩) ઈર્યા સમિતિનું શોધન કરવા (૪) સંયમ નિર્વાહાર્થે (૫) પ્રાણને–શરીરને ટકાવવા (૬) ધર્મ ચિંતન કરવા. આ છ કારણોમાંથી કોઈ પણ કારણે સાધુ આહાર કરી શકે છે. આહાર ત્યાગના પણ છ કારણ છે, યથા–

**आयंके उवसग्गे, तितिक्खया बंभचेरगुत्तीसु ।**

**पाणीदया तवहेउं, सरीर वोच्छेयणट्ठाए।।** [ ઉત્તરાધ્યયન–૨૬/૩૫]

**અર્થ–** (૧) રોગ ઉત્પન્ન થાય (૨) **દેવાદિ**નો ઉપસર્ગ આવે (૩) બહ્મચર્ય**ની** રક્ષા માટે (૪) જીવદયા માટે (૫) તપ કરવા માટે (૬) અંતિમ સમયે શરીરનો ત્યાગ કરવો. આ છ કારણે સાધુ આહારનો ત્યાગ કરે છે.

ઉક્ત કારણો વિના કેવલ બલવીર્યની વૃદ્ધિ માટે આહાર કરવો, તેને **અકારણ દોષ** કહે છે.

**ક્ષેત્રાતિક્રાંત દોષ** : અહીં ક્ષેત્રનો અર્થ સૂર્ય સંબંધી તાપ ક્ષેત્ર અર્થાત્ દિવસ છે. તેનું અતિક્રમણ કરવું તે ક્ષેત્રાતિક્રાંત છે. સૂર્યોદય પહેલાં લાવેલો આહાર સૂર્યોદય પછી વાપરવો અને સૂર્યાસ્ત પહેલાં લાવેલો આહાર સૂર્યાસ્ત પછી વાપરવો, તે ક્ષેત્રાતિક્રાંત દોષ છે.

**કાલાતિક્રાંત દોષ** : પ્રથમ પ્રહરમાં લાવેલા આહારનું ચોથા પ્રહરમાં સેવન કરવું તે કાલાતિક્રાતં દોષ છે.

**માર્ગાતિક્રાંત દોષ** : ગ્રહણ કરેલા આહાર પાણી બે ગાઉ = ૭ કિ. મી. થી આગળ લઈ જવા, તે માર્ગાતિક્રાંત દોષ છે.

**પ્રમાણાતિક્રાંત દોષ** : ૩૨ કવલથી અધિક આહાર કરવો, ભૂખથી વધારે આહાર કરવો, ઠાંસી ઠાંસીને આહાર કરવો, તે પ્રમાણાતિક્રાંત દોષ છે.

**સાધુની સમગ્ર આહાર વિધિ** :

સાધુના આહારની સમગ્ર વિધિ સાધુના વિશેષણ રૂપે પ્રગટ કરી છે.

શસ્ત્રાતીત અને શસ્ત્રપરિણામિત આહારનું સ્વરૂપ દર્શાવતા અહીં સાધ્વાચાર અને પરિ-ભોગેષણાની મહત્તા બતાવી, એષિત, વેષિત અને સામુદાનિક આહારનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. પૂર્વના સૂત્રોમાં આહારના અનેક ગુણ અને દોષની પૃચ્છા કરી, તેના ઉત્તરમાં પ્રત્યેક ગુણ-દોષનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. જ્યારે આ સૂત્રમાં આહારના પાંચ ગુણોના અર્થની પૃચ્છા કરીને તેના ઉત્તરમાં એક એક ગુણની વ્યાખ્યા-નિર્વચન ન કરતાં વિસ્તૃત અને મહત્વપૂર્ણ સ્પષ્ટીકરણ કર્યું છે. જેમાં પ્રશ્નગત પાંચેય ગુણોનું સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે.

**सत्थातीयस्स सत्थापरिणामियस्स :** શસ્ત્રાતીત અને શસ્ત્રપરિણત. ભોજ્ય પદાર્થ પર શસ્ત્રનો પ્રયોગ થયો હોય, જેમ કે છરીથી કાકડી આદિ સુધારવા, અગ્નિ પર ભોજ્ય પદાર્થ મૂકવા, તે શસ્ત્રાતીત કહેવાય અને જ્યારે તે આહાર અચિત્ત બની જાય, જીવ રહિત બની જાય તે શસ્ત્રપરિણત-અચિત્ત આહાર કહેવાય. સાધુ પ્રાસુક-અચિત્ત આહાર જ ગ્રહણ કરે છે.

સૂત્રગત **ववगय चुय चइय चत्तदेहं जीवविप्पजढ़ं** નો સમાવેશ શસ્ત્રાતીત, શસ્ત્રપરિણત વિશેષણમાં કરી શકાય. **ववगय** = વ્યપગત. ઈયળ, ધનેડા, મટકા જેવા ત્રસ જીવો આહારમાંથી સ્વયં નીકળી ગયા હોય અર્થાત્ ત્રસ જીવોથી રહિત આહાર. **चय** = ચ્યુત. આયુષ્ય ક્ષય થવાના કારણે સ્વભાવથી અથવા પર પ્રયોગ (શસ્ત્ર પ્રયોગ) થી આહારજીવ રહિત બની ગયો હોય. **चइय** = ચ્યવિત. અગ્નિ આદિ શસ્ત્ર દ્વારા જીવ ચ્યવી ગયા હોય. **चत्तदेहं** = ત્યક્ત દેહ. જે આહારમાંથી જીવ શરીરનો ત્યાગ કરી નીકળી ગયા હોય તેવો. **जीवविप्पजढ़ं** = અચિત્ત આહાર, પ્રાસુક આહાર સાધુ ગ્રહણ કરે છે.

**एसियस्सः** ગવેષણા, ગ્રહણેષણા અને પરિભોગૈષણાના દોષ રહિત આહારાદિ **એષિત** કહેવાય છે. અહીં અકૃત, અકારિત આદિ વિશેષણથી સૂત્ર સમાપ્તિ સુધીના સમસ્ત વિશેષણોનો સમાવેશ એષિતમાં થાય છે.

**णवकोडीपरिसुध्दं :** નવ કોટિ વિશુદ્ધ– (૧) કોઈ જીવની હિંસા કરવી નહીં (૨) કરાવવી નહીં (૩) અનુમોદના આપવી નહીં (૪) સ્વયં રસોઈ કરવી નહીં (૫) રસોઈ કરાવવી નહીં (૬) તેની અનુમોદના કરવી નહીં (૭) સ્વયં ખરીદવું નહીં (૮) અન્ય પાસે ખરીદાવવું નહીં (૯) ખરીદનારને અનુમોદના આપવી નહીં. આ નવ દોષથી રહિત આહારને નવ કોટિ વિશુદ્ધ આહાર કહે છે.

**उग्गमुप्पायणेसणा :** આધાકર્મ આદિ ૧૬ ઉદ્‌ગમના; ધાત્રી, દૂતી આદિ ૧૬ ઉત્પાદનના; શંકિત આદિ ૧૦ એષણાના દોષ; આ રીતે એષણાના ૪૨ દોષ કહેવાય છે. તે દોષ રહિત આહાર ગ્રહણ કરવો ઉદ્‌ગમ ઉત્પાદન એષણા પરિશુદ્ધ આહાર કહેવાય છે. જેમાં ઉદ્‌ગમના દોષ દાતા તરફથી, ઉત્પાદનના દોષ સાધુથી અને એષણાના દોષ બંનેથી લાગે છે.

**वेसियस्स :** સાધુવેષ, સાધુની મર્યાદા અને સાધુ સમાચારીને અનુરૂપ આચરણપૂર્વક જે આહાર ગ્રહણ થાય કે ભોગવાય તે વેષિત આહાર છે.

રજોહરણ, મુહપત્તિ, શ્વેત વસ્ત્ર વગેરે દ્રવ્ય સાધુવેષ છે. મૂળ ગુણ, ઉત્તર ગુણનું પાલન, અનાસકિત, આલોલુપતા વગેરે ભાવ સાધુવેષ છે. આ રીતે દ્રવ્ય અને ભાવથી સાધુવેષથી પ્રાપ્ત થયેલો આહાર વેષિત કહેવાય છે.

અહીં પ્રયુક્ત **णिक्खित्त सत्थं मुसले ववगयमालावण्णग विलेवणे;** વગેરે શબ્દો સાધ્વાચારસૂચક હોવાથી તેનો સમાવેશ વેષિતમાં થાય છે. તે ઉપરાંત સુ–સુ કે ચપ–ચપ શબ્દ રહિત આહાર સાધુના અનાસકિત ભાવને એટલે ભાવ સાધુતાને સૂચિત કરે છે. તેથી તે ગુણોનો સમાવેશ પણ 'વેષિત'માં થાય છે.

**अक्खोवंजणवणाणुलेवणभूयं :** ગાડાની ધરીમાં ઊંજન પૂરવાની જેમ

અથવા ઘા પર મલમ લગાવવાની જેમ. જે રીતે ઊંજન પૂરવાથી ગાડુ સરળતાથી ચાલે અને મલમ લગાવવાથી ઘા રૂઝાઈ જાય, તે જ રીતે આ ઔદારિક શરીર, સંયમ સાધનામાં સહાયક બની શકે અને ક્ષુધા વેદનીયનો ઘા રૂઝાઈ જાય; તે દ્રષ્ટિકોણથી જ સાધુ આહાર કરે છે પરંતુ  સ્વાદ વૃદ્ધિ કે શરીર પુષ્ટિ માટે તે આહાર કરતો નથી.

**बिलमिवपण्णगभूएणं :** સર્પ જે રીતે આજુબાજુના પ્રદેશને સ્પર્શ કર્યા વિના સીધો દરમાં પ્રવેશ કરે છે તે રીતે સાધુ પણ ગ્રહિત આહારને સ્વાદ નિમિત્તે એક દાઢથી બીજી દાઢ વચ્ચે કે એક ગલોફાથી બીજા ગલોફા વચ્ચે ફેરવ્યા વિના સીધો જ નીચે ઉતારે છે. આ પ્રકારનું કથન રસેન્દ્રિય વિજય માટે છે. શેષ ઈન્દ્રિયોને શક્તિવર્ધક આહારની પ્રાપ્તિ રસેન્દ્રિય દ્વારા જ થાય છે. તેથી રસેન્દ્રિય પર વિજય પ્રાપ્ત થતાં શેષ ઈન્દ્રિયોને સહજ રીતે જીતી શકાય છે.

**संजमजायामायावत्तियं** : સંયમ યાત્રા માત્રા પ્રત્યયિક. સંયમયાત્રા = સંયમ પાલન કરવામાં મદદરૂપ થાય તેટલો જ આહાર સાધુ ગ્રહણ કરે અને સંયમમાં વિઘ્નરૂપ બને તેવો આહાર ગ્રહણ ન કરે અર્થાત્ સંયમ પાલન અને સ્વાધ્યાય અર્થે આહાર કરે.

**सामुदाणियस्स :** અનિયત, અનેક ઘરેથી ભિક્ષા દ્વારા પ્રાપ્ત આહાર 'સામુદાનિક' કહેવાય છે. તેમજ ધનાઢ્ય, મધ્યમ અને નિમ્ન એમ અનેક ઘરોમાંથી પ્રાપ્ત આહારને સામુદાનિક આહાર કહે છે. સૂત્રમાં પ્રયુક્ત **अणाहूय** વિશેષણને સામુદાનિક આહારમાં સમાવિષ્ટ કરી શકાય છે.

આ રીતે આ શતકમાં આહારના દોષ સંબંધી વિસ્તૃત વિવેચન થયું છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે સાધુ જીવનમાં આહારની ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણાનું અત્યંત મહત્વ છે. આહાર, દેહ નિર્વાહનું સાધન માત્ર છે. તેથી કેવળ દેહ નિર્વાહ માટે અત્યંત અનાસક્તભાવે સાધુચર્યાની રીતે આહાર કરવો જોઈએ.

# શતક–૭ : ઉદ્દેશક–૨

# વિરતિ

અહીં સુપ્રત્યાખ્યાન અને દુષ્પ્રત્યાખ્યાનનું સ્વરૂપ સમજાવતાં સમ્યગ્જ્ઞાનની અનિવાર્યતા પ્રગટ કરી છે. સમ્યગ્ જ્ઞાન સહિતના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન બને છે. અજ્ઞાની વ્યક્તિના પ્રત્યાખ્યાન દુષ્પ્રત્યાખ્યાન છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કે **पढमं णाणं तओ दया** = પહેલાં જ્ઞાન અને પછી દયા. અહીં પણ ચારિત્રનું આરાધન જ્ઞાનપૂર્વક થઈ શકે તે વાતનું સમર્થન કર્યું છે.

**इमे जीवा इमे अजीवा**: આ જીવ છે, આ અજીવ છે તેવું સંક્ષિપ્ત, વિસ્તૃત કે વિશ્લેષણયુક્ત જ્ઞાન, જીવ હિંસાના ત્યાગીને અવશ્ય હોવું જોઈએ. જ્ઞાન વિના કરેલો ત્યાગ દીર્ઘકાલ સુધી ટકી શકતો નથી અને સંપૂર્ણ રીતે સફળ થતો નથી. તેથી અજ્ઞાનીના પ્રત્યાખ્યાનને દુષ્પ્રત્યાખ્યાન કહ્યા છે.

**सुपच्चक्खायं**: અહીં જીવહિંસાના ત્યાગ માટે જીવ–અજીવના જ્ઞાનની અનિવાર્યતા પ્રગટ કરી છે. તેજ રીતે પ્રત્યેક પ્રત્યાખ્યાનમાં તત્સંબંધી જ્ઞાન હોવું જરૂરી છે. જેમ કે– આયંબિલના પ્રત્યાખ્યાન કરનારને આયંબિલના આહારની, તેની વિધિની જાણકારી જરૂરી છે. આ રીતે સમ્યગ્જ્ઞાનપૂર્વકના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન કહેવાય છે.

**મૂળગુણ પ્રત્યાખ્યાન**: ચારિત્રરૂપ કલ્પવૃક્ષને માટે મૂળગુણ પ્રત્યાખ્યાન મૂળ સમાન ગણાય છે, તેથી પ્રાણાતિપાત વિરમણ આદિને મૂળ ગુણ કહે છે. આ મૂલ ગુણ વિષયક પ્રત્યાખ્યાન (ત્યાગ–વિરતિ) ને મૂળગુણ પ્રત્યાખ્યાન કહે છે. તેના બે ભેદ છે. તેમાં સર્વવિરત મુનિઓના પાંચ મહાવ્રત સર્વ મૂળગુણ પ્રત્યાખ્યાન છે અને દેશવિરત શ્રાવકોના પાંચ અણુવ્રત દેશ મૂળગુણ પ્રત્યાખ્યાન કહેવાય છે.

**ઉત્તરગુણ પ્રત્યાખ્યાન** : વૃક્ષોની શાખા સમાન જે પ્રત્યાખ્યાન–વ્રત અનુષ્ઠાન વગેરે મૂળ ગુણોને સુશોભિત રાખે તેને ઉત્તરગુણ કહે છે. તે ઉત્તરગુણ વિષયક પ્રત્યાખ્યાનને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન કહે છે.તેના પણ બે ભેદ છે– સર્વતઃ અને દેશતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. **સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના દસ પ્રકાર છે–**

**(૧) અનાગત પ્રત્યાખ્યાન** : ભવિષ્યમાં જે તપ, નિયમ અથવા પ્રત્યાખ્યાન કરવાના હોય, તેને ભવિષ્યમાં આવનાર મુશ્કેલીના કારણે પહેલાં કરી લેવા. જેમ કે પર્યુષણમાં વૈયાવૃત્ય, પ્રવચન પ્રભાવના આદિ કાર્યો હોવાથી કોઈ શ્રમણ પર્યુષણ પહેલાં તે તપસ્યાની આરાધના કરી લે તો તેને અનાગત પ્રત્યાખ્યાન કહે છે.

**(૨) અતિક્રાંત પ્રત્યાખ્યાન** : પહેલાં જે તપ, નિયમ અથવા પ્રત્યાખ્યાન કરવાના હતા, તે ગુરુ, તપસ્વી, રુગ્ણની સેવા આદિના કારણે થઈ શક્યા ન હોય તે તપ–નિયમાદિને પછી કરે તો તેને અતિક્રાંત પ્રત્યાખ્યાન કહે છે.

**(૩) કોટિ સહિત પ્રત્યાખ્યાન** : એક પ્રત્યાખ્યાનની સમાપ્તિ તથા બીજા પ્રત્યાખ્યાનની આદિ એકજ દિવસે થાય, જેમ કે ઉપવાસના પારણે આયંબિલાદિ તપ કરવું તે કોટિ સહિત છે. અર્થાત્ નવા પ્રત્યાખ્યાનની આદિ અને જૂના પ્રત્યાખ્યાનની પૂર્ણાહુતિ, આ બંનેનું જોડાણ એક દિવસે થાય તેને કોટિ સહિત પ્રત્યાખ્યાન કહે છે.

**(૪) નિયંત્રિત પ્રત્યાખ્યાન** : જે દિવસે જે પ્રત્યાખ્યાન કરવાનો નિશ્ચય કર્યો છે, તે દિવસે રોગાદિ કોઈ પણ પ્રકારની બાધાઓ આવે, તેમ છતાં તેને ન છોડતાં નિયમપૂર્વક પૂર્ણ કરવા, તેને નિયંત્રિત પ્રત્યાખ્યાન કહે છે.

**(૫–૬) સાગાર–અનાગાર પ્રત્યાખ્યાન** : છૂટ સહિતના પ્રત્યાખ્યાન સાગાર પ્રત્યાખ્યાન અને છૂટ રહિતના પ્રત્યાખ્યાન અનાગાર પ્રત્યાખ્યાન છે. સાધુ અથવા શ્રાવક કોઈ પણ વિશિષ્ટ પ્રત્યાખ્યાન આગાર સહિત પણ કરી શકે અને

દ્રઢતા હોય તો આગાર રહિત પણ કરી શકે છે. આ કારણે પ્રત્યાખ્યાનના સાગાર અને અનાગાર તેમ બે ભેદ થાય છે.

**(૭) પરિમાણ કૃત પ્રત્યાખ્યાન** : દત્તિ, કવલ, ઘર, ભિક્ષા અથવા ભોજ્ય દ્રવ્યોની મર્યાદા કરવી. જેમ કે પાત્રમાં એક સાથે જેટલી અન્નાદિક વસ્તુ પડશે, તેટલી વસ્તુ હું વાપરીશ તે દત્તિ પરિમાણ છે. આ જ રીતે કવલ, ઘર આદિની પણ મર્યાદા થઈ શકે છે.

**(૮) નિરવશેષ પ્રત્યાખ્યાન** : અશન–પાન–ખાદિમ અને સ્વાદિમ, આ ચારે પ્રકારના આહારના સમયની મર્યાદા સાથે સર્વથા પ્રત્યાખ્યાન કરવા.

**(૯) સંકેત પ્રત્યાખ્યાન** : મુઠ્ઠી, અંગૂઠી ગાંઠ અને નમસ્કાર મંત્ર આદિ પ્રત્યાખ્યાન પૂર્ણ કરવાના કોઈ પણ સંકેતપૂર્વક પ્રત્યાખ્યાન કરવા.

**(૧૦) અદ્ધા પ્રત્યાખ્યાન** : અદ્ધા–કાલ વિશેષને નિયત કરીને પ્રત્યાખ્યાન કરવા; જેમ કે પોરસી, બે પોરસી, માસખમણ, અર્દ્ધ માસખમણ આદિ.

શ્રમણોપાસકના પાંચ અણુવ્રતોને પુષ્ટ કરનારા ગુણવ્રતને **દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન** કહે છે. તેના સાત પ્રકાર છે–

**(૧) દિગ્વ્રત** : દિશા પરિમાણ વ્રત. પૂર્વાદિ છ એ દિશાઓમાં ગમનની મર્યાદા કરવી, નિયમ કરેલી દિશા સિવાયના ક્ષેત્રમાં આશ્રવ–સેવનનો ત્યાગ કરવો.

**(૨) ઉપભોગ–પરિભોગ પરિમાણ વ્રત** : ઉપભોગ્ય– એકવાર ભોગવવા યોગ્ય ભોજનાદિ અને પરિભોગ્ય– વારંવાર ભોગવવા યોગ્ય વસ્ત્રાદિ વસ્તુઓ [ ૨૬ બોલ] ની મર્યાદા કરવી.

**(૩) અનર્થદંડ વિરમણ વ્રત** : અપધ્યાન, પ્રમાદ, હિંસાકારી શસ્ત્ર પ્રદાન, પાપકર્મોપદેશ આદિ નિરર્થક નિષ્પ્રયોજન હિંસાદિ જનક કાર્ય અનર્થદંડ છે, તેનાથી નિવૃત્ત થવું.

**(૪) સામાયિક વ્રત** : સાવદ્ય–પાપકારી પ્રવૃત્તિ અને આર્ત–રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી, ધર્મધ્યાનમાં તથા સમભાવમાં સ્થિર થવું.

**(૫) દેસાવગાસિક વ્રત** : દિગ્વ્રતમાં દિશાઓની જે મર્યાદા કરી છે, તેનો અને પહેલાં ગ્રહણ કરેલાં પ્રત્યેક વ્રતોની મર્યાદાનો દૈનિક સંકોચ કરવો; એક દિવસ માટે તે મર્યાદાઓ ઘટાડી, મર્યાદા ઉપરાંતના ક્ષેત્રમાં આશ્રવ સેવનનો ત્યાગ કરવો અને મર્યાદિત ક્ષેત્રમાં જેટલા દ્રવ્યાદિની મર્યાદા કરી છે, તે ઉપરાંત પદાર્થોનું સેવન ન કરવું તે.

**(૬) પૌષધોપવાસ વ્રત** : એક દિવસ-રાત (આઠ પ્રહર) સુધી ચારે આહાર, મૈથુન, સ્નાન, શ્રૃંગાર આદિનો તથા સમસ્ત સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરીને, ધર્મધ્યાનમાં લીન રહેવું. તે સર્વ પૌષધ વ્રત છે. સમયની કે આહારાદિના પ્રત્યાખ્યાનની હીનાધિકતા હોય તે દેશ પૌષધ વ્રત છે. પૌષધના ૧૮ દોષો છે તેનો ત્યાગ કરવો જોઈએ.

**(૭) અતિથિ સંવિભાગ વ્રત** : ઉત્કૃષ્ટ કોટિના અતિથિ-મહાવ્રતી સાધુઓને કલ્પનીય અશનાદિ ચતુર્વિધ આહાર, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, પીઢ (બાજોઠ), ફલક (પાટિયું), શય્યા, સંસ્તારક, ઔષધ, ભેષજ - આ ૧૪ પ્રકારની વસ્તુઓ નિષ્કામ બુદ્ધિપૂર્વક આત્મકલ્યાણની ભાવનાથી આપવી. તે અતિથિ-સંવિભાગ છે. તેમજ દાનનો સંયોગ પ્રાપ્ત ન થાય તેમ છતાં સદા દાનની ભાવના રાખવી તે પણ અતિથિ-સંવિભાગ વ્રત છે.

દિગ્વ્રત આદિ ત્રણ વ્રતોને ગુણવ્રત અને સામાયિક આદિ ચાર વ્રતોને શિક્ષાવ્રત કહે છે.

**અપશ્ચિમ મારણાન્તિક સંલેખના** : અપશ્ચિમ અર્થાત્ જેની પાછળ કોઈ કાર્ય શેષ ન રહે, એવી અંતિમ મારણાન્તિક-આયુષ્ય સમાપ્તિના અંતે-મરણકાલે કરાતી શરીર અને કષાય આદિને કૃશ કરનાર તપસ્યા વિશેષને અપશ્ચિમ-મારણાન્તિક સંલેખના કહે છે. જોષણા-સ્વીકારીને, અખંડકાલ (આયુ સમાપ્તિ) પર્યંત તેની આરાધના કરવી તે અપશ્ચિમ મારણાન્તિક સંલેખના જોષણા-આરાધના કહેવાય છે.

# શતક–૭ : ઉદ્દેશક–૩

# સ્થાવર

અહીં વનસ્પતિકાયનો મહાહાર, અલ્પાહાર, લેશ્યાની અપેક્ષાએ અલ્પ વેદના મહાવેદના, વૃક્ષની મૂળ, કંદ આદિ દશ અવસ્થા, તેનો આહાર, તેનું પરિણમન; વેદના અને નિર્જરામાં ભિન્નત્વ તથા જીવની શાશ્વતતા–અશાશ્વતતા વગેરે વિષયોનું નિરૂપણ છે.

છ ઋતુઓમાંથી બે ઋતુઓમાં વરસાદ ખૂબ વરસે છે. તેથી જલ–સ્નેહની અધિકતાના કારણે વનસ્પતિને વધુ આહાર મળે છે તેથી તે સમયે વનસ્પતિકાયિક જીવો વધુમાં વધુ આહાર ગ્રહણ કરે છે. ત્યાર પછી ક્રમશઃ શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ ઋતુમાં તેનો આહાર ઓછો થાય છે.

**उसिणजोणिया** : ઉષ્ણ યોનિક જીવ. પ્રજ્ઞાપના સૂત્રમાં જીવોની ઉત્પત્તિની અપેક્ષાએ ત્રણ યોનિ કહી છે– શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. પ્રત્યેક વનસ્પતિમાં આ ત્રણે ય યોનિ હોય છે. ઉષ્ણ યોનિક જીવ ઉષ્ણ પુદ્‌ગલોના સંયોગમાં વધુ વિકસિત થાય છે. તેથી કેટલીક વનસ્પતિઓ ગ્રીષ્મ ઋતુમાં અત્યંત શોભાયુક્ત દેખાય છે.

**वक्कमंति विउक्कमंति चयंति, उवचयंति** : આ ચાર ક્રિયાઓમાંથી બે ક્રિયાઓ જીવ સંબંધી અને બે ક્રિયાઓ પુદ્‌ગલ સંબંધી છે.

(૧) **वणस्सइकाइयत्ताए वक्कमंति** = વનસ્પતિકાયરૂપે જીવ ઉત્પન્ન થાય છે.

(૨) **विउक्कमंति** = વિશેષ ઉત્પન્ન થાય છે.

(૩) **चयंति** = પુદ્‌ગલોનો ચય–સંગ્રહ થાય છે, વૃદ્ધિ પામે છે.

(૪) **उवचयं** = પુદ્‌ગલોનો ઉપચય = વિશેષ સંગ્રહ થાય છે, વિશેષરૂપે વૃદ્ધિ

પામે છે. તાત્પર્ય એ છે કે ઘણાં જીવો અને પુદ્‌ગલો વનસ્પતિમાં આવે છે. તેથી તે હરિયાળી અને સુશોભિત દેખાય છે.

**મૂળ, કંદ આદિનો સંબંધ અને આહાર** : વૃક્ષાદિની દશે અવસ્થાનું પરસ્પર સંબંધ અને તેના આહાર ગ્રહણની રીત પ્રદર્શિત કરી છે. મૂળ, કંદ, સ્કંધ, ત્વચા (છાલ), શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ તે વૃક્ષાદિની દશ અવસ્થા છે.

મૂળ આદિ પોત–પોતાના જીવોથી વ્યાપ્ત હોવા છતાં પણ પરસ્પર એકબીજા સાથે જોડાયેલા (પ્રતિબદ્ધ) હોય છે, તે કારણે એકબીજાથી ક્રમશઃ આહાર ગ્રહણ કરે છે. સર્વ પ્રથમ મૂળના જીવ પૃથ્વીના રસનો આહાર કરે છે, કંદના જીવ મૂળ દ્વારા પરિણમિત આહારમાંથી આહાર ગ્રહણ કરે છે, આ રીતે ક્રમશઃ બીજ પર્યંત વનસ્પતિના જીવો આહાર ગ્રહણ કરીને પરિણમાવે છે.

**કંદમૂળમાં અનંત અને વિભિન્ન જીવ**: અનંતકાયિક વનસ્પતિનો નામોલ્લેખ કરીને, તેમાં અનંત જીવોનું અને તે જીવોના સ્વતંત્ર અસ્તિત્વનું નિરૂપણ કર્યું છે.

**अणंत जीवा विविहत्ता** : બટેટા આદિ કંદમૂળ સાધારણ વનસ્પતિ છે. તેમાં એક શરીરે અનંતા જીવ છે. અનંત જીવોનું શરીર એક જ છે તેથી તે જીવોની શરીરજન્ય પ્રત્યેક ક્રિયા પણ એક સાથે જ થાય છે, અર્થાત્ તે જીવોનો આહાર, શ્વાસોચ્છ્‌વાસ વગેરે ક્રિયા સાથે થાય છે. તે અનંત જીવો એક શરીરને આશ્રિત રહેલા છે. તે જીવોનું સ્થૂલ શરીર એક છે પરંતુ તે અનંત જીવોના તેજસ–કાર્મણ રૂપ સૂક્ષ્મ શરીર પૃથક્ પૃથક્ છે. પ્રત્યેકનો આત્મા, કર્મ, તેના અધ્યવસાયો વગેરે સ્વતંત્ર છે. તેથી જ કહ્યું છે કે **विविहसत्ता.** તે અનંત જીવોની પૃથક્ સત્તા છે.

**લેશ્યાની અપેક્ષાએ અલ્પ–મહાકર્મત્વ :**

૨૪ દંડકના જીવોમાં લેશ્યાની અપેક્ષાએ કર્મની તારતમ્યતાનું સયુક્તિક કથન છે.

**સાપેક્ષ કથનનો આશય** : સામાન્યતયા કૃષ્ણલેશ્યા અનંત અશુભ પરિણામરૂપ છે, તેની અપેક્ષાએ નીલલેશ્યા કંઈક શુભ પરિણામરૂપ છે. તેથી કૃષ્ણલેશી જીવ મહાકર્મી અને નીલલેશી જીવ તેનાથી અલ્પકર્મી હોય છે પરંતુ આયુષ્ય–સ્થિતિની અલ્પતાના કારણે કૃષ્ણલેશી જીવ અલ્પકર્મી અને અધિકતાના કારણે નીલલેશી જીવ મહાકર્મી પણ હોઈ શકે છે.

જેમ કે સાતમી નરકમાં ઉત્પન્ન થયેલા કોઈ કૃષ્ણલેશી નૈરયિકે પોતાના આયુષ્યની અધિક સ્થિતિ ભોગવી લીધી છે. તેથી તેના અધિક કર્મો ક્ષય થઈ ગયા છે પરંતુ તેની અપેક્ષાએ કોઈ નીલલેશી નૈરયિક દસ સાગરોપમની સ્થિતિએ પાંચમી નરકમાં તત્કાલ ઉત્પન્ન થયો છે. તેણે પોતાના આયુષ્યની સ્થિતિ વધુ ક્ષય કરી નથી. તેના કર્મો પણ વધારે ક્ષય થયા નથી, તેથી તે નીલલેશી નૈરયિક ઉક્ત કૃષ્ણલેશી નૈરયિકની અપેક્ષાએ મહાકર્મી હોય છે. આ રીતે પ્રત્યેક સ્થાનમાં સમજી લેવું જોઈએ.

**વેદના અને નિર્જરા**: સામાન્ય જીવ અને ૨૪ દંડકના જીવમાં ત્રણે ય કાલની અપેક્ષાએ વેદના અને નિર્જરાના સમયમાં પૃથક્ત્વ નિરૂપિત કર્યું છે.

**વેદના** : ઉદય પ્રાપ્ત કર્મોને ભોગવવા તે વેદના.

**નિર્જરા** : કર્મના વેદન પછી તે નોકર્મ બની જાય અને તેનો નાશ થવો અર્થાત્ આત્માથી દૂર થવા, તે નિર્જરા છે.

બંનેનું સ્વરૂપ જોતાં સ્પષ્ટ થાય છે કે વેદના અને નિર્જરા બંને સર્વથા પૃથક્ છે. તેથી જ કહ્યું છે કે વેદના કર્મની થાય છે અને નિર્જરા નોકર્મ (કર્માભાવ) ની થાય છે. તેનું તાત્પર્ય એ છે કે કષાય અને યોગના નિમિત્તથી જીવ જ્યારે

કર્મ પુદ્ગલ ગ્રહણ કરે અને આત્મા સાથે એકમેક થાય, બદ્ધ થાય ત્યારથી તે 'કર્મ' કહેવાય છે અને વેદનના અંતિમ સમય સુધી તે કર્મરૂપે રહે છે. વેદના અનુભૂયમાન કર્મરૂપ છે, વેદના અને કર્મ તે બંને સમાન કાલભાવી હોવાથી વેદના કર્મરૂપ કહેવાય છે. જ્યારે વેદન સમાપ્ત થાય છે ત્યારે તે નોકર્મ બની જાય છે અને નોકર્મ બનેલા દલિકો આત્માથી છૂટા પડે તેને નિર્જરા કહે છે. આ રીતે બંનેના સ્વરૂપની ભિન્નતા સાથે જ તેના સમયની ભિન્નતા સમજાય છે. પહેલા વેદના અને ત્યાર પછી નિર્જરા થાય છે. તેથી બંનેના સમયમાં ભિન્નતા છે. પૂર્વ સમયવર્તી વેદના અને ઉત્તર સમયવર્તી નિર્જરા છે.

આ રીતે ત્રણે ય કાલમાં ૨૪ દંડકના જીવોમાં વેદના અને નિર્જરાના સ્વરૂપની અને તેના સમયની ભિન્નતા સ્પષ્ટ થાય છે.

**નૈરયિકાદિની શાશ્વતતા–અશાશ્વતતા** : સાપેક્ષ દ્રષ્ટિકોણથી જીવની શાશ્વતતા અને અશાશ્વતતાનું નિરૂપણ છે.

**વ્યચ્છેદનયથી અશાશ્વતતા** : ચોવીસ દંડકના જીવો ભવસ્થિતિની અપેક્ષાએ અશાશ્વત છે. પ્રત્યેક નારકી જન્મે છે અને મૃત્યુ પામે છે. નારકી જીવ વધારેમાં વધારે તેત્રીસ સાગરોપમથી અધિક કાલ નારક પર્યાયમાં રહેતો નથી. તેથી તે અશાશ્વત છે.

**અવ્યવચ્છેદથી શાશ્વતતા** : પરંપરાની અપેક્ષાએ નૈરયિકાદિ દંડકના જીવો શાશ્વત છે. આ જગતમાં એક પણ સમય એવો નથી જે સમયે નારક જીવો ન હોય. જગત નારક જીવોથી ક્યારે ય શૂન્ય થતું નથી તેથી પરંપરા પેક્ષયા (પ્રવાહની અપેક્ષાએ) નૈરયિકાદિ ચોવીસ દંડકના જીવો શાશ્વત છે.

# શતક–૭ : ઉદ્દેશક–૪

## જીવ

**(૧) સંસારી જીવોના છ ભેદ–** પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય.

**(૨) પૃથ્વીકાયિક જીવોના છ ભેદ–** (૧) શ્લક્ષ્ણાપૃથ્વી (૨) શુદ્ધ પૃથ્વી (૩) વાલુકા પૃથ્વી (૪) મનઃશિલા પૃથ્વી (૫) શર્કરા પૃથ્વી (૬) ખર પૃથ્વી.

**(૩) સ્થિતિ–** તે પૃથ્વીકાયિક સર્વ જીવોની જઘન્ય સ્થિતિ અંતઃમુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે છે– (૧) શ્લક્ષ્ણા પૃથ્વીની–૧,૦૦૦ વર્ષની (૨) શુદ્ધ પૃથ્વીની–૧૨,૦૦૦ વર્ષની (૩) વાલુકા પૃથ્વીની–૧૪,૦૦૦ વર્ષની (૪) મનઃશિલા પૃથ્વીની–૧૬,૦૦૦ વર્ષની (૫) શર્કરા પૃથ્વી–૧૮,૦૦૦ વર્ષની (૬) ખર પૃથ્વીની–૨૨,૦૦૦ વર્ષની.

નારકો અને દેવોની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની. મનુષ્યો અને તિર્યંચોની જઘન્ય અંતઃમુહૂર્તની, ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમની. આ રીતે અન્ય જીવોની ભવસ્થિતિ પ્રજ્ઞાપના સૂત્રના ચોથા સ્થિતિપદ અનુસાર જાણવી.

**(૪) નિર્લેપન –** તત્કાલ ઉત્પન્ન થયેલા પૃથ્વીકાયિક જીવોને પ્રતિ સમયે એક–એકને બહાર કાઢીએ તો જઘન્ય અસંખ્યાત અવસર્પિણી–ઉત્સર્પિણી કાલમાં અને ઉત્કૃષ્ટ પણ અસંખ્યાત અવસર્પિણી–ઉત્સર્પિણી કાલમાં તે જીવનો નિર્લેપ (ખાલી) થાય છે. તેમાં જઘન્ય કરતાં ઉત્કૃષ્ટ કાલ અસંખ્યાતગુણો હોય છે. આ જ રીતે અપકાય, તેઉકાય અને વાયુકાયનો નિર્લેપન કાલ જાણવો. વનસ્પતિકાયિક જીવો અનંત છે. તેથી તેનું નિર્લેપન થતું નથી. ત્રસકાયનો નિર્લેપન કાલ જઘન્ય અને ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમ છે. તેમાં જઘન્યથી ઉત્કૃષ્ટ કાલ વિશેષાધિક છે.

# શતક–૭ : ઉદ્દેશક–૫

# પક્ષી

યોનિસંગ્રહ, લેશ્યા, દ્રષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, ઉપપાત, સ્થિતિ, સમુદ્‌ઘાત, ચ્યવન અને જાતિકુલના પ્રકાર - આ અગિયાર દ્વારોથી ખેચરાદિ તિર્યંચોના યોનિ સંગ્રહ છે.

**ખેચર પંચેન્દ્રિય જીવોના યોનિ સંગ્રહના પ્રકાર** : ઉત્પત્તિના હેતુને યોનિ કહે છે અથવા ઉત્પત્તિ સ્થાનને યોનિ કહે છે. અનેકનું કથન એક શબ્દ દ્વારા કરાય તેને સંગ્રહ કરે છે; ખેચર તિર્યંચ પંચેન્દ્રિય અનેક હોવા છતાં પણ ત્રણ પ્રકારના યોનિ સંગ્રહ દ્વારા તેનું કથન કરાય છે.

**અંડજ** : ઈંડાથી ઉત્પન્ન થનારા મોર, કબૂતર, હંસાદિ.

**પોતજ** : જરાયુ વિના જ ચર્મથી આવૃત્ત કોથળી સહિત ઉત્પન્ન થાય તેને પોતજ કહે છે. વાગળું ચામાચિડિયું આદિ.

**સંમૂર્ચ્છિમ** : માતા–પિતાના સંયોગ વિના ઉત્પન્ન થનારા જીવ.
અંડજ, પોતજમાં ત્રણે વેદ હોય છે. સંમૂર્ચ્છિમમાં એક નપુંસક વેદ જ હોય છે. ખેચર તિર્યંચ પંચેન્દ્રિયને લેશ્યા–૬, દ્રષ્ટિ–૩, જ્ઞાન–૩, અજ્ઞાન–૩, યોગ–૩, ઉપયોગ–૨ પ્રાપ્ત થાય છે. સામાન્યતઃ તે ચારે ગતિમાંથી આવે છે અને ચારે ગતિઓમાં જાય છે. તેની સ્થિતિ જઘન્ય અંતઃમુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તેમાં આહારક અને કેવળી સમુદ્‌ઘાત છોડીને પાંચ સમુદ્‌ઘાત હોય છે. તેની બાર લાખ કુલકોટી (જીવોના કુલરૂપ વિભાગ) છે. તે પ્રકરણનું અંતિમ સૂત્ર વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત વિમાનનું છે. તે ચારેય વિમાનનો વિસ્તાર એટલો મોટો છે કે જો કોઈ દેવ ૮,૫૦,૭૪૦ – ૧૮/૬૦ (આઠ લાખ પચાસ હજાર સાતસો ચાલીસ સાધિક) યોજનનું એક

ડગલું ભરતાં છ મહિના સુધી ચાલે તો પણ કોઈ દેવ વિમાનનો અંત પ્રાપ્ત કરે અને કોઈ દેવ વિમાનનો અંત પ્રાપ્ત ન કરે.

# શતક-૭ : ઉદ્દેશક-૬

# આયુષ્ય

જીવના આયુષ્યબંધ અને વેદનના સ્થાન અને સમયનું નિરૂપણ છે.

**આયુષ્ય બંધ** : કોઈ પણ જીવ પોતાના પરિણામ અનુસાર આ ભવમાં જ પરભવનું આયુષ્ય બાંધી લે છે. મનુષ્ય અને તિર્યંચોને વર્તમાન આયુષ્યના બે ભાગ ભોગવાય જાય અને ત્રીજો ભાગ શેષ રહે ત્યારે આયુષ્ય બંધ થાય છે. જો ત્યારે ન થાય તો શેષ આયુષ્યનો ત્રીજો ભાગ રહે ત્યારે બંધ થાય. જેમ કે કોઈ મનુષ્યનું આ ભવનું ૯૯ વર્ષનું આયુષ્ય હોય તો ૬૬ વર્ષ પછી આયુષ્યનો બંધ થાય. જો ત્યારે ન થાય તો શેષ રહેલા ૩૩ વર્ષના ત્રીજો ભાગ શેષ રહે ત્યારે અર્થાત્ ૧૧ વર્ષ શેષ રહે ત્યારે થાય. જો ત્યારે પણ ન થાય તો શેષ આયુષ્યનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે થાય. આ રીતે કુલ આયુષ્યના ત્રીજા, નવમા, સત્યાવીસમા આદિ ભાગે આયુષ્યનો બંધ થાય અને જો ત્યારે ન થયો હોય તો અંતિમ અંતર્મુહૂર્તમાં આયુષ્યનો બંધ અવશ્ય થાય છે. નારકી અને દેવો આયુષ્યના છ માસ શેષ રહે ત્યારે જ આયુષ્યનો બંધ કરે છે. તેઓને માટે બીજો વિકલ્પ નથી. આ રીતે આયુષ્ય બંધ કર્યા પછી જ કોઈ પણ જીવ આ દેહને છોડે છે અર્થાત્ તેનું મૃત્યુ થાય છે. જીવ પરભવમાં ઉત્પન્ન થતાં કે ઉત્પન્ન થઈને તે પરભવનું આયુષ્ય બાંધતા નથી.

**આયુષ્ય વેદન** : આ ભવનું આયુષ્ય પૂર્ણ થયા પછી જીવ પરભવમાં જવા માટે પ્રયાણ કરે છે, તેની વાટે વહેતી અવસ્થાથી જ પરભવના આયુષ્યનું વેદન શરૂ થઈ જાય છે.ત્યાં ઉત્પન્ન થઈને મૃત્યુ પર્યંત તે જીવ તે આયુષ્યનું વેદન કરે છે. આ રીતે દરેક જીવ આ ભવમાં બંધાયેલા પરભવના આયુષ્યનું વેદન આ ભવમાં કરતા નથી પરંતુ પરભવમાં ઉત્પન્ન થતાં અને ઉત્પન્ન થઈને તે

આયુષ્યનું વેદન કરે છે. ૨૪ દંડકના જીવો માટે આ નિયમ સમાન છે.

**મહાવેદના અને અલ્પવેદના** : પરભવમાં ઉત્પન્ન થનારા જીવોને અલ્પ વેદના, મહાવેદના ક્યારે થાય તેનું અહીં સ્પષ્ટીકરણ છે.

૨૪ દંડકના જીવોને ઉત્પન્ન થયા પહેલાં કે ઉત્પન્ન થતાં તેના પૂર્વકૃત કર્માનુસાર ક્યારેક મહાવેદના અને ક્યારેક અલ્પ વેદના હોય છે. ઉત્પન્ન થયા પછી તે ભવ અનુસાર વેદના હોય છે. નૈરયિકો નરકમાં ઉત્પન્ન થઈને અવશ્ય ભવ પ્રત્યય મહાવેદના રૂપ એકાંત દુઃખ ભોગવે છે પરંતુ તેઓ દેવાદિના સંયોગે ક્યારેક શાતાનો અનુભવ કરે છે.

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવ ઉત્પન્ન થયા પછી ભવ પ્રત્યય એકાંત સુખ–શાતા વેદના ભોગવે છે પરંતુ ક્યારેક અન્ય દેવના પ્રહારાદિના કારણે અશાતાનો અનુભવ કરે છે. પૃથ્વી–કાયથી મનુષ્યો સુધીના દસ દંડકના જીવો ઉત્પન્ન થયા પછી વિમાત્રાથી–વિવિધ પ્રકારે વેદના વેદે છે અર્થાત્ તેઓને દેવ અને નારકીની જેમ શાતા કે અશાતાની કોઈ નિશ્ચિતતા હોતી નથી.

**અનાભોગ નિર્વર્તિત આયુષ્ય બંધ**: ૨૪ દંડકના જીવોમાં આભોગ નિર્વર્તિત આયુષ્ય બંધનો નિષેધ કરીને અનાભોગ નિર્વર્તિત આયુષ્ય બંધની પ્રરૂપણા કરી છે.

સમસ્ત સંસારી જીવ અનાભોગપૂર્વક અર્થાત્ નહીં જાણતાં જ આયુષ્ય બાંધે છે. તેનું તાત્પર્ય એ છે કે આયુષ્ય બંધ સમયે "મારા આયુષ્યનો બંધ થઈ રહ્યો છે," એમ કોઈ જીવોને જ્ઞાન હોતું નથી. જીવ જે ગતિમાં જવા યોગ્ય કર્મ કરે છે, તે ગતિના આયુષ્યનો બંધ થાય છે.

**કર્કશ–અકર્કશ વેદનીય કર્મબંધ** : સમુચ્ચય જીવો અને ૨૪ દંડકોવર્તી જીવોના કર્કશવેદનીય અને અકર્કશવેદનીય કર્મબંધના કારણોનું નિરૂપણ કર્યું છે.

**કર્કશ વેદનીય કર્મ** : અત્યંત દુઃખપૂર્વક ભોગવવા યોગ્ય કર્મોને કર્કશ વેદનીય કર્મ કહે છે. તે અશાતારૂપ જ હોય છે. યથા સ્કંદકાચાર્યના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલવામાં આવ્યા. તે સમયે કર્કશ વેદનીય કર્મ ઉદયમાં આવ્યું તેમ કહેવાય. પ્રાણાતિપાત આદિ ૧૮ પ્રકારના પાપના સેવનથી જીવ તે પ્રકારનો કર્મ બંધ કરે છે. ૨૪ દંડકના જીવો આ પ્રકારનો કર્મબંધ કરી શકે છે.

**અકર્કશ વેદનીય કર્મ** : અત્યંત સુખપૂર્વક ભોગવવા યોગ્ય કર્મોને અકર્કશ વેદનીય કર્મ કહે છે. તે શાતા રૂપ જ હોય છે. યથા– ભરત ચક્રવર્તીના કર્મો. ૧૮ પ્રકારના પાપના ત્યાગથી અર્થાત્ સંયમ ભાવથી જીવ તેવા પ્રકારનો કર્મબંધ કરે છે. કર્મભૂમિના મનુષ્યો જ અઢાર પાપનો પૂર્ણતયા ત્યાગ કરી શકે છે, સંયમનો સ્વીકાર કરી શકે છે. તેથી ચોવીસદંડકમાં માત્ર મનુષ્યો જ અકર્કશ વેદનીય કર્મનો બંધ કરે છે. શેષ દંડકના જીવો અકર્કશ વેદનીય કર્મનો બંધ કરી શકતા નથી.

**શાતા–અશાતાવેદનીય કર્મબંધ** : શાતા વેદનીય કર્મબંધના ૧૦ કારણ અને અશાતા વેદનીય કર્મબંધના ૧૨ કારણોનું નિરૂપણ કર્યું છે. સંક્ષેપમાં, અન્ય જીવોને શાતા પમાડવાથી શાતાવેદનીય અને અશાતા પમાડવાથી અશાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

**અકર્કશ–કર્કશ વેદનીય અને શાતા–અશાતા વેદનીયનો તફાવતઃ** કર્કશ વેદનીય કર્મ અશાતારૂપ છે અને અકર્કશ વેદનીય કર્મ શાતારૂપ જ છે. તેમ છતાં બંનેમાં તફાવત છે કારણ કે બંનેના કર્મબંધના કારણમાં જ તફાવત છે.

અન્ય જીવોને અશાતા પહોંચાડવાથી અશાતાવેદનીય કર્મબંધ થાય અને ૧૮ પાપસ્થાનના સેવનથી કર્કશ વેદનીય કર્મનો બંધ થાય છે. કેવળ અન્યને અશાતા પહોંચાડવી, તેનાથી ૧૮ પાપસ્થાનનું સેવન વિશેષ હાનિકારક છે, તેથી તદ્જન્ય કર્મ પણ જીવને વિશેષ પીડા પહોંચાડે છે. કર્કશ વેદનીય કર્મ અશાતાવેદનીય કર્મની પરાકાષ્ટા છે. જે અત્યંત કઠિનાઈથી ભોગવી શકાય છે.

યથા– ગજસુકુમારની અંતિમ સમયની વેદના.

તે જ રીતે અન્યને શાતા પમાડવાથી શાતાવેદનીય કર્મનો બંધ થાય, જ્યારે ૧૮ પાપસ્થાનના ત્યાગથી અર્થાત્ સંયમભાવથી અકર્કશ વેદનીય કર્મનો બંધ થાય છે. અકર્કશ વેદનીય શાતા રૂપ છે. તેમ છતાં તે શાતાવેદનીય કર્મની પરાકાષ્ટા છે. યથા– સંયમની આરાધનાથી પ્રાપ્ત અનુત્તર વિમાનનો ભવ.

શાતાવેદનીય કર્મનો બંધ ૨૪ દંડકના જીવો કરી શકે છે જ્યારે અકર્કશવેદનીય કર્મનો બંધ મનુષ્યો જ કરી શકે છે. આ રીતે કર્કશ અને અકર્કશ વેદનીય કર્મ અશાતા અને શાતા રૂપ હોવા છતાં તેની પરાકાષ્ટા છે, તેમ સમજવું.

**દુષમદુષમા કાલના મનુષ્ય અને તિર્યંચની ગતિ** : દુષમદુષમા કાલના સ્વરૂપનું અત્યંત વિસ્તારથી નિરૂપણ છે.

અવસર્પિણી કાલમાં મનુષ્યના આયુ, અવગાહના, ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, સંઘયણ, સંસ્થાન, પૃથ્વીના રસ–કસ આદિ સર્વ હીન–હીનતર થશે. શુભ ભાવ ઘટતા જશે, અશુભ ભાવો વધતા જશે. તેમાં પણ અવસર્પિણી કાલના છઠ્ઠા આરાના અંતિમ વિભાગમાં અને ઉત્સર્પિણી કાલના પ્રથમ આરાના પ્રારંભમાં આ હીનતમ સ્થિતિ પરાકાષ્ટાએ પહોંચી જશે. તેનું વર્ણન મૂળપાઠ અને ભાવાર્થમાં વિસ્તૃત અને સ્પષ્ટ છે.

સંક્ષેપમાં, દુષમદુષમા કાલમાં ભરત ક્ષેત્રની સ્થિતિ અત્યંત સંકટાપન્ન, ભયંકર, હૃદયવિદારક, અનેક રોગોત્પાદક, અત્યંત શીત, તાપ, વર્ષા આદિથી દુઃસહ્ય હશે. આવી ભયંકર સ્થિતિમાં કોઈ માણસ કે જીવો જીવી પણ ન શકે પરંતુ ભરત ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ બીજ ભૂત કેટલાક મનુષ્યો અને તિર્યંચોને ઉપાડી–ઉપાડીને વૈતાઢ્ય પર્વતની ગુફાઓ પાસે આવેલા ૭૨ બિલોમાં (નાની ગુફાઓમાં) રાખી મૂકશે. તેના દ્વારા સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યોની પરંપરા ચાલતી રહેશે. કારણ કે ગર્ભજ જીવો માટે માતા-પિતાની પરંપરા અવિચ્છિન્ન

રહેવી જરૂરી છે. આ રીતે દેવ દ્વારા સંહરિત મનુષ્યો અને સ્થલચર, ખેચર વગેરે પશુ-પક્ષીઓની પરંપરા ૨૧,૦૦૦ વર્ષ પર્યંત ચાલતી રહેશે. ત્યાર પછી ઉત્સર્પિણીના પહેલા આરાના ૨૧,૦૦૦ વર્ષ પણ આ જ રીતે વ્યતીત થશે. ત્યાર પછી સુવૃષ્ટિ આદિથી કાલ પરિવર્તન થશે.

# શતક–૭ : ઉદ્દેશક–૭

## અણગાર

અહીં કામ, ભોગ, તેના પ્રકાર, ૨૪ દંડકના જીવોમાં તેનું અસ્તિત્વ અને તેના અલ્પ બહુત્વનું કથન છે.

**કામ**: કામ શબ્દના અનેક અર્થ થાય છે– કામના, અભિલાષા, ઈચ્છા વગેરે. **આ** પ્રસંગમાં શ્રોતેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયના વિષયભૂત શબ્દ અને રૂપને કામ તરીકે ગ્રહણ કર્યા છે.

જે ઈન્દ્રિય દ્વારા ગ્રહણ થતાં પુદ્ગલોનું શરીરરૂપે પરિણમન થતું નથી પરંતુ તેના દ્વારા કેવળ કામનાની (અભિલાષાની) પૂર્તિ થાય છે તેને કામ કહે છે. જેમ કે કાન સાથે શબ્દનો સ્પર્શ માત્ર થાય અને શબ્દ સંભળાય છે, આંખ રૂપનો સ્પર્શ કર્યા વિના જ દૂરથી રૂપને ગ્રહણ કરે છે તેથી શબ્દ અને રૂપના ગ્રહણ કરેલા પુદ્ ગલો શરીરરૂપે પરિણત થતા નથી; તેનાથી માત્ર ઈચ્છા પૂર્તિ થાય છે.

**ભોગ**: જે ઈન્દ્રિય દ્વારા ગ્રહણ થતાં પુદ્ગલોનું શરીરરૂપે પરિણમન થાય તેને ભોગ કહે છે. યથા– ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય દ્વારા ગંધ, રસ અને સ્પર્શના પુદ્ગલો ગ્રહણ થાય અને તે શરીર દ્વારા ભોગવાય છે, શરીરરૂપે પરિણમન પામે છે. તેથી તેને ભોગ કહેવાય છે.

કામ અને ભોગરૂપ પદાર્થ સચિત્ત કે અચિત્ત, રૂપી કે અરૂપી અને જીવરૂપ– અજીવરૂપ બંને હોય છે.

૨૪ દંડકમાં પાંચ સ્થાવર, બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય જીવો માત્ર ભોગી છે; તેઓને આંખ અને કાન હોતા નથી. શેષ સર્વ દંડકના જીવો કામી અને ભોગી બને છે.

**ભોગી અને ક્ષીણભોગી** : દેવલોકમાં જનારા છદ્મસ્થ મનુષ્ય અને

અધોવધિજ્ઞાની તથા તે જ ભવે મોક્ષ જનારા પરમાવધિજ્ઞાની અને કેવળ જ્ઞાની - આ ચારના ભોગી–ક્ષીણ ભોગીપણા વિષયક નિરૂપણ છે.

દેવલોકગામી છદ્મસ્થ મનુષ્ય અને અધોવધિજ્ઞાની ભોગી છે. તેઓ ઉત્થાનાદિ દ્વારા વિપુલ ભોગો ભોગવી શકે છે. કારણ કે તેઓ ભોગ ત્યાગી નથી. ભોગ ત્યાગી કરે તો ત્યાગી થઈ શકે છે. પરમાવધિ જ્ઞાની અને કેવળ જ્ઞાની ક્ષીણભોગી છે, તેઓ ઉત્થાનાદિ દ્વારા ભોગ ભોગવતા નથી કારણ કે તેઓ અણગાર છે, તદ્દભવ મોક્ષગામી છે, ભોગ ભાવનાથી મુક્ત થઈ ગયા છે.

**સંજ્ઞી અને અસંજ્ઞી જીવોના સુખ કે દુઃખ રૂપ વેદનને** અકામનિકરણ અને પ્રકામ–નિકરણ વેદનાના માધ્યમથી સમજાવ્યું છે.

**અકામનિકરણ** : અનિચ્છાપૂર્વક અથવા અજ્ઞાનપૂર્વક જે વેદનાનું વેદન થાય તેને અકામનિકરણ કહે છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો મનના અભાવમાં, ઈચ્છા શક્તિ અને જ્ઞાન– શક્તિના અભાવમાં અકામનિકરણ વેદના વેદે છે. સંજ્ઞી જીવોમાં પણ કેટલાક જીવો મૂઢતાના કારણે ઉપયોગશૂન્ય હોય છે, તેની પાસે ઈચ્છા શક્તિ અને જ્ઞાન શક્તિ હોવા છતાં તેનો ઉપયોગ કરતા નથી. જેમ કે, શક્તિ હોવા છતાં અંધકારમાં ઉપર, નીચે, આગળ, પાછળ રહેલા પદાર્થોને જોઈ શકતા નથી. તે રીતે જ્ઞાનશક્તિ હોવા છતાં ઉપયોગશૂન્ય વ્યક્તિ અકામનિકરણ વેદના વેદે છે.

**પ્રકામનિકરણ**: તીવ્ર અભિલાષા રૂપે જેનું વેદન થાય તેને પ્રકામનિકરણ વેદના કહે છે. સંજ્ઞી જીવો આ પ્રકારની વેદનાનો અનુભવ કરે છે. જેમ કોઈ વ્યક્તિમાં સમુદ્ર પાર કરવાની, દેવલોકમાં રહેલા રૂપો જોવાની શક્તિ ન હોય તે જીવ તેની તીવ્ર અભિલાષા જ કરે છે, તેમજ જીવોમાં ઈચ્છા શક્તિ અને જ્ઞાન શક્તિ હોવા છતાં ગમન શક્તિના અભાવે તેઓમાં પ્રવૃત્ત થવાનું સામર્થ્ય નથી; તે તેની અભિલાષા માત્ર જ કરે છે. તેથી તે જીવો પ્રકામનિકરણ વેદનાનું વેદન કરે છે.

# શતક–૭ : ઉદ્દેશક–૮

# છદ્મસ્થ

**હાથી અને કુંથુવામાં જીવત્વની સમાનતા** : હાથીનું શરીર મોટું અને કુંથુવાનું શરીર નાનું હોવા છતાં બંનેના જીવ સમાન છે તે વિષયને સિદ્ધ કરવા માટે રાજપ્રશ્નીય સૂત્રમાં દીપકનું દ્રષ્ટાંત આપ્યું છે. જેમ એક દીપકનો પ્રકાશ આખા ઓરડામાં ફેલાયેલો હોય છે. જો તેને કોઈ વાસણ દ્વારા ઢાંકી દઈએ તો તેનો પ્રકાશ વાસણ પ્રમાણ થઈ જાય છે. આ જ રીતે શરીરધારી જીવનો સ્વભાવ પણ સંકોચ–વિસ્તારનો હોય છે. તેને જેવું શરીર મળે તે પ્રમાણે તેનો સંકોચ કે વિસ્તાર થઈ જાય છે. જ્યારે જીવ હાથીનું શરીર ધારણ કરે છે ત્યારે તેના આત્મપ્રદેશો વિસ્તાર પામીને તે મોટા શરીરમાં વ્યાપ્ત થઈ જાય છે અને જ્યારે કુંથુવાનું શરીર ધારણ કરે ત્યારે તે આત્મપ્રદેશો સંકોચ પામીને નાના શરીરમાં વ્યાપ્ત થઈ જાય છે. આ રીતે કેવળ નાના–મોટા શરીરનું જ અંતર છે, જીવમાં કોઈ અંતર નથી, સર્વ જીવો અસંખ્યાત પ્રદેશી છે.

**પાપકર્મનું ફળ : દુઃખ** – પાપકર્મ દુઃખરૂપ ફળ આપે છે તેમજ તે સંસાર પરિભ્રમણનું કારણ હોવાથી દુઃખરૂપ છે અને પાપકર્મની નિર્જરા મોક્ષનું કારણ હોવાથી સુખરૂપ છે. સુખ અને દુઃખના કારણને અહીં સુખ અને દુઃખ કહ્યું છે.

**સંજ્ઞાઓના દશ પ્રકાર** : ૨૪ દંડકવર્તી જીવોમાં આહારસંજ્ઞા આદિ ૧૦ પ્રકારની સંજ્ઞાઓનું કથન છે.

**સંજ્ઞા** : (૧) વેદનીય અને મોહનીય કર્મના ઉદયથી તથા જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતી આહારાદિ પ્રાપ્તિની ઈચ્છા વિશેષને સંજ્ઞા કહે છે. (૨) જીવનું આહારાદિ વિષયક ચિંતન અથવા માનસિક જ્ઞાન સંજ્ઞા છે. (૩) જે ક્રિયાથી જીવની ઈચ્છા જાણી શકાય તે ક્રિયાને સંજ્ઞા કહે

છે. શાસ્ત્રમાં અન્યત્ર આહારાદિ ચાર સંજ્ઞાઓનું કથન છે. અહીં વિસ્તારની અપેક્ષાએ તેના દશ ભેદ કહ્યા છે.

**(૧) આહાર સંજ્ઞા:** ક્ષુધાવેદનીયના ઉદયથી આહારની ઈચ્છા, અભિલાષા.

**(૨) ભય સંજ્ઞા :** ભય મોહનીયના ઉદયથી વ્યાકુળ ચિત્તયુક્ત આત્માનું ભયભીત થવું, કંપવું, રોમાંચિત થવું, ગભરાવું વગેરે.

**(૩) મૈથુન સંજ્ઞા :** વેદ મોહનીય કર્મના ઉદયથી સ્ત્રીપુરુષ આદિને પરસ્પર એક બીજાના અંગ સ્પર્શની અને તેને જોવા આદિની ઈચ્છા થાય, તે મૈથુન સંજ્ઞા કહેવાય અથવા જેનાથી મૈથુનેચ્છા અભિવ્યક્ત થાય, તેને મૈથુન સંજ્ઞા કહે છે.

**(૪) પરિગ્રહ સંજ્ઞા :** લોભ કષાય મોહનીયના ઉદયથી સચિત્ત, અચિત્ત અથવા મિશ્ર દ્રવ્યનો આસક્તિ-પૂર્વક સંગ્રહ કરવાની ઈચ્છા.

**(૫) ક્રોધ સંજ્ઞા :** ક્રોધના ઉદયથી આવેશમાં આવવું અને નેત્રનું લાલ થવું, કંપવું વગેરે.

**(૬) માન સંજ્ઞા :** માનના ઉદયથી અહંકારાદિરૂપ પરિણામ થવા. અપમાન થાય તો દુઃખ થવું.

**(૭) માયા સંજ્ઞા:** માયાના ઉદયથી દુર્ભાવનાવશ અન્યને ઠગવા,
વિશ્વાસઘાત કરવો વગેરે.

**(૮) લોભ સંજ્ઞા:** લોભના ઉદયથી સચિત્ત-અચિત્ત પદાર્થ પ્રાપ્તિની લાલસા.

**(૯) ઓઘ સંજ્ઞા :** અસ્પષ્ટ ઈચ્છા અને ધૂનમાં ને ધૂનમાં ઉપયોગ વિનાની પ્રવૃત્તિ કરવી.

**(૧૦) લોક સંજ્ઞા :** લોક રૂઢિ અથવા લોક દ્રષ્ટિ અનુસાર પ્રવૃત્તિ કરવાની ઈચ્છા થવી.

આ દસે સંજ્ઞાઓ ન્યૂનાધિકરૂપે સર્વ છદ્મસ્થ સંસારી જીવોમાં પ્રાપ્ત થાય છે.

# શતક-૭ : ઉદ્દેશક-૯

# અસંવૃત

**મહાશિલાકંટક સંગ્રામ** રાજા શ્રેણિકના પુત્ર કોણિક અને રાજા ચેટક વચ્ચેનો હતો. પિતા તરફથી પ્રાપ્ત થયેલો સેચનક હાથી અને અઢારસરો હાર નાના ભાઈ વિહલ્લ પાસે હતા. જેને મેળવવાના નિમિત્તે કોણિકને ભાઈ સાથે વૈમનસ્ય થયું. વિહલ્લે પોતાની સલામતી માટે નાનાજી ચેડા રાજાનો આશ્રય લીધો.

ચેડા રાજાએ ન્યાયને પ્રાધાન્ય આપ્યું અને યુદ્ધ માટે તૈયાર થયા. ચેડા રાજા અને દોહિત્ર કોણિક વચ્ચે મહાયુદ્ધ થયું. કોણિક રાજાએ પોતાના કાલ આદિ દશ ભાઈઓને યુદ્ધમાં સાથે રાખ્યા, ચેડા રાજાએ કાશી અને કોશલ દેશના નવ મલ્લ જાતિના અને નવ લિચ્છવી જાતિના ૧૮ ગણરાજાઓને સાથે રાખ્યા હતા.

ચેડા રાજાના બાણથી કાલ આદિ દશ કુમારો મૃત્યુ પામ્યા. રાજા કોણિક પોતાની સલામતી માટે ચિંતાતુર બન્યા. તેણે યુદ્ધ સ્થગિત રાખી, અઠ્ઠમ તપની આરાધના કરી, પોતાના પૂર્વભવના મિત્ર શક્રેન્દ્ર અને તાપસ પર્યાયના મિત્ર ચમરેન્દ્રનું સ્મરણ કર્યું. મિત્રતાના સંબંધે બંને ઈન્દ્રો યુદ્ધમાં ઉપસ્થિત થયા.

મહાશિલાકંટક સંગ્રામમાં રાજા કોણિકના સૈનિકો તૃણ, પત્ર, કાષ્ઠ આદિ કાંઈ પણ ફેંકે, તેનાથી શત્રુ સેનાને મહાશિલા પડવાનો અનુભવ થતો. તેથી તે મહાશિલાકંટક સંગ્રામ નામથી પ્રસિદ્ધ થયો છે. આ સંગ્રામમાં ૮૪ લાખ મનુષ્યોનો સંહાર થયો. તેમાં શક્રેન્દ્રની સહાયતાથી રાજા કોણિકનો જય અને ચેડા રાજાનો પરાજય થયો.

**રથમુસળ સંગ્રામ**માં મુસળયુક્ત એક રથ ઘોડા, સારથી વિના જ અર્થાત્ યાંત્રિક રીતે ચાલતો હતો. જેની આગળ યંત્રમાં ગોઠવાયેલું જે મુસળ-સાંબેલુ ફરતું હતું તે ભયંકર જનસંહાર કરતું હતું. તેથી તેને રથમુસલ સંગ્રામ કહે છે.

તેમાં ૯૬ લાખનો જનસંહાર થયો. તેમાં ચમરેન્દ્ર અને શક્રેન્દ્ર બે ઈન્દ્રોની સહાયતાથી રાજા કોણિકનો વિજય અને ચેડા રાજાનો પરાજય થયો.

આ રીતે આ ઘોર સંગ્રામમાં એક ક્રોડ એંસી લાખ મનુષ્યો મૃત્યુ પામ્યા. યુદ્ધમાં મરેલા મનુષ્યોમાં એક મનુષ્ય–વરુણનાગનત્તુઆ દેવલોકમાં ગયો, તેનો મિત્ર મનુષ્યગતિમાં ગયો. શેષ મનુષ્યો પ્રાયઃ નરક અને તિર્યંચ ગતિને પામ્યા. તેમાંથી દશ હજાર જીવ તો એક સાથે એક માછલીના ઉદરમાં ઉત્પન્ન થયા.

**લોકવાદ:** વરુણનાગનત્તુઆએ યુદ્ધભૂમિમાં સંલેખના અને અંતિમ આરાધનાપૂર્વક કાલધર્મ પામીને દેવગતિને પ્રાપ્ત કરી. તેના મૃત્યુ સમયે ગગનમાં થયેલો દિવ્ય ધ્વનિનો નાદ સાંભળી લોકો પરસ્પર ચર્ચા કરવા લાગ્યા કે યુદ્ધમાં મૃત્યુ પ્રાપ્ત કરનારા જીવો દેવગતિને પ્રાપ્ત કરે છે.

આ લોકવાદને સાંભળીને ગૌતમ સ્વામીએ પ્રભુને તદ્‌વિષયક પ્રશ્ન પૂછ્યો. પ્રભુએ વરુણનાગનત્તુઆ અને તેના મિત્રના જીવન પ્રસંગનું કથન કરીને તે લોકવાદનું નિરાકરણ કર્યું.

**વરુણનાગનત્તુઆ:** તે વ્રતધારી શ્રાવક હતા. તે છઠ્ઠના પારણે છઠ્ઠની તપસ્યા કરી રહ્યા હતા. રાજાદિના આદેશથી તે યુદ્ધમાં ગયા. તેણે છઠ્ઠના બદલે અઠ્ઠમ તપ કર્યો અને સામી વ્યક્તિ પ્રહાર કરે પછી જ બાણ ફેંકવું તેવો અભિગ્રહ ધારણ કરીને સંગ્રામનો પ્રારંભ કર્યો. યુદ્ધમાં શત્રુ પક્ષના યોદ્ધાના એક બાણથી તે ઘાયલ થયા ત્યારે સમરાંગણમાંથી બહાર નીકળ્યા અને પોતાનો મૃત્યુ સમય નિકટ જાણીને યાવજ્જીવનનું અનશન અંગીકાર કર્યું. પૂર્વકૃત પાપની આલોચના, પ્રતિક્રમણ કરીને, સમાધિપૂર્વક કાલધર્મ પામીને દેવગતિને પ્રાપ્ત કરી. ત્યાંની ચાર પલ્યોપમની સ્થિતિ પૂર્ણ કરીને, મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

તેના મિત્ર પણ યુદ્ધમાં ઘાયલ થતાં એકાંતમાં ગયા અને સ્વયં વ્રત–નિયમને જાણતા ન હોવાથી સરળ અને શુદ્ધ ભાવે મારા મિત્રે જે વ્રત પ્રત્યાખ્યાન કર્યા

તે સર્વ મને હોજો તેવી ભાવના પ્રગટ કરી. ભાવ વિશુદ્ધિના પરિણામે તે પણ મનુષ્ય ગતિ પામી, શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયા. તે પણ મનુષ્ય જન્મ પૂર્ણ કરીને, મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

વરુણનાગનત્તુઆના કાલધર્મ સમયે દેવોએ દિવ્ય વૃષ્ટિ કરી અને દિવ્ય ધ્વનિ કર્યો. તેને જોઈને અનેક લોકોએ ધારણા કરી કે યુદ્ધમાં મૃત્યુ પામે તે દેવગતિને પ્રાપ્ત કરે છે. અહીં તેનું ખંડન કરીને સ્પષ્ટતા કરી છે કે દેવગતિમાં ઉત્પત્તિનું કારણ યુદ્ધમાં થયેલું તેનું મૃત્યુ નથી. પરંતુ અંત સમયની આરાધના છે. આ મહાસંગ્રામમાં એક ક્રોડ એંસી લાખનો જનસંહાર થયો. તેમાંથી એક વ્યક્તિને દેવગતિ અને એક વ્યક્તિને મનુષ્ય ગતિની પ્રાપ્તિ થઈ. શેષ સર્વ જીવોએ પ્રાયઃ નરક અને તિર્યંચરૂપ દુર્ગતિને પ્રાપ્ત કરી છે. તેથી લોક સંવાદ યથાર્થ નથી.

**અસંવૃત અણગારનું વિકુર્વણા સામર્થ્ય** : જે પુદ્ગલોને જીવે શરીરાદિ રૂપે પરિણત કરી લીધા હોય તેને આભ્યંતર પુદ્ગલ કહેવાય છે અને તે સિવાયના પુદ્ગલ બાહ્ય પુદ્ગલ કહેવાય છે.

કોઈ પણ જીવ શરીરાદિ રૂપે પરિણત ન થયેલા સ્વક્ષેત્રાવગાઢ પુદ્ગલને ગ્રહણ કરીને જ વિકુર્વણા કરી શકે છે. પ્રમત્ત અણગારને જ્યારે વૈક્રિય શરીર બનાવવું હોય ત્યારે તે શરીર બનાવવા તેને અન્ય પુદ્ગલની જરૂર પડે છે. તે વૈક્રિય શરીર બનાવવા સહુથી પ્રથમ આત્મ પ્રદેશોને દંડાકારે ફેલાવે છે. ત્યાર પછી તે આત્મ પ્રદેશાવગાઢ વૈક્રિય શરીર યોગ્ય નૂતન પુદ્ગલોને ગ્રહણ કરે છે. તે પુદ્ગલો બાહ્ય પુદ્ગલ કહેવાય છે.

વૈક્રિય લબ્ધિમાન અસંવૃત અણગાર અહીં રહેલા બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને એક વર્ણ એક રૂપ, એક વર્ણ અનેક રૂપ, અનેક વર્ણ એક રૂપ, અનેક વર્ણ અનેક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે. બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના વિકુર્વણા કરી શકતા નથી.

# શતક–૭ : ઉદ્દેશક–૧૦
# અન્યયૂથિક

રાજગૃહ નગરમાં ગુણશીલ ઉદ્યાનની સમીપે અન્યતીર્થિકોનો આશ્રમ હતો. ત્યાં કાલોદાયી આદિ અનેક સંન્યાસી રહેતા હતા. એકદા તેઓ પરસ્પર વિચાર કરી રહ્યા હતા કે શ્રમણ ભગવાન મહાવીર પંચાસ્તિકાયનું કથન કરે છે જેમાં ધર્માસ્તિકાયાદિ ચાર અરૂપી અને એક પુદ્‌ગલાસ્તિકાય રૂપી છે. ધર્માસ્તિકાયાદિ ચાર અજીવ અને એક જીવાસ્તિકાય જીવરૂપ છે. આ કથન કઈ રીતે માની શકાય?

સંયોગવશ ગૌતમસ્વામી ગૌચરી લઈ નગરમાંથી ગુણશીલ ઉદ્યાનમાં આવી રહ્યા હતા. સંન્યાસીઓએ આશ્રમ પાસેથી નીકળતા ગૌતમ સ્વામીને જોયા અને તેમની નજીક જઈને પોતાની શંકા પ્રગટ કરી. પ્રત્યુત્તરમાં ગૌતમ સ્વામીએ કહ્યું કે અમે અસ્તિભાવને જ અસ્તિરૂપ અને નાસ્તિભાવને જ નાસ્તિરૂપ કહીએ છીએ. આ રીતે સંક્ષિપ્ત ઉત્તર આપીને ગૌતમસ્વામી સ્વસ્થાને ગયા.

ત્યાર પછી વિશેષ સમાધાન મેળવવા કાલોદાયી સંન્યાસી પ્રભુ પાસે ગયા. પ્રભુએ તેને પંચાસ્તિકાયનું સ્વરૂપ સમજાવ્યું. વિશેષમાં તે પણ સ્પષ્ટ કર્યું કે ધર્માસ્તિકાયાદિ ચાર અરૂપી દ્રવ્યપર સૂવા, બેસવાની આદિ કોઈ પણ ક્રિયા થતી નથી. કેવળ પુદ્‌ગલાસ્તિકાય પર જ આ સર્વ ક્રિયાઓ થાય છે, કારણ કે તે રૂપી છે.

ત્યાર પછી કાલોદાયીને બોધ પ્રાપ્ત થયો. તેણે પ્રભુ સમીપે સંયમ સ્વીકાર કર્યો. તેણે પ્રભુને પુણ્ય-પાપ કર્મ વિષયક પ્રશ્નો પૂછ્યા. પ્રભુએ દ્રષ્ટાંત સહિત તેનું સ્વરૂપ સમજાવ્યું.

હિંસાદિ અઢાર પાપસ્થાનરૂપ પાપ કર્મ વિષ મિશ્રિત ભોજનની જેમ પાપ

વિપાકરૂપ–અશુભ ફળ આપે છે અને પાપ સ્થાનના ત્યાગરૂપ પુણ્ય કર્મ ઔષધ મિશ્રિત ભોજનની જેમ કલ્યાણ વિપાકરૂપ-શુભ ફળ આપે છે. પુણ્ય અને પાપ કર્મ જીવને જ થાય છે, અજીવને નહીં.

અગ્નિને પ્રજ્વલિત કરનાર મહાકર્મ બાંધે છે. તેની અપેક્ષાએ અગ્નિ બુઝાવનાર અલ્પકર્મ બાંધે છે કારણ કે અગ્નિ પ્રગટાવનાર પુરુષ પૃથ્વીકાયિકાદિ અનેક જીવોનો વિરાધક બને છે અને અલ્પતર અગ્નિકાયના જીવોનો પણ વિરાધક બને છે. ત્યારે અગ્નિ બુઝાવનાર પુરુષ પૃથ્વી, પાણી, વાયુ વનસ્પતિના જીવોનો અલ્પારંભ કરે છે અને માત્ર અગ્નિના જીવોનો મહારંભ કરે છે,તેથી તે અલ્પતર વિરાધક છે.

તેજોલબ્ધિવાન સાધુના તેજોલબ્ધિના અચિત્ત પુદ્ગલ પણ અગ્નિકાયના જીવની જેમ પ્રકાશક, તાપયુક્ત, દાહક અને ચળકાટ યુક્ત હોય છે.

ઉપરોક્ત પ્રશ્નોત્તરના સમાધાનથી કાલોદાયી અણગારની શ્રદ્ધા દ્રઢતમ બની. તેણે અનેક પ્રકારના તપની આરાધના કરીને અંતિમ લક્ષ્યને સિદ્ધ કર્યું.

# શ્રી ભગવતી સૂત્ર – ભાગ ૨ સંપૂર્ણ

## શ્રી ગુરુપ્રાણ આગમ બત્રીસી પર આધારીત